GJAH020045592018

| | | | |
|---|---|---|---|
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮ /૦૩/ ૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | ૧૩ /૦૮/ ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૪ | ૧૬ |

**મહે. એડીશનલ પ્રિન્સિપાલ જજ તથા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં,**
**સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ નં.૦૨, મુ. અમદાવાદ**

**સેશન્સ કેસ નંબરઃ–૨૫૬/૨૦૧૮**
**(ચુકાદાની તારીખઃ– ૧૩/૦૮/૨૦૨૬)**

| | |
|---|---|
| **ગુનોઃ–** | રામોલ પોલી સસ્ટેશન, ફસ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૮/૨૦૧૭, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) અન્વયે. |

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર<br>(મૂળ ફરિયાદીઃ પરસોતમભાઈ શિવાનંદન કુરમી પટેલ) |
| **વિ.એડી.પી.પી.શ્રીઃ–** | શ્રી સી.આર.ખત્રી |
| **આરોપીઓઃ–** | (૧) નરેશભાઈ રામજીસિંગ ડાંગી ઉ.વ.૫૩ **UTP**<br>રહે. ગામ–ગિયોડ, તા.જિ.ગાંધીનગર<br>(૨) મનીષકુમાર નરેશસિંગ ડાંગી ઉ.વ.૨૪ **UTP**<br>બંને રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ, મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર)<br>(૩) બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામી ઉ.વ.૨૨ **UTP**<br>રહે. મકાન નં.૨૨૬, માતૃભકિત સોસાયટી, સી.ટી. એમ. કેનાલ રોડ, રામોલ, અમદાવાદ<br>(૪) રાકેશ હિરાલાલ યાદવ ઉ.વ.૨૩<br>રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ મૂળ વતન–મહુવર, તા.રામગઢ, જિ.મોહનીયા (બિહાર)<br>(૫) સુધાકર ઉર્ફે રવિ સ/ઓ. સતેન્દ્રભાઈ કુર્મી પટેલ |

| | |
|---|---|
| | ઉ.વ.૨૪<br>રહે.મકાન નં.૧૭૨, માતૃભકિત સોસાયટી, સુરેલીયા રોડ, રામોલ, અમદાવાદ |

| | |
|---|---|
| **આરોપીઓ તરફે વિ.વકીલશ્રીઃ–** | શ્રી સી.કે.શાહ |

**ફોર્મ – બી**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૩૦/૦૯/૨૦૧૭ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૩૦/૦૯/૨૦૧૭ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૧૭/૧૨/૨૦૧૭ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૧૨/૦૫/૨૦૧૮ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૨૦/૧૦/૨૦૧૮ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | – |
| **ચુકાદાની તારીખઃ–** | તા..../૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | – – – – |

**<u>આરોપીની વિગતઃ–</u>**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **કયા ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?** | **શું સજા કરી?** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | નરેશભાઈ રામજીસિંગ ડાંગી | તારીખ ૩૦/૦૯ ૨૦૧૭ | UTP | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એકટની | કસૂરવાર | ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૨ સાથે કલમ–૩૪** વંચાણે લેતા મુજબના ગુનાના કામે સખત આજીવન કેદ | તા.૩૦/૦૯/૨૦૧૭ થી જેલમાં. |
| ૦૨ | મનીષકુમાર નરેશસિંગ ડાંગી | તારીખ ૦૧/૧૦ ૨૦૧૭ | UTP | | કસૂરવાર | ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૨ સાથે કલમ–૩૪** વંચાણે લેતા મુજબના ગુનાના કામે સખત આજીવન કેદ તેમજ કલમ–**૩૦૭** સાથે કલમ–**૩૪** | તા.૦૧/૧૦/૨૦૧૭ થી જેલમાં. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ–૧૩૫(૧) | | વંચાણે લેતા મુજબના ગુનાના કામે ૧૦ વર્ષની સખત કેદ તેમજ જી.પી.એકટની કલમ–**૧૩૫(૧)** મુજબના ગુનાના કામે ૧(એક) માસની સખત કેદ | |
| ૦૩ | બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામી | તારીખ ૦૨/૧૦ ૨૦૧૭ | UTP | | શંકાનો લાભ આપી છોડી મૂક્યા | - | તા.૦૨/૧૦/૨૦૧૭ થી જેલમાં. |
| ૦૪ | રાકેશ હિરાલાલ યાદવ | તારીખ ૦૨/૧૦ ૨૦૧૭ | ભાગેડુ | | – | ભાગેડુ છે. | – |
| ૦૫ | સુધાકર ઉર્ફે રવિ સ/ઓ. સતેન્દ્ર ભાઈ કુર્મી પટેલ | તારીખ ૧૧/૧૨ ૨૦૧૭ | જામીન પર મુકત છે. | | શંકાનો લાભ આપી છોડી મૂક્યા | - | જામીન પર મુકત છે. |

## ફોર્મ - સી

## <u>(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–</u>

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | પરસોતમભાઈ શિવાનંદન પટેલ | ફરિયાદી | ૧૫ |
| ૨. | ઉત્કર્ષ ઉર્ફે છોટુ ઉમેશભાઈ ડાંગી | બનાવ સ્થળના સાહેદ | ૩૧ |
| ૩. | હરીશંકર કમલાપતિ કુશવાહ | બનાવ સ્થળના સાહેદ | ૪૯ |
| ૪. | ધીરજ રામમૂરત તિવારી | બનાવ સ્થળના સાહેદ | ૫૪ |
| ૫. | વિજય રામવિલાસ બીંદ | બનાવ સ્થળના સાહેદ | ૬૨ |
| ૬. | રાજકુમાર જયદ્રથસિંહ કુશવાહ | બનાવ સ્થળના સાહેદ | ૬૬ |
| ૭. | મનીષકુમાર આનંદપ્રકાશ પટેલ | બનાવ સ્થળના સાહેદ | ૬૯ |
| ૮. | ડો.હર્ષભાઈ કિર્તનભાઈ પટેલ | મેડીકલ સારવાર કરનાર | ૭૨ |
| ૯. | ડો.મનીષભાઈ ચીમનલાલ સુતરીયા | પી.એમ. કરનાર | ૭૬ |
| ૧૦. | આનંદકુમાર શંભુસિંગ ડાંગી | પંચ સાહેદ | ૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | ચંદન જેન્તીજી ઠાકોર | પંચ સાહેદ | ૮૪ |
| ૧૨ | હિરાભાઈ મણીરામ ઠાકોર | પંચ સાહેદ | ૮૮ |
| ૧૩ | ધવલકુમાર પ્રવિણભાઈ પંચાલ | પંચ સાહેદ | ૯૨ |
| ૧૪ | નરેન્દ્ર મંગાજી ઠાકોર | પંચ સાહેદ | ૯૪ |
| ૧૫ | કૃતાર્થકુમાર સતિષચંદ્ર દવે | તપાસ કરનાર અધિકારી | ૯૬ |
| ૧૬ | ડો.પીનલ ધીરૂભાઈ પટેલ | મેડીકલ સારવાર કરનાર | ૧૪૬ |
| ૧૭ | ડો.તેજલબેન સંજયભાઈ શાહ | મેડીકલ સારવાર કરનાર | ૧૫૧ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૬ |
| ૨. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૩૮ |
| ૩. | ઉત્કર્ષભાઈનુ મરણોતર નિવેદન | ૩૯ |
| ૪. | સાહેદ હરીશંકર કુશવાહનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૫૦ |
| ૫. | સાહેદ ધીરજ રામમૂરત તિવારીનુસી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૫૫ |
| ૬. | સાહેદ વિજય બીંદનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૬૩ |
| ૭. | સાહેદ રાજકુમાર કુશવાહ નુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૬૭ |
| ૮. | સાહેદ મનીષકુમાર આનંદપ્રકાશ પટેલનુસી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન | ૭૦ |
| ૯. | ઈજા પામનાર ઉત્કર્ષનુ મેડીકલ સારવારનુ સર્ટીફીકેટ | ૭૩ |
| ૧૦. | પી.એમ. નોટ | ૭૭ |

| | | |
|---|---|---|
| ૧૧. | રામોલ પો.સ્ટેશનની યાદી | ૭૮ |
| ૧૨. | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૮૦ |
| ૧૩. | મુ.આ.નંબર–૮ તથા ૯ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૮૧, ૮૨ |
| ૧૪. | ડિસ્કવરી પંચનામુ | ૮૫ |
| ૧૫. | મુ.આ.નંબર–૧૩ તથા ૧૪ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૯૦, ૯૧ |
| ૧૬. | ઈજા પામનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૮૯ |
| ૧૭. | ડિસ્કવરી પંચનામુ | ૯૩ |
| ૧૮. | ચાર્જ અમલદારનો રિપોર્ટ | ૯૭ |
| ૧૯. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૯૮ |
| ૨૦. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૯૯ |
| ૨૧. | પી.એમ. વખતે લાશ પરથી કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૧૦૦ |
| ૨૨. | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૧૦૧ |
| ૨૩. | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૧૦૨ |
| ૨૪. | એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૧૦૪ |
| ૨૫. | એફ.એસ.એલ.ની મુદામાલ મળ્યાની પહોંચ | ૧૦૫ |
| ૨૬. | હથિયારબંધીનુ જાહેરનામુ | ૧૦૬ |
| ૨૭. | એલ.જી. હોસ્પિટલની મળેલ વર્ધીનો ઉતારો | ૧૦૭ |
| ૨૮. | મુદામાલ રવાનગી નોંધ | ૧૦૮ |
| ૨૯. | એફ.એસ.એલ. નો પત્ર | ૧૦૯ |
| ૩૦. | એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો અભિપ્રાય | ૧૧૦ |
| ૩૧. | એફ.એસ.એલ.નો સિરોલોજી વિભાગનો અભિપ્રાય | ૧૧૧ |
| ૩૨. | એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અભિપ્રાય | ૧૧૨ |
| ૩૩. | વી.એસ. હોસ્પિટલમાંથી મળેલ વર્ધીનો ઉતારો | ૧૧૩ |
| ૩૪. | બનાવ સ્થળે પધારવા એફ.એસ.એલ.ને કરેલ યાદી | ૧૧૪ |
| ૩૫. | એકઝી.મેજીસ્ટ્રેટને નિવેદન લેવા માટે કરેલ યાદી | ૧૧૫ |
| ૩૬. | ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટને નિવેદન લેવા સારુ કરેલ યાદી | ૧૧૬ |
| ૩૭. | મુ.આ.નંબર–૧ તથા ૧૬ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૧૧૭ થી ૧૨૭ |
| ૩૮. | દર્દી ઉત્કર્ષની મેડીકલ સારવારનુ સર્ટીફીકેટ | ૧૪૭ |
| ૩૯. | ઈન્ડોર પેશન્ટ તરીકે દર્દીના મેડીકલ સારવાર પેપર્સ | ૧૪૮ |
| ૪૦. | મૃતક પરશુરામ નુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૫૨ |

| | | |
|---|---|---|
| ७१. | પી.એમ. કરી લાશ સોંપવા માટે પોલીસ સ્ટેશનની યાદી | ૧૫૩ |

## (બી) બચાવપક્ષે દસ્તાવેજી પુરાવો જો હોય તો,

| | | |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ દ્વારા દસ્તાવેજી પુરાવો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (ડી) મુદ્દામાલની વિગત

**મુદ્દામાલ પાવતી નં.૨૯૩/૨૦૧૭, તારીખ ૩૦/૦૯/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | લોહીના ડાઘાવાળો કચરો તથા માટી |
| ૨. | લોહીના ડાઘાવાળી પ્લાસ્ટીકની લીલા કલરની બોટલ |
| ૩. | લોહીના ડાઘવાળો કપડાનો ટુકડો |
| ४. | સેમ્પલ માટી |

**મુદ્દામાલ પાવતી નં.૨૯૪/૨૦૧૭, તારીખ ૩૦/૦૯/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક કાળા તથા લાલ કલરના ચોકડાવાળો આખી બાયનો શર્ટ |
| ૨. | એક આસમાની કલરનુ જીન્સ પેન્ટ |
| ૩. | એક મરૂન કલરનો જાંગીયો |

**મુદ્દામાલ પાવતી નં.૨૯૮/૨૦૧૭, તારીખ ૦૧/૧૦/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક કાળા કલરનો શોટ કુર્તો |
| ૨. | એક વાદળી કલરનુ જીન્સ પેન્ટ |

**મુદ્દામાલ પાવતી નં.૨૯૯/૨૦૧૭, તારીખ ૩૦/૦૯/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક વાદળી તથા લાલ લાઈનીંગવાળુ આખી બાયનુ શર્ટ |
| ૨. | એક કાળા કલરનુ જીન્સ પેન્ટ |

**મુદ્દામાલ પાવતી નં.૩૦૦/૨૦૧૭, તારીખ ૦૨/૧૦/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક પ્લાસ્ટીકના હાથાવાળુ ખંજર |

**મુદ્દામાલ પાવતી નં.૩૦૧/૨૦૧૭, તારીખ ૦૨/૧૦/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક વાદળી કલરનો આખી બાયનો શર્ટ |
| ૨. | એક કાળા કલરનુ જીન્સનુ પેન્ટ |

**મુદ્દામાલ પાવતી નં.૩૦૨/૨૦૧૭, તારીખ ૦૨/૧૦/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક કાળા કલરનુ ટી શર્ટ |
| ૨. | એક વાદળી કલરની નાઈટી |

**મુદ્દામાલ પાવતી નં.૩૦૩/૨૦૧૭, તારીખ ૦૩/૧૦/૨૦૨૭**

| | |
|---|---|
| ૧. | એક પ્લાસ્ટીકના કાળા હાથાવાળો છરો |

**-: <u>ચુકાદો</u> :-**

**૦૧.** આરોપીઓ સામે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક-૦૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તે તહોમતનો આરોપીઓએ નિવેદન આપી ઈન્કાર કરેલ, આથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખેલો. તે બાદ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમા વિગત જોવામાં આવે તો, આ ગુનાની પ્રથમ માહિતી ફરિયાદી પરસોતમભાઈ શિવાનંદન કર્મી પટેલનાઓએ જાહેર કરેલી. તે ફરિયાદ હકીકત મુજબ, ગઈકાલ તારીખ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રિના આશરે સાડા બારેક વાગ્યાના સુમારે તેઓ પોતાના ઘરે નોકરી ઉપરથી આવેલ. તે વખતે તેમની પત્ની કલંતીદેવી ઘરે હાજર રહી અને દિકરો પરસુરામ ઉર્ફે ગુડ્ડુ બહાર ગરબા જોવા માટે સોસાયટીમાં ગયેલા. ત્યારબાદ ફરિયાદી પોતે તથા તેમની પત્ની જમી પરવારીને સૂઈ ગયેલા અને રાત્રિના આશરે બારેક વાગ્યાના સુમારે ફરિયાદીની દિકરી પૂજા જે વટવા ખાતે રહે છે તેણી તેના પતિ રાજેશકુમાર મહાતો સાથે ગરબા જોઈને ફરિયાદીના ઘરે આવેલ અને થોડીવાર બાદ ફરિયાદીનો દિકરો પરસુરામ ઉર્ફે ગુડ્ડુ પણ ત્યાં આવેલો અને થોડી વાર પછી ફરિયાદીની દિકરી તથા જમાઈ તેમના ઘરે જતા રહેલા. તે પછી ફરિયાદીનો દિકરો પરસુરામ ગરબા જોવા જાવ છું તેમ કહીને ગરબા જોવા માટે ગયેલો. ત્યારબાદ રાત્રિના

આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે ફરિયાદી તથા તેમની પત્ની પોતાના ઘરના ઓટલા ઉપર સૂતા હતા તે વખતે સોસાયટીમાં લાઈન નં.૩ માં બૂમાબૂમ થતા ફરિયાદી જાગી ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો ફરિયાદીના દિકરા પરસુરામને નરેશભાઈ રામજીભાઈ ડાંગીએ પકડી રાખેલ અને મનીષભાઈ નરેશભાઈ ડાંગી તથા બ્રીજેશભાઈ સમાગીરી ગોસ્વામી તથા રાકેશ હિરાલાલ યાદવ ત્રણેયના હાથમાં ચપ્પા હતા. આ ત્રણેય જણા ફરિયાદીના દિકરા પરસુરામ ઉર્ફે ગુડ્ડુને ચપ્પાના ઘા મારતા હતા અને આ વખતે માતૃભૂમિ સોસાયટીમાં રહેતો ઉત્કર્ષ ઉર્ફે છોટુ મહેશભાઈ ડાંગી નાએ ફરિયાદીના દિકરા પરસુરામને છોડાવવા વચ્ચે પડતા તેને પણ ત્રણેય જણાએ શરીરે ચપ્પાના ઘા મારેલ અને આ વખતે રાજકુમાર જયદ્રથ કુશવાહ તથા હરિશંકર કુશવાહ તથા ધીરજ તિવારી તથા ફરિયાદી વચ્ચે પડીને છોડાવેલ અને ફરિયાદીના દિકરાને જોયેલ તો તેને ડાબા ખભા ઉપર તથા પાછળ કમરના ભાગે ચપ્પાના ઘા વાગેલ હોય તે લોહી લુહાણ હાલતમાં નીચે પડેલ હતો. આ દરમ્યાન કોઈએ ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ આવી ગયેલ અને ચારેય જણા ભાગી ગયેલા અને ઉત્કર્ષ તથા ફરિયાદીના દિકરાને સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં લઈ ગયેલ. જ્યાં ડોકટરે ફરિયાદીના દિકરા પરસુરામ ઉર્ફે ગુડ્ડુને મરણ જાહેર કરેલ અને ઉત્કર્ષને ગંભીર ઈજા થયેલ હોય તેને વધુ સારવાર માટે વાડીલાલ હોસ્પિટલમાં ખસેડેલ. આ બાબતે આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ આપતાં ગુનો દાખલ થયેલ.

૦૩. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદીનું તથા સાહેદોના નિવેદનો નોંધી લઇ તથા જરૂરી પંચનામાની વિગતે પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)મુજબનાં ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન એડીશનલ જ્યુડીશીયલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૦, અમદાવાદ ખાતે રજુ કરતા તેને

તા.૨૨–૦૩–૨૦૧૮ના રોજ ક્રિમીનલ કેસ નં.૭૯૨૫૧/૨૦૧૭ થી રજીસ્ટરે લેવાયેલ. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્વાન એડી.ચીફ મેટ્રો. મેજી., કોર્ટ નં.૧૦ નાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમીટ કરેલ છે.

**૦૪.** આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ, કેસ પેપર્સ વંચાણે લઈ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનું તહોમતનામું **આંક–૦૫** થી ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૬ થી આંક–૧૦ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૫.** ફરિયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર ફોર્મ–C માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૦૬.** ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આંક–૧૫૪ થી આપેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ અને બેગુનાહ છીએ. અમારા વિરુધ્ધ ખોટી ફરિયાદ કરી, ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટું ચાર્જશીટ કરેલ છે." આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

## દલીલ

**૦૭.** ફરીયાદપક્ષે વિ.એડી.પબ્લિક પ્રોસીક્યુટરશ્રીને સાંભળ્યાં. તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, તહોમતનામા મુજબ આરોપી નં.૧ નરેશ રામજી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ નાઓએ પકડી રાખેલા તેમજ આરોપી નં.૨ મનીષકુમાર નરેશ અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓએ ચપ્પાના ઘા કરેલા. આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીએ મારો સાલાને તેવી બૂમો પાડતા હતા. તેમજ ઈજા પામનાર ઉત્કર્ષ ઉર્ફે છોટુને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિનાએ ફેંટ મારેલી. આરોપી નં.૨ મનીષકુમાર નરેશ નાઓએ ચપ્પુથી ગળામાં મારેલુ અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓએ ચપ્પુથી પેટમાં મારેલુ.

વધુમાં જણાવેલ છે કે વિસ્તૃત દલીલ લેખિત સ્વરૂપે આંક–૧૫૭ થી રજૂ રાખેલ છે. જેનો શબ્દશઃ અત્રે ઉલ્લેખ કરવો શકય ન હોય તેથી મૌખિકમાં કરેલી દલીલો નોંધેલ છે.

**૭.૧** વધુ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે કુલ–૧૫ સાહેદો તપાસેલા છે, ત્યારબાદ બે વધુ સાહેદો આરોપી તરફે તપાસાયેલા છે. સાહેદો પૈકી સાહેદ નં.૧ કે જે મરણજનારના પિતા થાય છે અને તેઓનો પુરાવો શંકા રહિત છે. ઉલટતપાસથી મૂળ કેસને કોઈ નુકસાન થાય તેવી કોઈ હકીકત આરોપીપક્ષ પુરવાર કરેલ નથી. સાહેદ નં.૨ ઉત્કર્ષ બનાવ નજરે જોનાર ઉપરાંત ઈજા પામનાર સાહેદ છે. સાહેદ નં.૩ થી સાહેદ નં.૭ નજરે જોનાર સાહેદો છે જેઓના સી.આર.પી.સી. કલમ–૧૬૪ હેઠળ નિવેદનો પણ નોંધાયેલા છે આ તમામ સાહેદો સમર્થનકારી પુરાવો આપે છે. બનાવમાં સ્થળ ઉપર હાજર હતા, કેવી રીતે બનાવ બન્યો, કોને કયા હથિયારથી કયાં ઈજા કરી? તે તમામ હકીકતો પુરવાર થાય છે.

સાહેદ નં.૮ સારવાર આપનાર ડોકટર સાહેદ છે. તેવી જ રીતે સાહેદ નં.૯ પોસ્ટમાર્ટમ કરનાર ડોકટર છે. જેઓ સ્પષ્ટપણે જણાવે છે કે મૃત્યુ સ્ટેબ ઈન્જરીના કારણે હેમરેજથી થયેલી છે. ઈજાઓ છે તે

મુદામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ થી થઈ શકે તેવી છે, મૃત્યુ નિપજાવી શકે તેવી છે. ત્યારબાદ સાહેદ નં.૧૦ થી પંચ સાહેદ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે. ત્યારબાદ સાહેદ નં.૧૫ કે જેઓ તપાસ કરનાર અમલદાર છે તેઓ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે. પંચ સાહેદ નં.૧૪ નરેન્દ્ર મંગાજી ઠાકોરના પુરાવામાં વિસંગતતાનુ માનીએ તો પણ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૮ હેઠળનુ વર્તન સંબંધિત ઘટના છે અને તે મુજબ આરોપીએ ચપ્પુ શોધી બતાવેલ છે. આરોપી પક્ષના બચાવ જેવા કે આજુબાજુના રહેવાશીઓના નિવેદનો લીધેલા નથી, ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીના નિવેદનો લીધેલ નથી. તેવા નિવેદનો માત્ર ન લેવાથી ફરિયાદપક્ષનો કેસ સદંતર ખોટો થઈ જતો નથી. જે જરૂરી હતા તે નિવેદનો સાહેદોના લીધેલા જ છે અને પુરાવામાં તપાસેલા પણ છે. એ ઉલ્લેખનીય છે કે બનાવ મધ્યરાત્રિનો કલાક ૩.૦૦ વાગ્યાની આસપાસનો બનેલો છે. આમ પુરાવામાં ક્વોલીટી જોવાની છે નહી કે કોન્ટીટી. સાહેદ નં.૧૬ ડોકટર સ્વતંત્ર સાહેદ છે. એફ.એસ.એલ.ના પુરાવા આંક–૧૧૦,૧૧૧ અને આંક–૧૧૨ થી સાયન્ટીફીક પુરાવાનુ સમર્થન મળે છે. મુદામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ ના ઉપર પણ મરણજનારનુ રૂધિર જૂથ (A) ની હાજરી મળી આવે છે. મુદામાલ આર્ટીકલ નં.૫, મુદામાલ આર્ટીકલ નં.૧૩ અને મુદામાલ આર્ટીકલ નં.૧૪ ના જે કટમાર્ક છે તે પેન્ટ, શર્ટ ના કટમાર્ક મુદામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ વાળા ખંજરથી થઈ શકે તેવા કટમાર્ક છે.

આમ, ફરિયાદપક્ષ શંકા રહિત પુરવાર કરતો હોય આરોપીઓ શિક્ષિત હોય બનાવમાં હથિયાર લઈને આવેલ હોય, ઈરાદો મૃત્યુ નિપજાવવાનો હોય મરણજનારને શરીરના માર્મિક ભાગો ઉપર ઈજા કરેલ હોય જેથી આરોપીઓને જ્ઞાન છે જ તેવું માની શકાશે અને તેથી ફરિયાદપક્ષ શંકા રહિત પોતાનો કેસ પુરવાર કરેલ છે જેથી આરોપીઓને તકસીરવાન ઠેરવવા જણાવેલ છે.

વિ.એડી.પી.પી.શ્રીએ પોતાની મૌખિક તેમજ લેખિત દલીલ આંક–૧૫૭ ના સમર્થનમાં આધાર માટે કાલાભાઈ હમીરભાઈ કાછોટ

વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતથી પ્રસિધ્ધ થયેલ ચૂકાદો પોતાની આંક–૧૫૭ ની લેખિત દલીલમાં જ દલીલના ભાગ સ્વરૂપે વર્ણવેલ છે.

**૦૮.** બચાવપક્ષ તરફે આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, બે ઈજા પામનાર સાહેદોમાં એક મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ અને બીજો સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ છે. આ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુને તેના પિતા હોસ્પિટલ ઉપરથી લઈ જવાનું જણાવે છે જ્યારે આંક–૧૫૨ ની એમ્બ્યુલન્સ વાન સ્ટાફ દ્વારા માહિતી આપેલાનું વિરોધાભાસી પુરાવો છે. આંક–૧૧૩ ની વર્ધી કોઈ કારણોસર અન્ય ઈસમો સાથે તેવી નોંધ વર્ધીમાં થયેલી છે જ્યારે આંક–૧૬ ની ફરિયાદમાં નામજોગ ફરિયાદ આપેલાનું જણાય છે.

ત્યારબાદ આંક–૧૪૧ માટે દલીલમાં જણાવેલ છે કે એલ.જી. હોસ્પિટલના કાગળો મુજબ ડોકટરોએ સારવાર આપેલી હોય તેમ છતાં ડોકટરોને તપાસ્યા જ નથી અને આમ ફરિયાદપક્ષે આવા ડોકટર સાહેદનો પુરાવો છુપાવવાનો પ્રયત્ન કરેલ છે અને તેથી બચાવપક્ષની અરજી હેઠળ હુકમ થતાં કોર્ટના હુકમથી તે સાહેદ ડો.પીનલ ધીરૂભાઈ પટેલને સાહેદ નં.૧૬ થી તપાસાયેલા છે. તેવી જ રીતે આંક–૧૪૮ માં પણ અજાણી વ્યકિત જેમાં નામ ઉમેરવામાં પાછળથી આવ્યા છે. તે નામ ઉત્કર્ષ ઉમેશભાઈ ડાંગી તરીકે અપાયેલુ છે.

**૮.૧** વધુમાં દલીલમાં જણાવેલ છે કે, સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનું આંક–૩૯ થી મરણોન્મુખ નિવેદન લેવામાં આવ્યુ છે જેમાં તે એક જ આરોપીનું નામ એટલે કે મનીષભાઈ ડાંગી નુ જણાવે છે. વધુમાં દલીલમાં જણાવે છે કે, તહોમતનામા મુજબ "બે દિવસ" અગાઉના બનાવનો પુરાવો નથી તે બનાવની અદાવત રાખીને હેતુ એટલે કે મોટીવ પુરવાર થતો નથી.

વધુમાં દલીલમાં જણાવેલ છે કે બનાવના એક મહિનો અને ૧૦ દિવસ પછી સારવારનુ સર્ટીફીકેટ તૈયાર થયેલ છે. બનાવ તારીખ ૨૯–૩૦/૦૯/૨૦૧૭ ની મધ્યરાત્રિનો છે અને સારવારનુ સર્ટીફીકેટ તા.૦૯/૧૦/૨૦૧૭ નુ છે. ત્યાં સુધી આ ઈજા પામનાર અજાણ્યા

છે, ઈજા પામનારનું કોઈ નામ નથી અને મરણજનારનું પણ કયાંય નામ જણાવેલ નથી.

જેથી ઈજા પામનાર ઉત્કર્ષ શંકાસ્પદ છે, વ્યકિત ખોટું બોલે છે. પરંતુ દસ્તાવેજો ખોટું બોલતા નથી.

૮.૨ વધુમાં દલીલમાં જણાવે છે કે, સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનો પુરાવો અને આંક–૩૯ થી રજૂ થયેલ મરણોન્મુખ નિવેદનમાં ખૂબ જ સારો એવો તફાવત છે. જેથી તે શંકા ઉભી કરે છે.

તપાસાયેલા સાક્ષીઓ બધા મિત્રો છે, સ્વતંત્ર કોઈ સાહદો નથી. બનાવની હકીકતમાં ફરિયાદી પરસોતમભાઈને ગલીમાં લાઈડ સ્પીકર વાગતા હોય અને ઘરે સૂતા હોય ત્યાં તેમને અવાજ સંભળાય છે. તહોમતનામામાં ચાર જણાએ ચપ્પાઓ માર્યા એટલે કે ચાર જણ ઈસમો હોવાનો કેસ થાય પરંતુ બે જ ચપ્પા ઉપલબ્ધ છે. ઝઘડો પૂરો થઈ ગયા પછી સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ તે જગ્યાએ પહોંચવામાં છે એટલે કે તેમના પહોંચતા પહેલા ઝઘડો પૂરો થઈ ગયેલો હોય આ સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ નજરે જોનાર સાહેદ નથી. તેમજ આ સાહેદ નં.૨ ના સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં પણ વિરોધાભાસી હકીકત જણાવેલ છે.

૮.3 વધુ દલીલમાં જણાવેલ છે કે સાહેદ નં.૧૫ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપરથી પણ તપાસ શંકાના દાયરામાં છે, કેસ ડાયરી રજૂ કરેલ નથી. મરણજનાર ખાનગી વ્યકિતના આધારે પહોંચેલાનો વિરોધાભાસ છે. તપાસ કરનાર અધિકારીએ કેસ ડાયરી રજૂ કરેલ નથી. તપાસ શંકાના દાયરામાં છે. વર્તન નોંધવા જેવું છે. શરીરના કયા ભાગે ઈજાઓ થયેલી તે અંગે વિરોધાભાસી પુરાવો આપે છે આમ તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો પણ માની શકાય તેમ નથી.

વધુ દલીલમાં જણાવેલ છે કે આરોપીઓના કપડા ઉપરથી કોઈ લોહીના ડાઘા મળી આવેલ નથી. મરણજનારના કપડા ઉપર કટમાર્ક છે પરંતુ ઈજાવાળી જગ્યાની સાથે મળતા આવતા નથી. હથિયારો એકટીવામાં લઈને આવે છે પરંતુ તેવી હકીકત માટે કોઈ

રજીસ્ટ્રેશન નંબર નથી. આમ ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરતા ન હોય આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા જણાવેલ છે.

મૌખિક દલીલના સમર્થનમાં આંક–૧૬૦ થી આરોપીપક્ષ દ્વારા લેખિત દલીલ રજૂ રાખેલ છે જે મુખ્યત્વે નોંધાયેલા પુરાવાની જુબાનીઓનુ પુનરાવર્તન હોય તેથી અત્રે શબ્દશઃ ટાંકેલ નથી.

**૦૯. કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, અગાઉના ઝગડાની અદાવત રાખી તારીખ ૩૦/૦૯/૨૦૧૭ ના રાત્રિના સાડા ત્રણ વાગ્યાના સુમારે માતૃભૂમિ સોસાયટી લાઈન નં.૩ સામે આરોપીઓએ ભેગા મળી, ગેરકાયદેસર મંડળી રચીને ઘાતક હથિયારો ધારણ કરી મરણજનાર સાથે બોલાચાલી ઝગડો કરી મરણજનારને તથા સાહેદને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ કરેલ જેથી મરણજનારનુ મોત નિપજાવેલ. આમ, આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૩) શું હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર –૦૧ હકારાત્મક

(૨) મુદ્દા નંબર–૦૩ આખરી હુકમ મુજબ.

–:<u>કા ર ણો</u>:–

**<u>મુદ્દા નં.૦૧ તથા ૦૨</u> –**

**૧૧.** બંને તરફેની દલીલને ધ્યાનમાં રાખી રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ અને મુલ્યાંકન કરીએ તો, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૧ પરસોતમભાઈ શિવનંદન પટેલને આંક–૧૫થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પરિવાર સાથે માતૃભકિત સોસાયટી

રામોલ ખાતે રહે છે અને આ જગ્યા ઉપર છેલ્લા ૨૫ વર્ષથી પરિવાર સાથે રહે છે અને હાલમાં દીક્ષીત સીક્યોરીટીમાં નોકરી કરે છે અને પોઈન્ટ વટવા જી.આઈ.ડી.સી ફેસ–૪ આકાર પેઇન્સ ખાતે આવેલ છે. તેમને સંતાનમાં બે છોકરી અને એક છોકરો છે. મોટી છોકરીનું નામ પલ્લવી છે અને નાની છોકરીનું નામ પુજા છે. સોથી નાનો દીકરો પરશુરામ ઉર્ફે ગુડ્ડુ જેની ઉંમર ૨૨ વર્ષની હતી અને તે છુટક કામ કરતો હતો. તા.૨૯/૯/૨૦૧૭ ના રોજ રાત્રીના સાડા આઠ એક વાગ્યાનાં સુમારે પોતાની નોકરી ઉપરથી પરત ઘરે આવેલ અને ઘરે પત્ની કલંતિદેવી હાજર હતી અને દીકરો પરશુરામ બહાર ગરબા જોવા માટે ગયો હતો અને તેઓ ખઇ પી ને બંને માણસો એટલે કે પોતે અને પત્ની ઓટલા પર સુઇ ગયેલા. તે વખતે રાત્રીના સાડા બાર એક વાગે તેમની દીકરી પુજા કે જે વટવા ખાતે રહે છે તે તેના પતિ રાજેશ કુમાર સંજય મહાત્તો સાથે ગરબા જોઈને તેમના  ઘરે આવેલા અને થોડી વાર રહી દીકરો પરશુરામ ઉર્ફે ગુરુ પણ ઘરે આવેલો અને થોડી વાર રહી દીકરી અને જમાઇ બંને જણા તેઓના ઘરે જતા રહેલા. ત્યારબાદ પોતાનો દીકરો પરશુરામ તેમને કહીને ગયેલો કે હું પણ ગરબા જોવા જાઉ છું અને તે પણ ગરબા જોવા જતો રહેલો. ત્યારબાદ તેઓ ઓટલા ઉપર સુઇ ગયેલા. સાડા ત્રણ એક વાગે બુમાબુમ થતા પોતે અને પત્ની જે ઓટલા પર સુઇ ગયેલા ત્યાંથી બુમાબુમ સંભળાતા ઉભા થઈ ગયેલા. તે વખતે ગલી નં. ૩ મા જતાં પોતાના દીકરા પરશુરામને નરેશ અને રામજીભાઇ ડાંગીએ મારા દિકરાને પકડી રાખેલ હતો અને આ વખતે મનીષ નરેશભાઈ ડાંગી તથા બ્રીજેશ સમાગીરી ગોસ્વામી તથા રાકેશ હીરાલાલ યાદવ ત્રણેયના હાથમા ચપ્પા હતા અને આ ત્રણેય જણા દીકરા ગુરુને ચપ્પાના ધા મારતા હતા. આ વખતે માતૃભકિત સોસાયટીમાં રહેતા ઉત્કર્ષ ઉર્ફે છોટુ મહેશભાઈ ડાંગી દીકરા પરશુરામ વચ્ચે પડી છોડાવવા જતા આ ત્રણેય જણાએ ઉત્કર્ષને શરીરે ચપ્પાના ઘા મારેલા અને આ વખતે રાજ કુમાર, હરી શકેર, ધીરજ તથા પોતે વચ્ચે છોડાવવા પડેલા અને આ વખતે દીકરાને જોયેલો તો તેના ડાબા ખભા ઉપર કમરના ભાગે

ચપ્પાના ઘા વાગેલા હતા તે લોહી લુહાણ હાલતમાં નીચે પડેલો હતો અને ઉત્કર્ષને પણ શરીરે ઈજા થયેલી અને તે પણ લોહી લુહાણ હાલતમા હતો. કોઈકે ૧૦૮ બોલાવેલ અને આ ચારેય જણાં ત્યાંથી ભાગી ગયેલા અને દીકરા પરસુરામ અને ઉતકર્ષને એલ.જી. હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. જ્યાં ડૉકટરશ્રીએ દીકરા પરશુરામને મરણ જાહેર કરેલ અને ઉત્કર્ષને વધુ ઈજા થયેલી હોવાથી તેની વાડીલાલ સારાભાઈ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. આરોપીઓને ફરીયાદી ઓળખી બતાવે છે. તેમના દીકરા પરશુરામ તેમજ ઉત્કર્ષને જે ચપ્પાથી મારેલ તે મુદ્દામાલ ઓળખી શકે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૭ વાળુ ખંજર તેમજ ચપ્પુ ઓળખી શકે. ત્યારબાદ પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી અને પોતાની હાજરીમાં પોલીસે પંચનામું કરેલુ.

**૧૧.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "એ વાત ખરી નથી કે માતૃભક્તિ સોસાયટી ખુબ મોટી સોસાયટી છે. આ સોસાયટીમાં જે મકાનો છે તે કુલ ચાર લાઈનોમાં આવેલા છે. એ વાત ખરી નથી કે દરેક લાઈનમાં સો થી દોઢસો મકાનો આવેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક લાઈનમાં આશરે પચાસ પંચાવન મકાન આવેલા હશે. એ વાત ખરી છે કે અમારે ત્યાં ગરબા ચાલતા હતા તે જ પ્રમાણે બીજી ગલીઓમાં પણ ગરબા ચાલતા હતા. એ વાતની મને ખબર નથી કે જ્યાં જ્યાં ગરબા ચાલતા હતા ત્યાં ત્યાં લાઉડ સ્પીકર લાગેલા હતા કે કેમ? મારૂ મકાન ગલી નં. ૪ માં છે અને ગરબા ગલી નં. ૩ માં ચાલતા હતા. આ જે ગરબા ચાલતા હતા તેનાથી અમારૂ મકાન દોઢસો બસો મીટરના અંતરે આવેલુ હશે. એ વાત ખરી છે કે અમારા મકાન થી ગલી નં. ૩ માં જે ગરબા ચાલતા હતા તે દેખાય નહી. હું બનાવના દિવસે મારા મકાનના ઓટલા ઉપર સુતો હતો. એ વાત ખરી નથી કે હું ઓટલા ઉપર નહી પરંતુ મારા મકાનમાં સુતો હતો. મારા છોકરા સાથે ઝઘડાની મને જાણ બુમાબુમ થતા અવાજ થતા થયેલી. મે બુમાબુમ સાંભળી તેના બે જ મીનીટમાં

હું તે સ્થળે પહોંચી ગયેલો. પરશુરામને નરેશ ડાંગીએ બન્ને હાથથી સાઇડથી પકડેલો હતો. એ વાત ખરી નથી કે હું પહોચ્યો ત્યારે મારા દિકરાને વાગેલું હતુ. એ વાત ખરી નથી કે બ્રિજેશ, રાકેશ અને મનીષે પરશુરામને ક્યાં ચપ્પા મારેલ તે મે જોયેલ નહી. મનિષે ડાબા ખભા ઉપર, રાકેશે પાછળ કમર ઉપર, બ્રિજેશ પણ શરીરના આગળના ભાગે ચપ્પુ મારતો હતો. એ વાત ખરી છે કે આ ત્રણેય ઈજા કરતા હતા ત્યારે મારા દિકરાને નરેશ રામજીએ પકડી રાખેલો હતો. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં કયા તહોમતદારે મારા દિકરાને શરીરના કયા ભાગે ચપ્પા મારેલ તે સ્પષ્ટ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા દિકરા પરશુરામને વાગેલ ત્યારબાદ ઉત્કર્ષ તેને છોડાવવા માટે આવેલો. આ ઉત્કર્ષને ઉપરોકત જણાવેલ ત્રણેય ઇસમોએ ચપ્પાના ઘા મારેલા. ઉત્કર્ષને મનીષે માથાના ભાગે બ્રિજેશે ગરદનના ભાગે અને રાકેશે પેટના ભાગે ચપ્પાના ઘા મારેલા.ઉત્કર્ષને ઘા મારેલ ત્યારે તેને કોઇએ પકડેલ ન હતો. મારા દિકરાને મારેલ ત્યારબાદ ઉત્કર્ષને મારેલ તે બન્ને જગ્યા એકદમ આજુબાજુમાં હતી. એ વાત ખરી નથી કે ઉત્કર્ષને શરીરના કયા ભાગે કોણે ઈજા કરેલી તે મે મારી ફરીયાદમાં લખાવેલ નથી.ઉત્કર્ષ અને મારા દિકરાને મારી રહ્યા હતા ત્યારે હું બચાવ માટે ગયેલો.ઉત્કર્ષ આગળ બચાવવા માટે ગયેલો અને તરત તેની પાછળ હું પણ બચાવવા માટે ગયેલો.મને આરોપીઓએ કોઇ ઈજા કરેલ નહી. એ વાત ખરી નથી કે હું પહોંચ્યો ત્યારે મારો દિકરો અને ઉત્કર્ષ જમીન ઉપર પડેલા હતા અને મેં તેઓને થયેલ ઈજાઓ જ જોયેલી. મે રાજકુમાર, હરીશંકર, અને ધીરજને બનાવ સ્થળે જોયેલા. આ ત્રણેય જણા બચાવવા માટે વચ્ચે પડેલા. આ ત્રણેયે હાથથી બચાવવાની કોશીશ કરેલી અને આ લોકોએ નરેશભાઈ, મનીષ અને બ્રિજેશ ને ધક્કા મારેલા. આ ત્રણેય ઇસમોને તેઓ બચાવવા વચ્ચે પડેલા ત્યારે કોઈ પણ ઈજા થયેલ નહી. હું તથા ઉપરોક્ત ત્રણેય ઇસમો એકસાથે જ બનાવવાળી જગ્યાએ પહોંચેલા. રાજકુમાર, હરીશંકર અને ધીરજ સોસાયટીમાં જ રહે છે પરંતુ ચોક્કસ કયા મકાનમાં રહે છે તે મને ધ્યાન નથી. આ ત્રણેય ગરબા રમી રહ્યા હતા

તેવુ ધ્યાન છે. પરંતુ ચોક્કસ ક્યાંથી આવેલ તે ધ્યાન નથી. આ જે ગરબા હતા તે ખુલ્લામાં થતા હતા. એ વાત ખરી છે કે મારા દિકરા અને ઉત્કર્ષ ઉપર જે હુમલો થયેલ તે ગરબાવાળી જગ્યાએ થયેલ નહી. હું મારા દિકરાને બચાવવા માટે વચ્ચે પડેલો અને કોશીશ કરેલી અને તહોમતદારને ધક્કો મારેલો પરંતુ તેની સાથે મારો છોકરો પણ પડી ગયેલો તેથી  હું મારા છોકરાને પકડી શકેલ નહી. મારા દિકરાને જે સ્થળે ઈજાઓ થયેલી તે સ્થળે રસ્તા ઉપર લોહી પડેલું. મારા દિકરા અને ઉત્કર્ષને ૧૦૮ દ્વારા હોસ્પીટલ પહોંચાડેલા. ૧૦૮ માં હું રાજકુમાર, હરીશંકર અને ધીરજ તમામે મળીને મારા દિકરા અને ઉત્કર્ષને મુકેલા. એ વાત ખરી છે કે મારા દિકરા અને ઉત્કર્ષ બન્નેના આખા કપડાં ઉપર લોહી લાગેલું હતુ. મેં ઉંચકીને મુકેલ તેથી મારા કપડા પણ લોહીવાળા થયેલા. રાજકુમાર, હરીશંકર અને ધીરજના કપડા લોહીવાળા થયેલા કે કેમ તેની મને જાણ નથી. મે પોલીસમાં ફરીયાદ કરેલી તે વખતે મારા લોહીવાળા કપડાં પોલીસમાં રજુ કરેલા નહી.રાજકુમાર, હરીશંકર અને ધીરજે પોતાના કપડા પોલીસને રજુ કરેલ કે કેમ તેની મને જાણકારી નથી. એ વાત ખરી નથી કે મે જે જણાવ્યો તે મુજબ બનાવ બનેલ નથી અને મંડપમાં મારા દિકરાને કોઈ અન્યએ મારેલ નથી.એ વાત ખરી નથી કે તહોમતદારોના ખોટા નામો જણાવેલ છે. પરશુરામ અને ઉત્કર્ષને એલ.જી. હોસ્પીટલમાં લઇ ગયેલા. હોસ્પીટલ કેટલા વાગે પહોંચેલાં તે હાલ મને ધ્યાનમાં નથી. હોસ્પીટલમાં પોલીસના માણસો આવેલા અને આશરે સવારે છ સાડા છ એ આવેલા.તે અગાઉ આવેલા હોય તો તેનું મને ધ્યાન નથી. પોલીસે હોસ્પીટલમાં આવ્યા બાદ મને બોલાવેલ અને મારી ફરીયાદ લીધેલી. ચોક્કસ સમય યાદ નથી.મારી ફરીયાદ લીધી ત્યારે રાજકુમાર, હરીશંકર અને ધીરજ હોસ્પીટલમાં હાજર ન હતા.આ લોકોનો પોલીસે જવાબ લીધેલા કે કેમ તેની મને જાણ નથી. મારા દિકરાને ગરબાવાળી જગ્યાએ કોઇ સાથે ઝઘડો થયેલાની મને જાણ નથી. એ વાત ખરી નથી કે બ્રિજેશ ગોસ્વામીએ મારા દિકરાને મારેલ હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી છે કે રાજકુમાર, હરીશંકર અને

ધીરજ મારા દિકરાના મિત્રો હતા. એ વાત ખરી નથી કે બનાવની મને કે ઉપર જણાવેલ ત્રણેય ઈસમો ને જાણ ન હોવા છતા તહોમતદારના ખોટા નામ જણાવેલ છે. એ વાત ખરી નથી કે રાજકુમાર, હરીશંકર અને ધીરજ બનાવ વખતે બચાવવા માટે વચ્ચે પડેલા હોવાનું હું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે મારા ઘરની બહાર કોઈ ઓટલો આવેલ નથી. એ વાત ખરી નથી કે મારા દિકરા અને ઉત્કર્ષને વાગેલાની જાણ થયા બાદ હું હોસ્પીટલ ગયેલો. એ વાત ખરી છે કે અમારી માતૃભક્તિ સોસાયટીમાં સાતસો જેટલા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે અમારી સોસાયટી કેનાલથી લઈને પાછળ અમારૂ ઘર છે ત્યાં પુરી થાય છે. એ વાત ખરી છે કે બનાવ કેનાલ પાસે બનેલો. એ વાત ખરી છે કે અમારી સોસાયટીમાં અલગ અલગ પ્લોટ પાડીને આપવામાં આવેલા. અમારી સોસાયટીમા પ્લોટો ઉપર મકાનો બનાવેલ છે અને સોસાયટીમાં મુખ્ય ચાર ગલીઓ બનાવવામાં આવેલ છે. મારા છોકરાને જે જગ્યાએ વાગેલ તે જગ્યા ત્રણ નંબરની ગલી પાસે છે. શંકર ભગવાનનું મંદીર જ્યાં આવેલ છે તેનો ગલી નંબર મને ખબર નથી. એ વાતની મને જાણ નથી કે મારા છોકરાને જે જગ્યાએ ઈજા થઈ તેની એક ગલી છોડીને બીજી ગલીના નાકા ઉપર શંકર ભગવાનનુ મંદીર આવેલું છે. એ વાત ખરી નથી કે જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાથી બે ગલીને છોડીને મારૂ મકાન આવેલુ છે. એ વાત ખરી છે કે જે બનાવ બનેલો તે બનાવથી બીજી બાજુ મારૂ મકાન સૌથી છેલ્લે આવેલું છે. એ વાત ખરી છે કે અમારા મકાનની પાસે એક પાકો ડામરનો જાહેર રોડ આવેલો છે. એ વાત ખરી છે કે આ ડામર રોડ જ્યાં શરૂ થાય છે ત્યાં મંદીર છે અને તે રોડ ત્યાંથી લઈને કેનાલ સુધી જાય છે.આ જે મંદીર આવેલુ છે ત્યાંથી મારૂ ઘર ૫૦ મીટર દુર પુજાના તહેવારો ધામધુમથી મનાવવામાં આવે છે. એ વાત ખરી છે કે જે દિવસે બનાવ બન્યો તે દિવસે દુર્ગાપુજાની છેલ્લી રાત્રી હતી પરંતુ મંદીરમા ઓરકેસ્ટા લાવવાની મને જાણ નથી.એ વાતની મને ખબર નથી કે મંદીરમાં ઓરકેસ્ટા આવેલું અને આખી રાત ભજન અને ડાંસના પ્રોગ્રામો થયેલા. આ જે ચાર લાઈન જણાવેલ છે તેમા

ચોથી લાઇનમાં મારૂ મકાન આવેલું છે. એ વાતની મને ચોક્કસ જાણ નથી કે મારા મકાન થી ૨૦–૨૫ ઘર છોડીને રોડ અને ચાર રસ્તા આવેલા છે અને એવા રોડ અને રસ્તા કુલ પાંચ બનાવેલા છે. એ વાત ખરી નથી કે મારા ઘર પાસે જે રોડ છે તે સિવાય બીજા ચાર રોડ આવેલા છે. એ વાત ખરી છે કે અમારી સોસાયટીમાં કોઇનુ મકાન ભોંયતળીયાનુ, કોઇનું એક માળનું, કોઇનુ બે માળવાળુ એ રીતના અલગ અલગ છે. એ વાત ખરી નથી કે મારા છોકરાની બોડી જ્યાં હતી તેની પાછળ ખુલ્લો પ્લોટ હતો નહી, કોઇએ મકાન બનાવેલ ન હતુ. એ વાતની મને ખબર નથી કે જ્યાં મારા દિકરાની બોડી હતી ત્યાં વિજય મરાઠી રહે છે એ ગલીમાં પણ ગરબા કરવામાં આવે છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે ગરબા દરેક ગલીમાં થાય છે. એ વાત ખરી નથી કે બનાવના દિવસે અમારી સોસાયટીમાં આખી રાત ગરબા ચાલુ હતા. ગલી નં. ૧ કેનાલ પાસે પણ ગરબા ચાલતા હતા કે કેમ તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે અમારી સોસાયટીની ગલીઓમાં ગરબા અને દુર્ગાપુજા વખતે મોટેથી લાઉડ સ્પીકરો વગાડે છે.એ વાત ખરી છે કે એક લાઇનમાં સો થી દોઢસો મકાન આવેલા છે. એ વાતની મને જાણ નથી કે એક પ્લોટમાં કોઇએ કોઈ એક મકાન તો કોઇએ એકથી વધારે મકાન બનાવેલ છે. એક પ્લોટ ૧૫ ફુટ પહોળો ૩૦ ફુટ ઉંડાઇમા આવેલ છે. એ વાત ખરી નથી કે મારા ઘરેથી કેનાલ ઉપર જવુ હોય તો લગભગ સાતથી દસ મીનીટ જેટલો સમય 1411 થાય. કેનાલ ઉપર કોઈ વ્યકિત ઉભો હોય અને તે કેનાલ મારી ગલીની સામેની બાજુ હોય તો તે વ્યક્તિ દેખાય. એ વાત ખરી છે કે શંકર ભગવાનના મંદીરમાં આરતી થતી હોય અને તે વખતે કોઈ વ્યકિત બુમ પાડે તો મારા ઘરે સંભળાય નહી. એ વાત ખરી નથી કે બનાવની રાત્રે હું મારા ઘરે હતો નહી. હું દિક્ષીત સિક્યોરીટીમાં નોકરી કરૂ છું. એ વાત ખરી નથી કે બનાવની રાત્રે હું મારી નોકરી પર હતો. એ વાત ખરી નથી કે મારી રાત–પાળી હોવાથી દુર્ગાપુજા વિગેરે તહેવારોમાં રાત્રે લાઉડ સ્પીકર વાગતા હોવાની જાણ નહી હોવાનુ જણાવેલ છે. એ વાત ખરી છે કે મારા ઘર પાસે જે દુર્ગાનુ મંદીર

આવેલ છે તેમાં દુર્ગાપુજાના દિવસો દરમ્યાન પુજાપાઠ ચાલુ રહે છે."

"એ વાત ખરી છે કે મારો દિકરો ગરબા જોવા માટે કઈ જગ્યાએ ગયેલો તેની મને માહીતી નથી. એ વાત ખરી નથી કે મારા ઘરેથી રોડ ઉપર જવુ હોય અને ગરબા ચાલુ હોય તો વાહન લઈને જે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે ત્યાંથી જ જઈને રોડ પર જઈ શકાય. એ વાત ખરી છે કે હરીશંકર કુશવાહ મારા ઘરથી એક ઘર છોડીને બીજી ગલીમાં રહે છે. ઉત્કર્ષનું મકાન મારા ઘરની પાસે છે. એ વાત ખરી છે કે ધીરજ મારા ઘર બાજુ જે પાકો ડામરનો રોડ છે તે બાજુ લાઇનમાં જ રહે છે.એ વાત ખરી નથી કે રાજકુમાર કુશવાહ અમારા ઘર પાસેજ તે જ લાઇનમા રહે છે. એ વાત ખરી છે કે આનંદ પ્રકાશ પટેલ ડામર વાળા રોડથી મારા ઘર બાજુ જરહે છે. એ વાત ખરી છે કે હું નોકરી પર રહેતો હોય તેથી બાળકો વચ્ચે શું અને કેવી તકરાર ચાલતી હોય તેની મને માહીતી નથી. એ વાત ખરી નથી કે મારા ગુજરનારા દિકરા પર દારુ વેચાણ કરવાનો કેસ નોંધાયેલ છે. મારા દિકરાનો કોઇ ટીંકુ નામના વ્યક્તિ સાથે ગુનો નોંધાયેલ હોવાની મને જાણ નથી. ટીંકુ મારા ગુજરનાર દિકરાનો મિત્ર થતો હોવાની અને તે અવારનવાર મારા ઘરે આવ-જા કરવાની મને જાણ નથી."

"ધીરજ, ટીંકુ અને ઉત્કર્ષ મિત્ર હોવાનુ ખરૂ છે પરંતુ ખાસ મિત્ર હોવાનુ મને ધ્યાન નથી.એ વાત ની મને જાણ નથી કે આ ટીંકુ બનાવના દિવસે જ્યાં જ્યાં ગરબા થતા હતા ત્યાં તલવાર લઈન ગરબા બંધ કરાવેલ અને તેથી તેની વિરુધ્ધ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલી અને પોલીસે તેને અટક કરેલો. એ વાત ખરી નથી કે આ ટીંકુ તલવાર લઈને ગરબા બંધ કરાવતો હતો તે દરમ્યાન મારા દિકરાને ઈજાઓ થયેલી. એ વાત ખરી છે કે મારા દિકરાની જ્યાં બોડી પડેલ હતી ત્યાં આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલ છે અને લોકો રહે છે. એ વાત ખરી નથી કે જ્યાં બનાવ બનેલ ત્યાંથી એક ગલી છોડીને ગરબા ચાલતા હતા.એ વાત ખરી છે કે મારા દિકરાની જે જગ્યાએ બોડી હતી તે જગ્યાએ ગરબા ચાલતા હતા. મારા દિકરાની જ્યાં બોડી હતી તેની આજુબાજુના મકાન નંબરો અને

તેમા કોણ રહે છે તે હું કહી શકું નહી. જે મકાનની આજુબાજુમાં બનાવ બનેલો તેની આજુબાજુના રહીશો બનાવવાળી જગ્યાએ ઉભેલા હશે.એ વાત ખરી નથી કે મને બનાવ વિશે મને પાછળથી કોઇક હકીકત જાણવા મળેલી. એ વાત ખરી નથી કે બનાવના બે ત્રણ દિવસ પછી જ્યાં મારા દિકારાની બોડી હતી તેની આજુબાજુના રહીશોએ અમોને એવું જણાવેલુ કે મારો દિકરો કેનાલ બાજુથી લડખડાતો આવેલો અને બનાવવાળી જગ્યાએ પડી ગયેલો તેને કોઇએ મારતા જોયેલો નથી.એ વાત ખરી નથી કે મારો દિકરો જે જગ્યાએ પડેલ હતો તે જગ્યાથી દસ ફુટ દુર મકાન આવેલ અને તે મકાનમાં રહેવાવાળો છોકરો મને બોલાવવા માટે આવેલો.એ વાત ખરી નથી કે હું બનાવવાળી જગ્યાએ ગયો તે પહેલા ઉત્કર્ષ ને ૧૦૮ માં લઇ ગયેલા. એ વાત ખરી નથી કે ઉત્કર્ષ અને મારા દિકરાને એક એમ્બ્યુલન્સમાં લઇ ગયેલા નહી. એ વાત ખરી નથી કે મારા દિકરાને ઇજા થયેલાનું મને ઘરે જાણ થતા હું પાછળ પાછળ એલ.જી. હોસ્પીટલમાં ગયેલો. મારો દિકરો છુટક મજુરી કામ કરતો હતો. તેણે બનાવના છ માસ અગાઉ અભ્યાસ છોડેલાનું મને ચોકકસ ખ્યાલ નથી. એ વાતની મને જાણ નથી કે મારો દિકરો આ કામના આરોપી નં. ૨ મનીષ સાથે અભ્યાસ કરતો હતો અને તેનો મિત્ર હતો. એ વાતની મને ખબર નથી કે બનાવના છ માસ પહેલા આરોપી નં. ૧ નાને પેરાલીસીસનો હુમલો થતાં તેઓને મનિષ સાથે મારો દિકરો હોસ્પીટલમાં લઇ ગયેલો અને સારવારમાં રોકાયેલો. એ વાત ખરી નથી કે નરેશ ડાંગી ને હાલમાં પણ પેરાલીસીસની અસર હોવાથી તે સારી રીતે હલન ચલન કરી શકતા નથી અને તેથી કોઇને પકડી શકતા નથી. એ વાત ખરી નથી કે નરેશ ડાંગીએ મારા દિકરાને પકડી રાખેલ હોવાનું મે બીજાઓના કહેવાથી જણાવેલુ છે. એ વાત ખરી છે કે આરોપી નં. ૨ અને મારા દિકરા વચ્ચે ક્યારે ઝઘડો થયો હોય તે મને ખબર નથી અને મે સાંભળેલ નથી. એ વાતની મને જાણ નથી કે આરોપી નં. ૧ અને ૨ નાએ અમારી સોસાયટીમાં ત્રણ માળનુ મકાન બનાવેલું છે. ટીંકુભાઇ દારુ વેચવાનો ધંધો કરતા હોવાની મને જાણ

નથી. એ વાતની મને ખબર નથી કે આરોપી નં.૧ અને ૨ ને આ ટીંકુભાઇ વિરુધ્ધ પોલીસને જાણ કરેલી અને સોસાયટીમાં દારુ વેચવાનુ બંધ કરાવેલુ. એ વાત ખરી નથી કે બીજા લોકોની અદાવતના કારણે બીજાના કહેવાથી આરોપી નં. ૧ અને ૨ નું નામ આપેલ છે.એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં આરોપી નં.૧ નાએ મારા દિકરાને પકડી રાખેલો અને આરોપી નં. ૨ નાએ ઈજા કરેલ હોવાનુ મે બીજાઓના કહેવાથી ખોટું જણાવેલ છે. મારા દિકરાના લોહીના નિશાન બનાવવાળી જગ્યાથી કેનાલ તરફ પડેલાનું મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાએ કોઇ બનાવ બનેલ નથી કે મે બનાવ જોયેલ નથી."

"એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હું અને મારા પત્ની જ ઘરમાં હતા. એ વાત ખરી નથી કે મારા પત્ની ઘરમાં સુતા હતા.અમારો ઓટલો આઠ ફુટ અને ચૌદ ફુટ લંબાઇમાં છે. એ વાત ખરી નથી કે જો અમે ઘરમાં હોઇએ અને ઘર બંધ કરેલ હોય તો કોઇપણ જાતનો અવાજ સાંભળી શકાય નહી. મે બુમાબુમ સાંભળી તે સમયે હું સુતો હતો.મે ઉઠ્યા બાદ બુમાબુમ બે મીનીટ સાંભળેલી.એ વાત ખરી છે કે તે સમયે નવરાત્રીનો પ્રોગ્રામ ચાલુ હતો. એ વાત ખરી છે કે મારા ઘરેથી મારો દિકરો જે જગ્યાએ હતો ત્યાં પહોંચવુ હોય તો ચારથી પાંચ નવરાત્રીના પ્રોગ્રામ આવે. નવરાત્રીના દરેક ગરબા જ્યાં જ્યાં થાય ત્યાં આશરે પચાસ થી સો લોકો હોય છે. હું બુમાબુમ સાંભળીને બનાવવાળી જગ્યાએ પહોંચ્યો ત્યારે સાડા ત્રણ વાગ્યા હશે. હું બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે ત્યાં આશરે પંદર થી વીસ માણસો ભેગા થઇ ગયેલા. આ જે પંદર થી વીસ માણસો ભેગા થઇ ગયેલા તેમાંથી હું પાંચ છ લોકોને ઓળખતો હતો. આ જે લોકો કીધા તેના નામ મને હાલ ધ્યાનમાં નથી. તેઓ માતૃભક્તિમાં રહે છે પરંતુ મકાન નંબર અમોને ખબર નથી. એ વાત ખરી છે કે હું બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે મારા દિકરાને પકડેલ હતો. તે વખતે મે છોડાવો કે બચાવો તેવી બુમ પાડેલી નહી. હું બનાવ સ્થળે પહોચ્યોં તેના પંદર થી વીસ સેકંડમાં બનાવ બનેલો. આ બનાવ આશરે પાંચેક

મીનીટ જેટલો ચાલેલો. આ બનાવ બન્યો ત્યારે હુ બાજુમાં ઉભો ન હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું બચાવવા વચ્ચે પડેલો. તે સમયે બચાવો બચાવો તેવી કોઇ બુમ પાડેલી નહી. બનાવમાં મને છરી કે કોઇપણ હથીયારથી કોઇ ઇજા થયેલી નથી. હું છોડાવવા વચ્ચે પડેલો ત્યારે મારા કપડા લોહીવાળા થયેલાં.મારા શર્ટમાં લોહી લાગેલ. પેન્ટમાં લોહી લાગેલ કે કેમ તે મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે મે જ્યાં સુધી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવી ત્યાં સુધી મે તે જ પેન્ટ પહેરેલ હતું. એ વાત ખરી છે કે મે બનાવ સ્થળે ત્રણેય છરીઓ જોયેલી. મે જે સાધન ખરી છે કે જોયેલુ તે ચપ્પા હતું. જે ચપ્પુ જોયેલુ તે સમયે તે ખુલેલું હતું. "

"એ વાત ખરી છે કે ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન એટલે કે બનાવ વખતે મારા દિકરાને ચપ્પાથી મારવામાં આવેલું. મારા દિકરાને બે ઘા વાગ્યા હશે કારણકે મે ઘા જોયેલાં. એ પડી ગયો પછી મે તેના શરીર ઉપર બે ઘા જોયેલાં. એ વાત ખરી નથી કે મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૭ બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે તે ચપ્પુ હોવાનું ખરૂ નથી.ઉત્કર્ષ હું પહોંચ્યો તેના એક બે સેકંડ પહેલા જ પહોંચેલો. હું બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે ઉત્કર્ષ ને કોઈ ઇજા થયેલી નહોતી. ઉત્કર્ષ ને મારવાનો બનાવ અને મારા દિકરાને મારવાનો બનાવ એમ સમગ્ર બનાવ પાંચ મીનીટ ચાલેલો. રાજકુમાર, હરીશંકર અને ધીરજ હું બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે બનાવસ્થળે હાજર હતા. આ ત્રણેયે મારા દિકરાને છોડાવવાનો પ્રયત્ન કરેલો. જ્યારે મારા દિકરાને છોડાવવાનો પ્રયત્ન કરેલો ત્યારે તેને વાગી ગયેલ હતું. આ મારનાર લોકો અમો છોડાવવા માટે વચ્ચે ગયા ત્યારે ચપ્પા લઇને ભાગી ગયા હતા. તે સમયે આ રાજકુમાર, હરીશંકર કે ધીરજે બચાવો ની કોઇ બુમ પાડેલ નહી.આ બનાવ બન્યો ત્યારે ઉપર જણાવ્યાં મુજબ દસ બાર માણસો ભેગા થઇ ગયેલાં. ૧૦૮ એમ્બ્યુલન્સ ભેગા થયેલા લોકોમાંથી કોઇકે બોલાવેલી. બનાવના કેટલા સમય પછી ૧૦૮ એમ્બ્યુલન્સ આવી તે હાલ મને યાદ નથી. ૧૦૮ આવી તે દરમ્યાન અન્ય કોઈ માણસો

આવેલા કે કેમ તે મને ધ્યાન નથી. પરંતુ મારા પત્ની આવેલા તે મને ધ્યાન છે. મારા દિકરાને હું, રાજકુમાર, હરીશંકર અને ધીરજે ઉંચકીને એમ્બ્યુલન્સમાં મુકેલો. એ વાત ખરી છે કે તે સમયે મારા દિકરાનાં શરીરમાંથી લોહી નીકળવાનુ ચાલું હતું. મારા દિકરાને ઉંચકીને એમ્બ્યુલન્સમાં મુક્યો તે સમયે રાજકુમાર, હરીશંકર અને ધીરજના કપડા લોહીવાળા થયેલ તે મને હાલ યાદ નથી. હું ૧૦૮ એમ્બ્યુલન્સમાં સાથે બેસીને ગયેલો.એ વાત ખરી છે કે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ડોક્ટર હોય છે. ડોક્ટરે મને બનાવ કેવી રીતે બન્યો તે પુછેલ નહી પરંતુ મે સામેથી જણાવેલ. મે ડોક્ટર સાહેબને મારાનારાના કોઈ નામ જણાવેલ નહી.હું હોસ્પીટલ પહોંચ્યો ત્યારે ચોક્કસ કેટલા વાગ્યા હશે તે હાલ મને યાદ નથી. હું એલ.જી. હોસ્પીટલ ગયેલો. એ વાત ખરી નથી કે અમારા ઘરથી એલ.જી. હોસ્પીટલ જવું હોય તો પાંચ મીનીટ જેટલો સમય લાગે. એ વાત ખરી નથી કે મારા ઘરથી એલ.જી. હોસ્પીટલ આશરે ત્રણેક કિલોમીટર દુર આવેલ છે.એ વાત ખરી છે કે એલ.જી. હોસ્પીટલમાં ઇમરજન્સી વોર્ડમાં મારા દિકરા અને ઉત્કર્ષ ને લઇ જવામાં આવેલ. ઇમરજન્સી વોર્ડમાં ડોક્ટરને મે બનાવ કેવી રીતે બન્યો અને મારનાર કોણ હતાં તેવું જણાવેલ નહીં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કોઇએ પુછેલ નહી. એ વાત ખરી છે કે ડોક્ટર આવ્યા ત્યારે હું ત્યાં જ હતો. એ વાત ખરી નથી કે ડોક્ટરે અમોને પુછેલ કે આ લોકોને કેવી રીતે વાગેલું. એ વાત ખરી છે કે એલ.જી. હોસ્પીટલમાં ૨૪ કલાક પોલીસવાળા હોય છે. અમો હોસ્પીટલમાં પહોંચેલા તેના અડધો પોણો કલાક પછી પોલીસવાળા આવેલા. પરંતુ કેટલા વાગેલા તે મને ચોક્કસ ખ્યાલ નથી. ત્યાં એક જ પોલીસવાળો આવેલો. ત્યાં જે પોલીસવાાળો આવેલો તેણે મારી પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે મે જે પોલીસને જણાવેલું તે મુજબ પોલીસે તે લખી લીધેલું. ત્યારબાદ જે લખેલું તે મેં જોયેલું અને વાંચ્યા બાદ મેં સહી કરેલી. પોલીસવાળાએ લખવાનું ચાલુ કરેલું તેનો સમય છ થી સાડા છ નો લખવામાં આવેલો. અમોએ જે જણાવેલ તે લખતા પોલીસવાળાને અડધા થી પોણો કલાક

થયેલો. આ લખવાનું કેટલા વાગે પુરુ કરવામાં આવેલ તે લખેલ કે કેમ તેની મને ખબર નથી. મને લખાણની કોપી આપવામાં આવેલી. એ કોપી હાલમાં મારી પાસે છે કે કેમ તે હાલ મારે જોવું પડે. એ વાત ખરી નથી કે આપેલી કોપી મે ઘણી વાર વાંચેલી. આ કોપી મે ઘરમાં લાવીને મુકી દીધેલી પરંતુ હાલ ક્યાં મુકી તે મને યાદ નથી. હું રામોલ પોલીસ સ્ટેશને ગયેલો. આ બનાવ બન્યો ત્યારબાદ સૌપ્રથમ મને રામોલ પોલીસ સ્ટેશનમાં તારીખ ૦૭/૦૩/૨૦૧૭ ના રોજ બોલાવેલો. એલ.જી. હોસ્પીટલમાં મને પોલીસ મળેલા તે એલ.જી. હોસ્પીટલના હતા કે રામોલ પોલીસ સ્ટેશનના હતા તેની મને ખબર નથી. એલ.જી. હોસ્પીટલમાં જે પોલીસવાળા હોય છે તે અમોને છ થી સાડા છ એ મળ્યા હશે. મારા પાસે ફક્ત એક જ પોલીસવાળો આવેલો. મારો દિકરો જ્યાં અવસાન પામેલો હતો અને હોસ્પીટલમાં જે જગ્યાએ હતો ત્યાં જ મારી ફરીયાદ લીધેલી. એ વાત ખરી નથી કે આ સમયે ત્યાં રાજકુમાર, ધીરજ અને હરીશંકર હાજર હતા. રાજકુમાર હરીશંકર અને ધીરજ હોસ્પીટલમાં કેટલા સમયે આવેલા તે હું કહી શકું નહીં. એલજી હોસ્પીટલમાં પોલીસાવાાળાએ મારી પુછપરછ કરેલી તે સિવાય બીજા કોની પુછપરછ કરેલ તે મને ખબર નથી. એલ.જી. હોસ્પીટલમાં અમો કેટલા સમય સુધી રોકાયેલા તે હાલ મને યાદ નથી.અમોએ એલ.જી. હોસ્પીટલમાં હતાં. ત્યાં સુધી બીજા કોઈ પોલીસવાળા મને મળેલા નહી. એ વાત ખરી નથી કે હોસ્પીટલ બાદ સૌપ્રથમ પોલીસના માણસો મને સાત તારીખે મળેલા. સાતમી તારીખે પણ પોલીસે મારી ફરીયાદ લખેલી. ઉત્કર્ષને પણ મારા દિકરા સાથે એક જ એમ્બ્યુલન્સમાં લાવવામાં આવેલો. મને એવી જાણ થયેલી કે ઉત્કર્ષને તે જ દિવસે એલજી હોસ્પીટલથી વી .એસ. હોસ્પીટલમાં લઈ ગયેલા. મે એમ્બ્યુલન્સમાંથી હોસ્પીટલ ગયા એ દરમ્યાન ઉત્કર્ષે મારી સાથે કોઇ વાતચીત કરેલ નહી. પોલીસે ઉત્કર્ષની એલ.જી. હોસ્પીટલમાં પુછપરછ કરેલ કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે બનાવ બાદ મારે ઉત્કર્ષને મળવાનો પ્રસંગ બનેલ નથી. હું બનાવના બે ત્રણ દિવસ પછી

ઉત્કર્ષને મળવા વી.એસ. હોસ્પીટલમાં ગયેલો. એ વખતે તે ભાનમાં હતો. એ વાત ખરી નથી કે મે તે વખતે બનાવ કેવી રીતે બન્યો તેની ઉત્કર્ષને જાણ કરેલી. મારે અને ઉત્કર્ષને બનાવ વિશે વી.એસ. હોસ્પીટલમાં વાતચીત થયેલી. હું ઉત્કર્ષને મળવા માટે હોસ્પીટલમાં એક જ વાર ગયેલો. બનાવ સ્થળેથી રાકેશ કેટલા દુર રહે છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે મારો દિકરો અને ઉત્કર્ષ અમારી સોસાયટી અને વિસ્તારમાં માથાભારે ગણાય છે અને તેમના ઘણા દુશ્મનો છે. એ વાત ખરી નથી કે બનાવ સમયે રાકેશ હાજર હતો નહી. અને તેણે મારા દિકરા કે ઉત્કર્ષને માર મારેલ નથી. પરંતુ બીજાના કહેવાથી હું તેમને ખોટી રીતે સંડોવી રહ્યો છું. એ વાત ખરી નથી કે મે બનાવ નજરે જોયેલ નથી.પરંતુ મારો દિકરો ગુજરી જવાથી હું ખોટી જુબાની આપું છુ"

**૧૧.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, અત્રે એ ઉલ્લેખનીય છે કે, બનાવ જે બન્યો તે એક જ સોસાયટીમાં મરણજનાર પરસુરામ ઉર્ફે ગુડ્ડુ, ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ, આરોપીઓ તેમજ સાહેદોમાં હાલના સાહેદ નં.૧ ફરિયાદી કે જે મરણજનાર પરશુરામના પિતા પણ છે, સાહેદ નં.૩ હરીશંકર, સાહેદ નં.૪ ધીરજ, સાહેદ નં.૫ વિજય, સાહેદ નં.૬ રાજકુમાર અને સાહેદ નં.૭ મનીષકુમાર તમામ ત્યાંના જ રહેવાસીઓ છે. સોસાયટી ઘણી મોટી હોવાથી લાઈન નં.૧,૨,૩ એમ ભૌગોલિક પરિસ્થિતિમાં આવેલી છે. તેવા સંજોગોમાં હાલના સાહેદ નં.૧ ફરિયાદી કે જે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડ્ડુના પિતા છે તેઓની બનાવના દિવસે રાત્રે ઘરે હાજરી હોવી અને બૂમાબૂમ થતાં નજીકની જ લાઈનમાં ગરબા થતા હોય ત્યાં પહોંચવુ તે પણ સ્વાભાવિક છે.

કયા આરોપીએ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડ્ડુને શરીરે ક્યાં, શું માર્યુ? તે પુરાવામાં માત્ર આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી પૂરતું નજીવો વિરોધાભાસ જણાવે છે જેમ કે, આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીના રોલ માટે ".. મારો સાલાને તેવી બૂમો પાડેલી..” માટે

આ ફરિયાદી સાહેદ સરતપાસમાં આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીએ અન્ય આરોપીઓમાં આરોપી નં.૨ મનીષ નરેશસિંઘ, આરોપી નં.૪ રાકેશ હીરાલાલ યાદવનાઓની સાથે ચપ્પાના ઘા પણ મારતા હતા તેવું જણાવે છે. પરંતુ એકસાથે જયારે બનાવ બની રહયો હોય તેવા સંજોગોમાં ઝીણવટભર્યુ પુરાવાનું મૂલ્યાંકન કરવું જરૂરી થઈ પડે છે. તેવા સંજોગોમાં એકમાત્ર આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીના રોલ પૂરતો હાલના ફરિયાદી સાહેદનો પુરાવો એટલા અંશે વિરોધાભાસી ફલિત થઈ આવે છે. અન્યથા બાકીના તમામા આરોપીઓ જેવા કે આરોપી નં.૧ નરેશ રામજીએ ભોગબનનાર પરશુરામ ઉર્ફે ગુડુને પકડી રાખેલો, આરોપી નં.૨ મનીષકુમાર નરેશસિંગનાઓએ તેમજ આરોપી નં.૪ રાકેશ હીરાલાલ યાદવનાઓએ ચપ્પાના ઘા મારેલા અને તે રીતે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુને છોડાવવા માટે તેનો મિત્ર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ વચ્ચે પડતાં તેને પણ ચપ્પાના ઘા મારેલા હોવાની હકીકતને આ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળે છે.

**૧૧.૨.૧** વધુમાં આરોપીપક્ષ દ્વારા આ ફરિયાદી અને અન્ય સાહેદો જેવા કે સાહેદ નં.૬ રાજકુમાર, સાહેદ નં.૩ હરીશંકર કમલાપતિ અને સાહેદ નં.૪ ધીરજ નાઓને ઈજાઓ થયેલ નથી અને માત્ર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુને ઈજાઓ થયેલ છે તેવો બચાવ લીધેલ છે અર્થાત એવો બચાવનો પ્રયત્ન છે કે, હાલના ફરિયાદી અને આ અન્ય સાહેદો ત્યાં બનાવના સ્થળે હાજર ન હતા, પરંતુ અત્રે એ ટાંકવુ જરૂરી છે કે એકમાત્ર સાહેદોને ઈજા ન હોવાથી એવું ગણી શકાય નહી કે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. એનું બીજુ એક કારણ એ પણ છે કે, આ ઉપરોકત તમામ સાહેદો કે જેઓને ઈજા થયેલી નથી તેઓએ સ્પષ્ટતા પણ કરેલ છે કે મારનાર આરોપીઓના હાથમાં ચપ્પાઓ હોય તેથી તેઓ ગભરાઈ ગયેલા અને નજીકમાં ઉભા હતા જેથી આવા સંજોગોમા આવી માનસિકતા નકારી શકાય તેમ પણ નથી.

**૧૧.૨.૨** વધુમાં આરોપીપક્ષ દ્વારા એવો પણ બચાવ લીધેલ છે કે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ ગુનાહીત ઈતિહાસ ધરાવતો હોય, તેનો

એક મિત્ર ટીંકુ હોય કે જે તલવાર લઈને ગરબા બંધ કરાવતો હોય અને તેમાં આ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ ને ઈજાઓ થયેલી, આવા બચાવના અનુમોદનમાં શકયતાની પ્રબળતાના પુરાવાના સિધ્ધાંત ઉપર પણ આરોપીપક્ષ આવો કોઈ પુરાવો લાવી શકેલ નથી.

વધુમા આરોપીપક્ષ દ્વારા બચાવમાં જુદા–જુદા બચાવો જેવા કે, હાલના ફરિયાદી બનાવની મિનીટે મિનીટનો અને સેકેન્ડે સેકન્ડનો હિસાબ આપી શકેલ નથી જે વ્યવહારુ દ્રષ્ટિએ પુરાવામાં શકય પણ નથી તેથી તેવો બચાવ પણ કોઈ ગ્રાહય રાખવામાં આવતો નથી. તેવી જ રીતે અન્ય બચાવમાં મુદામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ વાળા ચપ્પાઓ માટે છરી,છરા કે ખંજર તેવો બચાવ પણ લીધેલાનુ જણાય આવે છે, પરંતુ તે માટે પણ માત્ર શાબ્દિક ફેરથી પુરાવાને ફરક પડે છે અને તેથી પુરાવો ગ્રાહય ન રાખી શકાય કે તેવા સાહેદનો પુરાવો અવિશ્વસનીય બની જાય તેવી દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

આમ, ફરિયાદીનો પુરાવો સમગ્ર રીતે જોઈએ તો, વિશ્વસનીય હોય માનવાને પાત્ર બની રહે છે.

**૧૨.** વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ઉમેશભાઈ ડાંગી ને આંક–૩૧ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પરિવાર સાથે માતૃભકિત સોસાયટી ખાતે રહે છે અને બે ભાઇઓ તથા બે બહેનો છે, મોટો ભાઈ ઉજવલ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને તા.૨૯–૦૯–૧૭ ના રોજ તેમની સોસાયટીમાં નવરાત્રીના ગરબા ચાલતા હતા. પોતે ગરબા જોવા ગયેલ ગરબામાં તેમના મિત્રો પરશુરામ, ધીરજ, ગુડુ, દીપક,છોટી, રાજકુમાર વિગેરે મિત્રો ગરબા જોવા માટે આવેલા. તે વખતે તેઓ ગરબા જોઈ રહ્યા હતા અને રમતા હતા અને ત્રીજી લાઇનમાં ગરબા રમતાહતા. તે વખતે રાત્રીના ત્રણ સવા ત્રણ વાગે મનિષ ડાગીએ પરશુરામે બોલાવેલ અને ત્રીજી લાઇન બાજુ લઇ ગયેલા અને આ મનિષની સાથે બીજા રાકેશ યાદવ અને

બ્રીજેશ ગોસ્વામી પણ હતા અને ત્યાંથી ઝગડાનો અવાજ આવતા પોતે તે તરફ ગયેલા અને ત્યાં જઈ જોયેલુ તો પરશુરામે નરેશનો કોલર પકડેલો અને મનિષ અને રાકેશના હાથમાં ચપ્પા હતા અને તેઓ બંન્ને જણા પરશુરામને મારતા હતા. તેઓ વચ્ચે છોડાવવા માટે પડેલો ત્યારે તેઓએ પરશુરામને છોડી દીધેલ અને રવિ એ તેમને પકડી લીધેલો અને મનિષે તેમના માથાના ભાગે તથા પાછળની બાજુ ચપ્પાના ધા મારેલા અને રાકેશ યાદવનાએ તેમને પેટના ભાગે ચપ્પાના ધા મારેલા અને આ વખતે પરશુરામના પિતા તથા ધીરજ અને બીજા માણસો આવી જતા આ લોકો ભાગી ગયેલા અને ત્યારબાદ બધા મિત્રો આવી જતા મને એબ્યુલન્સમાં સારવાર માટે લઇ ગયેલા. આ બાબતે પોલીસે જવાબ લીધેલો. આ બનાવ મનિષ અને પરશુરામને પૈસાની લેતી દેતી બાબતે બનેલો અને આ પરશુરામને મનિષ અને રાકેશએ ચપ્પાના ધા મારેલા. મનીશ તથા રાકેશના હાથમાં જે ચપ્પા હતા તે ઓળખી શકે, તે ચપ્પામાં એક કાળા કલરના હેન્ડલવાળુ અને બીજુ ચોકલેટી કલરના હેન્ડલવાળુ હતું. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ વાળો છરો જે મનીશના હાથમાં હતો. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૭ વાળો છરો જે રાકેશના હાથમાં હતો. વી.એસ. હોસ્પીટલમાં આઠ દિવસ તેમની સારવાર ચાલેલી. બનાવ વખતે પહેરેલા કપડા પોલીસમાં રજુ કરેલા જે આ બનાવના દિવસે પહેરેલ શર્ટ અને પેન્ટ છે. પોલીસે આ બાબતે નિવેદન લીધેલુ અને પુછપરછ કરેલી.

**૧૨.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "હું મારા જન્મથી માતૃભક્તિ સોસાયટીમાં રહું છું, એ વાત ખરી નથી કે ગુજરનાર પરશુરામ, આરોપી મનીષ ડાંગી અને હું મિત્રો હતા. હું પરશુરામને નાનપણથી ઓળખું છું. એ વાત ખરી નથી કે પરશુરામ અને આરોપી મનીશ એક જ સ્કુલમાં અને એક જ કલાસમાં ભણતા હતા. એ વાત ખરી છે કે આરોપી મનીશને હું નાનપણથી ઓળખુ છુ. માતૃભક્તિ સોસાયટીમા આશરે ૪૫૦ પ્લોટો આવેલા છે અને ચાર

ગલી આવેલ છે. એ વાત ખરી છે કે દરેક ગલીમા ૧૨ થી ૧૫ મકાનો છોડીને બીજી ગલીમા જવાનો રસ્તો આવેલ છે. એ વાત ખરી નથી કે આ પ્રમાણે એક ગલીમાંથી બીજી ગલીમાં જવા માટે ચાર થી પાંચ રસ્તા બનાવેલ છે.એ વાત ખરી છે કે અમારી સોસાયટી કેનાલથી લઇને હું જે છેલ્લા બ્લોકમાં રહું છું ત્યાં સુધી આવેલી છે. એ વાત ખરી છે કે હું જે બ્લોકમાં રહું છું તે અને અન્ય બ્લોકો ની વચ્ચે પાકો ડામર રોડ આવેલ છે. અને આ પાકો રોડ દુર્ગા પુજા મંદીર થી કેનાલ તરફ જાય છે.એ વાત ખરી છે કે બનાવના રાત્રે દુર્ગા પુજા મંદીરમાં દુર્ગા પુજાનો પ્રોગામ રાખેલો અને ત્યાં ઓરક્રેષ્ટા પણ હતું. એ વાત ખરી નથી કે અમારી સોસાયટીમાં આશરે ૫૦૦ થી ૭૦૦ મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે બે બ્લોકો ની વચ્ચે આવવા જવાનો જે રસ્તો બનાવેલ છે તે કાચો રસ્તો છે. એ વાત ખરી છે કે બ્લોકમાં બે મકાનો એક સાથે આવેલા છે. કેનાલથી લઇને અમારા ઘર સુધી આશરે ૪૦ જેટલા બ્લોકો હશે. એ વાત ખરી છે કે આ બ્લોકોમાં માણસો રહે છે. એ વાત ખરી છે કે ગરબા ગલી નં. ૧ થી ૪ માં જુદી જુદી જગ્યાએ ચાલતા હતા. એ વાત ખરી છે કે બે બ્લોક વચ્ચે જે જગ્યા હતી તેમા લાઉડ સ્પીકર રાખી લોકો ગરબા રમતા હતા. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ બનેલો તે વખતે ગરબા ચાલુ હતા. એ વાત ખરી નથી કે બનાવ સમયે અંધારુ હતું. મારી સાથે મારા મિત્રો રાજકુમાર, મનીષ, હરીશંકર, ધીરજ, દિપક વિગેરે હતા.હું ત્રીજી લાઇનમાં જ્યાં ગરબા ચાલતા હતા ત્યાં મારા મિત્રો સાથે ઉભો હતો. એ વાત ખરી નથી કે ત્રીજી લાઇનમાં ગરબા વિજયભાઇ મરાઠીને ત્યાં થાય છે. ત્રીજી લાઈનના ગરબા સંજય મોરયા રહે છે ત્યાં થાય છે જેનો મકાન નંબર હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં ગરબામાં હું ત્રીજી લાઇન પાસે ઉભો હતો તેવુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આ ત્રીજી લાઇનના ગરબા મકાન નં. ૧૬૩ અને ૧૦૬ વચ્ચે થાય છે અને તે વિજયભાઈ મરાઠી કરાવે છે. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં ગુરુને બોલાવીને મનીશ ગલી નં. ૩ તરફ લઇ ગયેલ હોવાનું ખોટુ જણાવેલ છે.એ વાત

ખરી છે કે અમો જે જગ્યાએ ઉભા હતા ત્યાં લાઉડ સ્પીકર વાગતું હતુ અને લોકો ગરબા રમતા હતા.જ્યારે ગુરુને બોલાવીને લઈ ગયેલા તે સમયે અમો દુર્ગા પુજા મંદીર પાસે ઉભા હતા. એ વાત ખરી નથી કે દુર્ગા પુજા મંદીરથી સીધી લાઇનમાં ગરબા થાય છે.એ વાત ખરી છે કે કેનાલ અમારી સોસાયટીની પુર્વ દિશાએ આવેલ છે અને દુર્ગાપુજાનુ મંદીર સોસાયટીમાં છેલ્લે પશ્ચિમ બાજુ આવેલ છે અને પુર્વ થી પશ્ચિમ તરફ મકાનોની લાઈનો આવેલ છે અને આ જે બન્ને લાઈનો છે તેની વચ્ચે ગરબા થાય છે.એ વાત ખરી નથી કે જો અમો અમારા ઘર પાસે ઉભા હોય અને કેનાલ તરફ જવું હોય તો ગરબા ઓળંગીને જવુ પડે. એ વાત ખરી છે કે જે બનાવ · બનેલો તે કેનાલ પાસે ગરબો ચાલતો હતો ત્યાંથી કેનાલ બાજુ બનેલો. એ વાત ખરી છે કે હું ગરબામાં હતો અને ઝઘડાનો અવાજ સાંભળેલો.અમારી સાથે ગરબા કરતા રહેવાશી એ પણ ઝઘડાનો અવાજ સાંભળેલ હોવા વિશે હું કહી શકું નહી.અમો ગરબા રમતા હતા ત્યાં આશરે બીજા ત્રીસેક લોકો ગરબા રમતા હતા. હું પરશુરામને બનાવની રાત્રે સાડા દસે મળેલો અને તે મારી સાથે હતો. તે મને મળેલો ત્યારબાદ દુર્ગા પુજા મંદીર માં જે ઓરકેષ્ટ્રા ચાલતુ હતુ તે બાજુ ગયેલા.ત્યાંથી હું અને પરશુરામ ગલી નં. ૪ તરફ ગયેલા અને અમો ત્યાં આશરે ત્રણેક કલાક જેટલુ ગરબા રમેલા અને ત્યારબાદ અડધો કલાક જેટલુ ઘરે ગયેલા અને ઘરેથી પરત આવેલા. ઘરેથી પરત આવેલા અને ગલી નં. ૩ માં ગયેલા. એ વાત ખરી છે કે હું અને પરશુરામ ગલી નં. ૧ માં ગરબા જોવા ગયેલ નથી. એ વાત ખરી છે કે ગલી નં. ૧ માં મારે કે પરશુરામે અન્ય કોઈ સાથે ઝઘડો કે તકરાર થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ગલી નં. ૧ માંથી પરશુરામને કોઈ બોલાવીને લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. કેનાલથી આશરે દસેક મકાન છોડીને ગલી નં. ૧ ના ગરબા થાય છે. જે ગલી નં. ૨ છે ત્યાં ગલીની વચ્ચોવચ્ચ ગરબા થાય છે. એ વાત ખરી છે કે ગલી નં. ૨ પાસે શંકર ભગવાનનું મંદીર અને ખુલ્લી જગ્યા આવેલ છે. એ વાત ખરી નથી કે અમો ગલી નં. ૧ અને ૨ માં હતા. એ વાત ખરી છે કે ટીન્કુ પ્રવીણસિંહ રાજપુત અને સુનીલ ભરતકુમાર

ગુપ્તા તે પરશુરામના મિત્રો છે. એ વાત ખરી નથી કે આ બન્ને લોકો પરશુરામની સાથે હતા. એ વાત ખરી નથી કે ટીન્કુ પ્રવીણસિંહ રાજપુત દારુ વેચવાનો ધંધો કરતો હતા એ વાત ખરી નથી કે પરશુરામ આ ટીન્ડુ સાથે અગાઉ દારુ વેચવાનો ધંધો કરતો હતો. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં આરોપી મનીશ અને નરેશ વિશે જે હકીકત જણાવેલ છે તે પરશુરામના પિતાના(ફરીયાદીના) કહેવાથી જણાવેલ છે. હું વી એસ હોસ્પીટલમાં હતો ત્યાં ત્રણ ચાર દિવસ પછી પરશુરામના પિતા મળવા આવેલા. એ વાત ખરી છે કે જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યાએ હું બેભાન થઇ ગયેલો.એ વાત ખરી નથી કે બનાવમાં આરોપીમાં કોનુ કોનુ નામ લખાવાનું છે તે અમોને પરશુરામના પિતાએ જણાવેલુ. એ વાત ખરી નથી કે જે જગ્યાએ બનાવ બનેલો તે લાઇનમાં આરોપી મનિશ અને નરેશનું ઘર આવેલુ છે. એ વાત ખરી નથી કે મનિશ અને નરેશનું ઘર મકાન નં. ૧૭૩ ગલી નં. ૩ મા આવેલ છે મનીશ અને નરેશનું મકાન બીજી લાઇનમાં આવેલ છે. એ વાત ખરી નથી કે બીજી લાઇનના નાકા પાસે શંકર ભગવાનનુ મંદીર આવેલુ છે. ગલી નં. ૧ જ્યાં દુર્ગા પુજા થાય છે તેને હું માનું છું. એ વાત ખરી છે કે હું હોસ્પીટલમાં હતો ત્યારે પોલીસે મારો જવાબ લીધેલો. પોલીસે મારો જવાબ લીધો તે પહેલા અન્ય કોઇએ મારો જવાબ લીધેલ નહી. એ વાત ખરી નથી કે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને મે કોઇ જવાબ લખાવેલી નથી. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જવાબ લેવા આવેલા તે પહેલા હું મારા કુટુંબનાં માણસોને મળેલો. એ વાત ખરી નથી કે કુટુંબના માણસોએ મને દવાખાને કોણ લાવેલું અને કોણે મારેલું તે બાબતે જણાવેલુ.એ વાત ખરી નથી કે કુટુંબના માણસોના કહેવાથી મે આરોપી તરીકે મનીશનુ નામ જણાવેલું. એ વાત ખરી છે કે બનાવનું કારણ મનીશ અને પરશુરામ વચ્ચે પૈસાની લેતીદેતી હતી તે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. મારે કોર્ટ રૂબરુ નીવેદનમાં સહી કરી તે અગાઉ પહેલા તેજ કોર્ટમાં જવાનો પ્રસંગ બનેલો નહી. મારા ઘરે નોટીસ આવેલી અને તેના આધારે હુ નીવેદન આપવા કોર્ટમાં ગયેલો. મે નોટીસ વાંચેલી. મને

નોટીસ કોર્ટનં– ૧૦ તરફથી મળેલી અને મને ૧૧–૦૦ વાગે બોલાવવામાં આવેલ. હુ કોર્ટમાં સવારે ૧૧–૦૦ વાગે પહોચ્યો ત્યારે કોર્ટ ચાલુ હતી અને ત્યાં પોલીસવાળા હાજર હતા. તે વાત ખરી છે કે આજ પોલીસ સ્ટેશનના માણસો ત્યાં હાજર હતા. તે વાત ખરી નથી કે કોર્ટે મારૂ નીવેદન લીધુ તે વખતે કોર્ટમાં અન્ય લોકો હાજર હતા. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે મે નીવેદન આપ્યુ ત્યારે હુ એકલો હતો. મને નામદાર કોર્ટે હુ જે નીવેદન આપવા જઈ રહ્યો છુ તે નીવેદનનો ઉપયોગ મારા વિરુધ્ધ પણ થઈ શકે તેમ છે એમ સમજ આપેલી નહી. હુ ધોરણ –૧૨ સુધી ભણેલો છુ. હુ ધોરણ –૧૨ માં નાપાસ થયો હતો. હવે કહુ છુ કે મે પરીક્ષા આપેલ ન હતી. હુ ૨૦૧૫ માં ધોરણ–૧૨ માં હતો. મારી પાસે શાળા છોડયાનું પ્રમાણપત્ર છે. મે એકજ વર્ષમાં બે ધોરણ પાસ કર્યા હોય તેવુ બનેલ નહી. હુ ચાર વર્ષનો હતો ત્યારે મને શાળામાં દાખલ કરવામાં આવેલો. હું આવતી મુદતે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજુ કરવા ખુશી છુ. તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નીવેદનમાં એવી હકીકત લખાવેલી કે બાદમાં મનીષે પરશુરામને ધક્કો માર્યો જેથી જ્યાં અંધારુ હતુ ત્યાં પડેલો. મે મારા નીવેદનમાં એવી હકીકત લખાવેલી નહી કે" અને આ ચારેય જણાએ મને તથા પરશુરામને અંધારા તરફ લઈ ગયેલ. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે ચારેય જણા મને તથા પરશુરામને લઈ ગયાનુ લખાવેલુ પરંતુ અંધારા તરફ લઈ ગયેલાનુ લખાવેલુ નહી. પોલીસે મારૂ નીવેદન ૩ વખત લીધેલુ. તે તે વાત ખરી છે કે મારૂ પહેલુ નીવેદન ૩૦ તારીખે વી.એસ. હોસ્પીટલમાં લેવામાં આવેલુ મારૂ બીજુ નીવેદન તા.૦૮/૧૦/૨૦૧૭ ના રોજ લેવામાં આવેલુ અને ત્રીજુ નીવેદન હુ વી.એસ.હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થઈ ઘરે આવ્યો ત્યારે તા. ૧૦/૧૦/૨૦૧૭ ના રોજ લીધેલુ. તે વાત ખરી છે કે તા.૦૮/૧૦/૨૦૧૭ નુ નીવેદન પોલીસે વી.એસ.હોસ્પીટલમાં લીધેલું. પહેલું નીવેદન વી.એસ.હોસ્પીટલમાં સવારના ૧૦ થી ૧૦–૩૦ ના અરસામાં લેવામાં આવેલું. મને પહેલા એલ.જી હોસ્પીટલમાં લઈ જવામાં આવેલો. મેં એલ.જી હોસ્પીટલમાં મારા ભાઈ તથા મારા

ત્રણ થી ચાર મિત્રો સાથે વાતચીત કરેલી. હુ એલ.જી હોસ્પીટલમાં અઢી કલાક સુધી સારવાર અર્થે રોકાયેલો. તે વાત ખરી છે કે મને ૩૦ તારીખે સવારે ૭–૦૦ વાગે વી.એસ.હોસ્પીટલમાં લઈ જવામાં આવેલો. તે વખતે મારી સાથે મારા માતા પિતા તથા મારો ભાઈ હતો. વી.એસ હોસ્પીટલમાં ડૉક્ટરે મારી સાથે કોઈ વાતચીત કરેલી નહી. મારૂ પોલીસે પહેલુ નીવેદન લીધુ તે પહેલા અન્ય કોઈએ મારી પુછપરછ કરેલી નહી. ની–૨/૧૫ ની નીચેનું મરણોતર નીવેદન બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. સદર દસ્તાવેજ બચાવ પક્ષ ઉલટ તપાસમાં રીફર કરતો હોઈ તેને રજુ થતા દાખલ આંક– ૩૯ આપવામાં આવે છે. મારુ ઓપરેશન થયાના બે કલાક બાદ એક સાહેબ આવેલા અને તેઓએ મારી પુછપરછ કરેલી પરંતુ હુ બોલી શકતો ન હોઈ મે ઈશારાથી તેમને હકીકતો જણાવેલી અને તે વખતે મારો ભાઈ મારી સાથે બેઠેલો હતો. તે વાત ખરી છે કે મે સાહેબને ઈશારાથી જે હકીકતો જણાવેલી તે સાહેબે લખી લીધા બાદ મને વાંચી સંભળાવેલી અને તે સાચી હોઈ મે તેમાં સહી પણ કરેલી. મારૂ ઓપરેશન થયા બાદ મારી સવારે ૭–૦૦ વાગે આંખ ખુલેલી અને તેના બે કલાક પછી સાહેબ મારી પાસે પુછપરછ કરવા આવેલા. તે વાત ખરી છે કે તેના બે કલાક પછી પી.આઈ શ્રી દવે સાહેબ નીવેદન લેવા આવેલા. તે વાત ખરી છે કે દવે સાહેબને બોલીને નીવેદન લખાવેલુ. તેવાત ખરી છે કે હુ જેમ હકીકત જણાવતો હતો તે સાહેબ લખી લેતા હતા સાહેદ સ્વૈછાએ જણાવે છે કે દવે સાહેબ સાથે બીજા એક પોલીસવાળા આવેલા તે હાથથી લખતા હતા. હુ જ્યારે હોસ્પીટલમાં હતો ત્યારે માતૃભક્તિ સોસા. માંથી ઘણાબધા લોકો મને મળવા આવેલા. ૧૨૪ નંબરનુ મકાન માતૃભક્તિ સોસા. ની બીજી ગલીમાં આવેલુ છે. એ વાતની ખબર નથી કે મકાન નં– ૧૨૪ ના મકાન માલીક કોણ છે.”

"હુ જન્મથી માતૃભક્તિ સોસાયટીમાં રહુ છુ. જેમ ગરબા રમવાનો શોખ છે તેમ મારા ભાઈને પણ ગરબા રમવાનો શોખ છે. પરંતુ મારી બંન્ને બહેનોને ગરબા રમવાનો શોખ નથી. તે વાત ખરી છે

કે માતૃભક્તિ સોસાયટીની સામે રસ્તો મુકીને કેનાલ આવે છે. તે વાત ખરી છે કે માતૃભક્તિ સોસાયટીની બહાર કારખાનાને દુકાનો આવેલી છે. તે વાત ખરી છે કે માતૃભક્તિ સોસાયટીમાં પ્રવેશવા માટે પુર્વ દીશામાંથી પશ્ચીમ દીશા તરફ જવુ પડે. માતૃભક્તિ સોસાયટી માં કુલ પાંચ દરવાજા આવેલા છે. તે વાત ખરી છે કે આ તમામ દરવાજા ગલી નંબર થી ઓળખાય છે. હુ જે ગલી નં–૩ માં ગરબા રમતો હતો ત્યાં મારૂ ઘર આવેલુ નથી. તે વાત ખરી છે કે મરનાર પરશુરામભાઈ નું ઘર પણ ગલી નં–૩ માં આવેલુ નથી. ધીરજ માતૃભક્તિ સોસાયટીમાં ગુજરનાર પરશુરામના ઘરની સામે રહે છે. ગુરુ માતુભક્તિ સોસા.માં મારા ઘરથી ત્રણ ચાર ઘર પછી રહે છે. દીપક કેવડાવાળી ચાલીમાં રહે છે. અને તે ચાલી માતુભક્તિ સોસાયટીમાં જ આવેલી છે. છોટી માતુભક્તિ સોસાયટીની બીજી લાઈનમાં રહે છે અને રાજકુમાર છોટીની બાજુમાં રહે છે. બીજી લાઈનમાં આશરે ૭૦ થી ૮૦ મકાનો આવેલા હશે. દરેક લાઈનમાં આશરે ૭૦ થી ૮૦ મકાનો આવેલા છે. તે વાત ખરી નથી કે પરશુરામ બીજી લાઈનમાં રહેતો હતો. પરશુરામ અમારી લાઈનમાં એટલે કે ચોથી લાઈનમાં રહેતો હતો. બનાવવાળા દીવસે બનાવના સ્થળે ત્રીજી લાઈનમાં રહેતા લોકોને જોયેલા. ગલી નં–૨ અને ૩ ની વચ્ચે ચાર પાંચ કદમનું જ અંતર હશે. ગલી નં–૨ અને ૩ ની વચ્ચે મકાન આવેલુ છે. બનાવના દીવસે માતુભક્તિ સોસાયટીની તમામ ગલીના લોકો ગરબા રમી રહ્યા હતા. તે વાત ખરી નથી કે મનીષ અને પરશુરામ વચ્ચે પૈસાની લેતીદેતી બાબતનો ઝગડો હતો તે હકીકત મે પોલીસને કે મારા ૧૬૪ ના નીવેદનમાં કે ડી. ડી. માં લખાવેલી નથી. તે વાત ખરી નથી કે ઝગડાનું કારણ ગરબા રમતી વખતે પગ અથડાવવાનું હતુ. તે વાત ખરી નથી કે ગરબા રમતી વખતે મારો પગ મનીષના પગ ઉપર પડવાથી ઝગડો થયેલો. તે વાત ખરી છે કે મારા ૧૬૪ ના નીવેદનમાં એવી હકીકત લખાવેલી કે" હુ ગરબા ગાતો હોઈ મારો પગ આ પૈકીના એક મનીષના પગ ઉપર આવતા મે તેઓને થોડે દુર ઉભા રહેવાનુ કહેલું જેથી તેઓએ કહેલ કે દુર નહી જાઉ તુ તારૂ કામ કર" બોલાચાલી થવાના

કારણે ગરબા બંધ થયેલા નહી પરંતુ ચાલુજ રહેલા. તે વાત ખરી નથી કે બોલાચાલી થવાને કારણે મે ગરબા રમવાનુ બંધ કરી બહાર આવી ગયેલો. મનીષ લોકો ગરબા રમતા નહતા પરંતુ ત્યાં ઉભા હતા. બોલાચાલી થઈ તેટલો સમય હુ ગરબા રમતા ઉભો રહેલો અને પછી તરત ગરબા રમવાનુ ચાલુ રાખેલુ. હુ ગરબાની લાઈનમાંજ બોલાચાલી દરમ્યાન ઉભો રહી ગયેલો અને લાઈનમાંથી બહાર આવેલો નહી. તે વાત ખરી નથી કે મારા અટકી જવાના કારણે ગરબાની લાઈન પણ રોકાઈ ગયેલી. ત્રીસ થી ચાલીસ લોકો ગરબા રમી રહ્યા હતા."

"સવાલ– બોલાચાલીમાં શુ શુ શબ્દ પ્રયોગ થયેલો? જવાબ– મે મારો પગ મનીષના પગ ઉપર પડતા મે તેને પગ પાછળ લેવાનુ જણાવેલુ અને હુ ગરબાનો રાઉન્ડ ફરી ફરી તે જગ્યાએ આવેલો ત્યારે મનીષ, બ્રીજેશ અને રાકેશ ત્યાં હતા અને તેઓ કંઈ બોલેલા નહી. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે તેઓ કંઈ બોલેલા નહી પરંતુ પરશુરામનો કોલર પકડીને ત્રીજી લાઈન તરફ લઈ ગયેલા. તે વાત ખરી નથી કે મે ઉપરના જવાબમાં જે હકીકત સ્વૈછાએ જણાવેલી છે તે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં, ૧૬૪ ના નીવેદનમાં તેમજ ડીડીમાં જણાવેલી નથી. મે પોલીસ રુબરુ તેમજ ૧૬૪ ના નીવેદનમાં તેમજ ડીડીમાં જે પ્રમાણે ઘટનાક્રમ બન્યો તે તમામ લખાવેલો. હુ પરશુરામને કોલર પકડીને લઈ જવામાં આવ્યો ત્યારે તેની સાથે ગયેલો નહી. મને તેજ વખતે તેની સાથે જવાની આવશ્યકતા લાગેલી પરંતુ હુ તેની સાથે તરતજ ગયેલો નહી. હુ બનાવવાળી જગ્યાએ પરશુરામને લઈ ગયાના ૪૦ થી ૫૦ સેકન્ડ પછી ગયેલો. મે પરશુરામને લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે લઈ જનારાને રોકેલા નહી. હુ એલ.જી હોસ્પીટલમાં સવારે આશરે ચાર વાગે પહોચેલો. અને મારી સાથે મરનાર પરશુરામના પિતા હતા. ૧૦૮ માં હુ, પરશુરામ તથા પરશુરામના પિતા એમ ત્રણ જણા હતા. તે વાત ખરી છે કે પરશુરામના પિતા મુદતે મારી સાથે કોર્ટમાં આવે છે. અને કોર્ટ રૂમમાં બેસે છે. પરશુરામના પિતાજીને હુ નાનપણથી ઓળખુ છુ. તે વાત ખરી નથી કે હુ સરતપાસમાં મને જે સ્થળે અને

શરીરના જે ભાગે ઈજા થયાની હકીકત જણાવુ છુ તે ખોટી જણાવુ છુ. તે વાત ખરી નથી કે બનાવના સમયે અને સ્થળે હુ હાજર જ નહતો અને સરતપાસની જે હકીકત મે જણાવેલ છે તે બનાવ મે જોયેલોજ નથી અને હુ સ્થળ ઉપર હાજર ન હતો. તે વાત ખરી નથી કે મને ઈજા માતુભક્તિ સોસા.માં નહી પરંતુ અન્ય જગ્યાએ થયેલી અને મને કોઈ અજાણ્યો ઈસમ દવાખાને લઈ ગયેલો અને લઈ જનાર વ્યક્તિ મારા નામથી તથા સરનામાથી પરીચીત ન હોઈ અજાણી વ્યક્તિ તરીકે મને એલ.જી હોસ્પીટલમાં દાખલ કરેલો. હુ એલ.જી હોસ્પીટલમાં પહોચ્યો ત્યારે મારી ડૉક્ટર સાથે વાતચીત થયેલી. તેવાત ખરી નથી કે હુ એલ.જી હોસ્પીટલ પહોચ્યો ત્યારે બોલી શકવાની પરિસ્થીતીમાં નહોઈ મારુ નામ અજાણી વ્યક્તિ તરીકે હોસ્પીટલમાં દાખલ કરતી વખતે દર્શાવવામાં આવેલ છે. મોબાઈલ નં-૯૬૬૨૨૪૭૩૯૪ કોનો છે તેની મને ખબર નથી. મને જ્યારે વાગ્યુ ત્યારે મે મારા ફોઈના છોકરાને ફોન કરીને જાણ કરેલી જેથી તેઓ બાઈક ઉપર એલ.જી હોસ્પીટલમાં આવેલા અને તેઓ ૧૦૮ ની પાછળ પાછળ તરત આવેલા. મે મારા મોબાઈલ ફોન ઉપરથી મારા ફઈબાના છોકરાને ફોન કરેલો. ફોનથી મારા ફઈબાના છોકરાને જાણ કર્યાની હકીકત પોલીસને લખાવેલી નથી. મારો ફોન લોહીવાળો થયેલો નહી. હુ ગરબા રમતો હતો તે જગ્યાએ પહેલેથી મનીષ, બ્રીજેશ અને રાકેશ ત્યાં હાજર હતા. બનાવ બન્યો તે સમયે ત્રીજી લાઈનમાં કે જ્યાં બનાવ બનેલો ત્યાં રહેતા લોકો કોઈ બહાર આવેલા નહી. મારામારીનો બનાવ બન્યો તે પહેલા બોલાચાલી થયેલી કે કેમ તેની મને ખબર નથી. એવુ બનેલુ નહી કે પરશુરામને લઈ ગયા બાદ ત્યાં બોલાચાલી અને ઝગડાનો અવાઝ આવતા હું તે જગ્યાએ ગયો હોઉં. તે વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં એવુ લખાવેલ છે કે ત્યાં આગળ બોલાચાલી ઝગડો કરતા તેવુ જણાતા હુ ત્યાં ગયેલો. એવુ બનેલુ નહી કે માટે મનીષ સાથે પગ પડવા બાબતે બોલાચાલી થતા ત્યાં. ગરબા રમતા લોકો ભેગા થઈ ગયા હોય. તે વાત ખરી નથી કે મે મારા ૧૬૪ શ્રી. નીવેદનમાં આ લોકો પરશુરામને

ગલી નં–૩ માં લઈ ગયાની હકીકત લખાવેલી નથી. મે પોલીસ રૂબરુના નીવેદનમાં લખાવેલ છે કે પરશુરામને બહાર બોલાવેલ અને લાઈન નં– ૩ બાજુ લઈ ગયેલા. અને આ હકીકત મે મારા પોલીસ રૂબરુના બીજા નીવેદનમાં પણ લખાવેલી છે. તે વાત ખરી છે કે મારી સરતપાસમાં ઝગડાનો અવાઝ આવતા હુ તે તરફ ગયેલો તેમ જણાવેલ છે. મારામારીનો બનાવ જે ઘર આગળ બનેલો તેનો નંબર હુ કહી શકુ તેમ નથી. મારામારીનો બનાવ બન્યો ત્યાં વ્હાઈટ કલરનુ એકટીવા જોયેલુ પરંતુ તેનો નંબર મે જોયેલો નહી. મે એક ઝલક માટેજ એકટીવા જોયેલુ.તે વાત ખરી નથી કે એકટીવા જોયા પછી શુ થયુ તે જોયેલુ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે એકટીવામાંથી રવિને ચપ્પુ કાઢતા જોયેલો અને તેણે બે હાથથી ચપ્પુ કાઢેલા જેમાંથી એક મનીષ ને તથા એક રાકેશને આપેલું. જે હમણા સ્વૈછાએ હકીકત જણાવી તે મે અત્રેની કોર્ટમાં જુબાની આપી તે વખતે મને યાદ હતી. સદર હકીકત મારી સરતપાસમાં લખાવેલી છે. તે વાત ખરી નથી કે જે હાલમાં હકીકત સ્વૈછાએ જણાવી તે પોલીસ રૂબરુના નીવેદનમાં જણાવેલી નહી. તે વાત ખરી છે કે સદર સ્વૈછાએ જણાવેલી હકીકત મે ડી ડી માં લખાવેલી નહી. મારી સરતપાસમાં હુ જે જાણતો હતો તે તમામ હકીકતો લખાવી દીધેલ છે અને કંઈ લખાવવાનુ બાકી રહેતુ નથી. તે વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે" મનીષે મને મારા માથાના ભાગે તથા પાછળની બાજુ ચપ્પાના ઘા મારેલા તે વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં એવી હકીકત લખાવેલ નહી કે" પરશુરામે નરેશનો કોલર પકડેલો અને મનીષ અને રાકેશના હાથમાં ચપ્પા હતા અને બંન્ને જણા પરુશુરામને મારતા હતા". તે વાત ખરી નથી કે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં એવી હકીકત લખાવેલ નહી કે "હુ વચ્ચે છોડાવવા માટે પડેલો ત્યારે તેઓએ પરશુરામને છોડી દીધેલ અને રવીનાઓએ મને પકડી લીધેલો અને મનીષે મને મારા માથાના ભાગે તથા પાછળની બાજુ ચપ્પાના ઘા મારેલા અને રાકેશ યાદવનાઓએ મને પેટના ભાગે ચપ્પાના ઘા મારેલા અને આ

વખતે પરશુરામના પિતા અને ધીરજ આવી જતા આ લોકો ભાગી ગયેલા". તે વાત ખરી નથી કે સરતપાસની હકીકતે મનીષ અને તેના પિતાજીએ જણાવ્યુ તે મુજબનુ કૃત્ય કર્યાનું જે જણાવુ છુ તે ખોટુ જણાવુ છુ. તે વાત ખરી નથી કે બનાવના સમયે અને સ્થળે હુ હાજર જ નહતો અને આ કેસમાં મૃતકનો મિત્ર થતો હોઈ ખોટી સાક્ષી બનેલ છુ. તે વાત ખરી નથી કે બનાવના દીવસે અને સ્થળે મને કોઈ ઈજા થઈ નહતી અને મને કોઈ અન્ય સ્થળે ઈજા થયેલી. તે વાત ખરી નથી કે આરોપીઓને આરોપી તરીકે કોર્ટમાં ખોટી રીતે ઓળખી બતાવુ છુ. તે વાત ખરી છે કે પરસોતમભાઈ તથા મને એલજી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયા ત્યાં મારો ભાઈ ઉજ્જવલ પણ આવેલો. તે વાત ખરી છે કે એલ જી હોસ્પીટલમાંથી સારવાર અર્થે વી.એસ હોસ્પીટલમાં અમને ખસેડવામાં આવ્યાં ત્યાં પણ મારો ભાઈ ઉજવલ હાજર હતો. ઉજવલ મારાથી મોટો છે. તે ભણે છે. તેની ઉંમર આશરે ૨૨ થી ૨૩ વર્ષની હશે. તે વાત ખરી છે કે હુ સૌ પ્રથમ વખત વી એસ હોસ્પીટલમાં ભાનમાં આવેલો. તે વાત ખરી છે કે પોલીસે સૌ પ્રથમ મારો જવાબ તા.૩૦/ ૦૯/૨૦૧૭ ના રોજ હોસ્પીટલમાં લીધેલો. તે વાત ખરી છે કે મારો જવાબ પોલીસે લીધો તે સમયે એ હકીકત મારા ધ્યાનમાં હતી કે પરશુરામ ગુજરી ગયો છે. તે વાત ખરી છે કે મારો જવાબ લીધો તે વખતે મારો ભાઈ ઉજવલ સાથે હાજર હતો. તે વાત ખરી નથી કે મારા ભાઈ ઉજ્જવલે જણાવેલ કે એલ જી હોસ્પીટલમાં મારે બનાવ બાબતે ફરીયાદી પરસોતમ સાથે વાતચીત થયેલી છે. તે વાત ખરી નથી કે મારા ભાઈ ઉજવલે બનાવ અંગેની હકીકત ડૉક્ટર તેજલબેન શાહને જણાવેલી. તે વાત ની મને ખબર નથી કે ડૉક્ટર તેજલબેન શાહે માહીતી એલ જી હોસ્પીટલમાં રામોલ પો.સ્ટેશનના કોન્સ્ટેબલને આપેલી કે કેમ. માતૃભક્તિ સોસાયટીમાં ચાર ગલીઓ આવેલી છે. તે વાત ખરી છે કે દરેક ગલીઓમાં રહેણાંકના મકાનો આવેલા છે. બનાવ જે ગલીમાં બનેલો તેનાથી અન્ય ગલી આશરે દશ પગલા દુર હશે. બનાવ ગલી નં-૨ માં બન્યો હોય તેવુ બનેલુ નહી. એવુ પણ બનેલ નથી કે બનાવ ગલી નં-૨ કે જ્યાં ગરબા રમાતા

હતા ત્યાં બન્યો હોય. તે વાત ખરી છે કે સદર ગલીઓ ચાલી તરીકે પણ ઓળખાય છે. પોલીસે પહેલો જવાબ તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ આશરે ૧૦ થી ૧૧ ના ગાળામાં લીધેલો. તે વાત ખરી છે કે પોલીસે મારો જવાબ લીધેલો તે સમયે મારી સારવાર ચાલુ હતી અને સંપુર્ણ ભાનમાં હતો. તે વાત ખરી છે કે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં આરોપી બ્રીજેશે મને કે પરશુરામને માર્યો હોય કે ઈજા પહોચાડી હોય તેવી હકીકત લખાવેલ નથી. તે વાત ખરી છે કે આરોપી બ્રીજેશ ગોસ્વામી કેટલી ઉંમરનો છે તેમજ તે ક્યાં રહે છે તેવી હકીકત પણ મે પોલીસને લખાવેલી નહી. તે વાત ખરી છે કે પોલીસે તા.૦૮/૧૦/ ૨૦૧૭ ના રોજ વી.એસ હોસ્પીટલમાં મારો બીજો જવાબ લીધેલો અને તે સમયે હુ સંપુર્ણ ભાનમાં હતો. તે વાત ખરી છે કે મારા સદર પોલીસ રૂબરુના નીવેદનમાં પણ આરોપી બ્રીજેશે મને કે પરશુરામને માર્યો હોય કે ઈજા પહોંચાડી હોય તેવી હકીકત લખાવેલ નથી. તે વાત ખરી નથી કે હુ જે આરોપીને રવી તરીકે ઓળખી બતાવુ છુ તેનું નામ હકીકતમાં રવી નથી સાહેદ સ્વૈછાએ જણાવે છે કે લોકો તેને રવીના નામથી બોલાવે છે. તે વાત ખરી છે કે રવીનું નામ સુધાકર છે. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે તે તેનું મુળ નામ છે. તે વાત ખરી નથી કે હુ રવીને સુધાકરના નામથી ઓળખુ છુ. રવી પહેલા બેન્કમાં કામ કરતો હતો હવે શુ કરે છે તેની મને ખબર નથી. તે કઈ બેન્કમાં કામ કરતો હતો તેની મને ખબર નથી. તે વાતની મને ખબર નથી કે આરોપી રવી કોટક મહીન્દ્રા બેન્કમાં કામ કરતો હતો કે કેમ. તે વાત ખરી છે કે મારા તા.૩૦/૦૯/૨૦૧૭ ના પોલીસ રૂબરુના નીવેદનમાં આરોપી રવી એ બનાવમાં કોઈને ઈજા પહોંચાડી હોય કે ભાગ લીધો હોય તેવી હકીકત લખાવેલી નથી. તે વાત ખરી છે કે મારા તા.૦૮/૧૦/૨૦૧૭ના પોલીસ રૂબરુના નીવેદનમાં આરોપી મકાન નં– ૧૭૮ માતૃભક્તિ સોસા.માં રહેતો હોવાની હકીકત લખાવેલી છે. તે વાત ખરી નથી કે રવી મકાન નં–૧૭૨ માતૃભક્તિ સોસા.માં રહે છે. તે વાત ખરી છે કે મારા પોલીસ રૂબરુના નીવેદનમાં રવીનું ખરુ નામ સુધાકર ઉર્ફે રવી હોવાનું લખાવેલુ નથી. તે વાતની મને ખબર

નથી કે મકાન નં–૧૭૮ માતૃભક્તિ સોસા .માં ડાંગી રવી બાગબતભાઈ રહે છે કે કેમ. તે વાત ખરી નથી કે મકાન નં– ૧૭૮ ગલી નં– ૪ માં આવેલુ છે. તે વાત ખરી છે કે હુ ધોરણ –૧૨ સુધી ભણેલો છુ અને મને ગુજરાતી અને અંગ્રેજી વાંચતા ફાવે છે. મને માર્ક ૪૫/૧ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે સુધાકરનુ આધાર કાર્ડ છે જેને હુ રવી તરીકે ઓળખુ છુ અને તેમાં સરનામુ ૧૭૨, માતૃભક્તિ સોસાયટી દર્શાવેલુ છે. સદર દસ્તાવેજ રજુ થતાં દાખલ આંક–૪૬ આપવામાં આવે છે. મને ની–૪૫/૨ નું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે સુધાકરના નામનું છે પરંતુ સદર સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં દર્શાવેલી માહીતી સાચી છે કે કેમ તે હુ કહી શકુ નહી. ની–૪૫/૩ થી રજુ થયેલ કોટક મહીન્દ્રા બેન્કનું સુધાકરને આપવામાં આવેલું રીલીવીંગ લેટર બતાવવામાં આવે છે જેમાં તેનું સરનામું ૧૭૨, માતૃભક્તિ સોસા. દર્શાવેલ છે પરંતુ સદર દસ્તાવેજ માં દર્શાવેલી માહીતી સાચી છે કે કેમ તે હુ કહી શકુ નહી."

"તે વાત ખરી છે કે તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ વી. એસ. હોસ્પીટલમાં એક્ઝી. મેજી. સાહેબ મારુ નીવેદન લેવા માટે આવેલા અને તેઓએ ૨૧.૪૫ કલાકે નીવેદન લેવાનું શરુ કરેલુ અને ૨૨.૧૫ કલાકે પુર્ણ કરેલું. આંક–૩૯ વાળુ નીવેદન બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. અને સદર નીવેદન મારા લખાવ્યા મુજબનું સાચુ અને ખરુ હોવાનું જણાવી મે સહી કરેલી. તે વાત ખરી છે કે મે મારા આંક–૩૯ ના નીવેદનમાં ઝગડો ગરબા જોવા બાબતે થયા હોવાનું લખાવેલું. તે વાત ખરી છે કે આંક–૩૯ ના નીવેદનમાં આરોપી બ્રીજેશ તથા આરોપી રવી એ હુમલો કર્યો હોય તેવી હકીકત લખાવેલી નથી.તે વાત ખરી છે કે તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ પોલીસ મેજી.સાહેબ સમક્ષ મારુ નીવેદન નોધાવવા માટે લઈ ગયેલી . પોલીસે જવાબમાં શુ હકીકત લખાવવાની છે તે બાબતે કોઈ સમજ કરેલી નહી. તે વાત ખરી છે કે મેજી.સાહેબે મને મારુ નીવેદન વાંચી સંભળાવેલુ અને ત્યારબાદ સદર નીવેદન ખરુ હોવાનું જણાવી તેમાં સહી કરેલી. તે વાત ખરી નથી કે મારા પોલીસ રુબરુના નીવેદનમાં,

મારા ક્રી.પ્રો.કો.ની કલમ ૧૬૪ ના નીવેદનમાં તેમજ મારી નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં આંક–૩૯ ના મરણોન્મુખ નીવેદનમાં જણાવેલ હકીકતોથી વિપરીત હકીકતો જણાવેલી છે. તે વાત ખરી છે કે અમારી માતૃભક્તિ સોસાયટીમાં રવી નામના ચારથી પાંચ ઈસમો રહે છે. પરંતુ તે તમામના સરનામાની મને માહીતી નથી. તે વાતની ખબર નથી કે ચાર પાંચ રવી પૈકી એક રવી શંભુભાઈ કુર્મી જે મકાન નં–૧૨૫, બીજી લાઈનમાં રહે છે કે કેમ. તે વાત ખરી છે કે એક રવી નું નામ ડાંગી રવી કલાકાંન્ત છે પરંતુ તેનુ સરનામુ ૧૫૪, માતૃભક્તિ સોસાયટી છે કે કેમ તેની ખબર નથી. તે વાતની ખબર નથી કે સદર ચાર પાંચ રવી પૈકી રવી યાદવ છે કે કેમ. તે વાત ખરી છે કે સદર સોસાયટીમાં રવી કોળી રહે છે. તે વાતની મને ખબર નથી કે મકાન નં–૧૩૪ માં રવી પાશ્વાન રહે છે કે કેમ. તે વાત ખરી છે કે રવી કુશવાહ સદર સોસાયટીમાં રહે છે. તે વાત ખરી છે કે પોલીસે મારી ઓળખ પરેડ કરાવેલી નથી. તે વાત ખરી નથી કે મે પોલીસને રવીનું કદ કાઠી તથા તેના દેખાવનું વર્ણન લખાવેલ નથી. તે વાત ખરી નથી કે પોલીસે મારુ વી એસ હોસ્પીટલમાં નીવેદન લીધુ તે સમયે મારા મિત્રો ત્યાં હાજર હતા.સાહેદ સ્વૈછાએ જણાવે છે કે માત્ર મારો ભાઈ હાજર હતો. તે વાત ખરી નથી કે હુ આરોપીઓને ઓળખી શકેલ નહી અને મારા ભાઈના કહેવાથી આરોપીઓના નામ ખોટી રીતે લખાવેલા છે.”

**૧૨.૨** સદરહું ઈજાપામનાર સાહેદનો પુરાવો ચકાસતા, અત્રે ઉલ્લેખનીય છે કે બનાવમાં મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ ની સાથોસાથ આ સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુને પણ ઈજા થયેલ છે જેથી અન્ય સાહેદો જેવા કે, બનાવ સ્થળે હાજર હોય તેવા સાહેદોની સરખામણીમાં આવા ઈજાપામનાર સાહેદના પુરાવાને પાયાનુ સ્થાન મળે છે.

હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં તમામ આરોપીઓના રોલ, બનાવમાં થયેલી ઈજાઓ અને

તમામની હાજરી અંગે સદંતર સમર્થન કરે છે. મુદામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ વાળા છરા અનુક્રમે આરોપી નં.૨ મનીષકુમાર નરેશસિંગ અને આરોપી નં.૪ રાકેશકુમાર હીરાલાલ યાદવના હાથમાં હોવાનુ પુરવાર કરે છે તેમજ બનાવ વખતે પોતે મુદામાલ આર્ટીકલ નં.૧૦ વાળુ શર્ટ અને મુદામાલ આર્ટીકલ નં.૧૧ વાળુ પેન્ટ પોતે પહેરેલાનુ પણ ઓળખી બતાવે છે.

એટલું જ નહી પરંતુ આ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ આંક–૩૮ થી પોતાનુ સી.આર.પી.સી. ની કલમ–૧૬૪ હેઠળનું જે નિવેદન નોંધાયેલુ તેને પણ સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન વળગી રહેલ છે.

**૧૨.૨.૧** આરોપીપક્ષ દ્વારા આ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ની ઉલટતપાસ દ્વારા ઉલટાનું એ પુરવાર થયેલ છે કે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ અને આ સાહેદ બંને બાળપણથી ઓળખતા હતા. એક જ સોસાયટીમાં ભલે લાઈન નંબર અલગ–અલગ પણ ત્યાં જ રહેતા હોવાનું પુરવાર થાય છે. એટલું જ નહી પરંતુ બનાવમાં નવરાત્રિનો તહેવાર હોવાનુ, ભેગા થયેલા હોવાનુ, તેમાં અન્ય મિત્રોમાં સાહેદ નં.૩ હરીશંકર કમલાપતિ, સાહેદ નં.૪ ધીરજ રામમૂરત, સાહેદ નં.૬ રાજકુમાર પણ સાથે હોવાનું પુરવાર થાય છે.

આરોપીપક્ષ દ્વારા એક એવો બચાવ પણ લેવાયેલ છે કે, આ સાહેદે આરોપી નં.૧ નરેશ રામજી અને આરોપી નં.૨ મનીષકુમાર નરેશસિંગ નાઓના નામ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુના પિતા સાહેદ નં.૧ પરસોતમભાઈના કહેવાથી ખોટા લખાવેલા છે. પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે હાલના સાહેદ પોતે ખુદ બનાવમાં ઈજાપામનાર હોવાથી આવો બચાવ પણ ટકી શકવાને પાત્ર રહેતો નથી.

વધુમાં એક બચાવમાં હાલના સાહેદના આંક–૩૮ ના સી.આર.પી.સી.ના કલમ–૧૬૪ ના નિવેદન માટે એવો પણ બચાવ લીધેલ છે કે વિરોધાભાસમાં એકમાત્ર હકીકત "અંધારા" અંગે વિરોધાભાસી હકીકત હોય તેથી આવા ઈજાપામનાર સાહેદને માની

શકાય નહી. પરંતુ સમગ્ર રીતે પુરાવો અને નિવેદન ચકાસતાં આવા એકમાત્ર "અંધારા" ની હકીકતે કોઈ મૂળભૂત વિરોધાભાસી પુરાવો હોય કે જે બનાવને મૂળતઃ શંકાથી મૂલવી શકાય તેવો વિરોધાભાસી પુરાવો જણાય આવતો નથી અને તેથી તેવો બચાવ પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૧૨.૨.૨** હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ અને તેની સાથોસાથ સાહેદ નં.૩ હરીશંકર કમલાપતિ, સાહેદ નં.૪ ધીરજ રામમૂરત તિવારી, સાહેદ નં.૫ વિજય રામવિલાસ બિંદ, સાહેદ નં.૬ રાજકુમાર કુશવાહ, સાહેદ નં.૭ મનીષકુમાર આનંદપ્રકાશ પટેલ આ તમામના પોલીસ નિવેદન અને પુરાવાની સરખામણી ખાસ કરીને આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સત્યેન્દ્રભાઈ ની સંડોવણી અને રોલ માટે કરવી જરૂરી થઈ પડે છે.

આ તમામ સાહેદોમાં હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ના પોલીસ રૂબરૂના નિવેદન ત્રણ તબકકે એટલે કે તારીખ ૩૦/૦૯/૨૦૧૭, ૦૮/૧૦/૨૦૧૭ અને ૧૦/૧૦/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે અને આ સિવાયના ઉપરોકત જણાવ્યા મુજબના તમામ બનાવ સ્થળે હાજર હોય તેવા મિત્ર સાહેદોના પોલીસ રૂબરૂના નિવેદન બે તબકકામાં એટલે કે તારીખ ૩૦/૦૯/૨૦૧૭ અને તારીખ ૦૫/૧૦/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે.

તેવી જ રીતે આ તમામ મિત્ર સાહેદોના સી.આર.પી.સી. કલમ–૧૬૪ હેઠળના નિવેદનો જે નોંધાયેલા તેમાં હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ સિવાયના તમામ મિત્રોના નિવેદનો તારીખ ૧૩/૧૦/૨૦૧૭ ના રોજ નોંધાયેલા જ્યારે હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનું આવુ નિવેદન તારીખ ૦૯/૧૧/૨૦૧૭ ના રોજ નોંધાયેલુ. જે નિવેદનો અનુક્રમે આંક–૩૮, આંક–૫૦, આંક–૫૫, આંક–૬૩, આંક–૬૭ અને આંક–૭૦ થી રજૂ પણ છે.

આમ, સમગ્ર રીતે પુરાવો ચકાસીએ તો, આરોપી નં.૩ બ્રીજેશ

ક્ષમાગીરી વિરુધ્ધ આંક–૫ ના તહોમતનામાથી જે આક્ષેપ છે કે, “.. મારો સાલાને તેવી બૂમો પાડેલી..” તેવા આક્ષેપ માટે આ ઈજાપામનાર સાહેદ પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીનાઓએ હાલના ઈજા પામનાર સાહેદને કે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુને માર્યો હોય કે ઈજા પહોંચાડી હોય તેવી હકીકત લખાવેલ નથી. તેમ છતાં તે રોલ કરતા પણ વધારાનો પુરાવો જેવો કે મારવામાં હાજર હતા તેવો આપે છે અને તે અતિશયોકિત પૂર્વકનો ફલિત થઈ આવે છે.

તેવી જ રીતે આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સતેન્દ્રભાઈ પટેલ વિરુધ્ધ આંક–૫ ના તહોમતનામાથી જે આક્ષેપ છે જેમ કે સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ એટલે કે હાલના સાહેદ વચ્ચે છોડાવવા પડતા આ આરોપી નં.૫નાએ ફેંટ મારેલી તે હકીકત અંગે હાલના ઈજા પામનાર સાહેદનો પુરાવો અને પોલીસ રૂબરૂના લેવાયેલ નિવેદનની હકીકત ચકાસતા હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુએ તેઓના ત્રણ તબકકે લેવાયેલા પોલીસ નિવેદનમાં એટલે કે તારીખ ૩૦/૦૯/૨૦૧૭, ૦૮/૧૦/૨૦૧૭ અને ૧૦/૧૦/૨૦૧૭ પૈકી તારીખ ૦૮/૧૦/૨૦૧૭ ના નિવેદનમાં આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સતેન્દ્રભાઈ પટેલની સંડોવણી અંગે જણાવેલુ અને તે માટે હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિનું નામ પોતે પોતાના પોલીસ રૂબરૂના નિવેદન તારીખ ૩૦/૦૯/૨૦૧૭ ના નિવેદનમાં જણાવ્યુ ન હતુ અને પોતાના બીજા નિવેદન તારીખ ૦૮/૧૦/૨૦૧૭ ના રોજ જણાવેલુ. આમ ઉલટતપાસના પુરાવા ઉપરથી એ ફલિત થઈ આવે છે કે આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સતેન્દ્રભાઈ પટેલનું નામ આ ઈજા પામનાર સાહેદે બીજા નિવેદન તારીખ ૦૮/૧૦/૨૦૧૭ માં જણાવેલ છે.

તદુપરાંત આ ઈજા પામનાર સાહેદ આ તારીખ ૦૮/૧૦/૨૦૧૭ ના નિવેદનમાં આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ નાઓએ પોતાને ફેંટ મારેલી તેટલી હકીકત પૂરતુ નહી પરંતુ મરણજનાર

પરશુરામ ઉર્ફે ગુડુને પકડીને આ આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ ઉભો રહેલો હતો તેવું પણ જણાવે છે. આમ આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ ના રોલ માટે પણ અતિશયોકિત પૂર્વકનો અલગ–અલગ તબકકે અલગ–અલગ પૂરાવો આપેલાનુ ફલિત થઈ આવે છે.

જેથી આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સતેન્દ્રભાઈ પટેલનાઓના રોલ માટે હાલના ઈજા પામનાર સાહેદ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ના પુરાવાથી સંડોવણી શંકાસ્પદ રહે છે. તેવી જ રીતે બાકી તમામ મિત્રો સાહેદના પુરાવો આ બે આરોપીઓ આરોપી નં.૩ બ્રીજેશ અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ ના રોલ બાબતે આગળ તેઓના પુરાવાના તબકકે ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૨.૨.૩** આરોપીપક્ષ દ્વારા આ ઈજાપામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુના આંક–૩૯ થી રજૂ મરણોન્મુખ નિવેદન માટે પણ એવો બચાવ લીધેલ છે કે તે નિવેદનનો ક્રમ અને પધ્ધતિ કાયદા મુજબની નથી. પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે, બનાવ તારીખ ૨૯–૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ ની મધ્યરાત્રિએ કલાક ૩.૦૦ વાગ્યાના અરસામાં બનેલ હોય અને હાલના ઈજા પામનાર સાહેદ ઈજા પામેલા હોય હોસ્પિટલમાં તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ ના કલાક ૨૧.૪૫ વાગ્યે નિવેદન નોંધાયેલુ. જે બાદ હાલના ઈજા પામનાર સાહેદ જીવીત રહી ગયેલ છે અને મૃત્યુ પામેલ નથી. તેવા સંજોગોમાં પુરાવાની દ્રષ્ટિએ મરણોન્મુખ નિવેદન બહુ અગત્યતા કેળવતુ નથી. તેમ છતાં સમગ્ર રીતે ચકાસીએ તો, જે બનાવ બનેલો છે તેની જ હકીકત આ મરણોન્મુખ નિવેદનમાં ઈજા પામનાર સાહેદ દ્વારા જણાવાયેલી છે. કેવળમાત્ર ક્રમ અને પધ્ધતિ સચવાઈ નથી તેટલા માત્ર કારણોસર આરોપી પક્ષની જે દલીલ છે કે તેવા પુરાવાને માની શકાય નહી તે ગ્રાહય રાખવામાં આવતુ નથી.

વધુ હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ના નોંધાયેલા ઉલટતપાસના પુરાવામાં આરોપી પક્ષ અન્ય બચાવોમાં

એક તબકકે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ અને આરોપી નં.ર મનીષકુમાર નરેશસિંગ વચ્ચે પૈસાની લેતી દેતી હોવાનુ કારણ બનાવ બનવા માટે લીધેલાનુ જણાય આવે છે. તો બીજા તબકકે આ ઈજા પામનાર સાહેદ નં.ર ઉત્કર્ષ ઉર્ફે છોટુનો પગ આરોપી નં .ર મનીષકુમાર નરેશસિંગના પગ ઉપર ગરબા રમતી વખતે પડવાથી ઝગડો થયેલાનુ કારણ બનાવ માટે થયેલાનુ જણાવે છે. આવા બનાવના કારણ માટે આરોપી પક્ષ હાલના ઈજા પામનાર સાહેદ ઉત્કર્ષ ઉર્ફે છોટુના આંક–૩૮ થી રજૂ કલમ–૧૬૪ ના નિવેદનમાં જણાવેલી હકીકતનો આધાર રાખીને બચાવનો સહારો લેતા હોવાનુ જણાય આવે છે. પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે એકજ સોસાયટીમાં રહેતા રહીશો છે, નવરાત્રિનો તહેવાર ચાલતો હોવાનું પુરવાર થયેલ છે, બધા ત્યાં હાજર હોવાનુ પુરવાર થયેલ છે. હાલના ઈજા પામનાર સાહેદને પણ ઈજા થયેલાનુ પુરાવાર થયેલ છે તેથી બનાવ બનવાના કારણસર શું હેતુ છે? તે હેતુ અત્રે સાંયોગિક પુરાવાના સ્વરૂપે અગત્યનો થઈ પડતો નથી. કારણ કે બનાવમાં હાલના નજરે જોનાર સાહેદ પોતે જ ઈજા પામનાર પણ છે.

વધુમાં આરોપી પક્ષ દ્વારા એક ત્રીજા તબકકે એવો પણ બચાવ લીધેલ છે કે બનાવ આ માતૃભકિત સોસાયટીમાં નહી, પરંતુ અન્ય જગ્યાએ થયેલો છે અને તેથી કોઈ અજાણ્યો વ્યકિત આ ઈજા પામનાર સાહેદને દવાખાને લઈ ગયેલો અને તેથી તે અજાણ્યો વ્યકિત ઈજા પામનાર સાહેદના નામ અને સરનામાથી પરિચિત ન હોય તેથી તે અજાણ્યા વ્યકિતએ આ ઈજા પામનાર સાહેદ માટે એલ.જી. હોસ્પિટલ દવાખાનામાં "અજાણ્યા વ્યકિત" તરીકે દાખલ કરેલો. પરંતુ સાથોસાથ સારવાર આપનાર ડો.સાહેદ નં.૧૬ ડો.પીનલ ધીરુભાઈ પટેલ નાઓ તપાસાયેલ છે તેઓનો પુરાવો ચકાસતાં આ હકીકત તેઓની ઉલટતપાસ દરમ્યાન આરોપીપક્ષ લઈ આવે છે. જેમ કે આંક–૧૪૮ ના ઈન્ડોર કેસ પેપર ઉપર હાલના ઈજા પામનાર દર્દીના નામમાં અજાણી વ્યકિત તરીકે દર્શાવેલ છે અને નામ સરનામુ પાછળથી લખેલ છે. પરંતુ તે માટે આ ડોકટર સાહેદનો

પુરાવો ચકાસીએ તો ડોકટર સાહેદે ખુલાસાપૂર્વક જણાવેલ છે કે ઘણીવાર કોઈ એમ્બ્યુલન્સ કે વાનમાં દર્દીને લઈને લાવવામાં આવે ત્યારે તેની સાથે કોઈ ન હોય તો અજાણી વ્યકિત તરીકે તેનું નામ દર્શાવવામાં આવે છે અને ત્યારબાદ થોડી વાર દર્દીના સગા આવી જાય અને નામ જણાવે ત્યારે તેનું નામ પાછળથી દર્શાવવામાં આવે છે. આમ ડોકટર સાહેદનો ખુલાસાપૂર્વકનો પુરાવો પણ આ સંજોગોમાં રેકર્ડ ઉપર આવેલ છે. હવે જ્યારે પુનરોકિતના જોરે પણ અગાઉ ચર્ચા કરી તે મુજબ મારનાર અને ઈજા પામનાર એક જ માતૃભકિત સોસાયટીના રહેવાસીઓ છે, નવરાત્રિનો તહેવાર છે, બનાવ રાત્રિનો છે અને તેમાં હાલના સાહેદ ઈજાપામનાર સાહેદ છે. તેવા સંજોગોમાં એક માત્ર ઈન્ડોર કેસ પેપર આંક-૧૪૮ ઉપર હાલના ઈજા પામનાર સાહેદનું નામમાં પહેલા "અજાણી વ્યકિત" તરીકે દર્શાવ્યા બાદ નામ સરનામુ લખેલ હોવાના એકમાત્ર કારણસરથી આરોપીપક્ષના બચાવ મુજબ આખી બનાવની જગ્યા માતૃભકિત સોસાયટી નહિ પરંતુ અન્ય જગ્યાએ બનેલ હોવાનો બચાવ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**૧૨.૨.૪** હાલના ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ની ઈજા માટે સાહેદ નં.૧૬ ડો.પીનલ ધીરૂભાઈ પટેલ ના પુરાવાથી પણ થયેલ પાંચ ઈજાઓને સમર્થન મળે છે. જેથી આ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ના પુરાવાને તબીબી પુરાવાનું પણ સમર્થન મળી રહે છે.

આમ, હાલના ઈજા પામનાર સાહેદનો સમગ્ર રીતે પુરાવો ચકાસતાં પણ ફરિયાદપક્ષના કેસને આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ સિવાયના આરોપીઓની સંડોવણી માટે અનુમોદન કરતો પુરાવો ફલિત થઈ આવે છે અને વિશ્વસનીય જણાઈ આવે છે.

**૧૩.** વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર-૦૩ હરીશંકર કમલાપતિ કુશવાહને આંક-૪૯થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, પોતાના પરીવાર

સાથે માતૃભક્તિ સોસાયટીમાં રહે છે અને હાલ નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના તેમની સોસાયટીના નવરાત્રીના ગરબા ચાલતા હતા ગરબા દરમ્યાન ઝગડો થયેલો. બનાવના દીવસે તેઓ ગરબા જોતા હતા. તેઓ તેમની સોસાયટીની બીજી અને ત્રીજી ગલીની વચ્ચે ઝગડો થવાનો અવાજ આવતા ત્યાં ગયા હતા અને સાથે અન્ય બે થી ત્રણ છોકરાઓ જેમાં રાજકુમાર, ધીરજ તથા અન્યો આવેલા. ત્યાં જઈને જોયેલ તો ઝગડો ચાલુ હતો ત્યારે મનીષ તેમજ રાકેશના હાથમાં ચાકુ હતા. આ ઝગડો પરશુરામ ઉર્ફે ગુરુ તેમજ રાકેશ અને મનીષની વચ્ચે ચાલતો હતો. ત્યારબાદ મનીષ અને રાકેશે પરશુરામ ઉર્ફે ગુરુને ચપ્પાના ઘા મારેલા. આ બન્નેએ પરશુરામને ડાબા ખભા ઉપર તેમજ કમરની નીચેના ભાગે ઘા મારેલા. તે વખતે ઉત્કર્ષ વચ્ચે છોડાવવા પડેલો તે વખતે મનીષ અને રાકેશે ઉત્કર્ષને પણ ચપ્પાના ઘા મારેલા. આ બંન્ને જણે ઉત્કર્ષને ચપ્પાના ઘા માથાના ગળાના ભાગે તેમજ થાપાના ભાગે મારેલા. અને તે વખતે પોતે તથા રાજકુમાર ત્યાં ઉભા હતા અને આ જે બનાવ બનેલો તે જોતા હતા. ત્યારબાદ એમ્બ્યુલન્સ આવેલી અને આ લોકોને એલ. જી. હોસ્પીટલ લઈ ગયેલા. ત્યાં હોસ્પીટલમાં પરશુરામનુ મૃત્યુ નીપજેલુ અને ઉત્કર્ષને પણ સારવાર માટે વી.એસ હોસ્પીટલ લઈ ગયેલા. બનાવ બન્યો ત્યારે બ્રીજેશ પણ ત્યાં હાજર હતો અને તેણે ચપ્પુ નહતુ માર્યુ પરંતુ તે હાથથી મારતો હતો. બનાવ શા કારણે બન્યો હતો તેની ચોક્કસ માહીતી નથી પરંતુ આગલા દીવસે તેઓની વચ્ચે કંઈક બનેલુ. આ બાબતે પોલીસે નીવેદન લીધેલું.

આરોપીઓ નરેશ, મનીષ અને બ્રીજેશને ઓળખે છે. નરેશભાઈને બનાવના દીવસે ત્યાં ઉભેલા જોયેલા અને તેઓએ કંઈ કરેલ કે કેમ તેની ખબર નથી. ત્યારબાદ તેઓ અને અન્ય ચાર જણા કોર્ટમાં નીવેદન આપવા ગયેલા. મુદામાલ આર્ટીકલ નં-૧૨ વાળુ ચપ્પુ જે મનીષના હાથમાં હતુ અને બંન્ને પાસે એક જેવાજ ચપ્પા હતા.

**૧૩.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "હું ધોરણ બાર સુધી ભણેલો છું. ગરબા રાત્રીનાં આશરે બાર વાગે શરુ થયેલા.ગરબામાં આશરે ત્રીસથી પાંત્રીસ લોકો ગરબા ગાતા હતા. તે વાત ખરી છે કે ગરબા જોવા વાળાની સંખ્યા મોટી હતી. તે વાત ખરી છે કે ગરબા જ્યાં ચાલતા હતા તેની આજુ બાજુમાં ત્રણેય તરફ રહેતા લોકો ત્યાં હાજર હતા. ગરબા જ્યાં રમાતા હતા ત્યાં એક લાઇનમાં પચ્ચાસથી વધારે મકાનો આવેલા છે. હું ગરબા શરૂ થયા તે સમયે એટલે કે બાર વાગે સ્થળ ઉપર હાજર ન હતો પરંતુ હું ત્યાં એક થી દોઢ વાગ્યાનાં અરસામાં ગયેલો. તે વાત ખરી છે કે હું ત્યાં પહોચ્યો ત્યારે પરશુરામ અને ઉત્કર્ષ ગરબા રમતા હતા. ધીરજ પણ ગરબા રમતો હતો. વિજયની મને ખબર નથી. વિજયને મેં ઝગડો થયો ત્યારે જોયેલો તે પહેલા જોયેલો નહી. હું અને રાજકુમાર સાથે આવેલા. મનીષ નામના બે વ્યક્તિઓ છે અને મેં કોઇ પણ મનિષને જોયેલ નહી. હું ગરબા રમતા હતા ત્યાં ગયો ત્યારે બ્રિજેશ હાજર હતો કે કેમ તેની મને ખબર નથી. મેં ત્યાં રાકેશને જોયેલો નહી. હું પહોંચ્યો ત્યારે પરશુરામ ગરબા રમી રહ્યો હતો. તે વાત ખરી છે કે, મેં મારા પોલીસ રૂબરૂનાં નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે" તા.૨૯/૦૯/ ૨૦૧૭ ના રોજ રાત્રીના અમારી સોસા. ના નવરાત્રીના ગરબા ચાલતા હતા ગરબા દરમ્યાન ઝગડો થયેલો. બનાવના દીવસે હુ ગરબા જોતો હતો. અમે અમારી સોસા. ની બીજી અને ત્રીજી ગલીની વચ્ચે ઝગડો થવાનો અવાજ આવતા હુ ત્યાં ગયો હતો અને મારી સાથે અન્ય બે થી ત્રણ છોકરાઓ જેમાં રાજકુમાર, ધીરજ તથા અન્યો આવેલા. અમે ત્યાં જઈને જોયેલ તો ઝગડો ચાલુ હતો ત્યારે મનીષ તેમજ રાકેશના હાથમાં ચાકુ હતા".

"તે વાત હાલમાં યાદ નથી કે, મારા પોલીસ રૂબરૂનાં નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે" આ બન્નેએ પરશુરામને ડાબા ખભા ઉપર તેમજ કમરની નીચેના ભાગે ઘા મારેલા". તે વાત ખરી છે કે, મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નહી કે, "આ બંન્ને જણે ઉત્કર્ષને ચપ્પાના ઘા માથામાં, ગળાના ભાગે

તેમજ થાપાના ભાગે મારેલા". તે વાત ખરી નથી કે, મેં મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નહી કે, "તે વખતે હું તથા રાજકુમારનાઓ ત્યાં ઉભા હતા અને આ જે બનાવ બનેલો તે જોતા હતા અને ત્યારબાદ એમ્બ્યુલન્સ આવેલી અને આ લોકોને એલ. જી. હોસ્પીટલ લઈ ગયેલા". સીને એલ સોનવિ વાહ પહેલા મનન્ટ નથી કે મને ચોક્કસ ખબર નથી કે, મેં મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે ત્યારે બ્રીજેશ પણ ત્યાં હાજર હતો અને તેણે ચપ્પુ નહતુ માર્યુ પરંતુ તે હાથથી મારતો હતો કે કેમ. તે વાત ખરી નથી કે, મેં મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં ચપ્પા અંગેનું કોઇ વર્ણન આપેલુ નથી. તે વાત ખરી છે કે, મેં મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, " આજ રોજ તા. ૩૦/૦૯/૨૦૧૭ નાં રાતનાં કલાક સાડા ત્રણ એક વાગ્યાનાં સુમારે અમારી સોસાયટીનાં લાઇન નં. ૩ ની પાસે એકદમ બુમા બુમ થતાં હું ત્યાં ગયેલો અને જોયું તો ત્યાં ઝગડો થતો હતો. તે વાત ખરી છે કે, મેં મારી પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, "તા. ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીનાં આશરે સાડા દસની આસપાસ અમારી સોસાયટીમાં ગરબા શરૂ થયેલા". ઉત્કર્ષે મને મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવાનું છે તેવી હકીકત જણાવેલી. ઉત્કર્ષ મને મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવા લઇ ગયેલો નહી પરંતુ મારી સાથે રાજકુમાર, વિજય અને ધીરજ આવેલા. તે વાત ખરી છે કે, ઉત્કર્ષે મને જણાવેલું કે પોલીસે આપણું નિવેદન યોગ્ય રીતે લીધેલ નથી જેથી આપણે મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવા જવાનું છે. મને કયા મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવા જવાનું છે અને ક્યાં જવાનું છે તેની વિગત ધીરજ અને વિજયે જણાવેલી. હું એક વાર મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવા ગયેલો. મેજીસ્ટ્રેટ સાહેબનું નામ તેમજ કયા માળે ગયેલો તે હાલમાં યાદ નથી. હું મારા મિત્રો જ્યાં ઘાયલ અવસ્થામાં પડેલા હતા ત્યાં ગયેલો અને તેની ડાબી તથા જમણી બાજુનાં મકાન નંબર શું હતા તેની મને ખબર નથ પરંતુ તેનાં માલીકનાં નામ ખબર છે. એક બાજુ કેદારસિંગ કુર્મી તથા બીજી બાજુ

કબીરસિંગનું મકાન હતુ. મારા–મારીનો બનાવ આશરે દસથી બાર મિનીટ ચાલેલો અને તે સમયે મેં કેદારસિંગ કુર્મિ અને કબીરસિંગને મેં ત્યાં જોયેલા નહી. મેં મારા ઘાયલ મિત્રોને ઉઠાવીને દવાખાને લઈ જવાનો કોઈ પ્રયત્ન કરેલો નહી કારણ કે તેઓને ઈજા વધારે થયેલી અને લોહી નિકળતું હોઇ અમે તેઓને એમ્બ્યુલન્સમાં લઇ જવાનું નક્કી કરેલું. એવુ બનેલું નહી કે, એમબ્યુલન્સ આવી ગયા બાદ હું ત્યાં પહોંચ્યો હોવ. તે વાત ખરી છે કે, મેં મારી મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, ત્યારબાદ એમ્બ્યુલન્સ આવેલ જેથી હું ફરીથી બનાવ વાળા સ્થળ ઉપર આવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારો કહેવાનો આશય એવો હતો કે, જ્યાં ઝઘડો થયો હતો ત્યાંથી હું, ઉત્કર્ષ અને પરશુરામ જ્યાં પડેલા હતા ત્યાં આવેલો. જ્યાં ઝઘડો થયો હતો ત્યાંથી તેઓ આશરે વીસ કદમ દુર પડેલા હતા. સવાલ:– બાનાવ બન્યા બાદ તમે ઉપર જે ખુલાસો કરેલો છે તે મુજબ તમો વીસ કદમ દુર હતા? જવાબ:– અમારી સોસાયટીમાં આવેલ પહેલી ગલીમાંથી કોઇપણ ગલીમાં જઇ શકાય તેવું છે. પરશુરામ બીજી ગલીમાં પડયો હતો અને તે જ્યાં પડયો હતો ત્યાંથી ત્રણ ચાર કદમ નાં અંતરે ત્રીજી ગલી આવે છે જ્યાં રવીભાઈનું ઘર છે ત્યાં હું ઉભો હતો. મેં ત્યાં રવિ વર્માને જોયેલા નહી. એમ્બ્યુલન્સ આવ્યા બાદ મેં પરશુરામ કે ઉત્કર્ષને ઉઠાવીને એમ્બ્યુલન્સમાં મુકાવામાં મદદ કરેલી નહી. તે વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલ મુજબની ખોટી જુબાની આપુ છું. તે વાત, ખરી નથી કે ઈજા પામનાર મારા મિત્રો થતા હોવાથી ખોટી જુબાની આપુ છું. તે વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલ મુજબનો બનાવ બન્યો જ નથી અને ઉત્કર્ષ કે હું ત્યાં હાજર જ ન હતા. તે વાત ખરી નથી કે, મેં બનાવ નજરે જોયાની હકીકત જણાવેલી છે તે ખોટી છે. તે વાત ખરી નથી કે, આરોપીઓ તેમજ હથિયાર ખોટી રીતે ઓળખી બતાવેલ છે."

**૧૩.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, બનાવ વખતે પોતાની

હાજરી, સાહેદ નં.૬ રાજકુમારની હાજરી અને સાહેદ નં.૪ ધીરજ ની હાજરી હોવાનુ અનુમોદન મળે છે.

બનાવમાં આરોપી નં.૨ મનીષકુમાર નરેશસિંગનાઓએ અને આરોપી નં.૪ રાકેશ હીરાલાલનાઓએ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ અને ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુને માર્યાની હકીકતને પણ સમર્થન કરે છે. અલબત્ત મુદામાલ આર્ટીકલ નં.૧૨ વાળુ ચપ્પુ આરોપી નં.૨ મનીષકુમાર નરેશસિંગ પાસે હતુ પરંતુ આર્ટીકલ નં.૧૭ વાળુ ચપ્પુ કોના હાથમાં હતુ તે જોયેલુ નહી તેવો પુરાવો આપે છે. આરોપી નં.૧ નરેશસિંગ રામજી માટે ત્યાં ઉભા જોયેલા પરંતુ તેમણે કંઈ કરેલ કે કેમ તેની ખબર નહી હોવાનો પુરાવો આપે છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે બનાવ જેવી ઘટના ઘટતી વખતે દરેક સાહેદ કે જેઓએ બનાવ જોયેલો હોય તે ક્રમસર અને એકસરખી જ રીતે વસ્તુઓ કયા આરોપી પાસે કઈ હતી, કેવી રીતે વાપરેલ હતી? તેવું ઝીણવટભરી રીતે જણાવવુ જ જોઈએ તેવો આગ્રહ રાખવો જરૂરી નથી. પરંતુ સમગ્ર રીતે પુરાવાનું મૂલ્યાંકન કરતા તેવા સાહેદ ત્યાં હાજર હતા કે કેમ? તે મૂલવવાનું રહે છે. પુનરોકિતના જોરે પણ અત્રે ટાંકવુ જરૂરી છે કે મારનાર અને ઈજા પામનારની સાથોસાથ આ નજરે જોનાર સાહેદોમાં હાલના સાહેદ પણ મારનાર અને ઈજા પામનારની હમ ઉમરના છે, એ જ માતૃભકિત સોસાયટીના રહેવાશી અને મિત્ર પણ છે. જેથી તે રીતે પણ હાલના સાહેદની હાજરી ત્યાં હોવાનુ માની શકાય તેમ છે.

**૧૩.૨.૧** આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીની હાજરી અને સંડોવણી બાબતે અગાઉ જેમ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ ના પુરાવામાં ચર્ચા કરી તે મુજબ હાલના સાહેદનો પુરાવો ચકાસીએ તો, હાલના સાહેદ સ્વીકારે છે કે બ્રીજેશ ત્યાં હાજર હતો કે કેમ તેની ખબર નથી. તેવી જ રીતે એ પણ સ્વીકારે છે કે આંક-૫૦ ના સી.આર.પી.સી. કલમ-૧૬૪ ના નિવેદનમાં પોતે આ આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી માટે *"..બ્રીજેશે કહેલ કે મારો.."* તેવી હકીકત લખાવેલ છે કે

કેમ તે ચોકકસ ખબર નથી. તેવી જ રીતે આ જ આંક–૫૦ ના નિવેદન માટે હાલના સાહેદ સ્વીકારે છે કે પોતાના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે *"..મનીષે ચાકુથી પરશુરામને હાથના ભાગે મારેલ અને ત્યારબાદ પીઠના ભાગે અને બરડાના ભાગે ઉપરાઉપરી ચાકુથી વાર કરેલ અને તે સમયે આ પરશુરામને બ્રીજેશ, રાકેશ અને તેના પિતા નરેશભાઈએ પકડી રાખેલ.."*

આમ, આ સાહેદના પુરાવા ઉપરથી આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી વિરુધ્ધ જે આક્ષેપ છે કે, "..મારો સાલાને તેવી બૂમો પાડેલી.." તે હકીકત માટે પોતે પોતાના આંક–૫૦ ના નિવેદનમાં આવી હકીકત લખાવેલ છે કે કેમ તે ચોકકસ ખબર નથી તેવું જણાવે છે. આમ જે તહોમત છે તે માટેનો પુરાવો લખાવેલ છે કે કેમ તે ખબર નથી. તેનાથી વિરુધ્ધ તહોમતનામામાં આક્ષેપ મુજબ "બૂમો પાડેલી" કરતાં વધુ રોલ આંક–૫૦ ના નિવેદનમાં "પકડી રાખેલ.." નો જણાવેલ છે. આમ આરોપી નં.૩ ના રોલ માટે મૂળતઃ વિરોધાભાસી પુરાવો આપતા હોવાનું ફલિત થઈ આવે છે.

**૧૩.૨.૨** હાલના સાહેદના સરતપાસના પુરાવા અને પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને ચકાસતા કોઈ વિરોધાભાસી અન્ય હકીકતો જણાઈ આવતી નથી. જે કંઈ થોડી વિરોધાભાસી હકીકતો છે તે માત્રને માત્ર સિકવન્સની છે. જેમ કે સાહેદ નં.૪ ધીરજ અને સાહેદ નં.૬ રાજકુમાર ત્યાં હાજર હતા કે હાલના સાહેદની સાથે આવેલા તે હકીકત બાબતે, તેવી જ રીતે એમ્બ્યુલન્સ બાબતે, તેવી જ રીતે એલ.જી. હોસ્પિટલ લઈ ગયા બાબતે કે જે બનાવને મૂળત્ઃ અસરકર્તા નથી.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ હાલના બનાવના સ્થળે હાજર હોય તેવા સાહેદના પુરાવામાં આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરીની સંડોવણી અંગેના પુરાવા સિવાયનો અન્ય તમામ પુરાવો ફરિયાદપક્ષને અનુમોદન કરતો અને વિશ્વસનીય જણાઈ આવે છે.

**૧૪.** વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–**

**૦૪ ધીરજ રામમૂરત તિવારીને આંક–૫૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ પરિવાર સાથે માતૃભક્તિ સોસાયટી, સુરેલીયા રોડ, અમદાવાદ ખાતે રહે છે અને ફેબ્રીકેશનના કારખાનામાં નોકરી કરી પરિવારનો ગુજરાન ચલાવે છે. તેમની નોકરીનો સમય સવાના ૮–૦૦ વાગ્યાથી રાત્રીના ૮–૦૦ વાગ્યા સુધીનો છે. તારીખ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ તેમની સોસાયટીમાં દસ સાડા દસ વાગ્યાની આસપાસ ગરબા રમતા હતા તે દરમ્યાનમાં રાત્રીનાં સાડા ત્રણ આસપાસ ત્રીજી લાઇનમાંથી બુમાબુમનો અવાજ આવેલો. બુમોબુમ થતાં તેઓ ત્યાં ગયેલા અને જોયેલુ તો પરશુરામને પકડેલ હતો. પરશુરામને બ્રિજેશે, નરેશ અને રવિએ પકડેલો હતો અને કહેતા હતા કે મારો એને મારો અને ગાળો બોલતા હતા. ત્યારબાદ મનિષે પરશુરામને ડાબા ખભે ચપ્પુ મારેલુ અને રાકેશે પરશુરામને પીઠના નીચે કમર ઉપર ચપ્પુ મારેલું. ઉત્કર્ષ પરશુરામને બચાવવા ગયેલો તે દરમ્યાન આ લોકોએ આની સાથે મારામારી કરેલી. મનિષે ઉત્કર્ષને માથા ઉપર ચપ્પુ મારેલુ અને ગળાના પાછળનાં ભાગે ચપ્પુ મારેલું અને રાકેશે ઉત્કર્ષને પેટમાં ચપ્પુ મારેલુ. ત્યારબાદ પરશોત્તમદાસ કે જે પરશુરામના પિતાજી થાય છે અને તેઓ આવી ગયેલા અને ૧૦૮ માં બંન્નેને લઇ ગયેલા અને એલ.જી.હોસ્પીટલ પહોંચતા ત્યાંના ડૉકટરે પરશુરામને મૃત જાહેર કરેલો અને ઉત્કર્ષને વી.એસ.હોસ્પીટલ લઇ ગયેલા. પોલીસે પુછપરછ કરેલી.

બનાવના બે દિવસ પહેલા તા. ૨૮ અને ૨૯ તારીખે તેઓ ગરબા જોઇ રહ્યા હતા ત્યાં મનિષ અને તેના મિત્રો ત્યાં ઉભા હતા ત્યારે પરશુરામે તેઓને આગળથી ખસવા જણાવેલુ, ત્યારે તે લોકો મારામારી ઉપર ઉતરી આવેલા. પોલીસ કોર્ટમાં લઇ ગયેલી જ્યાં નિવેદન લીધેલુ. ક્રિ.પ્રો.કોડ. ની કલમ ૧૬૪ અન્વયેનું નિવેદન આંક–૫૫ થી રજૂ છે આ નિવેદનમાં બનાવની તમામ હકીકતો જણાવેલી. સાહેદ આર્ટીકલ નં ૧૨ વાડો ચપ્પાને ઓળખે છે તે મનિષનાં હાથમાં હોવાનું જણાવે છે. જ્યારે આર્ટીકલ નં. ૧૭ વાડો

ચપ્પુ રાકેશનાં હાથમાં હોવાનુ જણાવે છે. સાહેદ આરોપીઓને ઓળખે છે.

**૧૪.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "આ કોર્ટમાં પ્રથમ વખત જુબાની આપવા આવ્યો તે તારીખ મને હાલમાં યાદ નથી. બનાવ અનુસંધાને પોલીસને મારે ત્રણ ચાર વખત મળવાનું થયેલુ. મારે પોલીસને તમામ વખતે રામોલ પો.સ્ટેશને મળવાનું થયેલુ. હુ ઉત્કર્ષભાઈને ઓળખુ છુ અને તેઓ કોર્ટમાં આવેલા છે. કોર્ટમાં પુરુષોતમભાઈ પણ આવેલા છે. તે વાત ખરી છે કે ગઈ મુદતે પણ પુરુષોતમભાઈ મારી સાથે આવેલા. તે વાત ખરી છે કે પુરુષોતમભાઈ ગઈ વખતે અને જુબાની દરમ્યાન કોર્ટમાં બેઠેલ છે. તે વાત ખરી છે કે ઉત્કર્ષભાઈ હાલમાં પણ કોર્ટમાં બેઠેલા છે. પોલીસ સ્ટેશને કઈ કઈ તારીખે જવાનું થયેલું તે હુ કહી શકુ નહી. પોલીસે મને સમન્સ કરીને નહી પરંતુ એમ નેમ બોલાવેલો. પોલીસે મને ફોન કરીને બોલાવેલો. ક્યાં પોલીસ અધિકારીએ ક્યાં નંબરથી ફોન કરીને બોલાવેલો તેવુતો કંઈ થોડુને યાદ હોય. હુ જ્યારે જ્યારે પોલીસ સ્ટેશને ગયેલો ત્યારે હરીશંકર કમલાપતી, વિજયરામ વિલાસ, રાજકુમાર જયદ્રથ, મનીષ આનંદપ્રકાશ, ઉજવલ ઉમેશભાઈને પોલીસ સ્ટેશનમાં જોવાનો પ્રસંગ બનેલો. ત્રીસમી તારીખે ઉત્કષને પોલીસ સ્ટેશમાં જોયેલો નહી. સવાલ– આ બનાવ બાદ સૌ પ્રથમ વખત ઉત્કર્ષને કઈ તારીખે મળ્યાં? જવાબ– હુ ઉત્કર્ષને ત્રીસમી તારીખે સૌ પ્રથમ એલ. જી. હોસ્પીટલમાં મળેલો અને ત્યાંથી વી એસ લઈ ગયેલા. ઉત્કર્ષને એલ.જી. માં સવારના પાંચેક વાગે મળવાનો પ્રસંગ બનેલો. હુ આનંદ શંભુસીંહ ડાંગીને ઓળખુ છુ. તે અમારી સોસાયટીમાં રહે છે. મારે તેઓને હોસ્પીટલમાં જોવાનો પ્રસંગ બનેલો. મારે તેઓને જોવાનો પ્રસંગ એલજી હોસ્પીટલમાં સવારના સમયે બનેલો. આનંદ પરશુરામનો મિત્ર થાય છે. ગરબા ચાલતા હતા તે સમયે આનંદ ત્યાં હતો તે ગરબા જોતો હતો. ઝગડો થયો તે સમયે આનંદ બનાવવાળી જગ્યાએ આવેલો કે કેમ તેની મને ખબર નથી. મે

આનંદને પરશુરામને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો ત્યાં પણ જોયેલો નહી. આનંદ હોસ્પીટલમાં કેટલો સમય રોકાયેલો તેની મને ખબર નથી. તે વાતની પણ મને ખબર નથી કે હુ જ્યાં સુધી હોસ્પીટલમાં હતો ત્યાં સુધી આનંદ હોસ્પીટલમાં હતો કે કેમ. તે વાતની મને ખબર નથી કે આનંદની સાથે તેનો કર્ણાવતીમાં રહેતો મિત્ર સાહીલ પણ આવેલો કે કેમ. કર્ણાવતી ફ્લેટ માતૃભુમી સોસા.થી કેટલા અંતરે આવેલ છે તેની મને ખબર નથી કારણ કે સાહીલ મારો મિત્ર નથી. હુ માતૃભક્તિ સોસા.માં ઘણા વર્ષોથી રહુ છુ. મે ગૃપ્તાનગર જોયેલુ છે. તે વાત ખરી નથી કે અભિષેક રાજપુત મારો મિત્ર થાય છે. મે તેનું નામ સાંભળેલુ નથી. હુ મેઘરાજ કામલે ને ઓળખતો નથી. માતૃભક્તિ સોસા.થી ઠાકોરવાસ કેટલા અંતરે આવ્યુ તેનો મને ખ્યાલ નથી. માતૃભક્તિ સોસા.થી પઠાણનો બંગલો રામોલ ગામ આશરે બે એક કી.મી ના અંતરે આવેલુ છે. તે વાત ખરી નથી કે પઠાણના બંગલામાં રહેતો ચંદન મારો મિત્ર થાય છે. હુ ઉજ્જવલભાઈ ડાંગીને ઓળખુ છુ. માતૃભક્તિ સોસા.થી બાગે ફીરદોશ બે એક કી.મી ના અંતરે આવેલુ છે. તે વાત ખરી છે કે બાગે ફીરદોશમાં પોલીસલાઈન આવેલી છે. તે વાતની મને ખબર નથી કે પોલીસ લાઈન વિભાગ -૧ માં હીરાભાઈ મણીરામ ઠાકુર રહે છે કે કેમ. હુ બાબુલાલની ચાલીમાં રહેતા આકાશ પરીહારને ઓળખતો નથી. હુ માતૃભક્તિ સોસા.માં રહેતા સુર્યમણીને ઓળખુ છુ. મે બનાવના દીવસે તેને જોયેલો. તે ઝગડા સમયે ત્યાં હાજર હતો. તે વાત ખરી છે કે સુર્યમણી બનાવના દીવસે હોસ્પીટલમાં આવેલો. તે વાત ખરી છે કે સુર્યમણી ઉત્કર્ષ અને પરશુરામનો મિત્ર થાય છે. સુર્યમણી એલ જી હોસ્પીટલમાં હુ હતો ત્યાં સુધી હતો. હુ જામફળવાળી વિસ્તારથી પરીચીત છુ. જે અમારી સોસા.થી એક કી.મી થી ઓછા અંતરે આવેલી છે. હુ સદર જામફળવાળી વિસ્તારમાં રહેતા ઘવલભાઈ પંચાલને ઓળખતો નથી. તે વાત ખરી નથી કે તપાસ દરમ્યાન મે જે વ્યક્તિઓને હુ ઓળખતો નથી તેમ જણાવેલ છે તે તેઓને ઓળખતો હોવા છતા ખોટુ જણાવેલ છે. હુ અને ઉત્કર્ષભાઈની સાથે સાથે વી એસ હોસ્પીટલ ગયેલો. વી

એસ હોસ્પીટલ અમે આશરે સવારે સાડા છ વાગે પહોચેલા. તે વાત ખરી નથી કે ઉત્કર્ષ ભાઈને વી એસ હોસ્પીટલ લઈ જતા હતા તે વખતે તે ભાનમાં હતો. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે એકદમ બેભાન હતો. અમે વી એસ હોસ્પીટલમાં બપોર સુધી રોકાયેલા. ઉત્કર્ષ ભાનમાં કેટલા વાગે આવ્યો તેની મને ખબર નથી . બનાવબાદ ઉત્કર્ષને મોટેભાગે રોજ મળીયે છીએ. મને તેઓની સાથેની વાતચીત ઉપરથી આજદીન સુધી એ હકીકતનો ખ્યાલ આવેલ નથી કે તેઓ વી એસ હોસ્પીટલમાં કેટલા વાગે ભાનમાં આવેલા. ઉત્કર્ષને એલજી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો તે સમયે તે ભાનમાં હતો. મારે ઉત્કર્ષ સાથે આ કેસના કામ અનુસંઘાને ક્યાય જવાનો પ્રસંગ બન્યો નથી. મારે કોર્ટમાં ક્રી.પ્રો.કો.ની કલમ—૧૬૪ અન્વયે નિવેદન આપવા જવાનો પ્રસંગ બનેલો અને તે સમયે ઉત્કર્ષ, હરીશંકર, વિજય, રાજકુમાર જયદ્રત,મનીષ આનંદપ્રકાશ પટેલ મારી સાથે હતા. ઉજ્જવલ મારી સાથે ન હતો. તે વાત મને હાલમાં યાદ નથી કે કોના કહેવાથી હુ ૧૬૪ નું નિવેદન આપવા ગયેલો. ૧૬૪ ના નિવદેન વિશે પુછતા હુ જણાવુ છુ કે પોલીસે આપણી ફરીયાદ ના લખી હોય તો કોર્ટમાં આપવા જવાની હોય તે. તે વાત ખરી છે કે પોલીસે અમારા કહ્યા મુજબ કાર્યવાહી કરેલ ન હોવાથી અમે કોર્ટમાં ગયેલા. ગરબા તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ શરૂ થયેલા.

સવાલ— તમે સરતપાસમાં એવુ જણાવેલ છે કે ગરબા બનાવના બે દીવસ પહેલા તારીખ ૨૮ અને ૨૯ તારીખે શરૂ થયેલાનુ જે લખાવેલુ છે તે સાચુ કે ખોટુ? જવાબ— તે સાચુ છે. ગરબા ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ પહેલા દીવસે શરૂ થયેલા. સવાલ— બનાવના બે દીવસ પહેલા તારીખ ૨૮ અને ૨૯ તારીખે અમે ગરબા જોઈ રહ્યા હતા ત્યારે મનીષ અને તેના મિત્રો ત્યાં ઉભા હતા ત્યારે પરશુરામે તેઓને આગળથી ખસવા જણાવેલુ ત્યારે તે લોકો મારા મારી ઉપર ઉતરી આવેલા તેવુ સરતપાસમાં લખાવેલ છે. તે સાચુ કે ખોટુ? જવાબ— તે સાચુ છે. હાલનો બનાવ બન્યો તે અગાઉ મારે જ્યારે ઝગડો થયેલો ત્યારથી બનાવ બન્યા તારીખ વચ્ચે મનીષને મળવાનું થયેલુ નહી.

એ હકીકત ધ્યાનમાં નથી કે ઉપરોક્ત વચગાળાના સમય દરમ્યાન મનીષને પરશુરામ, ઉત્કર્ષ, ગુરુ, દીપક,છોટી, રાજકુમાર વિગેરે સાથે મળવાનો પ્રસંગ બનેલો કે કેમ. તે વાત ખરી છે કે સદર વચગાળાના સમય દરમ્યાન સોસાયટીમાં ગરબા ચાલુ હતા. પરશુરામ, ઉત્કર્ષ, ગુરુ, દીપક, છોટી, રાજકુમાર ઉપરાંત અન્ય લોકો કે જેઓને હુ ઓળખુ છુ તેઓ ગરબા સમયે ત્યાં હાજર હતા. તે વાત ખરી છે કે સદર અન્ય લોકો જેઓને હુ ઓળખુ છુ અને જેઓ બનાવ સમયે હાજર હતા તે હકીકતની જાહેરાત મે કરેલી નથી.

તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે "અમો અમારી સોસાયટીમાં દસ સાડા દસ વાગ્યાની આસપાસ ગરબા રમતા હતા તે દરમ્યાનમાં રાત્રીનાં સાડા ત્રણ આસપાસ ત્રીજી લાઇનમાંથી બુમા બુમનો અવાજ આવેલ. બુમો બુમ થતાં અમે ત્યાં ગયેલા". તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં પરશુરામને પકડ્યો હોવાની હકીકત લખાવેલી નથી. તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે " પરશુરામને બ્રિજેશે, નરેશ અને રવિએ પકડેલો હતો અને કહેતા હતા કે મારો એને મારો અને ગાળો બોલતા હતા". તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે " ત્યારબાદ મનિષે પરશુરામને ડાબા ખભે ચપ્પુ મારેલુ.” તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે "રાકેશે પરશુરામને પીઠના નીચે કમર ઉપર ચપ્પુ મારેલું." તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે " ઉત્કર્ષ પરશુરામને બચાવવા ગયેલો તે દરમ્યાન આ લોકોએ આની સાથે મારા મારી કરેલી." તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે "મનિષે ઉત્કર્ષને માથા ઉપર ચપ્પુ મારેલુ અને ગળાના પાછળનાં ભાગે ચપ્પુ મારેલું." તે વાત ખરી છે કે મે મારા ૧૬૪ ના નિવદનમાં એવી હકીકત લખાવેલી નથી કે "રાકેશે ઉત્કર્ષને પેટમાં ચપ્પુ મારેલુ.” તે વાત ખરી નથ કે સરતપાસમાં જે હકીકતો જણાવેલી છે મે મને શીખવાડમાં આવેલી તે

રીતે નામદાર કોર્ટમાં જણાવેલીછે. તે વાત ખરી નથી કે સરતપાસમાં જે વિગતે મે બનાવ બન્યાનું જણાવેલ છે. તેવો કોઈ બનાવ બનેલ નથી અને હુ બનાવ સ્થળે હાજર ન હોવા છતા ખોટો સાક્ષી બની નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી છે કે મે નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ મુદામાલ હથીયારનુ વર્ણન જાહેર કરેલ નથી. તે વાત ખરી નથી કે હથીયાર હુ ખોટી રીતે ઓળખી બતાવુ છુ. તે વાત ખરી નથી કે આરોપીઓને હુ આરોપી તરીકે સોસાયટીમાં રહેતા હોવાના કારણે ખોટી રીતે ઓળખી બતાવુ છુ."

**૧૪.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, પુનરોકિતના જોરે પણ ટાંકવુ જરૂરી થઈ પડે છે કે હાલના સાહેદ પણ બનાવ બન્યો તે માતૃભકિત સોસાયટીના રહેવાસી છે, મારનાર અને ઈજા પામનાર ના હમ ઉમરના છે, મિત્ર છે, નવરાત્રિનો તહેવાર બનાવ વખતે હતો તેથી ગરબા માટે ભેગા થયેલા છે, ઈજા પામનાર સાહેદ અને સાહેદ નં.૩ હરીશંકર કમલાપતિ ના પુરાવાથી આ સાહેદ હાજર હોવાનું પણ અનુમોદન મળે છે. આ સાહેદનો પુરાવો પણ આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગિરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ ની સંડોવણી માટે આપેલ પુરાવા સિવાયનો પુરાવો વિશ્વસનીય અને સાતત્યપૂર્વકનો જણાઈ આવે છે.

આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ માટે સંડોવણી માટે પુરાવામાં એવું જણાવે છે કે " પરશુરામને બ્રીજેશે, નરેશે અને રવિએ પકડેલ હતો.." જે માટે આ જ સાહેદ ઉલટતપાસમાં સ્વીકારે છે કે આંક-૫૫ ના સી.આર.પી.સી. ના કલમ-૧૬૪ ના નિવેદનમાં આવી હકીકત જેમ કે બ્રીજેશે અને રવિએ પરશુરામને પકડેલ હતો તેવી હકીકત લખાવેલ નથી. આમ, આ બે આરોપીઓ બ્રીજેશ અને રવિ પૂરતી હાલના સાહેદ વિરોધાભાસી હકીકતો જણાવે છે કે જે મૂળતઃ આરોપી નં.૩ બ્રીજેશ અને આરોપી ન.૫ સુધાકર ઉર્ફે રવિની સંડોવણી બાબતે અસરકર્તા છે. આમ તે સિવાયનો અન્યથા સમગ્ર પુરાવો ફરિયાદપક્ષને સમર્થનકર્તા હોય

વિશ્વસનીય છે.

૧૫. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૫ વિજય રામવિલાસ બીંદને આંક–૬૨થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ માતૃભક્તિ સોસાયટી, સીટીએમ ખાતે છેલ્લા તેર વર્ષથી રહે છે. તેમના પરીવારમાં મારા માતા પિતા અને ભાઈ છે. તેઓ ટીવાયબીકોમમાં અભ્યાસ કરતા હતા. તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાની આસપાસ માતૃભક્તિ સોસાયટીમાં ત્રીજી લાઈનમાં ગરબા શરૂ થયેલા. તે વખતે ગરબા રમતા હતા. તેઓ પરશુરામ તથા બીજા અન્ય ગરબા ગાતા હતા. આ વખતે મનીષ તથા બ્રીજેશ ગોસ્વામી ગરબા ગાતા હતા ત્યારે વચ્ચે આવેલા ત્યારે પરશુરામે મનીષને સાઈડમાં ખસવા માટે જણાવેલુ જેથી મનીષ અને પરશુરામ વચ્ચે બોલાચાલી થયેલી. મનીષે પરશુરામને કહેલુ કે તુ તારુ કામ કર. ત્યારબાદ મનીષ અને બ્રીજેશ ગોસ્વામી ત્યાંથી ચાલ્યા ગયેલા અને અમે ગરબા રમવાનું ચાલુ રાખેલુ. ત્યારબાદ તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના ત્રણ સાડા ત્રણ વાગે ઝગડો થયેલો બુમાબુમ થયેલી. ત્યારે પરશુરામન અને મનીષ વચ્ચે ઝગડો થઈ ગયેલો તે વખતે હુ ત્યાં ગયેલો અને મે જોયેલ તો મનીષના પપ્પા નરેશભાઈ, મનીષ, રાકેશ, બ્રીજેશ ગોસ્વામી નો પરશુરામ સાથે ઝગડો ચાલતો હતો. તેમાં નરેશભાઈ એ પરશુરામને પકડી રાખેલો અને રાકેશ તેમજ મનીષના હાથમાં ચપ્પા હતા અને બ્રીજેશ બાજુમાં ઉભો રહીને બુમો પાડતો હતો કે મારો સાલાને. મનીષે પ્રથમ ચપ્પુ પરશુરામને મારેલુ તે ડાબા ખભાની નીચે મારેલુ અને બીજુ ચપ્પુ રાકેશે પરશુરામને મારેલુ જે કમરના નીચેના ભાગે મારેલુ. ત્યારબાદ ઉત્કર્ષ બચાવ માટે આવેલો જેથી મનીષે ઉત્કર્ષને ચપ્પુ મારેલુ. સદર ચપ્પુ ઉત્કર્ષને કપાળના ભાગે તેમજ ગળાના પાછળના ભાગે પણ મારેલુ અને રાકેશે પેટના ભાગે ચપ્પુ મારેલુ. બનાવ સમયે હુ, કુશવાહ રાજકુમાર, મનીષ પટેલ, હરીશંકર કુશવાહ નાઓ ત્યાં હાજર હતા. આ તમામ

લોકો ઝગડો જોતા હતા અને રાકેશ અને મનીષના હાથમાં ચપ્પા હોઈ કોઈ છોડાવવા ગયેલ નહી. ઉત્કર્ષને રવિ સતેન્દ્ર પટેલે ફેટ મારેલી પછી બધા ભાગી ગયેલા. અન્ય લોકો આવી જતા આરોપીઓ ભાગી ગયેલા. ત્યારબાદ પરશુરામના પિતાજી આવેલા . તેઓ દશેક મીનીટમાં આવેલા. ત્યાં પરશુરામને લોહીલુહાણ જોઈને તેના પિતાજી રોવા લાગેલા. ત્યારબાદ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવેલી અને ઉત્કર્ષ અને પરશુરામને ૧૦૮ માં બેસાડી એલજી હોસ્પીટલમાં લઈ ગયેલા. ડૉક્ટરે પરશુરામને મરણ જાહેર કરેલો અને ઉત્કર્ષની હાલત ગંભીર હોઈ તેને વીએસ હોસ્પીટલમાં લઈ જવા ડૉક્ટર સાહેબે જણાવેલુ. હુ એલજી હોસ્પીટલમાં રોકાયેલો અને વીએસ હોસ્પીટલ ગયેલો નહી. પરશુરામ પાસે કોઈ હતુ નહી જેથી હુ તેની પાસે રોકાયેલો. પોલીસે મારી પુછપરછ કરેલી. ત્યારબાદ મને અઠવાડીયા પછી રામોલ પો.સ્ટે.ને બોલાવેલો અને મને પુછેલુ કે તમે ઘટના સ્થળે હતા તો મે હા પાડેલી. મને પુછપરછ કરીને ઘરે જવા જણાવેલુ અને તમને પછી બોલાવવામાં આવશે તેમ જણાવેલુ. ત્યારબાદ મને કોર્ટમાં જવાનું પોલીસે જણાવેલુ. કોર્ટમાં જવા માટે હરીશંકર, ધીરજ તિવારી, રાજકુમાર તથા મનીષને પણ જણાવેલુ. ત્યારબાદ કોર્ટમાં બધાને વારા ફરતી એક પછી એક જણને બોલાવેલા. ત્યારબાદ જજ સાહેબે પુછવાનું શરૂ કરેલુ અને જે બનાવ બનેલો તે એક એક કરીને જણાવેલુ. મે ત્યાં નિવેદન આપેલુ. ક્રી.પ્રો.કોડની કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન આંક–૬૩ થી રજૂ છે. તેઓ આરોપીઓને ઓળખી શકે. બનાવ સમયે આરોપીઓના હાથમાં જે મુદામાલ હથીયાર હતા તે ઓળખી શકે. આરોપી મનીષના હાથમાં ધારદાર ચપ્પુ હતુ જે ખાંચાવાળુ હતુ અને બીજા આરોપી રાકેશના હાથમાં જે ચપ્પુ હતુ તે સીધુ ચપ્પુ હતુ. મુદામાલ પાવતી નં–૩૦૦/૨૦૧૭ થી કબજે કરવામાં આવેલ મુદામાલ ખંજર છે. આ ચપ્પુ આરોપી મનીષના હાથમાં હતુ. મુદામાલ પાવતી નં–૩૦૩/૨૦૧૭ થી કબજે કરવામાં આવેલ અનુક્રમ નં–૧૭ વાળુ મુદામાલ છરો છે. જે ચપ્પુ આરોપી રાકેશના હાથમાં હતુ.

૧૫.૧ સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "૧૦૮ ને ફોન કર્યો તે સમયે ચાર થી સાડા ચારનો સમય થયેલો. ૧૦૮ ચાર સાડા ચાર ના આસપાસ આવેલી. અમે હોસ્પીટલમાં પાંચ વાગ્યાની આસપાસ પહોચેલા. ૧૦૮ એકજ આવેલી. હુ ૧૦૮ માં સાથે નહી પરંતુ પાછળથી ગયેલો. એલ.જી. હોસ્પીટલમાં પરશુરામને ક્યાં ડૉક્ટરે તપાસેલો તેનું નામ મને ખબર નથી. પરશુરામને ઇમરજન્સી વોર્ડમાં તપાસેલો. પરશુરામને ડૉક્ટરે તપાસ્યો ત્યારે ઉત્કર્ષ પણ એલજી હોસ્પીટલમાં હતો . પરશુરામ તથા ઉત્કર્ષના ખાટલા થોડે થોડે દુર હતા. જ્યારે પરશુરામને તપાસ્યો તેજ વખતે ઉત્કર્ષને પણ અન્ય ડોક્ટર દ્વારા તપાસવામાં આવેલો.તે વાત ખરી છે કે અમે લોકો હોસ્પીટલમાં પહોચ્યા ત્યારે ઘણા બધા લોકો ત્યાં ભેગા થઈ ગયેલા હતા. તે વાત ખરી છે કે તે સમયે ઘણા બધા માતૃભક્તિ સોસા.ના રહીશો ત્યાં આવી ગયેલા. તે વાત ખરી છે કે તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ જ્યારે પહેલો ઝગડો થયેલો ત્યારે પણ સોસાયટીના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા. સવાલ–તમે તમારી સરતપાસમાં પહેલા ઝગડા વખતે જે લોકો ભેગા થઈ ગયેલા તેના નામ સરતપાસમાં આપ્યા છે તે સિવાય અન્ય ભેગા થઈ ગયેલા લોકોના નામ જણાવી શકો? જવાબ– તે સમયે રવિ કુશવાહ, ડાંગી ધર્મેન્દ્ર, કુર્મી રાજકુમાર તથા અન્ય લેડીઝો હાજર હતી. તે વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં તેમજ ૧૬૪ ના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે"તા.૨૯/૦૯/ ૨૦૧૭ ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાની આસપાસ માતૃભક્તિ સોસા.માં ત્રીજી લાઈનમાં ગરબા શરૂ થયેલા. તે વખતે અમે ગરબા રમતા હતા હુ પરશુરામ તથા બીજા અન્ય ગરબા ગાતા હતા. આ વખતે મનીષ તથા બ્રીજેશ ગોસ્વામી ગરબા ગાતા હતા ત્યારે વચ્ચે આવેલા ત્યારે પરશુરામે મનીષને સાઈડમાં ખસવા માટે જણાવેલુ જેથી મનીષ અને પરશુરામ વચ્ચે બોલાચાલી થયેલી. મનીષે પરશુરામને કહેલુ કે તુ તારુ કામ કર. ત્યારબાદ મનીષ અને બ્રીજેશ ગોસ્વામી ત્યાંથી ચાલ્યા ગયેલા અને અમે ગરબા રમવાનું ચાલુ રાખેલુ"

"પહેલો ઝગડો માત્ર પાંચ દશ મીનીટ ચાલેલો જેમાં બોલાચાલી થયેલી. તે વાત ખરી છે કે બોલાચાલી સામ સામી થયેલી. મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે "ગઈકાલ તા.૨૯/૦૯/૨૦૧૭ ના રાત્રીના આશરે દશ સાડા દશ વાગ્યાની આસપાસ અમારી સોસાયટીમાં ગરબા શરૂ થયેલ અને અમારી સોસા. ના માણસો તથા સ્ત્રીઓ ગરબા ગાતી હતી અને હુ અને મારા મિત્રો સાથે ગરબા જોતો હતો તે દરમ્યાન આજરોજ તા.૩૦/૦૯/૨૦૧૭ ના રાત્રીના કલાક સાડા ત્રણેક વાગ્યાના સુમારે અમારી સોસા.ની લાઈન નં-૩ ની પાસે એકદમ બુમાબુમ થતા હુ ત્યાં ગયેલો અને જોયેલુ તો ત્યાં ઝગડો થતો હતો સવાલ- ગરબામાં જે સ્ત્રીઓ હાજર હતી તેના નામ તમે જણાવી શકો? જવાબ- મોરીયા કાજલ તથા તેની બહેનપણીઓ જેના નામ મને ખબર નથી તે હાજર હતા. અમારી સોસાયટીની આશરે દશ બાર સ્ત્રીઓ ગરબામાં હતી. તે વાત ખરી છે કે સદર સ્ત્રીઓ અમારી સોસાયટીની હોઈ મને તે અંગે ખબર પડે. તે વાત ખરી નથી કે મે સરતપાસમાં તથા ઉલટ તપાસમાં જે કાંઈ નામ જણાવ્યા તે તમામ મારા મિત્રો થાયછે. મે જેઓના સરતપાસ તેમજ ઉલટ તપાસમાં નામ આપ્યા તેઓને હુ બનાવ પહેલા છ સાત વાગે મળેલો. તે વાત ખરી છે કે તે સમયે અમારે માત્ર વાતચીત થયેલી. તે વાત ખરી નથી કે સદર વાતચીતમાં એવુ નક્કી થયેલુ કે આજે મનીષ જોડે ઝગડો કરવો અને તેને મારવો. રાજકુમાર કુશવાહ માતૃભક્તિ સોસા.ની બીજી લાઈનમાં રહે છે. તેના ઘરનો નંબરની મને ખબર નથી. મનીષ પટેલ પણ બીજી લાઈનમાંજ રહે છે. તેના ઘરનો નંબર પણ મને ખબર નથી. હરીશંકર કુશવાહ સદર સોસાયટીમાં રહેતો નથી પરંતુ બાજુમાં આવેલી કેવડાવાળી ચાલીમાં રહે છે. કુર્મી રાજકુમાર તથા કુશવાહ રાજકુમાર બંન્ને અલગ અલગ છે. કુર્મી રાજકુમારને મારે સૌ પ્રથમ કેટલા વાગે જોવાનો પ્રસંગ બન્યો તે મને યાદ નથી.કુર્મી રાજકુમારને સૌ પ્રથમ ઝગડો ચાલતો હતો તે સ્થળે જોયેલો. કુર્મી રાજકુમાર માતૃભક્તિ સોસા.ની બીજી લાઈનમાં રહે છે. તેના ઘરનો નંબર મને ખબર નથી. મે કુર્મી રાજકુમારને પ્રથમ ઝગડા વખતે

જોયેલો નહી. ધર્મેન્દ્ર ડાંગી રામોલમાં આવેલ જામફળવાળીમાં રહે છે. તે વાત ખરી નથી કે જામફળવાળી વટવામાં આવેલ છે. તે વાત ખરી નથી કે ધર્મેન્દ્ર ડાંગીને મે પહેલા ઝગડા વખતે જોયેલો. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે બીજા ઝગડા વખતે જોયેલો. ધર્મેન્દ્ર ડાંગી અમારી સાથે હોસ્પીટલ આવેલો નહી."

"બનાવ સમયે આશરે સીતેર થી એશી લોકો ગરબા રમતા હતા.તે વાત ખરી છે કે અમારી સોસાયટીના લોકો કે જે ગરબા રમતા હતા તે આશરે સીતેર થી એંશી લોકો હશે. તે વાત ખરી નથી કે પ્રથમ ઝગડો થયો તે વખતે ગરબો ડીસ્ટર્બ થઈ જતા બધા ભેગા થઈ ગયેલા. એવુ બનેલુ નહી કે ઝગડો એકબીજાની સામે જોવાના કારણે થયેલો. તે વાત ખરી છે કે મે જજ સાહેબ રૂબરુ એવી હકીકત લખાવેલી કે" ગઈ તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ ૩–૦૦ થી ૩–૩૦ વાગ્યાની કોર્ટમાં હુ કંઈ તારીખે ગયેલો તે મને હાલમાં યાદ નથી. કોર્ટમાં હુ તથા સરતપાસમાં જણાવેલા અન્ય ઈસમો સાથે ગયેલા. કોર્ટમાં જવા માટે પરશુરામના પપ્પાએ કહેલુ નહી પરંતુ પોલીસે કીધેલુ. પોલીસે કોર્ટમાં જવા માટે મને સમન્સ આપેલો. કોર્ટમાં જવા માટેનો સમન્સ મને તારીખના બે ત્રણ દીવસ પહેલા આપવામાં આવેલો. સદર તારીખ મને યાદ નથી. કોર્ટમાં હુ સાતમા માળે ગયેલો. કોર્ટમાં જે દીવસે હુ ગયો ત્યારબાદ મને ફરીથી કોર્ટમાં બોલાવેલો નહી. અમને બધાને એકસાથે કોર્ટરૂમમાં લઈ જવામાં આવેલા નહી. અમે કોર્ટમાં સવારે સાડા દશ વાગે પહોચેલા અને અમે કોર્ટમાં ચારથી સાડા ચાર વાગ્યા સુધી રોકાયેલા. તે વાત ખરી છે કે કોર્ટમાં અંદર પોલીસની સુચના મુજબ અમે વારાફરતી ગયેલા. સૌ પ્રથમ કોર્ટમાં અમારામાંથી કોણ ગયેલુ તે મને હાલમાં યાદ નથી. એવુ બનેલુ નહી કે અમને બપોરે ત્રણ વાગે બોલાવેલા હોય અને અમે ત્રણ વાગે કોર્ટમાં ગયા હોઈએ. મે કોર્ટમાં વાંચીને સહી કરેલી. મને આંક–૬૩ થી રજુ ૧૬૪ નું નિવેદન બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં બપોરે ત્રણવાગે હાજર રહેવા નોટીસ કરવામાં આવેલી તેમ લખેલુ છે.અમે કોર્ટમાં ગયા ત્યાં જજ સાહેબે પ્રશ્નો કરેલા. અમારી પાસે કોર્ટે કંઈ

માંગેલુ નહી. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે આઈડી પ્રુફ માગેલુ. સાહેબે શુ ઘટના બનેલી તેમ પુછેલુ. પ્રશ્નો શુ પુછેલા તે યાદ નથી. સાહેબ પ્રશ્નો પુછતા હતા અને હુ લખાવતો હતો. નિવેદન નોંધવામાં એકથી દોઢ કલાક લાગ્યો હશે પરંતુ ચોક્કસ ખ્યાલ નથી. મને હુ નિવેદન આપવા માટે બંધાયેલો નથી તેવુ પુછેલુ તે અનુસંધાને મે કોર્ટને નિવેદન આપવા હા પાડેલી. મે પોલીસને એવુ પુછેલુ નહી કે મારે કોર્ટમાં નિવેદન આપવા શા માટે જવાનું છે. તે વાત ખરી નથી કે સરતપાસની વિગતે તેજ પ્રમાણેની વિગતે મે બનાવ બન્યાનું કોર્ટ રૂબરુ ૧૬૪ ના નિવેદનમાં લખાવેલુ નથી. તે વાત ખરી છે કે માતૃભક્તિ સોસાયટીમાં જેટલી ગલી આવેલી છે તે તમામ ગલીમાં ગરબા ચાલતા હતા. તે વાત ખરી છે કે જે જગ્યાએ ગરબા ચાલતા હતા તે જગ્યાએ લાઉડ સ્પીકર લગાડેલા હતા. તે વાત ખરી નથી કે તે સમયે કેટલીક ગલીમાં ડીજે સીસ્ટમ લગાડેલી હતી. તે વાત ખરી નથી કે જે જગ્યાએ લાઉડ સ્પીકર દ્વારા ગરબા થતા હતા ત્યાં ઢોલ હતા. લાઉડ સ્પીકર માં ફોનના માધ્યમથી ગરબા વગાડવામાં આવતા હતા. તે વાત ખરી છે કે મે કોર્ટ રૂબરુ જે મુદામાલ હથીયાર ઓળખી બતાવ્યા તેનું વર્ણન મારા પોલીસ રૂબરુના નિવેદનમાં તેમજ સીઆરપીસીની કલમ-૧૬૪ ના નિવેદનમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે બનાવની હકીકતમાં મને પોલીસ પુછતી હતી અને હુ લખાવતો હતો. તે વાત ખરી નથી કે બનાવના દીવસે ૧૦૮ અમારી સોસાયટીની ગલી નંબર-૩ માં આવેલી. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે કેનાલ ઉપર આવેલી. જે જગ્યાએ બનાવ બન્યો તે જગ્યાની બાજુમાં ક્યાં નંબરનું મકાન આવેલુ છે તે હુ કહી શકુ નહી પરંતુ ત્યાં રવિ વર્માનું મકાન આવેલુ છે. રવિ વર્માના મકાનમાં રવિ પોતે તથા તેના માતૃશ્રી રહે છે. તે વાત ખરી છે કે જે જગ્યાએ બનાવ બન્યો તે જગ્યાએ સામાસામી મકાનો આવેલા છે. તે વાત ખરી નથી કે રવિવર્મા મારો ભાઈબંધ છે. રવિવર્માને હુ સોસાયટીમાં રહેતો હોઈ બે ત્રણ વર્ષથી ઓળખુ છુ. આરોપી મનીષને તથા પરશુરામને હાલના બનાવ પહેલા ઝગડો થયેલો નહી. મનીષ ડાંગી સિવાય હુ અનિલ

ડાંગી અને ધર્મેન્દ્ર ડાંગીને ઓળખુ છુ. તે વાત ખરી નથી કે અનિલ ડાંગી અને ધર્મેન્દ્ર ડાંગી ઉપર કેસો થયેલા છે. આરોપી મનીષ ડાંગી કેટલા વર્ષથી સોસાયટીમાં રહે છે તેમ પુછતા જણાવુ છુ કે છેલ્લા બાર તેર વર્ષથી હુ જ સોસાયટીમાં રહુ છુ અને તે અમારા પહેલાથી રહે છે. બનાવ બન્યો તે જગ્યાએ આજુબાજુમાં ત્રણ ચાર મકાનો આવેલા છે. બનાવ બન્યો તે લગીમાં ચાર મકાનો છે. સદર ચાર મકાનોમાં કોણ રહે છે તે વિશે હુ કહી શકુ નહી. ૧૦૮ માં પરશુરામના ફાધર તથા મધર ગયેલા તે સિવાય અન્ય લોકો ગયેલા પરંતુ કોણ ગયેલુ તે મને હાલમાં ખ્યાલ નથી. તે વાત ખરી છે કે ૧૦૮ માં જે લોકો ગયેલા તે સોસાયટના વ્યક્તિઓ હતા. તે વાત ખરી નથી કે પરશુરામ તથા ઉત્કર્ષને એક જ ૧૦૮ માં લઈ જવામાં આવેલા. ઉત્કર્ષને ૧૦૮ માં લઈ ગયેલા અને તેની સાથે કોણ ગયેલુ તે મને ખ્યાલ નથી. તેની સાથે કોઈક ગયુ તો હશે. ઉત્કર્ષ સાથે ૧૦૮ માં અન્ય લોકો ગયેલા અને તે લોકો સોસાયટીના હતા. તે વાત ખરી નથી કે સરતપાસની વિગતે જણાવેલી તમામ હકીકતો ખોટી જણાવેલી છે. તે વાત ખરી નથી કે હથિયાર તેમજ આરોપીને મે ખોટી રીતે ઓળખી બતાવેલા છે. તે વાત ખરી નથી કે ભોગ બનનાર મિત્રો થતાં હોઈ તેમના સમર્થનમાં ખોટો સાક્ષી બની ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી છે કે ગઈ મુદતે તેમજ પરશુરામના પિતા મારી સાથે કોર્ટમાં આવેલા છે."

**૧૫.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, પુનરોકિતના જોરે અત્રે ટાંકવુ જરૂરી થઈ પડે છે ક આ સાહેદ પણ બનાવ બન્યો એ જ માતૃભકિત સોસાયટીના રહેવાસી છે, મરણજનાર – ઈજાપામનાર– મારનાર ના હમ ઉમરના છે, મિત્ર છે, નવરાત્રિનો તહેવાર હોય ગરબા છે જેથી તેઓની પણ હાજરી ત્યાં હોવાનુ માની શકાય તેમ છે.

આરોપી પક્ષ દ્વારા એકમાત્ર બચાવ ઝગડાના કારણને લઈને લીધેલાનું ફલિત થઈ આવે છે. જેમ કે હાલના સાહેદ સરતપાસના પુરાવામાં બનાવ જે તારીખ ૩૦/૦૯/૨૦૧૭ ના રોજ બન્યો તેના આગલા દિવસે તારીખ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ થયેલા ઝગડા અંગે

પણ જણાવે છે. જે માટે આરોપી પક્ષ દ્વારા ઉલટતપાસ દરમ્યાન આ સાહેદ દ્વારા સ્વીકૃત કરેલ પુરાવાથી એ પુરવાર કરેલ છે કે આવા તારીખ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ થયેલ ઝગડા અંગે આ સાહેદના આંક–૬૩ થી નોંધાયેલા સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં આ હકીકત જણાવાયેલ નથી. તેમજ આ જ આંક–૬૩ ના નિવેદનમાં એવી પણ હકીકત *"..ગઈ તારીખ ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ ૩.૦૦ થી ૩.૩૦ વાગ્યાની આસાપાસ માતૃભક્તિ સોસાયટીની બીજી લાઈનમા ગરબો થતો હતો ત્યારે રવિ, રાકેશ, મનીષ અને બ્રીજેશ આવેલા તે લોકો ઉત્કર્ષ અને પરશુરામને ધારીધારીને જોતા હતા અને ત્યારબાદ મનીષે આ ઉત્કર્ષ અને પરશુરામ સાથે બોલાચાલી કરેલી.."* લખાવેલાનુ સ્વીકૃત હકીકતવાળો ઉલટતપાસનો પુરાવો નોંધાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ ૨૯–૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજનો મધ્યરાત્રિનો બનાવ હોય તેથી ઝગડા માટે સાહેદ એક તબકકે તારીખ ૨૯/૦૯/૨૦૧૭ અને એક તબકકે તારીખ ૩૦/૦૯/૨૦૧૭ હોવાનું જણાવતા હોય તે માનવીય રીતે સાહજીક સ્વરૂપે જણાવતા હોવાનું ફલિત થઈ આવે છે કે જેનાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મૂળતઃ અસરકર્તા નથી. બનાવ બનેલો હોય અને બનાવમાં ઈજા પામનાર સાહેદ હોય અને નજરે જોનાર સાહેદ હોય તેવા સંજોગોમાં પુનરોકિતના જોરે પણ ટાંકવુ જરૂરી છે કે બનાવનુ કારણ અસ્થાને રહે છે. જેથી બનાવના કારણમાં જુદી–જુદી હકીકત માત્રથી પુરાવો અવિશ્વસનીય થઈ જતો નથી. તે રીતે પણ આમ આ નજરે જોનાર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસને અનુમોદન કરતો અને વિશ્વસનીય જણાઈ આવે છે.

૧૬. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૬ રાજકુમાર જયદ્રથસિંહ કુશવાહને આંક–૬૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ ૧૫૮, માતૃભક્તિ સોસા. સી.ટી.એમ., અમરાઈવાડી ખાતે મારા પરીવાર સાથે મારા જન્મથી રહુ છુ. બનાવ સમયે હુ આઈટીઆઈનો અભ્યાસ કરતો હતો. બનાવ વખતે નવરાત્રીનો તહેવાર હતો. તે વખતે અમારી સોસાયટીમાં ગરબાનો પોગ્રામ હતો. બનાવ

તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના દશ સાડા દશ વાગ્યાની આસપાસ બનેલો. આ વખતે ગરબા શરૂ થયેલા. ત્યાં ઘણા બધા લોકો ગરબા ગાતા હતા. તેઓ આ ગરબા જોતા હતા. તે વખતે સાથે તેમના મિત્રો હતા. તે વખતે મનીષ ડાંગી તથા બીજા તેના મિત્રો ત્યાં આવેલા આ લોકો ત્યાં ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચોવચ ઉભા રહેલા. તે વખતે પરશુરામ પટેલનાઓએ આ લોકોને સાઈડમાં ખસી જવા જણાવેલુ. તે વખતે બોલાચાલી થયેલી તે વખતે બોલાચાલી પરશુરામ તથા મનીષ ડાંગી વચ્ચે થયેલી. ત્યારબાદ મનીષ અને તેના મિત્રો ત્યાંથી જતા રહેલા. તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સવારના ૩–૩૦ વાગે તે લોકો પાછા આવેલા. જેમાં મનીષ ડાંગી તથા તેના મિત્રો હતા. મનીષ ડાંગી સાથે રાકેશ યાદવ, બ્રીજેશગીરી સમાગીરી ગોસ્વામી તથા અન્ય જેના નામો હાલ યાદ નથી તે આવેલા. આ લોકો પાછા ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચે આવીને ઉભા રહેલા. તે વખતે પરશુરામે મનીષને સાઈડમાં ખસી જવા જણાવેલું. તે વખતે ફરીપાછી આ બંન્ને વચ્ચે બોલાચાલી થયેલી. બાદ બંન્ને જણા ગરબાની બહાર જતા રહેલા. ત્યારબાદ પરશુરામ અને મનીષની વચ્ચે હાથાપાઈ થયેલી. આ વખતે ઝગડો ચાલુ હતો ત્યારે નરેશભાઈ ડાંગી એ પરશુરામને પકડી લીધેલો. તે વખતે બ્રીજેશ ગોસ્વામી ત્યાં ઉભો હતો અને કહેતો હતો કે મારો સાલેકો. ત્યારબાદ મનીષ ડાંગી અને રાકેશ યાદવે ચપ્પુ કાઢેલુ અને મનીષે પરશુરામને ચપ્પુ મારેલુ. મનીષ ડાંગીએ પરશુરામને ડાબા હાથની નીચેના ભાગે ચપ્પાનો ઘા મારેલો. અને રાકેશ યાદવે પીઠની નીચે કમરના ભાગે ચપ્પાનો ઘા મારેલો. આ વખતે ઉત્કર્ષ ડાંગી છોડાવવા માટે વચ્ચે પડેલો તે પરશુરામને છોડાવવા વચ્ચે પડેલો. તે વખતે મનીષ ડાંગીએ ઉત્કર્ષને ચપ્પુ મારેલુ. ઉત્કર્ષને ગળાના પાછળના ભાગે ચપ્પુ મારેલુ અને બીજો ઘા માથાના ભાગે મારેલો. અને રાકેશે ઉત્કર્ષને પેટના ભાગે ચપ્પાનો ઘા મારી દીધેલો. આ વખતે કુશવાહ હરીશંકર, બીન્દ વિજય, તિવારી ધીરજ તથા બીજા અન્ય લોકો હાજર હતા. તે વખતે હુ ત્યાં ગયેલ નહી. કારણ કે તેમના હાથમાં ચાકુ હતા.

ત્યારબાદ ત્યાં પરશુરામના પિતા આવેલા. તે વખતે અમે બધા ત્યાં છોડાવવા જતા મનીષ ડાંગી તથા તેના મિત્રો ત્યાંથી ભાગી ગયેલા. તે સમયે બનાવવાળી જગ્યાએ પરશુરામ તથા ઉત્કર્ષ પડેલા હતા. અને લોહીલુહાણ હાલતમાં હતા. ત્યાં કોઈકે ૧૦૮ ને ફોન કરેલો. ૧૦૮ આવતા પરશુરામ અને ઉત્કર્ષને એલજી હોસ્પીટલમાં લઈ ગયેલા. ત્યાં અગાડે પરશુરામ અને ઉત્કર્ષ ડાંગીની સારવાર ચાલતી હતી. પોલીસે આ સબંધે મારી પુછપરછ કરી નિવેદન નોધેલુ. પોલીસે મારી બે વખત પુછપરછ કરેલી તારીખ ૩૦/૦૯/૨૦૧૭ તથા તારીખ ૦૫/૧૦ /૨૦૧૭ ના રોજ કરેલી. તારીખ ૦૫/૧૦/૨૦૧૭ ના રોજ રામોલ પો.સ્ટેશને નિવેદન નોંધવા બોલાવેલો. પોલીસે જે પુછેલુ તે લખાવેલુ. તે વખતે રવિ પટેલનું નામ લખાવેલુ. રવિ પટેલે ઉત્કર્ષ ડાંગીને ફેટ મારેલી. અગાઉના નિવેદનમાં રવિ પટેલ માથાભારે ઈસમ હોઈ તેનું નામ લખાવેલુ નહી. બનાવ સમયે તેઓ ત્યાં હાજર હતા. બનાવના એક સપ્તાહ પછી પોલીસે કોર્ટમાં જવાનું જણાવેલુ અને ઘી કાંટા કોર્ટમાં ગયેલા. કોર્ટનં-૧૭ માં ગયેલા અને નિવેદન લખાવેલુ. નિવેદનમાં જજ સાહેબે જે પુછપરછ કરેલી તે પ્રમાણે લખાવેલુ. નિવેદનમાં સહી કરેલી. ક્રી.પ્રો.કોડની કલમ-૧૬૪ અન્વયેનું નિવેદન ઓળખે છે જે આંક-૬૭ થી રજુ છે. સાહેદ આરોપીઓ મનીષ ડાંગી, નરેશભાઈ ડાંગી, બ્રીજેશ ક્ષમાગીરી ગોસ્વામી ને ઓળખે છે. મનીષ ડાંગી અને રાકેશ યાદવ પાસે જે ચપ્પુ હતુ. મનીષ ડાંગી પાસે ખાંચાવાળુ ચપ્પુ હતુ રાકેશ યાદવ પાસે પ્લેન ચપ્પુ હતુ. મુદામાલ આર્ટીકલ નં-૧૨ થી કબજે કરવામાં આવેલ ચપ્પુ જે મનીષ ડાંગીના હાથમાં હતુ. મુદામાલ આર્ટીકલ નં-૧૭ થી કબજે કરવામાં આવેલું ચપ્પુ જે રાકેશ યાદવના હાથમાં હતુ.

**૧૬.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ નિવેદન આપવા માટે પોલીસે મને બોલાવેલો કે હુ જાતે પોલીસ સ્ટેશને ગયેલો તેમ પુછતા જણાવુ છુ કે એલજી હોસ્પીટલમાં નિવેદન આપેલુ. નિવેદન આપ્યાનો સમય મને હાલમાં યાદ નથી આવતો. સવારે આઠ નવ વાગે નિવેદન નોંધેલુ

કે કેમ તેમ પુછતા જણાવુ છુ કે તે મને હાલમાં યાદ નથી. તા.૦૫/૧૦/૨૦૧૭ ના રોજ પોલીસે મને પોલીસ સ્ટેશને બોલાવેલો. મને સમન્સ આપેલો. સમન્સની કોપી હાલમાં મારી પાસે નથી. પોલીસે મને સમન્સ એક બે દીવસ પહેલા આપેલો. મે પોલીસને તા.૦૫/ ૧૦/૨૦૧૭ અગાઉ હુ કોઈ હકીકત જણાવવા માગુ છુ તેવુ જણાવેલુ નહી. તે વાત ખરી નથી કે તા.૦૫/૧૦/ ૨૦૧૭ ના રોજ મારી સાથે નિવેદન લખાવવા માટે હરીશ કુશવાહ, ધીરજ તિવારી, બીન્દ અને મનીષ પટેલ આવેલા નહી સાહેદ સ્વૈછાએ જણાવે છે કે હુ એકલો ગયેલો. તે વાત ખરી નથી કે હુ પોલીસ સ્ટેશને ગયો ત્યારે ઉપરોક્ત ચારેય ઈસમો ત્યાં હાજર હતા. હુ પોલીસ સ્ટે.ને રોકાયેલો તે સમય દરમ્યાન ઉપરોક્ત ચાર ઈસમોને જોયેલા કે કેમ તે મને હાલમાં યાદ નથી આવતુ. હુ તા.૦૫/૧૦/૨૦૧૭ ના રોજ સાંજના પાંચથી છ વાગ્યાના અરસામાં પોલીસ સ્ટેશને ગયેલો. હુ ત્યાં એક થી દોઢ કલાક માટે રોકાયેલો. મે પોલીસને પુછેલુ કે મને શા માટે બોલાવેલો છે કે તો પોલીસે જણાવેલુ કે નિવેદન લેવા માટે બોલાવેલો છે. મને એ વાત હાલમાં યાદ નથી આવતી કે મે પોલીસને મારૂ પહેલા નિવેદન થઈ ગયેલુ છે તેમ જણાવેલ હોય કે કેમ. એવુ બનેલ નથી કે બનાવની હકીકતો જોતા ડર લાગતા હુ બનાવવાળી જગ્યાએથી જતો રહેલ હોઉ અને બાદમાં પાછો ફરેલ હોઉ. મે જજ સાહેબને એવી હકીકત લખાવેલી નહી કે"ત્યારબાદ મને બીક લાગતા હુ ત્યાંથી જતો રહેલો થોડીવાર બાદ બનાવ સ્થળે આવેલ અને કોઈએ ૧૦૮ બોલાવેલ અને પરશુરામ અને ઉત્કર્ષને એલજી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ" એલજી હોસ્પીટલમાં સાહેબ પુછતા હતા અને હાથથી લખતા હતા.”

"બે ૧૦૮ આવેલી પરંતુ પરશુરામ અને ઉત્કર્ષ બંન્ને એક ૧૦૮ માં સાથે ગયેલા. ૧૦૮ માં પરશુરામના પિતા તથા ઉત્કર્ષનો ભાઈ સાથે ગયેલા. મે પરશુરામ અને ઉત્કર્ષ જે જગ્યાએ પડી ગયેલા તે જગ્યા પોલીસ ને બતાવેલી. કંઈ તારીખે અને ક્યાં સમયે તે જગ્યા બતાવેલી તે મને હાલમાં યાદ આવતુ નથી. બનાવના બીજા કે ત્રીજા દીવસે કે

ક્યાં દીવસે જગ્યા બતાવેલી તે પણ મને યાદ નથી. પોલીસને સદર જગ્યા બતાવી તે વખતે હુ એકલો જ પોલીસ સાથે હાજર હતો. પોલીસે તે જગ્યાએ કોઈ લખાણ કરેલુ કે કેમ તેમ પુછતા જણાવુ છુ કે હુ જગ્યાએ ગયેલો નહી પરંતુ જગ્યા પોલીસ સ્ટેશનમાં જણાવેલી હવે જણાવુ છુ કે મને તે ચોક્કસ યાદ આવતુ નથી. મે જગ્યા પોલીસ સ્ટેશનમાં જણાવી તે તારીખ પણ મને હાલમાં યાદ નથી. હુ બનાવવાળી જગ્યાએથી એલજી હોસ્પીટલ રાત્રીના ચારથી સાડા ચારના અરસામાં પહોચેલો. હુ એલજી હોસ્પીટલ પહોચ્યો ત્યારે માતૃભક્તિ સોસાયટીના ઘણા બધા લોકો ત્યાં હાજર હતા . માતૃભક્તિ સોસાયટીના કેટલા લોકો ત્યાં હાજર હતા તે ચોક્કસ યાદ નથી પરંતુ વીસ થી પચ્ચીસ લોકો હશે. મે એલજી હોસ્પીટલમાં ઉત્કર્ષના ફેમીલીના બે થી ત્રણ લોકોને જોયેલા. હુ એલજી હોસ્પીટલમાં પરશુરામને પીએમ માટે લઈ ગયા ત્યાં સુધી આશરે નવ દશ વાગ્યા સુધી હાજર રહેલો. પરશુરામની બોડી નવ દશ વાગ્યા સુધી હોસ્પીટલમાં હતી કે કેમ તે મને હાલમાં ચોક્કસ યાદ નથી. મે એલજી હોસ્પીટલમાં રામોલ પો.સ્ટે.ના પોલીસ કર્મીઓને સવારે પાંચ સાડા પાંચ વાગે જોયેલા. મે પોલીસને સામે ચાલીને જણાવેલુ કે મે બનાવ નજરે જોયેલો છે.હવે જણાવુ છુ કે મને ચોક્કસ યાદ નથી આવતુ કે મે સામેથી જણાવેલુ કે કેમ. મે એલજી હોસ્પીટલમાં રામોલ પો.સ્ટે. ના પોલીસવાળાને જોયા તે વખતે પરશુરામના ઘરવાળા હાજર હતા. મે પોલીસને એલજી હોસ્પીટલમાં સૌ પ્રથમ જોઈ તે સમયે લખાણની કાર્યવાહી ચાલુ હતી. લખાણની કાર્યવાહી વખતે વિજયભાઈ બીન્દ લખાણ લખાવતા હતા. તે વખતે હુ બે થી ત્રણ ફુટના અંતરે ઉભો રહેલો. મે તે સમયે ધીરજને ત્યાં જોયેલો નહી. મે હરીશ કુશવાહને પણ ત્યાં જોયેલો નહી. તે વાત ખરી છે કે લખાણની કાર્યવાહી વખતે પરશુરામના પરીવારના લોકો પરશુરામની સારવારમાં લાગેલા હતા. હવે જણાવુ છુ કે તે વખતે પરશુરામને મરણ ગયેલ જાહેર કરી દેવામાં આવેલો હતો. તે વાત ખરી છે કે તે સમયે પરશુરામના પરીવારના લોકો પરશુરામની ડેડબોડી પાસે ઉભા હતા.હુ

એલજી હોસ્પીટલમાં પરશુરામને લઈ ગયા બાદ વીસ થી પચ્ચીસ મીનીટે એલજી હોસ્પીટલે પહોચેલો. મને એ વાતની ખબર નથી કે એલજી હોસ્પીટલમાં પરશુરામ તથા ઉત્કર્ષની સારવારના પેપર્સ કોણે કઢાવેલા. હુ એલજી હોસ્પીટલ પહોચ્યો ત્યારે બંન્ને જણાને ઈમરજન્સી વોર્ડમાં રાખવામાં આવેલા. ડૉકટર તે સમયે ઈજા પામનાર કે તેના પરીવારના લોકોને કંઈ પુછતા હતા કે કેમ તે હુ કહી શકુ નહી કારણ કે હુ અંદર ગયેલો નહી. હુ કોર્ટમાં આવ્યો તે પહેલા સામે રૂમમાં ગયેલો. તે વાત ખરી છે કે મારી સાથે આજરોજ પરશુરામના પિતા તેમજ અન્ય ઈસમો આવેલા છે. હુ રૂમમાં અન્ય એક ઈસમ સાથે ગયેલો."

"ઘી કાંટા કોર્ટમાં મારી સાથે હરીશ કુશવાહ, ધીરજ તિવારી, બીન્દ વિજય અને મનીષ પટેલ હતા. અમે ઘી કાંટા કોર્ટમાં જવા માતૃભક્તિ સોસાયટીમાંથી સાથે નીકળેલા. તે વાત ખરી નથી કે અમે કારમાં સાથે નીકળેલા અમે બાઈક ઉપર ગયેલા. મારે ઘી કાંટા કોર્ટમાં જવાનું છે તે બાબતનો સમન્સ આવેલો. સમન્સ કોર્ટમાંથી આવેલો. કંઈ તારીખે સમન્સ આવેલો તે મને હાલમાં યાદ નથી. ઘી કાંટા કોર્ટમાં ગયાના કેટલા દીવસ પહેલા સમન્સ આવેલો તે પણ મને હાલમાં યાદ નથી. મે પોલીસને નિવેદન લખાવ્યા બાદ તે વાંચેલુ."

તે વાત હાલ ચોક્કસ યાદ નથી કે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં તેમજ જજ સાહેબ સમક્ષના નિવેદનમાં એવી હકીકત કે "તા.૨૯/૦૯/ ૨૦૧૭ના રોજ રાત્રીના દશ સાડા દશ વાગ્યાના દશ સાડા દશ વાગ્યાની આસપાસ બનેલો. આ વખતે ગરબા શરૂ થયેલા. ત્યાં ઘણા બધા લોકો ગરબા ગાતા હતા હુ આ ગરબા જોતો હતો. તે વખતે મારી સાથે મારા મિત્રો હતા. તે વખતે મનીષ ડાંગી તથા બીજા તેના મિત્રો ત્યાં આવેલા આ લોકો ત્યાં ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચોવચ ઉભા રહેલા. તે વખતે પરશુરામ પટેલનાઓએ આ લોકોને સાઈડમાં ખસી જવા જણાવેલુ. તે વખતે બોલાચાલી થયેલી તે વખતે બોલાચાલી પરશુરામ તથા મનીષ ડાંગી વચ્ચે થયેલી" તે લખાવેલી કે કેમ. તે વાત ખરી છે કે તા.૨૯/ ૦૯/૨૦૧૭ ના રાત્રીના દશ થી સાડા દશના અરસામાં અન્ય સ્ત્રી અને પુરૂષો ગરબા ગાતા હતા. તે

સમયે પચાસ થી સાઈઠ લોકો ગરબા કરી રહેલા હતા અને તે બધા માતૃભક્તિ સોસાયટીના લોકો હતા. તેમાં મારા મિત્રો સિવાય સીકંદર, કુશવાહ ચંદન, રૂપેશ ચૌહાણ ને જોયેલા અને અન્ય મને યાદ આવતા નથી. તે લોકોને હુ ઓળખુ છુ. તે વાત ખરી નથી કે તેઓની સાથે મારે મુલાકાત થતી રહે છે. સીકંદર ના મકાન નંબર મને યાદ નથી પરંતુ તે ગલી નં–૩ માં રહે છે. મને રૂપેશ ચૌહાણ તથા કુશવાહ ચંદનના મકાન નંબર યાદ નથી. હુ તેઓને છેલ્લા સાત આઠ વર્ષથી ઓળખુ છુ. હુ ગલી નં–૨ માં રહુ છુ. તે વાત ખરી નથી કે માતૃભક્તિ સોસાયટીમાં પાંચ ગલી આવેલી છે. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે ચાર ગલી આવેલી છે. તે વાત ખરી છે કે તે તમામ ગલીમાં મકાનો આમને સામને આવેલા છે. તે વાત ખરી છે કે ગલી એક લાઈનમાં આવેલી છે. માતૃભક્તિ સોસાયટીમાં પ્રવેશવાના બે દ્વાર છે જે પૈકી એક પ્રશ્ચીમ દીશામાં છે અને બીજો ઉતર દીશામાં છે. તે વાત ખરી છે કે ચારેય ગલીમાં પ્રવેશવા માટે અલગ અલગ સ્વતંત્ર રસ્તા છે. તે વાત ખરી છે કે માતૃભક્તિ સોસાયટીમાં પ્રવેશીયે એટલે સામ સામે મકાનો આવે અને ત્યારબાદ એક ચોક આવે અને ચોક બાદ ફરીથી સામ સામે મકાનો આવેલા છે એવા ત્રણ થી ચાર ચોકો આવેલા છે. એક લાઈનમાં સામ સામે કુલ કેટલા મકાનો આવેલા છે તે મને યાદ નથી."

"તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના દશથી સાડા દશ વાગે જે સ્ત્રીઓ ગરબા ગાઈ રહી હતી તેના નામ ખ્યાલ નથી. ગરબામાં અંદાજે વીસથી ત્રીસ સ્ત્રીઓ હતી. તે વાત ખરી નથી કે પરશુરામ સોસાયટીનો લીડર છે. ગરબાનું આયોજન પરશુરામે કરેલુ નહી. તે વાત ખરી છે કે તે દીવસે દરેક ગલીમાં ગરબા ચાલુ હતા. તે વાત ખરી નથી કે ગરબા ડી જે ના માધ્યમથી થતાં હતા સાહેદ સ્વૈછાએ જણાવે છે કે સ્પીકર હતા. સ્પીકરમાં મોબાઈલના માધ્યમથી ગરબા વગાડવામાં આવતા હતા. ગરબા કોના મોબાઈલમાંથી વગાડવામાં આવતા હતા તેનો મને ખ્યાલ નથી. મોબાઈલ કોણે મુકેલો તે પણ મને ખ્યાલ નથી. તા.૨૯/૦૯/ ૨૦૧૭ ના રોજ બનાવ બન્યા બાદ

પણ ગરબા ચાલુ રહેલા. અમે તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ દશ સાડા દશના અરસામાં ત્યાં ઉભા હતા ત્યારે મનીષ અને તેના મિત્રો ત્યાં આવેલા. તે વાત ખરી છે કે તે પહેલા મે મનીષ અને તેના મિત્રોને જોયેલા નહી. બનાવ નવરાત્રીના છેલ્લા દીવસે બનેલો. તે વાત મને ખ્યાલ નથી કે મનીષ ડાંગી તા.૨૯/૦૯/૨૦૧૭ પહેલા આવેલો કે કેમ. સવાલ– બનાવના બે દિવસ પહેલા જે જગ્યાએ ગરબા થતાં હતા તે જગ્યાએજ મનીષ અને પરશુરામ વચ્ચે ઝગડો થયેલો? જવાબ– બોલાચાલી થયેલી. તે વાત ખરી છે કે મે બોલાચાલી થતાં જોયેલી. તે વખતે મનીષ સાથે તેના મિત્રો હાજર હતા કે કેમ તે મને ચોક્કસ ખ્યાલ નથી. બે દીવસ પહેલા બનાવ બનવાનું કારણ મને યાદ નથી. તે વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે" આ બનાવ બનવાનું કારણ એ છે કે આજથી બે દીવસ પહેલા અમારી સોસાયટીના ગરબામાં ગરબા જોવા માટે મનીષનો મિત્ર આવેલો અને આ મનીષનો મિત્ર રસ્તા વચ્ચે ઉભો હોય આ પરશુરામ ઉર્ફે ગુરુએ તેને બે ત્રણ વખત સાઈડમાં ખશી જવા જણાવેલ પરંતુ આ મનીષનો મિત્ર સાઈડમાં ખસેલ નહી જેથી આ ગુરુએ તેને ઠપકો આપેલો જેથી તેનું ઉપરાણુ લઈ આ મનીષ અને ગુરુ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી "એવી હકીકત લખાવેલી. તે વાત ખરી છે કે અમારી સોસાયટીમાં દરવર્ષે નવરાત્રીના ગરબા થતા. હતા પરંતુ તે દરમ્યાન મનીષ ડાંગી ત્યાં આવતો હતો કે કેમ તેની મને ખબર નથી. હુ દરેક વર્ષે ગરબા જોવા માટે ત્યાં જઉછુ. તે વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જે બનાવનો ક્રમ દર્શાવેલો છે કે"બનાવ તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના દશ સાડા દશ વાગ્યાની આસપાસ બનેલો. આ વખતે ગરબા શરૂ થયેલા. ત્યાં ઘણા બધા લોકો ગરબા ગાતા હતા હુ આ ગરબા જોતો હતો. તે વખતે મારી સાથે મારા મિત્રો હતા. તે વખતે મનીષ ડાંગી તથા બીજા તેના મિત્રો ત્યાં આવેલા આ લોકો ત્યાં ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચોવચ ઉભા રહેલા. તે વખતે પરશુરામ પટેલનાઓએ આ લોકોને સાઈડમાં ખસી જવા જણાવેલુ. તે વખતે બોલાચાલી થયેલી તે વખતે બોલાચાલી

પરશુરામ તથા મનીષ ડાંગી વચ્ચે થયેલી. ત્યારબાદ મનીષ અને તેના મિત્રો ત્યાંથી જતા રહેલા. તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સવારના ૩-૩૦ વાગે તે લોકો પાછા આવેલા. જેમાં મનીષ ડાંગી તથા તેના મિત્રો હતા. મનીષ ડાંગી સાથે રાકેશ યાદવ, બ્રીજેશગીરી સમાગીરી ગોસ્વામી તથા અન્ય જેના નામો મને હાલમાં યાદ નથી તે આવેલા. આ લોકો પાછા ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચે આવીને ઉભા રહેલા" તે ક્રમમાં તે રીતે બનાવ બન્યાની હકીકત હુ ખોટી જણાવુ છુ. તે વાત ખરી નથી કે મારી સરતપાસમાં બનાવ બન્યો તેની ક્રમવાર તેમજ તે રીતે જે હકીકત જણાવી છે તે મારા આંક-૬૭ ના ક્રી.પો.કોડની કલમ-૧૬૪ ના નિવેદનમાં જણાવેલી નથી. તે વાત ખરી છે કે મે આંક-૬૭નું નિવેદન વાંચીને સહી કરેલ છે. આંક-૬૭ નું મારૂ નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મે મારી સરતપાસમાં જે રીતે અને જે ક્રમમાં હકીકતો સરતપાસમાં જણાવી તે આંક-૬૭ ના નિવેદનમાં જણાવેલી નથી. સવાલ- આંક-૬૭ નું નિવેદન સહી કરતી વખતે તેમાં કોઈ ભુલ છે અથવા મારા લખાવ્યા મુજબનું નથી તેવુ તમને લાગેલ? તે વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ નામ સિવાય ગરબા વખતે હાજર અન્ય લોકોના નામનો મને ખ્યાલ ન હતો. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે બીજા બે ત્રણ જણાના નામનો ખ્યાલ હતો અને અન્યને હુ ચહેરાથી ઓળખતો હતો. મે પોલીસને ગરબા વખતે સોસાયટીના ક્યાં મકાન નંબરમાંથી કોણ હાજર હતુ તેવી કોઈ માહીતી આપેલી નહી. એવુ બનેલુ કે મનીષ કોઈકને ધારી ધારીને જોઈ રહ્યો હતો અને તે કારણે ઝગડો થયેલો. તે વાતનો મને ખ્યાલ નથી કે મનીષ કોઈકને ધારી ધારીને જોતો હતો તે કારણસર પરશુરામ અને ઉત્કર્ષ ગરબામાંથી બહાર આવી ગયા હોય અને ઝગડો કર્યો હોય અને તેજ કારણસર તે ત્રણે વચ્ચે ફેટોની મારામારી થઈ હોય. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે માત્ર બોલાચાલી થયેલી.મે ત્રણેય વચ્ચે ફેટમબાજી થઈ હોય તેવુ જોયેલુ નહી. તે વાત ખરી છે કે મે મારા આંક-૬૭ ના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે"તે વખતે મનીષ રાકેશ રવિ તથા બીજા

ઈસમનું નામ મને આવડતુ નથી તેઓ ત્યાં આવેલા અને પરશુરામ અને ઉત્કર્ષને ધારી ધારીને જોતા હતા જેથી આ પરશુરામ અને ઉત્કર્ષ ગરબા રમતા બહાર આવી ગયેલ અને હુ પણ ત્યાં ગયેલો અને હુ થોડે દુર ઉભો હતો ત્યારે મનીષ ઉત્કર્ષને ફેટોથી મારતા હતા"

"તે વાત ખરી છે કે મે આંક-૬૭ ના નિવેદનમાં ઉપરોક્ત જે હકીકત લખાવી તે પ્રમાણે બનાવ બનેલો. સવાલ- તે વાત ખરીને કે બનાવ ગરબામાં વચ્ચે આવવાના કારણે નહી પરંતુ ધારી ધારીને જોવાના કારણે બનેલો? જવાબ- ૩૦ તારીખનો બનાવ ધારી ધારીને જોવાના કારણે બનેલો જ્યારે વચ્ચે આવવાનો બનાવ ૨૯ તારીખે બનેલો. તે વાત ખરી છે કે ૨૯ તારીખના બનાવની હકીકત મે આંક-૬૭ ના નિવેદનમાં લખાવેલી નથી. સવાલ- તમે સરતપાસમાં લખાવેલ છે કે ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચો વચ ઉભા રહેલા તો તે વચ્ચો વચ વાળી જગ્યા કંઈ? જવાબ- જે ગરબા ચાલતા હતા તેના સર્કલની બહારની બાજુએ તેઓ ઉભા રહેલા. તે વાતનો મને ખ્યાલ નથી કે તેઓ ગરબાના સર્કલના મધ્યમાં ઉભા હતા કે કેમ. ઘુરવાની ક્રીયા કેટલો સમય ચાલેલી તેની મને માહીતી નથી. બોલાચાલી કેટલો સમય ચાલેલી તે હુ કહી શકુ નહી. પરશુરામ અને ઉત્કર્ષ ગરબામાંથી બહાર આવ્યા તે સમયે અન્ય લોકોએ ગરબા ચાલુ રાખેલા. બોલાચાલી વખતે હુ તથા અન્ય બે ત્રણ લોકો ત્યાં હાજર હતા. ગરબાના સર્કલથી બોલાચાલીનો બનાવ બન્યો તે બંન્ને વચ્ચેના અંતરનું મને ધ્યાન નથી. મને સરતપાસમાં જણાવેલો બનાવ ગરબા ચાલતા હતા તે જગ્યાએથી કેટલા અંતરે હતો તેની પણ માહીતી નથી. ત્રણેય જણા વચ્ચે ફેટોની મારા મારી થઈ તે વખતે હુ વચ્ચે પડેલો નહી તેમજ અન્ય કોઈ વ્યક્તિ પણ વચ્ચે પડેલી નહી. તે વાત ખરી નથી કે ચાકુનો પહેલો ઘા ઉત્કર્ષને વાગેલો. તે વાતનો ખ્યાલ નથી કે ઉત્કર્ષને ચાકુનો ઘા માર્યો તે સમયે કોઈએ મનીષનો હાથ પકડી લીધેલો કે કેમ. એવી હકીકત મે લખાવેલી નથી કે મનીષ ચાકુ કાઢી ઉત્કર્ષને મારતો હોય તે વખતે તે ચાકુ ઉત્કર્ષે હાથથી પકડી લીધુ હોય. તે વાત ખરી છે કે મે મારા આંક-૬૭ ના નિવેદનમાં એવી

હકીકત લખાવેલી નથી કે ઝગડો ચાલુ હતો ત્યારે નરેશભાઈ ડાંગીએ પરશુરામને પકડી લીધેલો. તેમજ મનીષ ડાંગીએ પરશુરામને ડાબા હાથની નીચેના ભાગે ચપ્પાનો ઘા મારેલો અને રાકેશ યાદવે પીઠની નીચે કમરના ભાગે ચપ્પાનો ઘા મારેલો."

"તે વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જણાવેલી હકીકત કે "આ વખતે ઉત્કર્ષ ડાંગી પરશુરામને છોડાવવા માટે વચ્ચે પડેલો તે વખતે મનીષ ડાંગીએ ઉત્કર્ષને ચપ્પુ મારેલુ" તે ઘટનાક્રમમાં અને તે મુજબ હકીકત મેં મારા આંક–૬૭ ના નિવેદનમાં લખાવેલી નથી. તે વાત ખરી છે કે મે મારા આંક–૬૭ ના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે"ઉત્કર્ષને ગળાના પાછળના ભાગે ચપ્પુ મારેલુ અને બીજો ઘા માથાના ભાગે મારેલો અને રાકેશે ઉત્કર્ષને પેટના ભાગે ચપ્પાનો ઘા મારી દીધેલો આ વખતે કુશવાહ હરીશંકર ,બીન્દવિજય, તિવારી ઘીરજ તથા બીજા અન્ય લોકો હાજર હતા. તે વાત ખરી છે કે મે નામદાર કોર્ટ રૂબરુ મુદામાલ ચપ્પુ ઓળખી બતાવ્યુ તેનું વર્ણન ક્યાંય લખાવેલ નથી. તે વાત ખરી છે કે બનાવ વખતે મારનાર વ્યક્તિ ઉપરા ઉપરી ઘા મારતા હતા. મને ચપ્પાથી મારવાનો બનાવ કેટલો સમય ચાલેલો તેનો ચોક્કસ ખ્યાલ નથી. તે વાત ખરી નથી કે બનાવ સમયે આરોપીઓ હાજર હોવાની તેમજ તેઓએ માર માર્યાની હકીકત હુ ખોટી જણાવુ છુ. તે વાતની મને ખબર નથી કે પરશુરામ તેમજ ઉત્કર્ષની ખુબ દાદાગીરી છે કે કેમ. તે વાત ખરી નથી કે મનીષ ગરબા ગાવા ત્યાં આવ્યો તે અમને લોકોને પસંદ ન હોઈ અમે બધા ભેગા થઈ તેને મારવા લાગેલા. તે વાત ખરી નથી કે બનાવ જોઈને કોલોનીના બીજા લોકો ભેગા થઈ ગયેલા અને મનીષ ડાંગીને મારમાંથી છોડાવેલ અને અન્ય લોકોએ મૃતકને તેમજ ઈજા પામનારને માર મારેલો"

"રવિ અમારી સોસાયટીની ગલી ન –૩ માં રહે છે. મારે આ પહેલા રવિ સાથે કોઈ ઝગડો થયેલો નહી. તે વાત ખરી નથી કે રવિ માથાભારે હોવાની હકીકત હુ ખોટી જણાવુ છુ. તે વાત ખરી નથી કે નક્કી કરેલા કાવતરાના ભાગરૂપે આ કામના આરોપીઓને ખોટીરીતે

આ કેસમાં સંડોવીને તેમના વિરૂધ્ધ ખોટી ફરીયાદ અપાવી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી નથી કે નામદાર કોર્ટમાં જે હથીયાર ઓળખી બતાવુ છુ તે આરોપીના હાથમાં હોવાની ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી નથી કે આરોપીને આરોપી તરીકે ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

**૧૬.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, આ મિત્ર સાહેદ પણ સરતપાસના પુરાવામાં બનાવના આગલા દિવસની હકીકત જણાવે છે. જે માટે ઉલટતપાસમાં પોલીસ રૂબરૂના નિવેદનો તારીખ ૩૦/૦૯/૨૦૧૭ અને તા.૦૫/૧૦/૨૦૧૭ ના નિવેદનોમાં તેમજ આંક–૬૭ વાળા સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં આવી આગલા દિવસની હકીકત લખાવી છે કે કેમ તે ચોકકસ યાદ નહી હોવાનુ જણાવે છે. આમ આરોપી પક્ષ દ્વારા આ સાહેદના પુરાવા માટે અવિશ્વસનીયતા ઉભુ કરવાના એક કારણમાં એટલુ માત્ર કે બનાવના ઝગડાનું કારણ બનાવના આગલે દિવસે થયેલ હોવાનુ આ સાહેદ જણાવે છે. પરંતુ અત્રે પુનરોકિતના જોરે ટાંકવુ જરૂરી થઈ પડે છે કે બનાવનું કારણ અને હેતુ અત્રે એટલા માટે અગત્યનો થઈ રહેતો નથી કારણ કે અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ બનાવમાં હાજર એવા ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનો પુરાવો બનાવ માટે પર્યાપ્ત છે. તેવા સંજોગોમાં હાલના મિત્ર સાહેદના પુરાવાની આટલી વિરોધાભાસી હકીકત ફરિયાદપક્ષના કેસને કોઈપણ રીતે મૂળતઃ અસરકર્તા જણાય આવતો નથી.

વધુમાં આ સાહેદના પુરાવા ઉપરથી આરોપી પક્ષ દ્વારા એવો પણ બચાવ લેવાનો પ્રયત્ન થયેલો દેખાઈ આવે છે જેમ કે સરતપાસમાં જે ક્રમમાં બનાવની હકીકતો જણાવી છે તે ક્રમમાં આંક –૬૭ ના સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં હકીકતો જણાવી નથી. જે માટે એ આગ્રહ રાખવો અનાવશ્યક છે કે સાહેદ નિવેદનમાં જે ક્રમમાં જણાવે તે જ ક્રમમાં સરતપાસના પુરાવામાં હકીકતો જણાવે. જેથી તે બચાવ પણ ટકી શકવાને પાત્ર રહેતો નથી.

૧૭. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૭ મનીષકુમાર આનંદપ્રકાશ પટેલને આંક–૬૯થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ સને–૨૦૧૭ ની સાલમાં મકાન નં–૩૬૮,માતૃભક્તિ સોસાયટી, સુરેલીયા રોડ, રામોલ, અમદાવાદ ખાતે મારા પરીવાર સાથે રહેતો હતો. તે સમયે હુ ટેમ્પો ડ્રાઈવીંગ કરતો હતો. જે ટેમ્પો મારો પોતાનો હતો. તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ નવરાત્રી પ્રસંગ નીમીતે માતૃભકિંત સોસાયટીની ત્રીજી લાઈનમાં ગરબા ચાલતા હતા અને પોતે, છોટુ, પરસોતમ બધા ગરબા રમી રહ્યાં હતા તથા બીજા ઘણાબધા લોકો ગરબા રમી રહ્યાં હતા. તા.૨૯/૯/૨૦૧૭ ના રોજ રાત્રીના ત્રણ વાગે રાકેશ, મનીષ, બ્રીજેશ અને નરેશ ડાંગી અને એક અન્ય ઈસમ ત્યાં આવેલા. તા.૩૦/૦૯/ ૨૦૧૭ ના રોજ આવેલા અને અન્ય ઇસમ નામે રવિ ત્યાં આવેલો. તેઓને પરસોતમ સાથે પૈસાની કોઈ લેવડ દેવડ હશે તો બુમાબુમ થતાં રાકેશ અને રવિએ પરુષોતમને ચાકુ મારેલુ. તે વખતે નરેશભાઈએ પરસોતમને પકડી રાખેલો અને બુમાબુમ થતાં તેઓ ત્યાં ગયેલા અને જોયેલ તો નરેશભાઈએ પરસોતમને છોડ્યો તો તે નીચે પડી ગયેલો. છોટુ ઉર્ફે ઉત્કર્ષ ડાંગીને રવિએ પકડેલ અને બ્રીજેશ તેને ફેટોથી મારતો હતો અને તે દરમ્યાન રાકેશ આવેલો અને તેણે ઉત્કર્ષને ગરદનના પાછળના ભાગે ચપ્પુ મારેલુ. અને મનીષે ઉત્કર્ષને પેટમાં ચપ્પુ મારેલુ ત્યારબાદ તે બધા લોકો ભાગી ગયેલા. રાકેશે તેમને ચપ્પુ બતાવેલુ જેથી બધા ડરી ગયેલા હતા. ત્યારબાદ પોતે ઘરે જતા રહેલ અને ત્યારપછીની ખબર નથી. રાકેશ પાસે પ્લેન ચાકુ હતુ અને મનીષ પાસે કાંટાવાળુ ચાકુ હતુ. મુદામાલ આર્ટીકલ નં– ૧૭ ચપ્પુ રાકેશ પાસે હતુ. મુદામાલ આર્ટીકલ નં–૧૨ નું ચપ્પુ છે જે મનીષ પાસે હતુ. કોર્ટમાં સાહેદનુ નિવેદન લેવમાં આવેલુ. ત્યારબાદ ત્યાંથી નીકળી ગયેલ. ક્રી.પ્રો.કોડની કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન તેમજ ઓળખકાર્ડ સંયુક્ત દાખલ આંક–૭૦ થી રજૂ છે. સાહેદ આરોપી પૈકી બ્રીજેશ ક્ષમાગીરી ગોસ્વામી, નરેશભાઈ રામજીભાઈ ડાંગી તથા

આરોપી રવિ સુધાકર સતેન્દ્રભાઈ પટેલ ને ઓળખે છે

**૧૭.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, માતૃભકિત સોસાયટીમાં છેલ્લા કેટલા વર્ષથી ગરબા થાય છે તેમ પુછતા જણાવુ છુ કે, હુ અમદાવાદમાં છેલ્લા ૮ વર્ષથી અમદાવાદ આવ્યો છુ ત્યારથી માતૃભકિત સોસાયટીમાં ગરબા જોવુ છું. એ વાત ખરી છે કે આજે જે મે આરોપીઓને ઓળખી બતાવ્યા તે તમામ તેમજ પરપુરામ તથા ઉતકર્ષ અમારી સોસાયટીમાં જ રહે છે અને તે લોકો પણ દર વર્ષ થતા ગરબામાં હાજર હોય છે. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં કે સી આર પી. સી. ની કલમ અન્વયેના નિવેદનમાં કે જે આકામે આંક ૭૦ થી રજુ છે તેમાં એવી હકીકત લખાવેલી નથી કે "તારીખ ૩૦/૦૯/૨૦૧૭ ના રોજ નવરાત્રી ના પ્રસંગ નીમીતે માતૃભકિંત સોસાયટી ની ત્રીજી લાઈનમા ગરબા ચાલતા હતા અને હુ, છોટુ,પરસોતમ બધા ગરબા રમી રહ્યાં હતા તથા બીજા ઘણાબધા લોકો ગરબા રમી રહ્યાં હતા . તા.૨૯/૯/૨૦૧૭ ના રોજ રાત્રીના ત્રણ વાગે રાકેશ, મનીષ, બ્રીજેશ અને નરેશડાંગી અને એક અન્ય ઈસમ ત્યાં આવેલા હવે જણાવુ છુ કે તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ આવેલા અને અન્ય ઈસમ નામે રવિ ત્યાં આવેલો. તેઓને પરસોતમ સાથે પૈસાની કોઈ લેવડ દેવડ હશે તો બુમાબુમ થતાં રાકેશ અને રવિએ પરુષોતમને ચાકુ મારેલુ. તે વખતે નરેશભાઈએ પરસોતમને પકડી રાખેલો અને બુમાબુમ થતાં હુ ત્યાં ગયેલો અને જોયેલ તો નરેશભાઈએ પરસોતમને છોડ્યો તો તે નીચે પડી ગયેલો. છોટુ ઉર્ફે ઉત્કર્ષ ડાંગીને રવિએ પકડેલ અને બ્રીજેશ તેને ફેટોથી મારતો હતો અને તે દરમ્યાન રાકેશ આવેલો અને તેણે ઉત્કર્ષને ગરદનના પાછળના ભાગે ચપ્પુ મારેલું. અને મનીષે ઉત્કર્ષને પેટમાં ચપ્પુ મારેલુ ત્યારબાદ તે બધા લોકો ભાગી ગયેલા. રાકેશે અમને ચપ્પુ બતાવેલુ જેથી અમે બધા ડરી ગયેલા હતા અને ત્યારબાદ હુ ઘરે જતો રહેલો"

"એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં તેમજ

કલમ ૧૬૪ના નિવેદનમાં મુદ્દામાલનુ વર્ણન લખાવેલ નથી તેમજ હુ મુદ્દામાલ ઓળખી શકુ તેવી હકીકત પણ જેણાવેલી નથી. મારા કલમ ૧૬૪ના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે બનાવ તારીખ ૨૯.૦૯.૨૦૧૭ના રોજ ૩.૩૦ વાગ્યાની આસપાસ હુ ગરબા રમતો હતો.સાહેદ સ્વેચછાએ જણાવે છે કે ગરબા તા.૨૯.૦૯.૨૦૧૭ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગે શરુ થયેલા અને રાત્રે ૧૨ વાગ્યા પછી ૩૦.૦૯.૨૦૧૭ તારીખ આવે એટલે બનાવ ૩૦.૦૯.૨૦૧૭ના રોજ બનેલો. મને આંક ૭૦ વાળુ સ્ટેટમેન્ટ વાંચવા માટે આપવામાં આવે છે તે જોઈને કહુ છુ કે મને વાંચતા આવડતુ નથી. એ વાત ખરી છે કે જજ સાહેબે મને કલમ ૧૬૪નુ નિવેદન વાંચી સંભાળાવી મારી સહી કરાવેલી અને મે તે સાંભળીને સાચુ હોવાના કારણે સહી કરેલી છે. એ વાત ખરી છે કે કલમ ૧૬૪ના નિવેદનમાં ૩૦.૦૯.૨૦૧૭નો કોઈ ઉલ્લેખ નથી તેમજ મે આજ રોજ જે ઉપર મુજબનો ખુલાસો કરવો તેવો ખુલાસો પણ તેમા નથી. મે તા.૦૫.૧૦.૨૦૧૭ના રોજ પોલીસે મને બોલાવેલો અને પોલીસે મને સહી કરવાનુ કેતા મે સહી કરેલી. એ વાત મને હાલમાં યાદ નથી કે તા.૦૫.૧૦૨૦૧૭ પહેલા પોલીસે મને ક્યાક બોલાવેલો કે કેમ. એ વાત ખરી નથી કે મે હુ ગરબા રમતો હતો તેવી હકીકત ક્યાય લખાવેલી નથી અને ગરબા જોતો હતો તેમ લખાવેલ છે. એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવેલી તમામ હકીકતો ખોટી જણાવેલી છે. એ વાત ખરી નથી કે આજ રોજ નામદાર કોર્ટમાં આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે મે સરતપાસમાં ગરબા વખતે હાજર વ્યકિતઓના જે નામ જણાવ્યા તે સિવાય અન્ય નામો પોલીસ રુબરુના નિવેદનમાં કે કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે ગરબા વખતે હાજર વ્યકિતઓના નામ જણાવ્યા તે ઉપરાંત અન્ય ઘણા બધા લોકો ગરબા સમયે હાજર હતા. એ વાત ખરી નથી કે બનાવના દિવસે હુ હાજર જ ન હતો આમ છતાં ખોટી રીતે સાક્ષી બનીને ગુજરનાર મારો મિત્ર થતો હોઈ ખોટી જુબાની આપુ છું."

**૧૭.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, આ મિત્ર સાહેદનો સરતપાસનો પુરાવો ચકાસતાં બનાવ તારીખ ૨૯–૩૦/૦૯/ ૨૦૧૭ ની મધ્યરાત્રિએ બનેલો હોય તેથી મિત્ર સાહેદને માત્ર તારીખ ૨૯ કે ૩૦ ની વર્ણવવામાં માત્ર શરતચૂક થયેલ હોવાનુ જણાય આવે છે. જેટલા માત્ર શરતચૂકથી આખેઆખો પુરાવો અવિશ્વસનીય હોવાનુ માની શકાય તેમ નથી.

વધુમાં આ મિત્ર સાહેદ મુદામાલના ચપ્પાઓના વર્ણનમાં આરોપી નં.૨ મનીષ પાસે કાંટાવાળુ ચપ્પુ અને આરોપી નં.૪ રાકેશ પાસે પ્લેન ચપ્પુ હોવાનુ સરતપાસના પુરાવામાં જે જણાવે છે તે માટે આરોપીપક્ષ દ્વારા ઉલટતપાસના પુરાવા દરમ્યાન આવી હકીકતો પોલીસ રૂબરૂના નિવેદનોમાં લખાવેલ નહોવાનો બચાવ લીધેલ છે. પરંતુ તેટલા માત્ર વિરોધાભાસી પુરાવાના કારણે પણ અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ જ્યારે બનાવમાં હાજર અને ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનો પુરાવો વિશ્વસનીય છે તેવા સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને આટલો માત્ર આ મિત્ર સાહેદનો વિરોધાભાસી પુરાવો મૂળતઃ અસરકર્તા હોય તેવું માની શકાય તેમ નથી.

૧૮. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર– ૦૮ ડો.હર્ષભાઈ કિર્તનભાઈ પટેલને આંક–૭૨થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ વી.એસ. હોસ્પિટલ માં ૨૦૧૭ માં રેસીડન્ટ ડોકટર તરીકે ત્યાં એડમીશન લીધેલ અને ઓગષ્ટ–૨૦૨૦ સુધીમાં અભ્યાસ પૂરો થયો છે. ત્યારે રેસીડન્ટ ડોક્ટર તરીકે વી.એસ હોસ્પિટલ મા ફરજ બજાવતા હતા. ૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૬.૫૫ મીનીટે ૧૭ વર્ષની ઉંમર ધરાવતો પુરુષ કે જેનુ નામ ઉત્કર્ષ ઉમેદપ્રસાદ ડાંગી રહેવાસી માતૃભક્તિ સોસાયટી , ચિરાગ એસ્ટેટની પાછળ, સી.ટી.એમ, અમરાઈવાડી, અમદાવાદ. દર્દીના મિત્ર અને દર્દીના જણાવ્યા મુજબ દર્દીને તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રે ૩.૩૦

મીનીટ સામે ના ત્રણ આરોપીઓ દ્વારા હુમલો કરવામાં આવેલો જેમાં એક સ્ટેબ ઇન્જરી ઇન લેફ્ટ ફલાઇંગ રીજીયન, સી.એલ.ડબ્લયુ ઓવર ધ ફાર હેડ, સી.એલ.ડબલ્યુ ફોર ધ લેફ્ટ આઇ (ડાબી) આંખ ની નીચેના ભાગે), સી.એલ.ડબલ્યુ ગળાના પાછળ ના ભાગે, આગળના ભાગે માથા અને ગળા ઉપર ફેંટોનો માર મારવામાં આવેલો બોથડ પદાર્થ મારવામાં આવેલો અને ત્યારબાદ ડોકટર ને તેમના ફ્રેન્ડ એલ.જી. હોસ્પિટલ નાં લઈ ગયેલા ત્યાં સામાન્ય સારવાર આપીને વી.એસ હોસ્પિટલ માં રીફર કરેલા અને પેસેન્ટ ને સવારે ૬.૫૫ વાગ્યે મે કેગ્યુલીટી ઉપર પેસેન્ટ ને લીધેલ છે તેના તે વખતના વાઇટલ્સ મે નોંધેલ છે. મે તેમને સારવાર આપેલી. ત્યારબાદ તેઓને બોટલ વિગેરે ચઢાવેલા તેમના ઘા એકઝામીન કર્યા તેમને તપાસીને ડાબા પડખે સ્ટેબ ઇન્જરીમાં એકઝામીનેશન કરીને આશરે ૪*૨ નો અંદાજીત સ્ટેબ ઇન્જરી ડાબા પડખે ઘા હતો. જ્યારે તે એકઝામીનેશમાં તેના અંદર આંગળી નાખીને જોતા અંદર ઉંડો ઘા છે તે પછી તેઓને તપાસ કરાવી તેમનુ ઓપરેશન કરાવવાનુ નક્કી કર્યુ અને ઓપરેશન માટે શીફ્ટ કરેલા. આ સિવાય મે બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી. મને નિશાની ૨/૧૬ વાળુ સારવાર નું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે કાર્બન કોપી છે જેની અસલ આજરોજ હુ મારી સાથે લઇને આવ્યો છું જેમાં મારી સહી છે. તે હુ ઓળખી બતાવું છું. જે અસલ સારવાર સર્ટીફીકેટ ને રજુ દાખલ આંક–૭૩ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ છરી થી આ ઇજા થઇ શકે.

**૧૮.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, આંક–૭૩ નું સર્ટીફીકેટ મને બતાવવમાં આવે છે તેમાં ૫ જગ્યાએ ચેકચાક થયેલી છે. જેમાં કોઇ ચેકચાક પાસે ઇનીસીયલ કે સહી નથી. તે વાત ખરી છે કે હુ જાણુ છુ કે સરકારી રેકર્ડમાં ચેકચાક કરવી પડે ત્યાં સહી કરવી પડી. એ વાત ખરી છે કે આ રેકર્ડમાં ચેકચાક થઇ છે ત્યાં કોઇ સહી કરેલી નથી.તે વાત ખરી છે કે બીજી જગ્યાએથી રીફર કરેલા હોય તો અગાઉની જગ્યાએ સારવાર કરેલી હોય તે

પેપર્સનો અભ્યાસ કરવો પડે. જે પેસન્ટ ને મારી પાસે રીફર કરેલા તેને અગાઉની હોસ્પિટલમાં શું સારવાર આપેલી તે મને યાદ નથી. તે વાત ખરી છે કે જેને સ્ટેબ વુંડ હોય તેને વધુ લોહી ના વહી જાય તેથી તરત જ સ્ટીચ લેવા પડે. મારી તપાસ દરમ્યાન આવા કોઈ સ્ટીચ લીધેલા દેખાયા નહીં. કોઈ પણ વ્યક્તિની સ્ટેબ વુડ ની ઈજા ની તપાસ કરતા તે ઘા ની ક્યા પ્રકારના હથિયાર ની ઈજા હતી તે વ્યક્તિના ઘા ઉપરથી માલુમ પડી શકે. તે વાત ખરી છે કે જે હથિયાર હતુ તે બેધાર વાળુ હતું કે કેવુ હતુ તેની હકીકત મે ક્યાંય જણાવેલ નથી અને આજરોજ મે સરતપાસ માં પણ જણાવેલું નથી. તે વાત ખરી છે કે ખરબચડા પ્રકારના હથિયાર થી ઈજા પહોંચાડવામાં આવે તો ચામડી ના ઘા ઉપર ખરબચડી ચામડી હોવાના નિશાનો પ્રાપ્ત થાય અને તે પ્રકારના હથિયાર થી ઈજા થયાની જાણ થાય. એ વાત ખરી છે કે જે પ્રકારના હથિયાર થી ઈજા થયેલી તે કયા પ્રકારના હથિયારથી ઈજા થયેલી તે હુ આજરોજ કહી શકુ નહીં."

"તે વાત ખરી છે કે મે જે સર્ટીફીકેટ તૈયાર કર્યુ તે ઉપલબ્ધ સારવાર ના કાગળો ના આધારે તૈયાર કરેલું. તે વાત ખરી છે કે હુમલો કરનાર કોઇ વ્યકિતના નામ દર્દીએ તેના ઈતિહાસમાં જણાવેલા નથી. આ હિસ્ટ્રી મે પૂછેલી. તે વાત ખરી છે કે આ સર્ટીફીકેટમાં ત્રણ વ્યકિતઓ દ્વારા હુમલો કર્યાનુ ક્યાંય જણાવેલ નથી. તે વાત ખરી છે કે આ હિસ્ટ્રી મિત્રો દ્વારા લખાવામાં આવેલી તેવુ પણ જણાવેલુ નથી. તે વાત ખરી છે સી.એલ.ડબલ્યુ, ઇનસાઈસ વુંડ અને સ્ટેબ વુંડ અને પંક્ચર વુંડ જુદાજુદા હોય છે. તે વાત ખરી છે કે સામાન્ય રીતે સી.એલ.ડબલ્યુ પ્રકાર ની ઈજા કઠણ અને બોથડ પદાર્થ થી થાય છે. તે વાત ખરી છે કે સ્ટેબ વુંડ એ કોઇપણ પ્રકારના તિક્ષ્ણ હથિયાર થી થઈ શકે. તે વાત ખરી છે કે તે પ્રકારની ઈજાઓ એઈજ એન્ડ એન્ગલ જોવા મળે. તે વાત ખરી છે કે આ ઈજાઓ ઉપર કયા પ્રકારના એઈજ એન્ડ એન્ગલ હતા તે મારા ધ્યાનમાં આવેલ નહી એટલે મે લખેલ નહીં. તે વાત ખરી છે કે સ્ટેબ વુંડ ઓપન હતો તેની ઉપર કોઈ સારવાર નો પાટો લોહી વહી ન જાય તે માટે બાંધેલો ન હતો. અગાઉ

ની સારવાર જે હોસ્પિટલમાં થયેલી તે હોસ્પિટલના પેપર્સ સાથે લાવેલા હતા કે કેમ તે મારા ધ્યાનમાં નથી. તે વાત ખરી નથી કે ત્રણ આરોપીઓએ માર્યાની હકીકત હુ ખોટી જણાવુ છું.તે વાત ખરી છે કે આંક–૭૩ ના સર્ટીફીકેટમાં ત્રણ આરોપીઓએ માર્યાની હકીકત લખેલી નથી. તે વાત ખરી છે કે ત્યારબાદ તેને સર્જીકલ યુનિટમાં રીફર કરેલો સાહેદ સ્વેચછાએ કહે છે કે તે વખતે અમારા યુનિટ હેડ અજય પટેલ હતા. સમગ્ર સારવાર પેપર્સમાં અમારા યુનિટ હેડ અજય પટેલ ની સહી નથી. તેમના માર્ગદર્શન હેઠળ અમે સારવાર કરી શકીએ અને અમે જાતે ના કરી શકીએ. તે વાત ખરી નથી કે ફરિયાદપક્ષને સમર્થન આપવા જુબાની આપુ છું."

**૧૮.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, અત્રે સૌપ્રથમ નોંધવુ જરૂરી છે કે, બનાવ બન્યા બાદ ઈજા પામનાર બંને કે જેમાં મરણજનાર પરસુરામ ઉર્ફે ગુડુ અને સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ હતા તેઓ બંનેને પ્રથમ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયેલા અને ત્યારબાદ ત્યાંથી આગળ વધુ સારવાર માટે વી.એસ. હોસ્પિટલ લઈ જવામાં આવેલા. એ વી.એસ. હોસ્પિટલમાં હાલના ડોકટર સાહેદે સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુની સારવાર કરેલ છે.

હાલના ડોકટર સાહેદનો પુરાવો સમગ્ર રીતે ચકાસતા સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુને થયેલી ઈજાઓ પુરવાર થાય છે . મેડીકલ હીસ્ટ્રીમાં માત્ર હુમલો કરનાર ત્રણ વ્યકિતઓના નામો જણાવેલા ન હોય, મેડીકલ હિસ્ટ્રી ઈજા પામનારના મિત્ર દ્વારા લખાવેલાની હકીકત આંક–૭૩ ના મેડીકલ સારવાર સર્ટિફીકેટમાં જણાવેલી ન હોય તેવા માત્ર કારણોસર આવા તબીબી પુરાવાને અવિશ્વસનીય હોય તેવું માની શકાય તેમ નથી. ઉલટાનું સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનો જે પુરાવો છે તેને હાલના ડોકટર સાહેદના પુરાવાથી થયેલી ઈજાઓ બાબતે સંપૂર્ણ રીતે સમર્થનકારી પુરાવો મળી રહે છે અને તેથી આવો તબીબી પુરાવો ઈજાના બાબતે સમર્થનકારી છે. આવી ઈજાઓ કોના દ્વારા કરવામાં આવેલ છે તે માટે તો અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે

મુજબ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ અને અન્ય સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર પુરવાર થયેલ જ છે. તેવા સંજોગોમાં તબીબી પુરાવામાં મેડીકલ હિસ્ટ્રી દ્વારા ઈજા કરનાર વ્યકિતઓના નામો ખૂલેલ ન હોવાથી તબીબી પુરાવો અવિશ્વસનીય હોવાનુ આરોપીપક્ષનો બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૧૯. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૦૯ ડો.મનીષભાઈ ચીમનલાલ સુતરીયાને આંક–૭૬થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા. ૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સિવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પી.એમ રૂમમાં અમારી ફરજ પર હાજર હતો ત્યારે એક શબ નામે પરસુરામ ઉર્ફે ગુરુ પરસોત્તમભાઇ પટેલ ઉ .વ.૨૨ નાઓનું શબ એ.એસ.આઈ રામોલ પો.સ્ટે.ની ચાદી સાથે પી.સી. બકલ.નં.૪૦૬૮ લાવેલ હતા. જેનું પી.એમ મે તથા પેનલ ડોકટર એસ.કે. ઝવેરીનાઓએ તે દિવસે સવારે ૧૦ વાગ્યે શરુ કરી ૧૧ વાગ્યે પૂર્ણ કરેલું. શબ નુ બાહ્ય પરિક્ષણ કરતાં એક ૨૨ વર્ષના પુરૂષનું શબ હતુ જેણે લાલ તથા કાળા રંગની ચેક્સવાળો શર્ટ પહેરેલો હતો,તેમજ વાદળી રંગનું જીન્સ, મરૂન અંડરવેર પહેરેલ હતો. કપડાં લોહીથી ખરડાયેલા હતા. શર્ટ ઉપર કાપાના નીશાન હતા તે કોલમનં.૮ માં દર્શાવેલ છે. શબ ઓળખાયેલું મધ્યમ બાંધાનું અને ઠંડું હતું, રાઈગર મોર્ટીસ આખા શરીર ઉપર ડેવલોપીંગ સ્ટેજમાં હાજર હતો. પી.એમ લેવીડીટી શરીરના પાછળના ભાગે ફિક્સ હતી. મોઢા – છાતી – પેટ તથા બંન્ને હથેળીઓ પર સૂકુ લોહી હતું. આંખો ને મોઢુ અર્ધ ખુલ્લું હતું. ગૃપ્તભાગ પર કોઇ ઈજા ન હતી. કોલમનં. ૧૭ પરશુરામના શરીર પર નીચે મુજબ ની ઈજાઓ માલુમ (૧) એક સ્ટેપ વુંડ ડાબા ખભા ઉપર આગળની તરફ ૩ સેમી x ૧ સેમી x છાતીના પોલાણ સુધી ઉંડો હતો. જે નીચેની તરફ અને મધ્ય રેખા તરફ જતો હતો * જેનો ઉપરનો ખૂણો તિક્ષ્ણ અને નીચેનો ખૂણો થોડો પહોળો હતો. (૨) એક સ્ટેપ વુંડ ડાબા નીતંબ પર ૩×૦.૫× ૩.૫ સેમીના માપનો જે ડાબા

ખભાથી ૫૧ સેમી નીચે અને ડાબી પાની થી ૧૦૦ સેમી ઉપર તરફ હતો. જેનો અંદરનો ખૂણો પહોળો અને બહાર નો ખૂણો તિક્ષ્ણ હતો. (૩) એક ઇનસાઇજ વુંડ પેટ ઉપર જમણી બાજુ ૧ x ૦.૫ × ૦.૫ સેમીના માપનો = તથા ૪ સેમી ટેઈલીંગ ઈફેક્ટવાળો જે ૪ સેમી મધ્યરેખાથી જમણી બાજુ અને > જમણા ખભાથી ૩૭ સેમી નીચે હતો તથા જમણી પાનીથી ૧૧૦ સેમી ઉપર હતો. (૪) એક ઘસરકો ૩× ૧ સેમીના માપનો લાલ રંગનો જમણી ઝાંઘ પર બહારની તરફ હતો. ઈજાનં. ૧ અને ૨ ની કિનારી લાલ, ચોખ્ખી અને અંદરની તરફ હતી તથા ઈજાનં.૩ ની કિનારી લાલ, ચોખ્ખી તથા બહારની તરફ હતી. લોહી અને લોહીના ગઠ્ઠા આ ઈજાઓના ટ્રેકમાં હતા. કોઇ અસ્થિભંગ માલુમ પડેલ નહીં. ઉપરની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

શબનું આંતરિક પરિક્ષણ કરતાં મગજ ફીકું હતુ.છાતીમાં કોલમનં. ૧૭ ની ઈજાનં ૧ ને આનુસંગીક જોતા તે ચામડી શબ ક્યુટેનીયસ ટીસ્યું, સ્નાયું, પહેલો ઈન્ટર કોસ્ટલ સ્પેસ તથા પહેલી પાંસળીનું અસ્થિભંગ, ડાબી પ્લુરા, ડાબુ ફેફસું આરપાર આ ઈજા ૧૧ સેમી લાંબી હતી. આ ઈજાને લીધે ૭૫૦ એમ.એલ જેટલું લોહી છાતીના પોલાણમાં હતું. જમણું ફેફસું ફીકુ હતું. હૃદય ખાલી હતું. હોજરી ખાલી હતી. આંતરડામાં મળ અને ગેસ હતો. પેટના અવયવો ફીકા હતા. પેશાબની કોથળી ખાલી હતી. ૧૨૦ એમ.એલ જેટલું લોહી બોટલમાં લઈ શીલ કરી .પી.સી. બકલ નં.૪૦૬૮ ને સોંપેલ હતું. કરોડરજ્જુમાં કોઈ ઈજા ન હતી. મારા દેખ્યા મુજબ પરશુરામનું મૃત્યુ શરિર પર થયેલી સ્ટેપ ઇંન્જરીના કારણે આઘાત તેમજ રક્તસ્ત્રાવના કારણે થયેલી છે. નિશાની ૨/૧૩ થી રજુ પી.એમ નોટ જેમાં મારી તથા ડો.એસ.કે.ઝવેરી નાઓની સહી અને હોદ્દાનું શીલ છે જેને રજુ દાખલ આંક– ૭૭ આપવામાં આવે છે. પી.એમ પેનલ ડોકટરથી કરવા સારુ આપવામાં આવેલ યાદી જેને રજુ દાખલ આંક–૭૮ આપવામાં આવે છે.

પી.એમ નોટ ના કોલમનં. ૧૭ માં જે ઈજાઓ નં.૧, ૨ અને ૩

દર્શાવેલ છે તે ધારદાર તિક્ષ્ણ હથિયાર થી સંભવી શકે. આવી ઈજાઓ નજીક થી અને બળપૂર્વક કરવામાં આવે તો થઇ શકે. આ આંતરિક ઈજાઓ શરીરના માર્મીક ભાગો ઉપર થયેલી છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૨ અને ૧૭ વાળું હથિયાર છે તે હથિયાર થી પી.એમ નોટ ના કોલમ નં.૧૭ માં દર્શાવેલ ઈજા નં. ૧,૨ અને ૩ થઇ શકે.આવી ઈજાઓ કોઈપણ વ્યકિતનું કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પૂરતી ઈજા છે.

**૧૯.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "હું તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સવાર ના ૭ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી મારી ફરજ પર હાજર હતો. સિવીલ હોસ્પિટલમાં આ મૃતદેહ સવારે ૭.૫૦ વાગ્યે તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ પી.એમ રૂમમાં મળેલ. આંક–૭૮ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે,આ મૃતદેહ એલ.જી.હોસ્પિટલ માંથી લાવવામાં આવેલો હતો.તે વાત ખરી છે કે, આ મૃતદેહ સોંપતી વખતે પોલીસે મને એલ.જી. હોસ્પિટલ માંથી લાવ્યાના અંગેના કાગળો આપેલા નથી. અમને આ શબપરિક્ષણ અર્થે મૃતદેહ સોંપવામાં આવેલો તે અંગેનો આદેશ અમારા તબીબી અધિક્ષકશ્રી એ આપેલો હતો જેનું નામ મને હાલ યાદ નથી. તે વાત ખરી છે કે, આંક–૭૮ ની યાદી ઉપર અમારા પેનલ ડોક્ટર ના માધ્યમથી આ પરશુરામનું શબપરિક્ષણ કરવાનું છે તેવો કોઈ લેખિત આદેશ કે નોંધ નથી. તે વાત ખરી છે કે,આ મૃતદેહ પર રાઈગર મોર્ટીસ સંપૂર્ણપણે વિકસીત ન હતા. તે વાત ખરી છે કે, આ શબના શરિર ના કયા ભાગ પર રાઈગર મોર્ટીસ હતા તેનો ઉલ્લેખ કરેલો નથી. રાઈગર મોર્ટીસની શરૂઆત ગળાથી ચાલુ કરી ક્રમશઃ શરીરના નીચેના પગ ભાગ સુધી પહોંચે. તે વાત ખરી છે કે, પી.એમ લીવીડીટીમાં કલર હોય છે. તે વાત ખરી છે કે, આ શબપરિક્ષણમાં કયા પ્રકારનો કલર હતો તે –પી.એમ નોટમાં દર્શાવેલ નથી.તે વાત ખરી છે કે, આ કલર ઉપરથી પણ માણસના મૃત્યુનો સમય ખબર પડતી હોય છે. તે વાત ખરી છે કે, આર્ટીકલ

નં.૧૨ અને ૧૭ વાળા હથિયારો થી સ્ટેબવુંડ પણ થઇ શકે અને ઇન્સાઇસ વુંડ પણ થઇ શકે. તે વાત ખરી છે કે, મુદ્ધામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૭ ની બંન્ને ધારોનો તિક્ષ્ણતા બાબતે નો સ્પષ્ટ અભિપ્રાય આપેલ નથી. તે વાત ખરી છે કે, કયા હથિયારથી ઇન્સાઇસ વુંડ થઇ /શકે અને કયા હથિયારથી સ્ટેબવુંડ ની ઇજા થઇ શકે તે પણ દર્શાવેલ નથી. તે વાત ખરી છે કે, સામાન્ય સંજોગોમાં યોગ્ય સમયે યોગ્ય સારવાર થી વાઇટલ પાર્ટમાં ઇજા થયેલ હોય તો પણ માણસ જીવી શકે. તે વાત ખરી છે કે, માણસને શોક લાગવાના ઘણા કારણો હોય છે. તે જ રીતે મનુષ્ય ના શરીરમાં હેમેંરેજ થવાના ઘણા કારણો હોય છે. તે વાત ખરી છે કે, મનુષ્યના શરીરમાં – સામાન્યતઃ ૫ થી ૬ લીટર બ્લડ (લોહી) હોય છે. તે વાત ખરી છે કે, તે મનુષ્યના શરીરના જુદાજુદા અવયવોમાં હોય છે. તે વાત ખરી છે કે, મે આ જે મૃતદેહનું શબ પરિક્ષણ કરેલુ છે તે મૃતદેહના શરીરના કયા કયા ભાગોમાં કેટલું બ્લડ ઉપલબ્ધ હતું તેનો અભિપ્રાય આપેલ નથી. તે વાત ખરી નથી કે, આંક–૭૮ વાળી યાદીમાં ટ્રોમાવોર્ડ ના મેડીકલ ઓફીસર તરીકે સહી છે તેમાં નીચે જે તારીખ લખેલી છે તે ૧૦ ના બદલે ૩૦ કરવામાં આવેલી છે.”

**૧૯.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, હાલના ડોકટર સાહેદ બનાવમાં મૃત્યુ પામનાર પરસુરામ ઉર્ફે ગુડુ ના શબનું પોસ્ટમાર્ટમ કરનાર ડોકટર છે. જેઓ સ્પષ્ટપણે પુરવાર કરે છે કે તારીખ ૩૦/૦૯/૨૦૧૭ ના સવારે કલાક ૧૦ વાગ્યે શરૂ કરીને કલાક ૧૧ વાગ્યે પોસ્ટમાર્ટમ પૂર્ણ કરેલ છે. સ્ટેબ ઈન્જરીથી આઘાત અને રકતસ્ત્રાવના કારણે મૃત્યુ થયેલ છે. આંતરિક ઈજાઓ શરીરના માર્મિક ભાગો ઉપર થયેલ છે. આવી ઈજાઓ તીક્ષ્ણ હથિયારથી સંભવી શકે. આવી ઈજાઓ મુદામાલના હથિયારથી થઈ શકે અને આવી ઈજાઓ કુદરતી સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોવાનું પણ જણાવેલ છે.

એટલું જ નહી પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ આ ડોકટર

સાહેદના પુરાવા મારફતે આરોપીપક્ષ દ્વારા એ સ્વીકૃત હકીકત પુરવાર થયેલ છે કે મુદામલા આર્ટીકલ નં.૧૨ અને ૧૭ વાળા હથિયારોથી સ્ટેબવુન્ડ પણ થઈ શકે અને ઈનસાઈડ વુન્ડ પણ થઈ શકે.

આમ, આ તબીબી પુરાવા ઉપરથી મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુનુ આવી ઈજાથી અપમૃત્યુ એટલે કે સાપરાધ મનુષ્યવધ થયેલાનું પુરવાર થાય છે.

૨૦. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૦ આનંદકુમાર શંભુસિંગ ડાંગીને આંક–૭૯થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેમને રામોલ પો.સ્ટેશનમાં તા.૧/૧૦/૨૦૧૭ ના રોજ બોલાવેલો. ત્યાં મને પંચમાં રહેવા સારૂ બોલાવેલો. રામોલ પો.સ્ટેશનમાં પી.એસ.આઇ તેમજ બીજા પોલીસના માણસો હાજર હતા. જ્યાં મનિષભાઈ, નરેશભાઈ, બ્રિજેશભાઇ તેમજ રમેશભાઈ કરીને હાજર હતા. ત્યાં આગળ આરોપી મનિષભાઈ કપડાં રજુ કરતાં હતાં. તે કપડાંમાં એક બ્લેક કલરનો ઝભ્ભો હતો અને સ્કાય બ્લુ કલરનું જીન્સ હતું. આ કપડાં માં જીન્સના ડાબા પગની મોરીએ લોહીના ડાઘા દેખાતાં હતાં. આ કપડાં અંગે પોલીસે લખાણ કરેલું તેમજ કબ્જે કરેલા અને તે અંગેનું લખાણ વંચાવેલું અને પોતાની સહી કરાવેલી. નિશાની ૨/૬ વાળું પંચનામું કે જે આરોપી મનિષનાં કપડાં કબ્જે કર્યા અંગેનું છે, જે તેમાં પંચનં. ૧ તરીકેની સહી છે. સદર પંચનામાને રજુ દાખલ આંક–૮૦ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ માંથી એક પંચસ્લીપ નીકળેલ છે.જેમાં પંચનં.૧ તરીકેની સહી છે. સદર પંચસ્લીપને રજુ દાખલ આંક–૮૧ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ તેમાંથી એક વાદળી રંગનું જીન્સનું પેન્ટ નીકળેલ છે જે પોલીસે પંચનામાની વિગતે હાજરીમાં કબ્જે કરેલ જેમાંથી એક પંચસ્લીપ નીકળેલ છે.જેમાં પંચનં.૧ તરીકેની સહી છે. સદર પંચસ્લીપને રજુ દાખલ આંક–૮૨ આપવામાં આવે છે. તેઓ જેમ પંચમાં હતો તેમ બીજા એક સાહીલભાઈ કરીને પણ હાજર હતા

**૨૦.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, "હું જન્મથી જ માતૃભકિત સોસાયટીમાં રહુ છું. આજે કોર્ટમાં આવવાનું છે તે બાબતે પાંચ થી છ દિવસ પહેલા સમન્સ આવેલો હતો જેની તારીખ હાલ કહી શકું નહીં. પંચનામું કરવા માટે પોલીસ મને ઘરે બોલાવવા આવી ન હતી. હું જાતે પોલીસ સ્ટેશને ગયેલો હતો. હવે કહુ છું કે, પોલીસ મને બોલાવવા આવેલી અને હું ગયેલો. પોલીસ સ્ટેશનમાં પંચનામુ કરવા બોલાવવા માટે પોલીસ મારા ઘરે આવેલી. જે મને બોલાવવા આવેલા તે પ્રથમથી જ ઓળખતાં ન હતા. પોલીસ મને નામ પૂછતાં પૂછતાં આવેલા તેના જવાબમા જણાવું છુ કે, હું બંન્ને પક્ષોને ઓળખું છું જેથી હુ બનાવના સ્થળની નજીક રહેતો હોય હું જાતે ગયેલો. પોલીસે મને જણાવેલું જેથી ગયેલો. મને સાંજના સમયે બોલાવેલો. આ બનાવવાળી જગ્યાના આસપાસ ઘણાબધા લોકો રહે છે જેની ચોક્કસ સંખ્યા હું કહી શકું નહીં. પોલીસે મને કોઇ લેખિત સમન્સ આપેલો નહીં. આ બનાવ કઇ તારીખે બનેલો મને ખબર નથી. પંચનામું પોલીસે લખેલુ અને પછી સહી કરેલી. સાહેદ કહે છે કે, મારી હાજરીમાં લખેલું. પંચનામાની કોઇ વિગત મેં લખાવેલી નહીં. મને બોલાવેલો ત્યારે કપડાંઓ પો.સ્ટે.માં ટેબલ ઉપર પડેલા હતા. તે વાત ખરી નથી કે, મે જે સરતપાસની વિગતે કપડાં નામદાર કોર્ટમાં વર્ણન આપેલુ અને નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ તે પોલીસના કહેવા અને શીખવાડવા મુજબ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપું છું.અને કપડાંઓ તેમજ આરોપીને આરોપી તરીકે ખોટી રીતે ઓળખી બતાવું છું. મે આવીને આજરોજ પંચનામું વાંચેલું નહીં."

**૨૦.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, સદરહું પંચ સાહેદ દ્વારા બનાવ વખતે સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનાએ જે કપડાં પહેરેલા હતા તે કપડામાં મુદામાલ આર્ટીકલ નં.૮ વાળો બ્લેક કલરનો ઝભ્ભો, મુદામાલ આર્ટીકલ નં.૯ વાળુ સ્કાય બ્લુ કલરનુ જીન્સ પેન્ટ આંક-૮૦ના પંચનામાથી કબજે લઈ આંક-૮૧ અને આંક-૮૨ ની પંચ

સ્લીપો ઉપર પંચો તરીકેની સહીઓ પુરવાર કરે છે. તેમજ મુદામાલ આર્ટીકલ નં.૯ વાળા જીન્સના પેન્ટના ડાબા પગની મોરીએ લોહીનો ડાઘો હતો તે હકીકતને સાયન્ટીફીક પુરાવામાં આંક–૧૧૦ થી રજૂ એફ.એસ.એલ. ના બાયોલોજી વિભાગના અભિપ્રાયથી, આંક–૧૧૧ ના સિરોલોજી વિભાગના અભિપ્રાયથી અને આંક –૧૧૨ ના ભૌતિકશાસ્ત્ર વિભાગના અભિપ્રાયથી પણ અનુમોદન મળી આવે છે.

આરોપીપક્ષે બચાવમાં માત્ર એટલી તકરાર કે આવા પંચ સાહેદ બનાવના સ્થળની નજીક રહેતો હતો, બંને પક્ષોને ઓળખે છે અને પોલીસ સ્ટેશન ગયા ત્યારે આ કપડા ટેબલ ઉપર પડેલા હતા. પરંતુ તેટલી માત્ર પુરાવાની હકીકતથી આ પંચ સાહેદનો પુરાવો સમગ્ર રીતે અવિશ્વસનીય થઈ પડતો હોય તેવું જણાય આવતુ નથી તેથી તેવો બચાવ પણ ટકી શકવાને પાત્ર રહેતો નથી.

**૨૧.** વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૧ ચંદન જેન્તીજી ઠાકોરને આંક–૮૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૨/૧૦/૨૦૧૭ ના રોજ રિક્ષા ચલાવતા હતા અને પોલીસે તેમને સહી કરવાનું કહેતાં સહી કરેલી. રિક્ષા લઇને સી.ટી.એમ થી રામોલ જતા હતા અને સહી કરાવેલી. શેમાં સહી કરેલી તે ખબર નથી. કાગળ લખેલું હતું તેમાં સહી કરેલી. નિશાની ૨/૮ વાળુ ડિસ્કવરી પંચનામું છે, તેમાં પંચનં.૨ તરીકે તેમની સહી છે જેને રજુ દાખલ આંક–૮૫ આપવામાં આવે છે. તેવું બનેલું નથી કે, હું પોલીસ સ્ટેશને ગયેલો હોય અને ત્યાં એક આરોપી હાજર હોય અને તે જગ્યા બતાવવા માંગતો હોઇ પોલીસના વાહનમાં ત્યાં ગયેલા હોઈ અને આરોપીએ તે જગ્યાએથી એક ચપ્પુ શોધી બતાવેલ અને તે ચપ્પુ પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલું હોય. હું મુદ્દામાલ ઓળખી શકુ નહીં.

**૨૧.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે સી.ટી.એમ. મારી રીક્ષા લઈ એકલો રસ્તા ઉપર જતો હતો ત્યારે પોલીસે રોકી કેટલાક તૈયાર કાગળમાં સહી કરવાનુ

કહેતા, પોલીસના કહેવાથી મેં તે કાગળોમાં સહીઓ કરી આપેલી. એ વાત ખરી છે કે કોઈ હકીકત જાણતો નથી.

અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, પુનરોકિતના જોરે પણ અત્રે નોંધવુ જરૂરી છે કે જ્યારે બનાવમાં હાજર હોય અને ઈજા પામનાર હોય તેવા સાહેદોનો પુરાવો વિશ્વસનીય નોંધાયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં એક માત્ર પંચ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેવા સંજોગોમાં ઈજા પામનાર સાહેદના પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી.

**૨૨.** વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૨ હીરાભાઈ મણીરામ ઠાકોરને આંક–૮૮થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેમને તા.૦૨/૧૦/૨૦૧૭ ના રોજ રામોલ પોલિસે રામોલ પોલિસ સ્ટેશનમાં બોલાવેલો. જેમ પોલિસે બોલાવેલો તેમ બીજા એક ભાઇ વિવેકભાઇને બોલાવેલો. ત્યાં આગળ પોલિસે કપડાં માટે સહી સાક્ષી માટે બોલાવેલો. રામોલ પો.સ્ટેશનમાં એક સાહેબ હાજર હતા, બીજું કોઇ હાજર ન હતું. તેમને બોલાવેલ અને સહી કરાવેલી. ત્યાં બીજુ કશું થયેલુ નહીં. નિશાની ૨/૯ વાળું પંચનામું છે, જેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે. જે પંચનામાને સહી પૂરતો રજુ દાખલ આંક–૮૯ આપવામાં આવે છે. એવું બનેલું છે કે, હું પોલિસ સ્ટેશને ગયેલો તે વખતે ત્યાં એક આરોપી હાજર હોઇ અને તેનો ભાઈ ત્યાં હાજર હતો. તે સિવાય બીજુ કાંઇ થયેલું નથી.

**૨૨.૧** અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, પુનરોકિતના જોરે પણ અત્રે નોંધવુ જરૂરી છે કે જ્યારે બનાવમાં હાજર હોય અને ઈજા પામનાર હોય તેવા સાહેદોનો પુરાવો વિશ્વસનીય નોંધાયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં એક માત્ર પંચ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેવા સંજોગોમાં ઈજા પામનાર સાહેદના પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી.

૨૩. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૩ ધવલકુમાર પ્રવિણભાઈ પંચાલને આંક–૯૨ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ હાલ સાવલી જી–વડોદરા ખાતે રહે છે. સને–૨૦૧૭ ની સાલમાં જામફળવાળી અમદાવાદ ખાતે રહેતા હતા. તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજ જામફળવાળીથી રામોલ તરફ જતા હતા તે વખતે રામોલ પાસે પોલીસવાળા ભાઈએ રોકેલા અને અંદર પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા. પોલીસ સ્ટેશનમાં અંદર પોલીસ સ્ટાફના માણસો પીઆઈ સાહેબ તથા કસ્ટડીમાં આરોપીઓ હતા. જેમ બોલાવેલો તેમ બીજા એક ભાઈને પણ બોલાવેલ હતો. જે બીજા ભાઈને બોલાવેલા તે ભાઈનું નામ ગુલામ મુસ્તુફા હતુ. પોલીસ સ્ટેશનમાં પો.ઈ.શ્રીએ જણાવેલ કે આરોપી કસ્ટડીમાં છે તેણે ખુનનો ગુન્હો કરેલ છે અને ગુન્હા સબંધે કાંઈક કહેવા અને બતાવવા માંગે છે તો તમે પંચમાં રહેશો જેથી મે પંચમાં રહેવા હા પાડેલી. જેમ હા પાડેલી તેમ બીજા પંચે પણ હા પાડેલી. આરોપીએ ગુન્હા સબંધે કંઈક કહેવા કે બતાવવા માંગે છે. ત્યાં પો.ઈ. સાહેબે તથા સ્ટાફના માણસોએ લખાણ કરેલુ અને સહી કરાવેલી. જેમ સહી કરી તેમ બીજા પંચે પણ સહી કરેલી. ત્યારબાદ તેઓ, પોલીસ ઈન્સ્પે. અને સ્ટાફના માણસો અને આરોપી પોલીસ સ્ટેશનની બહાર નીકળેલા. આરોપી જે રસ્તો બતાવેલો તે રસ્તે વાહન લઈને નીકળેલા. કેનાલવાળા રસ્તે થઈને ગયેલા. કેનાલવાળા રસ્તે થઈને જતા રસ્તામાં બે ત્રણ સોસાયટી આવેલી પરંતુ તેના નામ હાલમાં યાદ નથી. ત્યાં આગળ જતા એક લાઈટનો થાંભલો આવેલો ત્યાં થાંભલાની બાજુમાં ઢાળમાં ગાડી ઉભી રાખી તથા પોલીસ સ્ટાફના માણસો તથા આરોપી ગાડીમાંથી નીચે ઉતરેલા.ત્યાં આકડાના ઝાડમાંથી આરોપીએ એક ચપ્પુશ બહાર કાઢેલુ. તે ચપ્પુ પ્લાસ્ટીકના કાળા હાથાવાળુ હતુ અને એક બાજુ ધારવાળુ હતુ. તેમાં રીવેટ ફીટ કરેલા હતા અને આગળના ભાગે અંગ્રેજીમાં કંઈક લખેલુ હતુ. ચપ્પા ઉપર રતાશ પડતા ડાઘ પડેલા જોયેલા હતા. આ ચપ્પુ આરોપીએ પોલીસ ઈન્સ્પે.શ્રીને આપતા

પો.ઈ.શ્રીએ તે ચપ્પુ પ્લાસ્ટીકની કોથળીમાં મુકેલુ. ત્યારબાદ પ્લાસ્ટીકની કોથળીમાં મુકી કપડામાં લપેટી સહી કરાવેલી અને તે કાગળ અંદર મુકી પો.ઈ.શ્રીએ સીલ કરેલુ. ત્યાં પોલીસે પંચનામાનું લખાણ કરી સહી કરાવેલી. બીજા પંચ ગુલામ મુસ્તુફાએ પણ સહી કરેલી. ની–૨/૧૧ વાળુ પંચનામુ છે જેમાં પંચ નં–૧ તરીકે સહી છે સદર પંચનામાને રજુ દાખલ આંક– ૯૩ આપવામાં આવે છે. મુદામાલ આર્ટીકલ નં–૧૭ જે ચપ્પુ છે જે પોલીસે પંચનામાની વિગતે હાજરીમાં કબજે કરેલી. આરોપીને તે વખતે એક વખત જોયેલ હતો અને પાંચ છ વર્ષ થઈ ગયેલ હોવાથી ઓળખી શકે નહી.

**૨૩.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, અમદાવાદ મેં કોરોનામાં છોડેલુ છે. તારીખ ખબર નથી.હુ સાવલીમાં મેઈન બજારમાં ગાંધી ફળીયામાં રહુ છુ. રીક્ષા મે ત્રણ ચાર વર્ષ ચલાવેલી. હું જ્યારે પોલીસ સ્ટે.માં સહી કરવા ગયેલો ત્યારે રીક્ષા પણ ચલાવતો હતો અને નોકરી પણ કરતો હતો. હુ જે કંપનીમાં કામ કરતો હતો તેના શેઠનું નામ ખબર નથી. હુ કેડમેક કંપનીમાં નોકરી કરતો હતો.મને મારા રીક્ષાનો બેઈઝ નંબર યાદ નથી. અમે જ્યારે પોલીસ સ્ટે.માંથી નીકળ્યાં ત્યારે બે ત્રણ પોલીસવાળા અને પીઆઈ સાહેબ હતા. પંચનામુ કેવી રીતે લખાય તે મને ખબર નથી. પંચનામાં શુ લખાવવુ પડે તે મને ખબર નથી. અમે જે જગ્યાએ પહોચ્યાં તે આશરે એકાદ કીલો મીટર હશે અને ત્યાં જતા વીસ મીનીટ લાગેલી. તે વાત ખરી છે કે પંચનામાની વિગતો મે લખાવેલી નથી.

તે વાત ખરી નથી કે ઉપરોક્ત પેરવી ઓફીસરોના શીખવાડયા પ્રમાણે હુ જુબાની આપુ છુ. હુ પોલીસ સ્ટે.થી નીકળ્યાં અને જ્યાં પહોચ્યાં તેની વચ્ચે કેટલા થાંભલા આવેલા તે ખબર નથી.મને દીશાઓની પુર્વ પશ્ચીમ ઉતર દક્ષિણ મને ખબર પડતી નથી. જે જગ્યા પર પહોચ્યાં તે કઈ દીશામાં જવુ તે કોઈએ કહેલુ નહી. તમે જે જગ્યાએ પહોચ્યાં તે જાહેરમાર્ગ હતો. મે જે થાંભલાનું કહ્યુ તેમાં કોઈ નંબર લખેલો ન હતો. આજુબાજુ મકાનો હતા કેટલા હતા તે હુ કહી શકુ નહી. અમે જે જગ્યાએ ગયેલા ત્યાં મકાન પાંચ ફુટ કે દશ ફુટના

અંતરે હતુ તે હુ કહી શકુ નહી. અમે ત્યાં પહોચ્યાં ત્યારે મકાનમાંથી કોઈ બહાર આવેલા નહી. અમે જે જગ્યાએ ગયા તે જગ્યાએ ઉપર સોસાયટીનું નામ લખેલુ હતુ. તે વાત ખરી છે કે અમે જે સોસા.માં ગયા તેની બંન્ને તરફ મકાનો આવેલા હતા. ગાડી ઢાળમાં ઉભી રાખેલી. મકાનો કેટલા દુર હતા તે હુ કહી શકુ નહી. મને અંદાજીત માપ ખબર પડે ચોક્કસ ખબર પડે નહી. અંદાજીત અને ચોક્કસ કેટલા ફુટ હશે તે હુ કહી શકુ નહી.મને ચપ્પુ,છરી અને છરો કોને કહેવાય તેની ખબર પડે છે. ઘેર શાક સમારીયે તેને છરી કહેવાય. ચપ્પુ અને છરાનો તફાવત પુછતા કહુ છુ કે ચપ્પુ નાનું હોય અને છરો મોટો હોય. મુદામાલ મને જે બતાવવામાં આવ્યો તેનાથી નાનું હોય તેને હુ ચપ્પુ કહુ છુ. મે આ સહી કરી તે પહેલા વાંચી બતાવેલુ. મે જાતે વાંચેલુ. આંક–૯૩ નું પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મને પંચનામુ બતાવવામાં આવે છે જેમાં છરી શબ્દ લખેલ છે જે હુ વાંચીને જણાવુ છુ. મુદામાલ આર્ટીકલનં–૧૭ બતાવવામાં આવે છે જેના ઉપર માર્ક કરવામાં આવે છે તેને હુ રતાશ પડતો ડાઘો કહુ છુ. જે પ્લાસ્ટીકની બેગમા આ મુદામાલ મુકેલો તે કોણે મંગાવેલી તેમ પુછતા કહુ છુ કે ઈન્સ્પે.સાહેબે કાઢેલી. આ બેગ તેમણે ક્યાંથી મંગાવેલી તેની મને ખબર નથી. ચપ્પુ મળ્યાં પછી આ બેગ કેટલા સમય પછી મંગાવેલી તે મને ખબર નથી. જે કપડામાં લપેટેલાનું મે જણાવેલુ છે તે કપડુ કોણ લાવેલુ તેની મને ખબર નથી. કપડુ સીવીની બેગ બનાવી હોય તેવુ પણ મને ખબર નથી. મારે આરોપી નામના શબ્દ સાથે પરીચય થયેલ નથી. હવે હુ કહુ છુ કે મને ખબર પડે છે. આ શબ્દ આરોપી કોને કહેવાય તેવુ ક્યારે જાણ્યુ તે મને ખબર નથી મારે આરોપીને મળવાનો પ્રસંગ થયેલો નથી કે મારે આરોપીને મળવાનું થયુ નથી. મારે આ આરોપી સાથે વાતચીત કરવાનો કોઈ પ્રસંગ બનેલો નહી. તે વાત ખરી નથી કે મે તૈયાર પંચનામામાં સહી કરેલી છે. તે વાત ખરી નથી કે આરોપીએ કોઈ હથીયાર બતાવેલજ નથી અને હુ પોલીસના કહેવાથી હુ ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી નથી કે હુ રીક્ષા ચલાવતો હોઈ દબાણવશ

થઈને પંચ બનેલો છુ. તે વાત ખરી નથી કે લાંબો સમય થઈ ગયેલો હોવાથી હુ ઓળખી શકુ નહી કારણ કે મે કોઈ પંચનામાની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલ જ ન હતો અને કોઈ હથીયાર સોધી બતાવેલ જ ન હતુ તેથી ઉપર મુજબની હકીકત એટલે કે લાંબો સમય થઈ ગયેલાનું ખોટુ જણાવુ છુ. મુદામાલ આર્ટીકલ નામદાર કોર્ટમાં ખોટી રીતે ઓળખી બતાવુ છુ. તે વાત ખરી નથી કે ફરીયાદ પક્ષને સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

૨૩.૨ સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, આરોપી નં.૪ રાકેશ પાસે રહેલા છરા માટે કબજે થયેલા પંચનામાના પંચ સાહેદ જણાય આવે છે. અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, પુનરોકિતના જોરે પણ અત્રે નોંધવુ જરૂરી છે કે જ્યારે બનાવમાં હાજર હોય અને ઈજા પામનાર હોય તેવા સાહેદોનો પુરાવો વિશ્વસનીય નોંધાયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં એક માત્ર પંચ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેવા સંજોગોમાં ઈજા પામનાર સાહેદના પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી.

૨૪. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૪ નરેન્દ્ર મંગાજી ઠાકોરને આંક–૯૪ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ આજ થી ત્રણ વર્ષ પહેલા રિક્ષા લઈને આવતા હતા તે વખતે રામોલ પોલીસ સ્ટેશન પાસે ઉભો રાખેલો અને પોલીસે સહી કરવાનું કહેતાં સહી કરેલી. શેમાં સહી કરેલી તેમને ખબર નથી. કાગળ લખેલું હતું તેમાં સહી કરેલી. આંક–૮૫–વાળુ ડિસ્કવરી પંચનામું છે તેમાં પંચનં.૧ તરીકે તેમની સહી છે. તેવું બનેલું નથી કે, હું પોલીસ સ્ટેશને ગયેલો હોય અને ત્યાં એક આરોપી હાજર હોય અને તે જગ્યા બતાવવા માંગતો હોઈ પોલીસના વાહનમાં ત્યાં ગયેલા હોઈ અને આરોપીએ તે જગ્યાએથી એક ચપ્પુ શોધી બતાવેલ અને તે ચપ્પુ પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલું હોય.

૨૪.૧ હાલના પંચ સાહેદ કે જે આંક–૮૫ ના પંચનામા મુજબ મુદામાલ આર્ટીકલ નં.૧૨ થી જે ચપ્પુ રજૂ થયેલ તે આરોપી નં.૨ મનીષ દ્વારા બનાવમાં વાપરવામાં આવેલુ તે પંચનામાના અન્ય પંચ સાહેદ છે. આ અગાઉ સાહેદ નં.૧૧ થી પંચ ચંદન જયંતિજી ઠાકોર તરીકે તપાસાયેલા છે. જેઓ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. પરંતુ અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ, પુનરોકિતના જોરે પણ અત્રે નોંધવુ જરૂરી છે કે જ્યારે બનાવમાં હાજર હોય અને ઈજા પામનાર હોય તેવા સાહેદોનો પુરાવો વિશ્વસનીય નોંધાયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં એક માત્ર પંચ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેવા સંજોગોમાં ઈજા પામનાર સાહેદના પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી. તેમજ સાયન્ટીફીક પુરાવામાં ચકાસીએ તો આ મુદામાલ આર્ટીકલ નં.૧૨ વાળા ચપ્પા માટે આંક–૧૧૦ થી રજૂ થયેલ એફ.એસ.એલ.ના બાયોલોજી વિભાગનો અભિપ્રાય, આંક–૧૧૧થી સિરોલોજી વિભાગનો અભિપ્રાય અને આંક–૧૧૨ થી ભૌતિકશાસ્ત્ર વિભાગના અભિપ્રાયને સરખાવતા મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ ના લોહીનુ બ્લડ ગૃપ આ મુદામાલ આર્ટીકલ નં.૧૨ વાળા ચપ્પા ઉપર મળી આવેલાનુ અનુમોદન મળે છે.

૨૫. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૫ કૃતાર્થકુમાર સતિષચંદ્ર દવેને આંક–૯૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સિનીયર પો.ઈન્સ તરીકે રામોલ પો.સ્ટેશન ખાતે ફરજ બજાવતાં હતાં અને અમારા નિવાસસ્થાન ઉપર હાજર હતા તે સમયે રામોલ પો.સ્ટે.ના પી.એસ.ઓ તરફથી અમોને ફોન આવેલો અને જણાવેલું કે, એક ઈસમ માતૃભક્તિ સોસાયટી પાસે થયેલા ઝઘડામાં ઈજા પામેલો છે અને સારવાર દરમ્યાન તેનું મોત થયેલું છે. તે બાબતની વર્ધી મળતાં તેઓ તાત્કાલિક પોલીસ કર્મચારીઓ સાથે એલ.જી. હોસ્પિટલ ખાતે પહોંચેલા ત્યાં પરસોતમભાઇ કુરમી પટેલ રહે. માતૃભક્તિ સોસાયટીનાઓ હાજર હોઇ તેઓએ અમારા રુબરુની

ફરિયાદ હકીકત જાહેર કરતાં તેઓના લખાવ્યાં મુજબની ફરિયાદ હકીકત લખી લીધેલી,જે ફરિયાદને રામોલ પો.સ્ટે.ખાતે દાખલ કરાવવાં સી.આર.પી.સી કલમ ૧૫૭ મુજબનો રિપોર્ટ તૈયાર । કરી મોકલી આપેલ.ગુન્હો દાખલ કરીને આગળની તપાસ અમારા તરફ સુપ્રરત થતાં તે i તપાસ અમોએ સંભાળી લીધેલી. સદર બનાવ હત્યાનો ગંભીર પ્રકારનો હોઈ ઉપરી અધિકારીશ્રીને જાણ કરતાં રિપોર્ટ કરેલા.તેમજ એફ.એસ.એલ અધિકારીને બનાવ સ્થળનુ પરિક્ષણ હેતુ યાદી કરેલી તેમજ પો.સ્ટેશન માં મૌખિક સૂચના કરેલી કે બનાવવાળી જગ્યાએ માણસો મોકલી તે બનાવવાળી જગ્યા સુરક્ષીત કરવી. બાદ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈને બનાવવાળી જગ્યાની મુલાકાત લીધેલી. સદર બનાવના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ. બનાવવાળી જગ્યાએ પહોંચી બે પંચોને બોલાવી તે બે પંચોની હાજરીમાં પંચનામું એફ.એસ.એલ અધિકારીને રુબરુ કરવામાં આવેલું. તેમજ આરોપીને શોધી કાઢવા સારુ પોલિસ કર્મચારીઓને સૂચના આપવામાં આવેલી. પી.એસ.ઓ તરફથી વી.એસ.હોસ્પિટલ તરફથી વર્ધી મળેલી કે, સદર બનાવ વખતે ઈજા પામનાર ઉત્કર્ષ સારવાર હેઠળ છે. જે આધારે અમો વી.એસ. હોસ્પિટલ ખાતે પહોંચેલા અને સદર ઈજા પામનાર ઈસમ વ્યવસ્થિત જવાબ આપી શકે તેમ ન હોઈ અને ડોકટરશ્રીએ પણ આ વ્યકિત નિવેદન આપવા સારુ સક્ષમ ન હોવાનું જણાવેલું. તેના સ્વસ્થ થવા સુધી રાહ જોયેલી અને બાદમાં નિવેદન આપવા સારુ સક્ષમ થતાં તેનું નિવેદન નોંધવામાં આવેલું. મરણજનારનું ઈન્કવેસ્ટ પંચનામું બે પંચોની હાજરીમાં એલ.જી. હોસ્પિટલ ખાતે કરાવવામાં આવેલું. બાદમાં મરણ જનાર ઈસમનો ઈન્કવે. એ.એસ.આઈ મારફતે મરણોત્તર ફોર્મ તેમજ પી .એમ ની તજવીજ કરાવડાવામાં આવેલી. સિવીલ હોસ્પિટલમાંથી પો.કો. જયદેવભાઈ નાઓ મરણજનારના કપડાં મેળવી અમારી સમક્ષ રજુ કરતાં બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે ગુન્હાના કામે કબજે કરવામાં આવેલા. સદર તપાસના કામે નજરે જોનાર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા

તેમજ વી.એસ.હોસ્પિટલમાં દાખલ ઈજા પામનાર ઉત્કર્ષનું ડાઈન ડેકલેરેશન નોંધવા સારુ તજવીજ કરેલી. સદર ગુન્હાની તપાસના કામે ચાર આરોપીઓ મળી આવતાં તેઓને પો.સ્ટે. ખાતે લાવીને તેઓની પૂછપરછ કરવામાં આવેલી અને પૂરતો પૂરાવો હોવાથી તેઓને આ ગુન્હાના કામે અટક કરવામાં આવેલા. બાદ આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ કરેલી. બાદ ચારેય આરોપીઓના કપડાં કબજે કરેલા.

તા.૦૧/૧૦/૨૦૧૭ ના રોજ ગુન્હો આચરતી વખતે આરોપી મનીષકુમાર સન ઓફ નરેશભાઈ ડાંગીનાઓએ પહેરેલા કપડાં રજુ કરતાં બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા. બાદ આરોપી બ્રિજેશ સમાગીરી ગોસ્વામીના ઓએ બનાવ વખતે પહેરેલા કપડાં તા. ૦૨/૧૦/૨૦૧૭ ના રોજ રજુ કરતાં બે પંચોને બોલાવી પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા. બાદ આરોપી મનિષ ઉર્ફે નરેશસિંગ ડાંગીનાઓએ ગુન્હામાં ઉપયોગ કરેલું હથિયાર સ્વેચ્છાએ શોધી બતાવવાનું જણાવતાં બે પંચોને બોલાવી આરોપીના જણાવ્યાં અને બતાવ્યાં મુજબની જગ્યાએ જઈને આરોપીએ હથિયાર શોધી બતાવેલું તે હથિયાર પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલું. બાદ ઈજા પામનારના ભાઈ ઉજ્જવલભાઈ ડાંગીનાઓ ઈજા પામનારના કપડાં રજુ કરતાં તે બે પંચોને બોલાવી પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા. આરોપી રાકેશ હિરાલાલ જાદવનાઓએ બનાવ વખતે પહેરેલા કપડાં તા.૦૨/૧૦/ ૨૦૧૭ ના રોજ રજુ કરતાં બે પંચોને બોલાવી પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા. બાદ આરોપી રાકેશ હિરાલાલ જાદવનાઓએ ગુન્હામાં ઉપયોગ કરેલું. હથિયાર સ્વેચ્છાએ શોધી બતાવવાનું જણાવતાં બે પંચોને બોલાવી આરોપીના જણાવ્યાં અને બતાવ્યાં મુજબની જગ્યાએ જઈને આરોપીએ હથિયાર શોધી બતાવેલું તે હથિયાર પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલું. બાદ તપાસના કામે નજરે જોનાર સાહેદોના વધુ નિવેદન તેઓના લખાવ્યાં

મુજબના લખી લીધેલા. નજરે જોનાર સાહેદોના સી.આર.પી.સીની કલમ ૧૬૪ ના નિવેદન મેળવવા સારુ મેજીસ્ટ્રેટશ્રીને યાદી કરેલી. બાદ તેઓના નિવેદનો નોંધાવવાની તજવીજ કરેલી. એફ.એસ.એલ તરફથી સ્થળપરિક્ષણનો અહેવાલ મળતા ચાર્જશીટના કામે સામેલ રાખેલ. પી.એમ નોટ મેળવી તપાસના કાગળોમાં સામેલ રાખેલ. ઈજા પામનાર ઉતકર્ષ ડાંગીનું ઈન્જરી સર્ટીફિકેટ મેળવી તપાસના કાગળોમાં સામેલ રાખેલું. મુદ્દામાલનું પરિક્ષણ થવા સારુ રવાનગી નોંધ તૈયાર કરીને એફ.એસ.એલ મોકલી આપવામાં આવેલું અને મુદ્દામાલનો પૃથક્કરણ થઇ અહેવાલ મળતાં તપાસના કાગળોમાં સામેલ રાખેલું. ડી.ડી. એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટનાઓએ મેળવીને તે ડી.ડી. તપાસના કામે સામેલ રાખેલું. ઈજા પામનાર ઉતકર્ષનું વિશેષ નિવેદન તેઓના લખાવ્યાં મુજબનું લખી લીધેલું. આરોપી સુધાકર ઉર્ફે રવિ પટેલના તા .૧૧/૧૨/૨૦૧૭ ના રોજ પકડાઈ જતાં ગુન્હાના કામે અટક કરેલ. સાહેદ ઉતકર્ષનું સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવા સારુ મેજીસ્ટ્રેટશ્રીને યાદી કરી નિવેદન નોંધાવવાની તજવીજ કરેલી.બાદ તમામ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં સક્ષમ અદાલતમાં આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલી. સી.આર.પી.સીની કલમ ૧૫૭ નો રીપોર્ટ રજુ દાખલ આંક–૯૭ આપવામાં આવે છે. આંક–૧૬ વાળી ફરિયાદ ફરિયાદીએ તેમની રુબરુ જાહેર કરતાં તેઓના લખાવ્યાં મુજબની લખી લીધેલી. ઈન્કવેસ્ટ પંચનામામાં બે પંચોની હાજરીમાં એલ.જી.હોસ્પિટલ ખાતે ઈન્વે. જમાદારનાઓએ કરેલ જેને રજુ દાખલ આંક–૯૮ આપવામાં આવે છે. ગુન્હાવાળી જગ્યાનું પંચનામામાં બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે જેને રજુ દાખલ આંક–૯૯ આપવામાં આવે છે. મરણજનારના કપડાં સિવીલ હોસ્પિટલ ખાતેથી પો.કો. જયદેવ લાલુભા નાઓ એ રજુ કરતાં જે બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે જેને રજુ દાખલ આંક–૧૦૦ આપવામાં આવે છે. આંક– ૮૦ આરોપી મનિષ ડાંગીના કપડાં કબજે કરાવાનું પંચનામું બે પંચોની

હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે. આરોપી બ્રિજેશ સમાગીરી ગોસ્વામીના કપડાં કબજે કરાવાનું પંચનામું બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે જેને રજુ દાખલ આંક-૧૦૧ આપવામાં આવે છે. આંક- ૮૫ આરોપી મનિષ ડાંગીનાઓએ ગુન્હાના કામે ઉપયોગ કરેલું હથિયાર સ્વેચ્છાએ શોધી બતાવતા હથિયાર શોધી બતાવેલું જે બાબતેનું પંચનામું બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે આંક- ૮૯ ઈજાપામનાર ઉતકર્ષ ઉર્ફે છોટુના કપડાં તેઓના ભાઈ ઉજ્જવલભાઈ રજુ કરતાં જે બાબતેનું પંચનામું બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે.

આરોપી રાકેશ હિરાલાલ યાદવના કપડાં કબજે કરાવાનું પંચનામું બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે તથા રુબરુપણાં તેમની મારી સહી છે જેને રજુ દાખલ આંક- ૧૦૨ આપવામાં આવે છે. આંક- ૯૩ આરોપી રાકેશ હિરાલાલ યાદવે ગુન્હાના કામે ઉપયોગ કરેલું હથિયાર સ્વેચ્છાએ શોધી બતાવવાનું કહેતા શોધી બતાવતાં જે બાબતેનું પંચનામું બે પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલું જેમાં બે પંચોની સહી છે તથા રુબરુપણાં તરીકે તેમની સહી છે. એફ.એસ.એલ નો સ્થળપરિક્ષણનો અહેવાલ એફ.એસ.એલ અધિકારીએ સ્થળ ઉપર તૈયાર કરીને આપેલો જેમાં એફ.એસ.એલ અધિકારીની સહી છે. જેને રજુ દાખલ આંક- ૧૦૪ આપવામાં આવે છે.

મુદ્દામાલ એફ.એસ.એલ માં મળ્યા બાબતે એફ.એસ.એલ કચેરી તરફથી આપવામાં આવેલી પહોંચ છે, જે એફ.એસ.એલ અધિકારી તરફથી આપવામાં આવેલ છે, જેમાં તેઓનો હોદ્દો તથા સહી છે જેને રજુ દાખલ આંક-૧૦૫ આપવામાં આવે છે. આંક-૩૯ ઈજાપામનાર ઉત્કર્ષનું ડાઈંગ ડેકલેરેશન એક્ઝક્યુટીવ મેજી. રુબરુ લેવડાવેલું જે આ તપાસના કામે કાગળીયાઓ સાથે સામેલ રાખેલ. હથિયાર બંધી નું જાહેરનામું તપાસના કાગળોમાં સામેલ રાખેલું જેમાં પો.કમિશ્નર સાહેબશ્રીની સહી છે. જેને રજુ દાખલ આંક-૧૦૬

આપવામાં આવે છે. એલ.જી.હોસ્પિટલમાંથી મળેલી વર્ધીનો ઉતારો છે, જે તપાસના કાગળોમાં સામેલ રાખેલો તે જ છે. જેને રજુ દાખલ આંક–૧૦૭ આપવામાં આવે છે. મુદ્દામાલ રવાનગી નોંધ બતાવવામાં આવે છે, જેમાં પોતાની સહી છે જેને રજુ દાખલ આંક–૧૦૮ આપવામાં આવે છે. એફ.એસ.એલ કચેરીનો ફોર્વર્ડીંગ પત્ર બતાવવામાં આવે છે, જેમાં એફ.એસ.એલ અધિકારીની ઓર્ડર પર સહી છે. જે તપાસના કાગળોમાં સામેલ રાખેલ. જેને રજુ દાખલ આંક–૧૦૯ આપવામાં આવે છે. એફ.એસ.એલ નો બાયોલોજી વિભાગનો અભિપ્રાય છે. જે તપાસના કાગળોમાં સામેલ રાખેલ તે જ છે.જેમાં એફ.એસ.એલ અધિકારીનો હોદ્દો અને સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૦ આપવામાં આવે છે. એફ.એસ.એલ નો સીરોલોજી વિભાગનો અભિપ્રાય છે. જે તપાસના કાગળોમાં સામેલ રાખેલ. જેમાં એફ.એસ.એલ અધિકારીનો હોદ્દો અને સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૧ આપવામાં આવે છે. એફ.એસ.એલ નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અભિપ્રાય છે. જે તપાસના કાગળોમાં સામેલ રાખેલ તે જ છે. જેમાં એફ.એસ.એલ અધિકારીનો હોદ્દો અને સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૨ આપવામાં આવે છે. વી.સી. હોસ્પિટલમાંથી મળેલો વર્ધીનો ઉતારો બતાવવામાં આવે છે, જે તપાસના કામે સામેલ રાખેલ જેને રજુ દાખલ આંક–૧૧૩ આપવામાં આવે છે. એફ.એસ.એલ અધિકારીને ગુન્હાવાળી જગ્યા બતાવી વિઝીટ કરીને અભિપ્રાય આપવા બાબતે લખવામાં આવેલી યાદી બતાવવામાં આવે છે,જેમાં પોતાની સહી છે તથા યાદી મળ્યા બાબતે એફ.એસ.એલ અધિકારીની સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૪ આપવામાં આવે છે.

સાહેદોના સી.આર.પી.સીની કલમ ૧૬૪ ના નિવેદનો નોંધવવા સારુ એક્ઝક્યુટીવ મેજીસ્ટ્રેટનાઓને લખેલ યાદી બતાવવામાં આવે છે, જેમાં પોતાની સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૫ આપવામાં આવે છે. સાહેદોના સી.આર.પી.સીની કલમ ૧૬૪ ના નિવેદનો નોંધવવા સારુ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

ધીકાંટા કોર્ટનાઓને લખેલ યાદી છે, જેમાં પોતાની સહી છે. જેને રજુ દાખલ આંક–૧૧૬ આપવામાં આવે છે.

મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૧૭ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૧૮ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૧૯ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે.જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ મારી રુબરુમાં સહી કરેલી ને રુબરુપણાં તરીકે સહી છે. સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૦ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે.જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૧ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૬ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ મારી રુબરુમાં સહી કરેલી ને રુબરુપણાં તરીકે સહી છે. સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૨ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૭ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે.જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી ને રુબરુપણાં તરીકે સહી છે. સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૩ આપવામાં આવે છે.

મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે.જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી ને રુબરુપણાં તરીકે સહી છે. સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૪ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક–૧૨૫ આપવામાં આવે છે.

મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫માંથી એક પંચસ્લિપ નીકળેલ છે.જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક-૧૨૬ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬ માંથી એક પંચસ્લિપ નીકળેલ છે. જે પંચસ્લિપમાં બંન્ને પંચોએ રુબરુમાં સહી કરેલી સદર પંચસ્લિપને વાંધાસાથે રજુ દાખલ આંક-૧૨૭ આપવામાં આવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૪ માંથી એક પ્લાસ્ટિકની કોથળીમાંથી બ્લુ કલરની નાઈટી નીકળેલ છે જે પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરેલો.

આરોપી મનીષ પાસેથી જે છરી મળી આવેલી તે પ્લાસ્ટીકના હાથાવાળી અને સ્ટીલના ફડવાળી હતી તેમજ એકબાજુ ધાર અને એકબાજુ ખાંચાવાળી હતી તેમજ યુએસએ લખેલ હતુ જેમાં નીચે દીશાસુચક યંત્ર હતુ. આરોપી રાકેશ પાસેથી મળી આવેલી છરી પ્લાસ્ટીકના હાથાવાળી હતી અને સ્ટીલનું ફળ હતુ જેની અંદર જર્મની લખેલ હતુ. મુદામાલ આર્ટીકલ નં-૧૨ અને મુદામાલ આર્ટીકલ નં-૧૭ થી રજુ થયેલ છરીઓ છે જે આરોપીઓએ શોધી બતાવેલ પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપીઓને ઓળખે છે.

**૨૫.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, મે જે મુદામાલ આર્ટીકલનું વર્ણન આપેલ છે તે મે રીફર કરીને આપેલ છે. તે વાત ખરી છે કે મે સરતપાસમાં જણાવેલ વિગત જેવી કે"રામોલ પો.સ્ટે.ના પી.એસ.ઓ તરફથી અમોને ફોન આવેલો અને જણાવેલું કે, એક ઇસમ માતૃભક્તિ સોસાયટી પાસે થયેલા ઝઘડામાં ઇજા પામેલો છે " તેટલી હકીકત જાણવા મળેલી.તે વાત ખરી છે કે તેમાં ઝગડા શબ્દનો ઉલ્લેખ થયેલો છે. હુ તપાસ કરતા અધિકારી તરીકે પંદર વર્ષનો અનુભવ ધરાવુ છુ. તે વાત ખરી છે કે છરી, છરો અને ખંજર આ વસ્તુમાં ફેર હોય છે. તે વાત ખરી છે કે સામાન્ય રીતે છરીનો ઉપયોગ ઘરમાં શાક સમારવા માટે થતો હોય છે. તે વાત ખરી છે કે મુદામાલ આર્ટીકલ નં-૧૨ અને ૧૭ પૈકી એક છરો છે અને એક ખંજર છે. તે વાત ખરી છે કે સામાન્ય રીતે પક્ષકારો વચ્ચે થતી તકરાર ને ઝગડો કહેવાય. સવાલ- જ્યારે તમે નિવાસસ્થાન પર હતા અને

ફોન આવ્યો ત્યારે કેટલા વાગ્યાનો સમય હતો? જવાબ– મને ઓફીસીયલ વર્ધીનો સમય ૫–૨૦ નો હતો તે વખતે અમે એલજી હોસ્પીટલ પહોંચી ગયેલા. ખાનગી વ્યક્તિ મારફતે મને હુ પહોચ્યો તેના પોણા કલાક પહેલા મને ફોનથી જાણ કરતા હુ પહોચી ગયેલો.હુ આ ખાનગી વ્યકિત બાબતે માહીતી જાહેર ના કરી શકુ. ફોન આશરે સાડા ચારથી પોણા પાંચની વચ્ચે આવ્યો હશે. તે વાત ખરી છે કે મને આ બનાવની જાણ ખાનગી વ્યક્તિ દ્વારા થઈ તે પહેલા પોલીસ સ્ટે. માં બનાવ બાબતે જાણ ન હતી. મને જે જાણ થયેલી તેમ પુછતા જણાવુ છુ કે માતૃભક્તિ સોસાયટીમાં ગરબા વખતે ઝગડો થયેલો છે તેમાં બે ઈસમને છરીના ઘા વાગેલા છે અને તેમને હોસ્પીટલ લઈ ગયેલા છે. તે વાત ખરી છે કે મને જે જાણ થઈ તે કોગ્નીઝેબલ ઓફેન્સ કહેવાય. મે પોલીસ સ્ટેશનના કર્મચારીઓને સ્થળ ઉપર જવા સુચના આપેલી.હુ એલ જી હોસ્પીટલથી પરત આવ્યો ત્યારે કર્મચારીઓ ત્યાં હાજર હતા. પરત આશરે આઠ વાગ્યા આવેલ.મારી તપાસમાં એવી કોઈ વિગત ખુલેલ નથી કે મારી સુચના બાદ પોલીસ સ્ટેશનેથી ક્યાં કર્મચારી બનાવવાળી જગ્યાએ ગયેલા. હુ એલજી હોસ્પીટલ ખાતે સરકારી વાહનમાં ગયેલો. તે વાત ખરી છે કે સામાન્ય રીતે સરકારી વાહનમાં કર્મચારી તરીકે પોલીસના ડ્રાયવર હોય છે. તે દિવસે ડ્રાયવર હતા અને હુ તેમની સાથે ગયેલો. તે ડ્રાયવર કોણ હતા તેમનું નામ હુ જણાવી શકુ નહી. તે વાત ખરી છે કે કેસડાયરીની હાર્ડ કોપી હુ લાવેલ નથી. તે વાત ખરી છે કે મે આ કેસ ડાયરીની તપાસના અંતે સહી સિક્કાવાળી નકલ સીલબંધ હાલતમાં ચાર્જશીટ સાથે હકુમત ધરાવતી કોર્ટમાં રજુ કરેલ નથી. બનાવવાળી સ્થળે હુ સૌ પ્રથમ સવારના આઠ વાગ્યે પહોચેલ. મને આંક –૧૦૭ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે વર્ધી લખાવનાર વ્યક્તિના તપાસના કામે નિવેદન લીધેલ નથી. તેમજ તેમને મળવાનો પ્રસંગ પણ બનેલ નથી. તે વાત ખરી છે કે અમારા સરકારી વાહનોમાં લોગબુક મેન્ટેન કરવામાં આવતી હોય છે. તે વાત ખરી છે કે અમે જે સરકારી કામે કે તપાસના કામે નીકળીયે તેની નોંધ કરવામાં આવતી હોય છે. તે વાત

ખરી નથી કે આ કામે આંક–૧૦૭ વાળી વર્ધી તપાસના કામે ખોટીરીતે ઉભી કરેલી છે. મે તપાસના કામે એકજ વ્હીકલનો ઉપયોગ કરેલો છે. મે સમગ્ર તપાસમાં આ લોગબુકમાં નોંધ કરનાર ડ્રાઈવ કરનાર વ્યક્તિનું કોઈ નિવેદન લીધેલ નથી. તે વાત ખરી છે કે લોગબુકનો કોઈ ઉતારો આ કામની ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી તે વાત ખરી છે કે, હું મારા નિવાસસ્થાન પર હાજર હતો અને વર્ધી લખાવેલી. મારે બનાવ પછી માતૃભક્તિ સોસાયટીમાં કેટલી વખતજવાનો પ્રસંગ બનેલો તે મને યાદ નથી. તે વાત ખરી છે કે, હું બે થી વધારે વખત બનાવ વાળી જગ્યા પર ગયેલો હોઈશ. આ માતૃભક્તિ સોસાયટીમાં અંદાજે કેટલા મકાનો આવેલા છે તેની મને ખબર નથી.તે વાત ખરી છે કે, આ સોસાયટીમાં અંદાજે ૧૦૦ થી વધારે મકાનો હશે.ગરબાનું સ્થળ અને મારામારીનું સ્થળ અલગ અલગ છે કે કેમ તે હું ના કહી શકું. આ મકાનો ઉભી અને આડી રો એમ બે રો માં આવેલા છે. તે વાત હું ખાત્રીપૂર્વક ના કહી શકું કે, આ સોસાયટીના તમામ મકાનો ઉભી રો માં જ આવેલા છે. કુલ કેટલી રો આવેલ છે તેમ પૂછતાં કહું છું કે, ત્યાં બે થી વધારો હોઈ શકે. તે વાત ખરી છે કે,આ માતૃભક્તિ સોસાયટીના બહાર નીકળવાના એકથી વધારે રસ્તાઓ છે. તે વાત ખરી છે કે,આ માતૃભક્તિ સોસાયટીની બહાર નીકળતા તરત જ પાકી રોડ આવેલો છે . આ રોડ છે તે ઉત્તર અને દક્ષિણનો છે કે કેમ તે હું ના કહી શકું. આ સોસાયટીની રો કઇ થી કઇ દિશામાં આવેલી છે તે પણ હું કહી શકું નહીં. આ ગુન્હાવાળી જગ્યાના પરિક્ષણ સમયે મકાનોની દિશાઓ કઇ હતી તે મારા ધ્યાનમાં આવેલ નથી. જે દિવસે બનાવ બન્યો તે દિવસે જે ગરબા ચાલતાં હતા તેના કારણે બનાવ બનેલો તે સમયે આ ગરબા કેટલા સ્થળે ચાલતાં હતા તે હું કહી શકું નહીં. બનાવના દિવસે જે જગ્યાએ બનાવ બનેલો તે રો કઈ હતી તે હું ગુન્હાવાળી જગ્યાનું પંચનામું જોયા સિવાય હું કહી શકું નહીં. બનાવવાળી જગ્યા સોસાયટીમાં પ્રવેશતા કેટલા મકાન છોડયા પછી આવેલ છે તેમ પૂછતાં કહું છું કે, તે ગુન્હાવાની જગ્યાનું પંચનામું જોયા પછી પણ મકાનની સંખ્યા હું

જણાવી શકું નહીં. જે જગ્યાએ બનાવ બન્યો તેની આસપાસ ક્યા ક્યા નંબરના મકાનો આવેલા છે તેમ પૂછતાં કહું છું કે, આંક– ૯૯ નું પંચનામું જોઈને કહું છું કે, મકાન નં. ૧૨૪ હતું. જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યાની સામે કે આસપાસ મકાન નં. ૧૨૪ સિવાય કયા મકાન નંબર આવેલા છે તેમ પૂછતાં કહું છું કે, મકાનો આવેલા છે પરંતું ક્યા નંબરના છે તે હું ના કહી શકું. બીજા કેટલા મકાનો આવેલા છે તે હું ના કહી શકું. મકાનનં. ૧૨૪ વાળું મકાન કોનું હતું અને તેઓના નિવેદન લીધેલા કે કેમ તેમ પૂછતાં કહું છું કે, મકાન કોનું હતું તે પણ ખબર નથી અને નિવેદન પણ લીધેલા નથી. મકાનનં. ૧૨૪ થી કેટલા ફૂટના અંતરે આ બનાવ બનેલો હશે તેની મને ખબર નથી. મકાનનં. ૧૨૪ ની બાજુમાં કયું મકાન હતું તે પણ હું ના કહી શકું. મકાનનં. ૧૨૪ ની સામે કયુ મકાન આવેલું છે તેની પણ મને ખબર નથી. મકાન નં. ૧૨૪ એ રો નું મકાન હતું પરંતું ઉભી રો હતી કે આડી મને ખબર નથી. મકાન નં ૧૨૪ ની આસપાસના કોઈ મકાનવાળા નિવેદન લીધેલા છે તેમ પૂછતાં કહું છું કે, નજીકના ધોરણે નિવેદન લીધેલા છે. મકાનનં. ૧૫૮ જે નજીક હતું તેના નિવેદન લીધેલા છે. તે મકાન નં. ૧૨૪ થી કેટલું નજીક હતુ તે કહી ના શકુ પરંતું નજીક હતું તે ૫૦ ફૂટના અંતરે હતું કે કેમ તેની મને ખબર નથી. સાહેદ કહે છે કે, ૫૦ કે ૧૦૦ ફૂટ જે લખો તે ચાલશે. મકાનનં ૧૫૮ એ મકાનનં ૧૨૪ ની ઉત્તર હતુ કે દક્ષિણે હતું કે પૂર્વ કે પશ્ચિમે હતું કેમ તેની મને ખબર નથી. મકાનનં. ૧૨૪ પાસે હું સૌપ્રથમ તા. ૩૦/૯/૨૦૧૭ આશરે સવારે ૯.૦૦ વાગ્યે પહોંચેલો. જે વખતે મને વર્ધી મળેલી તે વખતે સૌપ્રથમ હું એલ.જી.હોસ્પિટલ પહોંચેલો અને ત્યાં મારી સૌપ્રથમ મુલાકાત હોસ્પિટલના સ્ટાફની સાથે થયેલી. આ સ્ટાફ હતો તે ઓપીડી પાસે કે ઓપરેશન થીયેટર પાસે હતો તેમ પૂછતાં કહું છું કે, હું પહેલા ઈમરજન્સી સારવાર વિભાગ પાસે ગયેલો. હું કેસ ડાયરી આજે પણ લાવેલો નથી. નામ.ગુજરાત હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરવાનું હોય છે. આ નિર્દેશોનું પાલન નહીં કરવાનું કારણ પૂછતાં કહું છું કે, હાલ મારી

પાસે ઉપલબ્ધ ન હોવાથી લાવેલો નથી.તે વાત ખરી છે કે, ગઈ મુદ્દત અને આ મુદ્દતને આખરે એક મહિનો થયેલ છે. આ સમયગાળામાં મેં કેસ ડાયરી મેળવવાના કોઈ પ્રયત્ન કરેલા નથી. તે વાત ખરી છે કે, હું ઇમરજન્સી સારવાર વિભાગ પાસે કોઇ સ્ટાફને મળેલો તેની નોંધ મેં ક્યાંય કેસડાયરીમાં કરેલી નથી. તે વાત ખરી નથી કે, હું જ્યારે ઇમરજન્સી વિભાગ પાસે પહોંચેલો ત્યારે આ સ્ટાફ સિવાય પરિવારના કોઈ સભ્યો હાજર ન હતા. આ હોસ્પિટલના સ્ટાફને મળ્યા પછી ઇજાપામનાર પાસે જઈને ત્યાંથી તેના સગા વ્હાલા સાથે વાતચીત કરેલી. ઈજાપામનાર વ્યક્તિની બાજુમાં બેઠેલા વ્યકિતને પૂછતાં કહેલ કે, કુટુંબી વ્યકિત છે. ઈજાપામનાર વ્યકિત એટલે કે મૃત્તક પોતે હતા. પ્રશ્ન:–એટલે કે, તમે જ્યારે ત્યાં પહોંચેલા ત્યારે મૃત્તક વ્યકિત જીવતો હતો? જવાબ:– ઇજાપામનાર વ્યકિત મૃત હાલતમાં હતો અને હોસ્પિટલ સ્ટાફ અને સગા વ્હાલા પાસેથી મૃત હોવાનું જાણવા મળેલું. પ્રશ્ન :– આ ઈજાપામનારને હોસ્પિટલમાં કેટલા વાગ્યે લાવેલા હતા ? જવાબ:– કેસ પેપર રિફર કરીને જણાવું છું કે, ચાર વાગ્યાની આસપાસ લાવેલા હતા. જે વ્યકિતને ઈજા થયેલી હતી તે ઇમરજન્સી વોર્ડમાં હતી કે બહાર હતી તેમ પૂછતાં કહું છું કે, આ મૃત્તક વ્યકિત ઇમરજન્સી વોર્ડમાં હતી. આ ઇમરજન્સી વોર્ડ હોસ્પિટલમાં પ્રવેશતાં જમણી બાજુએ હતો.તે વાત ખરી છે કે, આ એલ.જી. હોસ્પિટલમાં પ્રવેશવાના ર રસ્તાઓ છે. હું જ્યારે હોસ્પિટલ પહોંચેલો ત્યારે વર્ધીમાં સી.એમ. ઓ ડો. તેજલબેનની સૂચનાથી લખેલ છે, જે અન્વયે મારે સી.એમ.ઓ ડો. તેજલબેનને મળવાનો પ્રસંગ બનેલો નથી. સમગ્ર ઇનવેસ્ટીંગેશન દરમ્યાનમાં પણ મારે તેઓને મળવાનો પ્રસંગ બનલો નથી. તે વાત ખરી છે કે,આ ડો. શ્રી ની સૂચનાથી પો.કો. ગણપતરાવે આ વર્ધી લખાવેલી. પો.કો. ગણપતરાવને મળવાનો મારે મળવાનો કોઈ પ્રસંગ બનેલ નથી. મારી પો.સ્ટેની વર્ધી આંક–૧૦૭ લખનાર પો.કોનું નિવેદન લીધેલ નથી. આ વર્ધીના હસ્તાક્ષર વેરીફાય કરાવેલા નથી. તે વાત ખરી નથી કે, આંક–૧૦૭ વાળી વર્ધી ઉભી કરવામાં આવેલી છે. ઇજાપામનારને હોસ્પિટલમાં ૧૦૮ માં લઇ

જવામાં આવેલા હતા. તેઓ ૧૦૮ માં ગયેલા કે કેમ તે બાબતે ૧૦૮ ના કોઇ કર્મચારીના નિવેદન લીધેલા નથી. જ્યારે કોઈ ૧૦૮ ને બોલાવે છે ત્યારે ફોન થી બોલાવવામાં આવતી હોય છે, તો તે સંદર્ભે તેનો કોલ રેકર્ડ કાઢેલ નથી. જે ડો.શ્રી એ. આ ઈજાગ્રસ્તને મરણ જાહેર કરેલ હતા તેઓનું પણ નિવેદન લીધેલું નથી. હોસ્પિટલ પહોંચેલો ત્યારે ઇમરજન્સી વિભાગમાં કોઈ ડોક્ટરો હતા કે નહીં તે ખ્યાલ નથી. ઇમરજન્સી વિભાગમાં પહોંચેલો ત્યારે આ જ વ્યકિત ઈજાગ્રસ્ત હતો તે સિવાય બીજા દર્દીઓ હતા પરંતું કેટલી સંખ્યામાં હતા તે હું કહી શકું નહીં. હું જ્યારે ઇમરજન્સી વિભાગમાં ગયેલો ત્યારે આ કેસના ઈજાગ્રસ્ત સિવાય બીજા ઈજાગ્રસ્ત કેટલી વ્યક્તિઓની સાથે મુલાકાત થયેલી તેમ પૂછતાં કહું છું કે, કોઈ મુલાકાત બીજા ઈજાગ્રસ્ત વ્યક્તિ સાથે થયેલી નથી પરંતુ જણાવું છું કે ઈજાગ્રસ્ત વ્યકિતઓના સગાંઓની મુલાકાત થયેલી. ઇમરજન્સી વોર્ડમાં જે મુલાકાત થયેલી ત્યારે ત્યાં ઈજાગ્રસ્ત વ્યકિતઓના કેટલા સગાઓ હાજર હતા તેમ પૂછતાં કહું છું કે, બે થી વધારે હાજર હતા પરંતું ચોક્કસ સંખ્યા કહી શકું નહીં. ઈમરજન્સી વિભાગમાં રહેલા ઈજાગ્રસ્તના સગાઓની ત્યાં જ પૂછપરછ કરેલી. ત્યાં કેટલી વ્યકિતઓની પૂછપરછ કરેલી તે ખ્યાલ નથી. જે પૂછપરછ કરેલી તે સમય આશરે ૪.૩૦ પછી નો હશે પરંતું ચોક્કસ સમય કહી શકું નહીં. આ સગા વ્હાલાઓ ઈજાગ્રસ્તવાળાઓના છે તે બાબતે કોઈ ખરાઈ મેં કરેલી નથી. જ્યારે હું ઇમરજન્સી વિભાગમાં ગયેલો ત્યાં હું આશરે આ વિભાગમાં આશરે એકાદ કલાક જેટલો સમય રહેલો. સમગ્ર સમય જે હોસ્પિટલમાં રોકાયેલો તે અંદાજે દોઢ થી બે કલાક રહલો હોઈશ. જ્યારે હું એલ.જી.હોસ્પિટલ પહોંચેલો ત્યારે મારા ઘરેથી નીકળી ત્યાં પહોંચતા દરમ્યાનમાં ડ્રાઈવર અને પોલીસ કર્મચારી જોડે હતા. બીજા ક્યા કર્મચારી હતા તેની સંખ્યા અને નામ ના આપી શકું. મારા ઘરથી એલ.જી. હોસ્પિટલ વચ્ચેનું અંતર આઠેક કિ.મી જેટલું હશે.

પ્રશ્નઃ- તમને જ્યારે મેસેજ મળેલો તે બાબતે તમને લેખિત વર્ધી મળેલી કે મૌખિક ટેલીફોનીક જાણ થયેલી? જવાબ:- મને સદર

બનાવ બાબતે સૌપ્રથમ ખાનગી વ્યકિત દ્વારા માહિતી મળેલી અને ત્યારબાદ પો.સ્ટેથી ટેલીફોનીક જાણ થયેલી. આ જાણ ટેલીફોનીક થયેલી તેના કોઈ કોલ રેકર્ડ સી.ડી.આર મેં કબજે કરેલા નથી. મારા મત અનુસાર, આ ટેલીફોનીક માહિતીનો સી.ડી.આર આ કેસનો મહત્વનો ભાગ ન કહી શકાય. મને જે આંક–૧૦૭ ની વર્ધી મળેલી તેમાં સમય લખેલો છે જે આશરે સાડા પાંચ વાગ્યે મને મળેલી. આ વર્ધી પી.એસ.ઓના હસ્તાક્ષરમાં છે. આંક–૧૦૭ ની વર્ધી મને મળેલી છે તે દર્શાવતો કોઈ શેરો આમાં નથી. આ બનાવવાળું સ્થળ જ્યાં ગરબા ચાલતાં હતા જેના કારણે બનેલો તે ગરબા જે જગ્યાએ ચાલતાં હતા તેનું ચોક્કસ લોકેશન હું ના કહી શકું. આ ગરબા કઇ રો માં ચાલતાં હતા તેમ પૂછતાં કહું છું કે, બીજી રોમાં ચાલતાં હતા. અને જે મકાન પાસે ગરબા ચાલતા હતા તેઓ મકાનવાળાના નિવેદન લીધેલા નથી. આ જે જગ્યાએ ગરબા ચાલતાં હતાં તે વખતે બનાવ સ્થળ ઉપર કેટલા માણસો હાજર હતા તેમ પૂછતાં કહું છું કે, અંદાજે સંખ્યા ના કહી શકું પરંતું મોટી સંખ્યામાં લોકો હાજર હતા. તે વાત ખરી છે કે, બનાવવાળા સ્થળે જ્યાં ગરબા ચાલતાં હતા ત્યાં મોટી સંખ્યામાં બહેનો પણ ગરબા ગાતી હતી. તે વાત ખરી છે કે, ગરબા સિવાય બીજી ઘણી બહેનો ત્યાં હાજર પણ હતી. આવી કોઈ મહિલાઓના નિવેદન મેં લીધેલા નથી. મારી તપાસમાં તે ખુલેલું કે, આ પક્ષકારો વચ્ચે આ બનાવ પહેલા પણ ઝઘડો થયેલો. આ બનાવ બન્યાના કેટલા દિવસ પહેલા ઝઘડો થયેલો તેમ પૂછતાં કેસ રિફર કરીને કહું છું કે, તે હું ચોક્કસ સમય ના કહી શકું. મકાન નં. ૧૨૪ ની આસપાસના કોઈ રહીશોએ મને બનાવ બાબતેની કોઇ હકીકતો મારી પાસે આવીને જણાવેલી કે જાહેર કરેલી નથી. મેં પોતે પણ નિવેદનો લેવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. જે દિવસે આ બનાવ બન્યો ત્યારે ગરબા ચાલતા હતા તે તેનું મુળ સ્થળ ઝઘડાનું કહી શકાય તે વાત ખરી છે. આ જગ્યાએ ગુન્હાવાળી જગ્યાનું ગરબા હતા તે સ્થળનું મુલ્યાંકન કરીને નકશો કે તેનું પંચનામું કરેલું નથી. જે જગ્યાએ ગરબો ચાલતો હતો તેની આસપાસના રહીશો પાસે જઈને મળવાનો કે

વાતચીતનો પ્રસંગ બનેલ છે. ગરબાવાળા સ્થળના કોઈ માણસોએ આ બાબતને જાતે જાહેર કરેલી નથી. આ હોસ્પિટલમાં બનાવ સંબંધે મારે બે થી વધારે વ્યકિતઓ સાથે મુલાકાત થયેલી પરંતું ચોક્કસ સંખ્યા કહી શકું નહીં. જે બીજા ઈજાગ્રસ્તોના કેટલા સગાવ્હાલાના સાથે હોસ્પિટલમાં વાતચીત કરવાનો પ્રસંગ બનેલ તે ચોક્કસ કહી શકું નહીં. બનાવવાળી જગ્યાએ આ ગુન્હાવાળી જગ્યાના પંચોને કોઈ બોલાવા ગયેલું તેમ પૂછતાં કહું છું કે, અમારા પોલીસ કર્મચારી બોલાવવા સારુ ગયેલા. તે કર્મચારીનું કોઈ નિવેદન લીધેલ નથી. તેઓનું નામ આપી શકું નહીં. પંચો ના નામ મોઢે આપી ના શકું. ઈન્કવેસ્ટ પંચનામું ભરવાની કાર્યવાહી આશરે ૬ વાગ્યા પછી શરુ કરેલી ચોક્કસ સમય ના કહી શકું. પંચોને કોણ બોલાવી લાવેલ તેમ પૂછતાં કહું છું કે, ઈન્વે. પોલીસ સ્ટાફના માણસો બોલાવી લાવેલા. આ ઈન્વે. નો સ્ટાફ એલ.જી.હોસ્પિટલમાં હાજર જ હતો, જે એ.એસ.આઇ શૈલેષભાઇનાઓ ત્યાં હાજર હતા.તે વાત ખરી છે કે, આ ઈન્કવેસ્ટ પંચનામું મેં ભરેલ નથી. આંક-૯૮ વાળું ઈન્કવેસ્ટ પંચનામું જ્યારે તૈયાર થયેલું ત્યારે તેના ઈન્વે. ઓફિસર હું હતો. આ કેસનું ઈન્વેસ્ટિગેશન કોણે કરવું તે નક્કી મેં જ કરેલું. તે વાત ખરી છે કે, સામાન્યરીતે ઈન્વેસ્ટિગેશન કોને સોંપવું તેની સત્તા પી.એસ.ઓ ને છે. આ કેસનું ઈન્કવેસ્ટ પંચનામું થયેલું ઈમરજન્સી વોર્ડમાં થયેલ નહીં પરંતું અન્ય સ્થળે થયેલું તે ચોક્કસ ક્યા થયેલું તે કહી શકું નહીં. તે વાત ખરી છે કે, જે જગ્યાએ બનાવ બનેલ છે તે જગ્યાના સાહેદો સારા સાહેદો કહી શકાય. તે વાત ખરી છે કે, આ બનાવ બનેલો તે બે ભાગમાં બનેલો છે એક ગરબા વાળું સ્થળ અને બીજુ જે જગ્યાએ માર મારવામાં આવ્યો તે જગ્યા. આ બંન્ને જગ્યાઓ વચ્ચેનું અંતર આશરે ૧૦૦ થી ૧૫૦ ફૂટ હશે. મારમારવાનો જે બનાવ બનેલો તેની આસપાસના કહેલા રહીશોના નિવેદનો લીધેલા છે તેની મને ખબર નથી.તે વાત ખરી છે કે, આ કામના પેપર જોઇને હું તે કહી શકું. તે વાત ખરી છે કે, જે જગ્યાએ બનાવ બનેલો છે તેની આસપાસ ના કોઈ રહીશોના અમોએ નિવેદનો લીધેલા નથી. પ્રશ્નઃ- જે જગ્યાએ

મારવાનો બનાવ બન્યો તેની આસપાસના રહીશોના નિવેદનોએ તપાસનો તટસ્થ ભાગ કહી શકાય કે કેમ? જવાબ:- બનાવવાળી જગ્યાના આસપાસના રહીશો નજરે જોનારા સાહેદ હોય તો ચોક્કસ તટસ્થ તપાસનો ભાગ બની શકે છે. પ્રશ્ન:-જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યાએ નજરે જોનાર કોઇ આજુબાજુના રહીશો ન હતા? જવાબ:- મારી તપાસમાં આજુબાજુના રહીશો નજરે જોનારા સાહેદો હોવાનું ખુલેલું નથી. મે આજુબાજુના કેટલા રહીશોને કઈ તારીખે બોલાવેલા તેમ પૂછતાં કહું છું કે, બનાવના આજુબાજુના રહીશો બનાવ નજરે જોયા અંગે જણાવેલું ન હોઇ નિવેદનો લીધેલા નથી. કોઈપણ આજુબાજુના રહીશોને બોલાવેલા નથી. હાલ મને યાદ નથી કે, મે કેટલા લોકોને આવી મૌખિક પૂછપરછ સારુ બોલાવેલા. ગરબા સ્થાનના ઝઘડા બાબતે આસપાસના કેટલા રહીશોએ આ બનાવ બનેલો ગરબા સમયે જોયેલો તેમ પૂછતાં કહું છું કે, મારી તપાસમાં આવું કાંઇ આવેલ નથી કે, આસપાસના રહીશોએ ગરબા સ્થળે ઝઘડાને સમર્થન આપેલાનું ખુલેલું નથી. તે વાત ખરી છે કે, આ કેસના સાહેદો ગરબાના આસપાસના રહીશો નથી. તે વાત ખરી છે કે, આ જે કેસના સાહેદો છે તે મારામારીનો જે બનાવ બનેલો ત્યાંના રહીશો નથી. તે વાત ખરી છે કે, આ ફરિયાદ દાખલ થતાં પહેલા આ કામે આ ગુન્હાની તપાસની બીજી કાર્યવાહી શરુ થઈ ગયેલી હતી. તે વાત ખરી છે કે, આ ગુન્હાની તપાસની જાહેરાત થવાની કાર્યવાહી મારા થકી થયેલી નથી.

તે વાત ખરી નથી કે, આ ઇન્કવેસ્ટ પંચનામું જ્યારે થયું તે પહેલા આ ગુન્હા સંબંધીત કોઇ જાહેરાત પો.સ્ટે.માં કરવામાં આવેલી નહીં.તે વાત ખરી છે કે, મારે પો.સ્ટે પહોંચ્યા પછી સવારના ૯-૧૦ વાગ્યા સુધી મારે પો.સ્ટે. જવાનું બનેલું નહીં. આ ગુન્હાના કાગળ મેં સૌપ્રથમ મારા હાથમાં તા.૩૦/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૮.૦૦ વાગ્યાની આસપાસ તપાસ અર્થે મેળવેલા. તે વાત ખરી છે કે, તે પેપર મેળવવા સારુ હું પો.સ્ટે ગયેલો નહીં. આ ગુન્હાના તપાસના પેપર્સ મને કોણે સોંપ્યા તેમ પૂછતાં કહું છું કે, તેનું નામ મને હાલ

યાદ નથી. તે હું કેસ ડાયરી જોઈને પણ કહી શકું નહીં. તે વાત ખરી છે કે, તપાસની બધી કાર્યવાહી કેસડાયરીમાં નોંધવી જરૂરી છે.તે વાત ખરી છે કે, આ વીજીટેશનનો ગુન્હો હતો. તે સમયે એ.સી.પી સાહેબ તરીકે એ.સી.પી શ્રી રઘુવંશી સાહેબ હતા.તે વાત ખરી છે કે, વીજીટેશનનો ગુન્હો હોઈ તે અંગેની જાણ તુરંત જ એ.સી.પી સાહેબશ્રીને કરવાની હોય છે. પ્રશ્નઃ- સમગ્ર પેપર્સ જોઇને જણાવી શકો કે, એ.સી.પી શ્રીને આ બનાવ સંબંધીત ક્યારે જાણ કરવામાં આવેલી ? જવાબ:- તા.૩૦/૦૯/ ૨૦૧૭ ના રોજ સવારના ૬.૦૦ થી ૭.૦૦ વાગ્યાના ગાળામાં મારા મોબાઇલફોન થી જાણ કરેલી અને ત્યારબાદ ઓફિસીયલી મેઇલ દ્વારા પણ ઉપરી અધિકારીશ્રીને બનાવ સંબંધીત જાણ કરેલી અને સ્પેશયલ રિપોર્ટ કરેલો. મેં જે નંબરથી જાણ કરેલી તે નંબર મોંઢે યાદ નથી. તે વાત ખરી છે કે, જ્યારે ઉપરી અધિકારીશ્રીને જાણ થાય ત્યારે તેઓ પણ બનાવ સ્થળે પધારતાં હોય છે. એ.સી.પી સાહેબશ્રી કેટલા વાગ્યે આવેલા તેનો સમય યાદ નથી પરંતું સવારે આવેલા. તે વાત ખરી છે કે, આ જાણ કર્યાનો મેઇલ તેમજ સ્પેશયલ રિપોર્ટને ચાર્જશીટ સાથે કામમાં સામેલ રાખેલ નથી. તે વાત ખરી છે કે,જે કોઈ કાર્યવાહી કરી હોય તે બધી કામમાં સામેલ રાખેલ હોય. તે વાત ખરી છે કે, વીજીટેશનના ગુન્હા ના કામે ઉપલી અધિકારી આવીને જે ફરિયાદ હોય તે વાંચતા હોય છે અને અમારી કાર્યવાહીને પણ ધ્યાને લેતાં હોય છે.તે વાત ખરી છે કે, એ.સી.પી સાહેબ જરૂર પડે તો, સાહેદોને બોલાવીને તપાસનીશ અધિકારીની કરેલી કાર્યવાહીનું વેરીફીકેશન ફરીથી કરતાં હોય છે.આ બાબતે કેસ ડાયરી માં તે જણાતું નથી કે, આ કામે એ.સી.પી સાહેબે આ બનાવ સંબંધે ક્યારે ક્યારે આવીને આ કેસ અંગે વિજીટીંગ કરેલું છે. પ્રશ્નઃ- સામાન્ય સંજોગોમાં એ.સી.પી સાહેબ બનાવ સંબંધે વીજીટીંગ કરતાં હોય ત્યારે તેની નોંધ કેસડાયરીમાં અને સ્ટે.ડા.માં પણ નોંધ થાય છે ? જવાબ:- દરેક કિસ્સામાં તે જરૂરી નથી. એ.સી.પી સાહેબે આ બનાવમાં કેટલી વખત વીજીટીંગ કર્યાં તેનું હું પેપર જોઇને પણ જણાવી શકું નહીં. આ બનાવ સંબંધે ડોગ સ્કવોર્ડ ને બોલાવેલા કે

કેમ તેમ પૂછતાં કહું છું કે, ના. તે વાત ખરી છે કે, ડોગ સ્કવોર્ડ દ્વારા કરાયેલી કાર્યવાહીએ મહત્વનો સાંયોગીક પૂરાવો કહી શકાય. આખી તપાસમાં ક્યારેય કોઈ ફિંગર પ્રીન્ટ એક્ષપર્ટનો પુરાવો લીધેલો નથી. તે વાત ખરી છે કે, ફિંગર પ્રીન્ટ પણ મહત્વનો સાંયોગીક પુરાવો કહી શકાય. તે વાત ખરી છે કે, આરોપીનું કોઈ ફિંગરપ્રીન્ટ આ કહેવાતા હથિયાર પર મળી આવેલું નથી. સાહેદ સ્વેચ્છાએ કહે છે કે, તપાસ સમયે આરોપીઓના પાસેથી કબ્જે કરેલા ગુન્હામાં વપરાયેલા હથિયાર ખરબચડી સપાટીવાળા હોઇ અને તેમાં ફિંગરપ્રીન્ટ આવી શકતાં ન હોઈ તે અંગેની ફિંગરપ્રીન્ટની કાર્યવાહી કરેલી નથી. તે વાત ખરી છે કે, જે હાથો હતો તે ખરબચડો હતો. અમારી બેઝીક ટ્રેનીંગમાં આ હકીકતો શીખવાડેલી છે તેથી, હું કહું છું. તે હું ના કહી શકું કે, જે સપાટી ખરબચડી હોઇ ત્યાંથી જ આરોપીઓએ તે પકડીને રજૂ કરેલું. તે વાત ખરી છે કે, ખરબચડી સપાટી હોવાને કારણે મેં ફિંગરપ્રીન્ટ એક્ષપર્ટનો અભિપ્રાય લીધેલો નથી. તે વાત ખરી છે કે, જે જગ્યાએ બનાવ બનેલો ત્યાં કોઇપણ વ્યકિતના ફૂટપ્રીન્ટની કાર્યવાહી કરી નથી. તે વાત ખરી છે કે, આ ફૂટપ્રીન્ટ એ આ કેસનો મહત્વનો સાંયોગીક પૂરાવો કહી શકાય. તે વખતે બનેલો સંપૂર્ણ બનાવનો સમય કેટલો તેમ પૂછતાં કહું છું કે, પ્રાથમિક ઝઘડાથી લઇને જ્યાં સુધી મારામારી થયેલી તે વચ્ચેનો સમય અડધો કલાક થી ઓછો હશે. આ કામના ફરિયાદી પરસોત્તમભાઇ આ ગરબા સ્થળેથી આશરે ૨૦૦ ફૂટ દૂર રહેતા હતા. તેઓ કઇ લાઇનમાં રહેતા હતા તેની ખબર નથી. તે વાત ખરી છે કે,ગરબાવાળા પ્રથમ ઝઘડાની લાઇનમાં રહેતા ન હતા. તે વાત ખરી છે કે, મારામારીનો બનાવ બન્યો તે લાઇનમાં પણ રહેતાં ન હતા. તે વાત ખરી છે કે, આ પરસોતમભાઇને બનાવમાં કોઇ ઈજા થયેલી નથી.તે વાત ખરી છે કે, તેમને કોઈ ખરોચ ના પણ કોઈ નિશાનો જોવા મળેલા નહીં. તે વાત ખરી છે કે, તેમના કપડાં ફાટ્યા હોઈ કે બટન ટુંટ્યા હોવાના નિશાન મળેલા નહીં. પરસોતમભાઈની આજુબાજુમાં કોણ રહે તેની મને ખબર નથી. તેમની આજુબાજુમાં ઘણા ઘર છે પણ ક્યા લોકો રહે છે તેની મને ખબર

નથી. તે વાત ખરી છે કે, જે વખતે તેમણે બૂમાબૂમ સાંભળી તેવી જ રીતે આસપાસના બીજા રહીશોએ પણ આવી બૂમાબૂમ સાંભળી હતી કે કેમ તેની મેં કોઇ તટસ્થ તપાસ કરેલી નથી.તે વાત ખરી નથી કે, આ સોસાયટીની તમામ લાઇનમાં ગરબા ચાલતા હતા. માતૃભક્તિ સોસાયટીમાં બનાવ સમયે કેટલા લાઇનમાં ગરબા ચાલતાં હતાં તેની મને ખબર નથી.તે વાત ખરી છે કે, આ ગરબા ચાલતા હતા તે સ્થળની મુલાકાત લીધેલી ત્યાં લાઉડસ્પીકર થી ગરબા ચાલતા હતા. મારામારીનો બનાવ બનેલો ત્યારે ગરબા તો ચાલુ જ હતા તે હું ના કહી શકું. તે વાત ખરી છે કે, જયાં તેઓ રહેતા હતા ત્યાંથી મારામારીના બનાવ સુધી બૂમાબૂમ સાંભળી શકાય છે કે કેમ તે બાબતે ફોરેન્સિક કોઇ તપાસ કરેલી નથી. તે વાત ખરી છે કે, કોઇ આરોપીના શરિર ઉપરથી તાજી ઈજાના નિશાનો જોવા મળેલા નથી. તે વાત ખરી નથી કે,જે જગ્યાએ બનાવ બન્યો ત્યાં કોઈ વ્યકિતએ આવીને જણાવેલું નથી કે, આ બનાવ મેં જોયેલો છે. ગરબા સ્થળથી લઇને મારામારી વાળું સ્થળ એ બનાવ સ્થળ છે. ગરબા સ્થળથી બનાવવાળા સ્થળ સુધીના ત્યાંના કેટલા રહીશોએ બનાવ બનેલાનું જણાવેલું છે તેમ પૂછતાં કહું છું. કે, ૬ વ્યક્તિઓએ જણાવેલું છે. ગરબાનો બનાવ બનેલ તે કયા મકાન પાસે આવેલ છે તેમ પૂછતાં કહું છું કે, લાઈન નં. ૩ ઘર નંબરની ખબર નથી. ગરબા થી માંડી જે જગ્યાએ મારામારી નો બનાવ બનેલો ત્યાં ક્યા ક્યા નંબરના મકાનો આવેલા છે તેમ પૂછતાં કહું છું કે, મકાનનં. ૧૨૪ આવેલ છે તે સિવાય બીજા પણ મકાનો છે પણ નંબર હું કહી શકું નહીં.તે વાત ખરી છે કે, ગરબાની શરુઆત થઇ તે લાઇન નં. ૨ થી થયેલી. લાઇન નં. ૨માં કયા નંબરોના મકાન છે તે હું કહી શકું નહીં. તે વાત ખરી છે કે, મેં જે ૬ સાહેદોના નિવેદનો લીધેલાનું કહું છું તે પૈકી ગરબા સ્થળ ના લાઇન નં ૨ માંથી કઇ વ્યકિત એ એ લાઇનમાં રહેતી હતી તે હું કહી શકું નહીં. તે વાત ખરી છે કે, મારામારીનો બનાવ બન્યો તે લાઇન નં. ૩ માં બનેલો. તે હું કહી ના શકું કે, આ કુલ ૬ સાહેદોમાંથી કોઈ પણ વ્યકિત આ લાઇનનં. ૩ માં રહેતી ન હતી. તે વાત ખરી છે

કે, ફરિયાદીના ઘર અને મારામારી ના બનાવ વચ્ચે ૩ મકાનની લાઈનો આવેલી છે. તે વાત ખરી છે કે, આ મારામારી ના સ્થળ અને ફરિયાદના રહેણાંક ના ઘર વચ્ચે કુલ ૯૨ મકાન આવેલા છે.તે વાત ખરી છે કે, બનાવના દિવસે તે તેમના પરિવારમાં તેમના પત્ની અને બે છોકરીઓ સાથે રહેતા હતા જેમા મોટીનું નામ પલ્લવી ૨૭ વર્ષ ને નાની નું નામ પૂજા હતું તેઓના આ ત્રણ પૈકી મેં પલ્લવીનું નિવેદન લીધેલું છે.તે વાત ખરી નથી કે, તેઓનું નિવેદન કેસને સમર્થન અ પેલ ન હોઈ આ કામમાં ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. તે વાત ખરી છે કે, આ પલ્લવી બનાવના નજરે જોનારા સાહેદ હોત તો તેઓને આ કામે સાહેદ તરીકે સામેલ રાખેત. બનાવ સ્થળ પર એફ.એસ.એલ અધિકારીને બોલાવેલ પરંતુ કોઈ ફૂટપ્રિન્ટ મળેલા નહી. ગુનામાં વપરાયેલ હથિયાર પર કોના ફિંગરપ્રીન્ટ કે હથેળીના નિશાન મળી આવેલ છે કે કેમ તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે હાથના નિશાન અને ફિંગરપ્રીન્ટ આ કેસનો મહત્વનો પુરાવો કહેવાય તે સાથે હું સંમત છું. એ વાત ખરી નથી કે ફિંગરપ્રીન્ટ તેમજ હથેળીના નમુનાઓ પ્રાપ્ત કરેલ હતા અને તે નમુનાઓ આરોપીઓના હથેળીના કે ફિંગરપ્રીન્ટ મળી આવેલ ન હોવાથી હું તે બાબતે કોઇ કાર્યવાહી કરેલ નથી તેમ જણાવું છું.એ વાત ખરી છે કે આ ગુનાના કામે વપરાયેલ હથિયારો એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આ હથિયારો એફ.એસ.એલમાં મોકલવામાં આવ્યા ત્યાંથી કોઈ પણ ઇસમના હથેળીના કે ફિંગરપ્રીન્ટ મળી આવેલ નથી.

એ વાત ખરી છે કે જે વ્યક્તિઓને ઈજા થયેલી તેઓને હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવેલ. એ વાત ખરી છે કે અમારા બહોળા અનુભવ મુજબ ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી તરફે ઈજા સંબંધી હિસ્ટ્રી પૂછવામાં આવે છે. મેં ૧૦૮ એમ્બ્યુલન્સના કોઈ કર્મચારીનું નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૧૩ ની વર્ધી મને બતાવવામાં આવે છે જે વી.એસ. હોસ્પિટલ તરફથી અમારા પોલીસ સ્ટેશને મળેલી જેમાં કઇ વ્યક્તિએ કોને કયા પ્રકારના. હથિયારથી ઈજા કરેલ તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે

ઉજ્જવલભાઈના નામનો જે ઉલ્લેખ છે તે ઈજા પામનાર ઉત્કર્ષના ભાઈ છે. એ વાત ખરી છે કે આ વર્ધી તા.૩૦.૦૯.૨૦૧૭ સવારના ૧૦:૦૫ ની છે. એ વાત ખરી છે કે આંક–૧૧૪ નો એફ.એસ.એલ અધિકારીને ગુનાવાળી જગ્યાએ પધારવા જે રિપોર્ટ કરેલ છે તેમાં કોઇ આરોપીઓના નામ દર્શાવેલ નથી.એ વાત ખરી છે કે આંક–૧૧૪ તથા આંક–૧૧૫ ની સાહેદોના સી.આર.પી.સી કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા સારુ જે યાદી કરેલ છે તેમાં કોઈ આરોપીઓના નામ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૧૪ તથા આંક–૧૧૫ ની સાહેદોના સી.આર.પી.સી કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા સારુ જે યાદી કરેલ છે તે યાદીની સ્થળપ્રતમાં સાહેદોને ક્યારે નિવેદન લેવા માટે બોલાવવા તે દર્શાવેલ નથી. સાહેદોના સી.આર.પી.સી કલમ–૧૬૪ મુજબના નિવેદન કઈ તારીખે લીધા તે મને મોઢે યાદ નથી. મેં ઉજ્જવલભાઈનું નિવેદન લીધેલ. એ વાત ખરી છે કે ઉજ્જવલભાઇ નજરે જોનાર સાહેદ ન હતા. બનાવના કેટલા દીવસ પહેલાંથી ગરબા ચાલતા હતા. તે મને ખ્યાલ નથી.એ વાત ખરી છે કે આ જે બનાવ બન્યો અને જે વ્યક્તિને ઈજા થઈ તે વ્યક્તિને પહેલાં પણ ઝઘડા થયેલ તેવું તપાસમાં ખુલેલ. એ વાત ખરી. નથી કે ફરિયાદ પક્ષને મદદરૂપ થવાના હેતુથી ખોટી ફરિયાદ ઉભી કરેલ અને તેના સમર્થનમાં ખોટા નિવેદન ઉભા કરેલ છે. સાહેદ ઉત્કર્ષનું નિવેદન મેં તા.૩૦.૦૯.૨૦૧૭ ના રોજ બપોરના સમયે લીધેલું. સવાલ– સાહેદ ઉત્કર્ષનું નિવેદન લેતાં પહેલાં તે નિવેદન આપવા માટે સક્ષમ છે કે કેમ કે સભાન અવસ્થામાં છે કે કેમ તે બાબત ડોક્ટરશ્રીનો અભિપ્રાય લીધેલ છે ? જવાબ– તા. ૩૦.૦૯.૨૦૧૭ ના રોજ સવારના સમયે વી.એસ.હોસ્પિટલ ખાતે હાજર રામોલ પો.સ્ટે. ના પોલીસ કર્મચારી દ્વારા ફરજ પરના હાજર ડોક્ટરશ્રીનો ઈજાગ્રસ્ત ઉત્કર્ષ નિવેદન આપવા સક્ષમ છે કે કેમ તે બાબતે અભિપ્રાય મેળવવામાં આવેલ જેમાં ડોકટરશ્રીએ દર્દી સભાન અવસ્થામાં નથી તેવું જણાવેલ. ત્યારબાદ બપોરના સમયે હોસ્પિટલ ખાતે જઇ દર્દીની મુલાકાત લેતાં દર્દી સભાન. અવસ્થામાં હોઇ અને વ્યવસ્થિત બોલી શકતો હોઇ તેનું

નિવેદન લેવામાં આવે તે સમયે ડોક્ટરશ્રીનો કોઈ શેરો લેવામાં આવેલ નથી. મેં તબીબી શાખાનો કોઇ અભ્યાસ કરેલ નથી.એ વાત ખરી નથી કે ત્યારબાદ બપોરના સમયે હોસ્પિટલ ખાતે જઇ દર્દીની મુલાકાત લેતાં દર્દી સભાન અવસ્થામાં હોઇ અને વ્યવસ્થિત બોલી શકતો હોઇ તેનું નિવેદન લીધેલ હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે ફરિયાદના સમર્થનમાં સાહેદ ઉત્કર્ષનું નિવેદન મેં ઉભું કરેલ છે. એ વાત ખરી નથી કે સાહેદ ઉત્કર્ષે તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં મનીષે મને મારા માથાના ભાગે તથા પાછળની બાજુ ચપ્પાના ઘા મારેલ તેવું લખાવેલ નથી.

સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સદર સાહેદે તેના નિવેદનમાં કપાળના ભાગે ચપ્પાના ઘા મારેલ છે તેવું લખાવેલ છે માથાના ભાગનો ઉલ્લેખ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સદર સાહેદે તેના નિવેદનમાં ગળાના પાછળના ભાગે ચપ્પાના ઘા મારેલાનું જણાવેલ છે પરંતુ "પાછળની બાજુ" મારેલાનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે સદર સાહેદે પરશુરામે નરેશનો કોલર પકડેલ તેવું લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મનીષ અને રાકેશના હાથમાં ચપ્પા હતા અને બંને જણાં પરશુરામને મારતા હતા તેવું સદર સાહેદે લખાવેલ નથી. એ વાત ખરી છે કે પરશુરામે નરેશનો કોલર પકડેલો અને મનીષ અને રાકેશના હાથમાં ચપ્પાં હતા અને બંને જણાં પરશુરામને મારતાં હતા તેવું સળંગ લખાવેલ નથી. એ વાત ખરી છે કે સદર સાહેદે તેનાં નિવેદનમાં સળંગ લખાવેલ નથી કે હું વચ્ચે છોડાવવા માટે પડેલો ત્યારે તેઓએ પરશુરામને છોડી દીધેલ અને રવિનાઓએ મને પકડી લીધેલો અને મનીષે મને મારા માથાના ભાગે તથા પાછળની બાજુ ચપ્પાનાં ઘા મારેલ અને રાકેશ યાદવનાઓએ મને પેટના ભાગે ચપ્પાના ઘા મારેલ અને આ વખતે પરશુરામના પિતા અને ધીરજ આવી જતાં આ લોકો ભાગી ગયેલા. એ વાત ખરી છે કે હું વચ્ચે છોડાવવા પડેલ તો બ્રિજેશ બૂમો પાડીને કહેતો કે આને પણ મારો એવું લખાવેલ છે. એ વાત ખરી છે કે હું વચ્ચે છોડાવવા પડેલ ત્યારે તેઓએ પરશુરામને છોડી દીધેલ અને રવિને પકડી

લીધેલ તેવું પણ લખાવેલ નથી. મેં સાહેદ હરિશંકર કમલાપતિ કુશવાહના ઓનો જવાબ લીધેલો.એ વાત ખરી છે કે સદર સાહેદે મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં એવું લખાવેલ નથી કે "તે વખતે હું તથા રાજકુમારનાઓ ત્યાં ઉભા હતા અને આ જે બનાવ બનેલો તે જોતા હતા અને ત્યારબાદ એમ્બ્યુલન્સ આવેલી અને આ લોકોને એલ જી હોસ્પીટલ લઈ ગયેલા". એ વાત ખરી છે કે સદર સાહેદે એવું પણ લખાવેલ નથી કે ત્યારે બ્રીજેશ પણ ત્યાં હાજર હતો અને તેણે ચપ્પુ નહતુ માર્યુ પરંતુ તે હાથથી મારતો હતો. એ વાત ખરી છે કે સદર સાહેદે ચપ્પુ કેવા પ્રકારનું હતું તેનું વર્ણન લખાવેલ નથી. મેં સાહેદ વિજય રામવિલાસ બિંદનું નિવેદન લીધેલ. એ વાત ખરી છે. કે સદર સાહેદે મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે "૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાની આસપાસ માતૃભક્તિ સોસા.માં ત્રીજી લાઈનમાં ગરબા શરૂ થયેલા. તે વખતે અમે ગરબા રમતા હતા હુ પરશુરામ તથા બીજા અન્ય ગરબા ગાતા હતા. આ વખતે મનીષ તથા બ્રીજેશ ગોસ્વામી ગરબા ગાતા હતા ત્યારે વચ્ચે આવેલા ત્યારે પરશુરામે મનીષને સાઈડમાં ખસવા માટે જણાવેલુ જેથી મનીષ અને પરશુરામ વચ્ચે બોલાચાલી થયેલી. મનીષે પરશુરામને કહેલુ કે તુ તારુ કામ કર. ત્યારબાદ મનીષ અને બ્રીજેશ ગોસ્વામી ત્યાંથી ચાલ્યા ગયેલા અને અમે ગરબા રમવાનું ચાલુ રાખેલુ".

મેં સાહેદ રાજકુમાર જયદ્રથસિંહ કુશવાહનો જવાબ લીધેલ. એ વાત ખરી છે કે સદર સાહેદે મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે "તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ રાત્રીના દશ સાડા દશ વાગ્યાના દશ સાડા દશ વાગ્યાની આસપાસ બનેલો. આ વખતે ગરબા શરૂ થયેલા. ત્યાં ઘણા બધા લોકો ગરબા ગાતા હતા હુ આ ગરબા જોતો હતો. તે વખતે મારી સાથે મારા મિત્રો હતા. તે વખતે મનીષ ડાંગી તથા બીજા તેના મિત્રો ત્યાં આવેલા આ લોકો ત્યાં ગરબા ચાલતા હતા ત્યાં વચ્ચોવચ ઉભા રહેલા. તે વખતે પરશુરામ પટેલનાઓએ આ લોકોને સાઈડમાં ખસી જવા જણાવેલુ. તે વખતે

બોલાચાલી થયેલી તે વખતે બોલાચાલી પરશુરામ તથા મનીષ ડાંગી વચ્ચે થયેલી" મેં સાહેદ મનીષકુમાર આનંદપ્રકાશનો જવાબ લીધેલ.એ વાત ખરી છે કે સદર સાહેદે મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે તા.૩૦/૦૮/૨૦૧૭ રોજ નવરાત્રી પ્રસંગ નીમીતે છોટુ, માતૃભકિંત સોસાયટીની ત્રીજી લાઇનમા ગરબાચાલતા હતા અને હુ પરસોતમ બધા ગરબા રમી રહ્યાં હતા તથા બીજા ઘણાબધા લોકો ગરબા રમી રહ્યાં હતા." એ વાત ખરી છે કે સદર સાહેદે રાકેશ, મનીષ, બ્રિજેશ અને રવિ તા. ૩૦.૦૯.૨૦૧૭ ના રોજ,સદર સાહેદ જ્યાં ગરબા રમતો હતો ત્યાં આવેલા તેવું લખાવેલ નથી. સાહેદ સ્વેચછાએ જણાવે છે કે સદર સાહેદ બૂમાબૂમ થતા સોસાયટીની લાઇન નં. ૩ પાસે ગયેલ. એ વાત ખરી નથી કે મેં ખોટી ફરિયાદને અનુરૂપ સાહેદોના નિવેદનો જાતે ઉભા કરેલ છે. એ વાત ખરી નથી કે સદર ગુનાના કામે મુદ્દામાલ તેમજ પંચનામા ખોટી રીતે ઉભા કરેલ છે. એ વાત ખરી નથી કે સદર ગુનાના કામે મેં ખોટી ફરિયાદને અનુરૂપ તપાસના પેપર્સ તેમજ દસ્તાવેજો ખોટી રીતે ઉભા કરેલ છે અને ખોટી રીતે જુદી-જુદી એજન્સીનાં ખોટા અભિપ્રાય મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે. એ વાત ખરી નથી કે સદર ગુનાના કામે સી.આર.પી.સી. સેક્શન-૧૬૪ અન્વયેના નિવેદનો મેળવવાની કોઇ કામગીરી કરેલ નથી, સદર નિવેદનો ખોટી રીતે ઉભા કરેલ છે. એ વાત ખરી નથી કે મેં સદર ગુનાના કામે કોઈ તટસ્થ તપાસ કર્યા સિવાય આરોપીઓને સદર ગુનાના કામે ખોટી રીતે સંડોવી, આરોપીને સદર ગુનાના કામે ખોટી રીતે અટક કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે"

**૨૫.૨** સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, હાલના તપાસ કરનાર અધિકારીએ સમગ્ર તપાસ કરેલ છે અને તેવી તપાસ માટે આરોપીપક્ષ દ્વારા લેવાયેલી ઉલટતપાસમાં મૂળતઃ અસરકર્તા હોય તેવી અસરગ્રસ્ત તપાસ હોવાની શંકા દર્શાવી શકેલ નથી. માત્ર શબ્દ ફેર કે ઓળખ ફેર જેવા નજીવી અને ક્ષુલ્લક બચાવો લીધેલાનું જણાય આવે

છે. જેમ કે ઝગડો અને તકરાર, છરી–છરો કે ખંજર, બાતમી કે વર્ધી જેવી હકીકતો અંગેની ઉલટતપાસ. તેવી જ રીતે નગણ્ય બચાવોમાં જેવા કે સરકારી વાહન હોય વ્હીકલ લોગબુક માટે તેમાં નોંધ કરનાર ડ્રાઈવરનું નિવેદન ન લેવુ, માતૃભકિત સોસાયટી કે જ્યાં બનાવ બન્યો તેનું ભૌગોલિક વર્ણન, વસ્તી, ચતુર્દિશા વગેરે માટે ત્યાંના સ્થાનિક રહીશોના કે જે સાહેદો કહેવાય તેવાના નિવેદનો ન લેવા, ડોગ સ્કોડ– ફીંગર પ્રીન્ટ– ફૂટ પ્રીન્ટ વગેરે પ્રકારનો સાંયોગિક પુરાવો એકત્ર નહી કરવો તેવા બચાવો લીધેલાનુ ફલિત થઈ આવે છે. પરંતુ અત્રે પુનરોકિતના જોરે ટાંકવુ જરૂરી છે કે જયારે બનાવમાં ઈજા પામનાર અને હાજર હોય તેવા સાહેદોના નિવેદનો નોંધાયેલા હોય તેમજ તબીબી પુરાવા પણ એકત્ર કરેલ હોય તેવા સંજોગોમાં સ્થાનિક રહેવાસીઓના વધુ પડતા નિવેદનો લેવાનું જરૂરી જણાય આવતું નથી. અત્રે પુરાવાના સિધ્ધાંત મુજબ એ પણ નોંધવુ જરૂરી છે કે સાહેદોનો પુરાવો માત્રામાં કેટલી સંખ્યામાં હોવો તે જરૂરી નથી પરંતુ એક માત્ર ઈજા પામનાર કે હાજર હોય તેવા સાહેદનો પુરાવો પણ જો વિશ્વસનીય હોય તો ગુનામાં સાંકળવા માટે પર્યાપ્ત બની રહે છે. તેથી આવી તપાસ માટે જે બચાવ લેવામાં આવેલ છે તે ટકી શકવાને પાત્ર રહેતા નથી.

અન્ય બચાવોમાં આરોપી પક્ષ દ્ધારા આ તપાસ કરનાર અધિકારીના ઉલટતપાસ દરમ્યાન એવા પણ લેવામાં આવેલ છે કે ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીના નિવેદન લીધેલ નથી. સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુનો મરણોન્મુખ નિવેદન માટે સક્ષમતા અંગે ડોકટરશ્રીનો અભિપ્રાય લીધેલ નથી તેવા બચાવો માટે પણ પુનરોકિતના જોરે અગાઉ જેમ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ ખુદ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ અને અન્ય હાજર હોય એવા સાહેદોનો પુરાવો વિશ્વસનીય હોય અને ખાસ કરીને જ્યારે આ જ ઈજા પામનાર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ સારવાર દરમ્યાન અને બાદ જીવી ગયેલ હોય તેના નોંધાયેલ મરણોન્મુખ નિવેદનની પુરાવાની દ્રષ્ટિએ પણ મૂલ્યતા રહેતી નથી તેટલી માત્ર ક્ષતિને કારણે

સમગ્ર તપાસ ક્ષતિગ્રસ્ત બની પડે. તેથી આવા બચાવ પણ ટકી શકવાને પાત્ર રહેતા નથી.

અન્ય બચાવોમાં નગણ્ય ગણાય એવો વિરોધાભાસ ઈજા બાબતે જેમ કે "કપાળ" અને "માથાના ભાગે" જેવો જણાય આવે છે. કપાળના ભાગે વાગવુ કે માથાના ભાગે વાગવુ તે હવે અગાઉ વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ તમામ સાહેદોના પુરાવા ઉપરથી કોઈ મૂળતઃ વિરોધાભાસી હકીકત આ તપાસ કરનાર અધિકારી જણાવતા હોય તેવું ફલિત થઈ આવતું નથી અને તેથી તે રીતેનો બચાવ પણ આરોપીપક્ષનો ટકી શકવાને પાત્ર રહેતો નથી.

આમ, સમગ્ર રીતે મૂલવતા તપાસ કરનાર અધિકારીનો પુરાવો કોઈ ક્ષતિયુકત જણાય આવતો નથી.

૨૬. વધુમા, ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **સાહેદ નંબર–૧૬ ડો.પીનલ ધીરુભાઈ પટેલને આંક–૧૪૬ થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તા.૩૦/૦૯/ ૨૦૧૭ ના રોજ એલજી હોસ્પીટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ ઉપર હાજર હતી તે દરમ્યાન વહેલી સવારના કલાક ૪–૨૦ ના દર્દી નામે ઉત્કર્ષ ઉમેશભાઈ ડાંગી , રહે– માતૃભક્તિ સોસાયટી  અમરાઈવાડી નાઓને સારવાર અર્થે એલજી હોસ્પીટલમાં લાવવામાં આવેલ દર્દીને દાખલ કર્યા તે વખતે દર્દીની શારીરીક સ્થીતીનું નીરીક્ષણ કરતા નીચે મુજબના હકીકતો જોવા મળેલ. "દર્દી ભાનમાં હતો સરખી રીતે બોલી શકે તેમ ન હતો. દર્દીના ભાઈ ઉજવલે હીસ્ટ્રી આપેલ હતી. તે મુજબ દર્દીને સામેવાળા દ્વારા તા.૩૦/૦૯/ ૨૦૧૭ ના વહેલી સવારના સાડા ત્રણ વાગે માતૃભક્તિ સોસા. અમરાઈવાડીમાં હુમલો કરવામાં આવેલ હતો. દર્દીને તપાસતા દર્દીની ઈજાઓ નીચે મુજબની માલુમ પડેલ.  3x3 સેમીનો ઘા ડાબી બાજુ પાછળની સાઈડ કમરના ભાગમાં હતો. જેમાં એક આખી આંગળી જઈ શકે તેમ હતું. અંદરના મસલ્સ અડી શકે તેમ હતા. તથા લોહીનું વહન ચાલુ હતુ.  આશરે 8X1 સેમીનો ઘા ગળાના પાછળના ભાગે હતો.

જેમાં અડધી આંગળી જઈ શકે તેમ હતો. લોહીનું વહન ચાલુ હતું. 3. આશરે 5X1X1.5 સેમીનો ઘા ડાબી બાજુની આંખની એક સેમી ઉપર હતો. જેમાં હાડકુ દેખાઈ શકે તેમ હતું તથા લોહી ચાલુ હતું. 4. 0.5X0.5X0.2 સેમી નો ઘસરકો ડાબી સાઈડની આઈ બ્રો પાસે હતો. જેમાં લોહી વહેતુ હતુ. 5. 2.5X1X1 સેમીનો ઘા ડાબી બાજુની આંખની નીચે હતો. જેમાં લોહી ચાલુ હતું. બન્ને બાજુ ફેફસા સારા હતા. હૃદય પણ સારૂ હતું. બન્ને બાજુની આંખો લાઈટને રીએક્ટ કરતી હતી તથા પલ્સ ૭૦ પર મીનીટ, રેસ્પીરેશન ૧૨ પર મીનીટ, ટેમ્પરેચર નોર્મલ તથા બ્લડ પ્રેશર ૧૧૦/૮૦ એમએમએચજી હતું. તપાસ દરમ્યાન સીટી સ્કેનના રીપોર્ટમાં મગજની અંદર લોહી જમા થઈ ગયેલ હોવાનું જાણવા મળ્યુ હતું. દર્દીને પ્રાથમીક સારવાર આપેલી ત્યારબાદ દર્દીની સંમતિ લીધા બાદ આગળની સારવાર માટે દર્દીને સીવીલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે. સંમતિ દરમ્યાન મગજના ભાગમાં માર વાગ્યો હોવાથી તેને વધુમાં સારવાર અર્થે સીવીલમાં લઈ જવાની સલાહ આપેલી. દર્દીને થયેલ ઈજાઓ જોતાં કોઈ ધારદાર હથીયાર વડે ઈજાઓ કરવામાં આવે તો આ પ્રકારની ઈજાઓ સંભવી શકે. મારા અભિપ્રાય પ્રમાણે દર્દીના શરીરનું ઓક્સિજનનું પ્રમાણ (SPO2) નું પ્રમાણ જો ૯૦ થી નીચે હોય તો તેને તાત્કાલીક ઓક્સિજનની જરૂરીયાત હોય અને દર્દીની હાલત ગંભીર ગણી શકાય.

દર્દીને તપાસ્યા બદલ મે સારવાર સર્ટીફીકેટ તૈયાર કરેલું. હુ આજરોજ સારવાર કર્યા બદલના સર્ટીફીકેટની કોપી લઈને આવેલ છુ તે ના.કોર્ટમાં રજુ કરૂ છુ જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છુ રજુ દા. આંક – ૧૪૭ આપવામાં આવે છે. હુ આજરોજ સદર દર્દીને આપેલ ઈન્ડોર કેસ નં.૩૦૬૬૮ ના કેસ પેપર્સ તથા સારવારના કાગળો લાવેલ છુ જે અનુક્રમે પાન નં. ૧ થી ૧૧ ના.કોર્ટમાં રજુ કરૂ છુ જેને સંયુક્ત રજુ દા.આંક–૧૪૮ આપવામાં આવે છે. હુ આજરોજ મારી સાથે અસલ પોલીસ યાદી લઈને આવેલ છુ જે સદર દર્દીને તપાસવા બદલ પો.ઈ. રામોલ પોલીસ સ્ટેશનના

ઓએ લખેલી તે તેજ છે અને તે મે રીસીવ કરેલી તે તેજ છે તેને ના.કોર્ટમાં રજુ કરંુ છુ તેને રજુ દા. આંક–૧૪૯ આપવામાં આવે છે.

**૨૬.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે આંક ૧૪૭ નું સારવારનું જે સર્ટીફીકેટ આપેલ છે તે મારી પાસે હાજર સારવારના પેપર્સના આધારે આપેલ છે. એ વાત ખરી છે કે આંક ૧૪૮ ના સારવાર પેપર્સના પેજ નં. ૧ કે જે ઇન્ડોર કેસ પેપર્સ છે તેના પર દર્દીનું નામ એક અજાણ્યી વ્યક્તિ તરીકે દર્શાવેલ છે અને તેનું સરનામુ પણ ખબપ નથી તેમ દર્શાવેલ છે. દર્દીનું નામ અને સરનામુ જે પાછળથી લખેલ છે તે કોણે લખેલ છે તેની મને માહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઘણી વાર કોઇ એમ્બ્યુલેન્સ કે વાનમાં દર્દીને લઇને આવવામાં આવે ત્યારે તેની > સાથે કોઈ ન હોય તો અજાણ્યી વ્યક્તિ તરીકે તેનું નામ દર્શાવવામાં આવે છે અને ત્યારબાદ થોડીવારમાં દર્દીના સગા આવી જાય અને નામ જણાવે ત્યારે તેનું નામ પાછળથી દર્શાવવામાં આવે છે. આ દર્દી આશરે મારી પાસે ૧ કલાક જેટલો સમય રહેલ. આંક–૧૪૮ ના સારવાર પેપર્સના પેજ નં. ૧ કે જે ઇન્ડોર કેસ પેપર્સમાં દર્દીનું જે નામ ઉત્કર્ષ દર્શાવેલ છે તે કોના હસ્તાક્ષરમાં છે તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે મારી પાસે દર્દી હતુ ત્યાં સુધી મને તેનું નામ ખબર પડેલ નહીં. આંક ૧૪૮ ના સારવાર પેપર્સના પેજ નં. ૧ કે જે ઇન્ડોર કેસ પેપર્સમાં મારા હસ્તાક્ષરમાં દર્દીનું નામ લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેના ભાઇનું નામ લખેલ છે. આંક–૧૪૮ ના સારવાર પેપર્સના પેજ નં. ૧ કે જે ઇન્ડોર કેસ પેપર્સમાં ડીસ્ચાર્જ તા. ૩૦/૦૯/૨૦૧૭ લખેલ છે તે મારા હસ્તાક્ષરમાં નથી. એ વાત ખરી છે કે આ દર્દીને ડીસ્ચાર્જ મે કરેલ નથી. એ વાત ખરી છે કે મારા આંક–૧૪૭ વાળા સર્ટીફીકેટમાં ઇજાઓની એજ તથા એંગલ્સ અને બન્ને બાજુની સાઇડ બાબતની કોઈ હકીકત દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે હુ જે તીક્ષ્ણ ધારદાર હથીયારથી આવી ઇજાઓ સંભવી શકે તેવો અભિપ્રાય આપેલ છે તે ખોટો આપેલ છે. એ વાત ખરી છે કે

ઈજાઓની ધાર, એંગલ્સ તથા સાઈડ દર્શાવ્યામાં આવેલી હોય તો ચોક્કસ પ્રકારના હથીયાર બાબતનો અભિપ્રાય આપી શકાય.

એ વાત ખરી છે કે મે સારવાર આપી તે બાબત મે સારવાર પેપર્સમાં સહી કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે સર્ટીફીકેટમાં સહી કરેલી છે. એ વાત ખરી છે કે સારવારના પેપર્સમાં જે ડોકટર સારવાર આપે તેની સહી હોવી જરૂરી છે. એ વાત ખરી છે કે સારવારના પેપર્સમાં મે કેટલા સમય સુધી સારવાર કરી તેનો ઉઠલ્લેખ નથી. એ વાત ખરી છે કે બીજા મારા તાબાના કયા ડોકટર સાહેબે તથા નર્સે સારવાર કરી તેનો કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આંક–૧૪૮ ના સારવાર પેપર્સના પેજ નં. ૫ અને ૭ ના પાછળના ભાગમાં અજાણ્યી વ્યક્તિ લખેલ છે અને ક્યાં રહે છે તે ૧૪૮ ના સારવાર ખબર નથી તેવુ જણાવેલુ છે. એ વાત ખરી છે કે આંક પેપર્સના પેજ નં. ૫ અને ૭ ના પર કોણે ક્યારે નામ સરનામુ લખેલ છે તે હું કહી શકુ નહીં. એ વાત ખરી છે કે મારી હાજરીમાં કોઈએ નામ સરનામુ લખેલ નથી. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યક્તિ ઉપરથી નીચે ઉધો પછડાય કોઈ જેવા ધારદાર વસ્તુ સાથે અથડાય તો ઈજા નં. ૧ જેવી ઈજા સંભવી શકે. એ વાત ખરી છે કે તે રીતે માથુ પછડાય તો ઈજા નં. ૨ સંભવી શકે છે. મે જે બલ્ડ પ્રેશર દર્શાવેલ છે તે નોર્મલ છે. એ વાત ખરી છે કે ૭૦ પ્લસ જે બતાવેલ છે તે વધુ નાજુક ન કહી શકાય. એ વાત ખરી છે કે પલ્સ અને બી.પી. જોતાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તે પ્રમાણેની નાજુક પરીસ્થિતિમાં ન હતો. એ વાત ખરી છે કે મે સારવાર સર્ટીફીકેટ તા. ૦૯/૧૦/૨૦૧૭ ના રોજ તૈયાર કરેલું. એ વાત ખરી છે કે સારવાર સર્ટીફીકેટમાં મે પહેલા અનનોન લખેલ છે. એ વાત ખરી નથી કે પ્રોસીક્યુશનને મદદરૂપ થવા માટે નામ અને સરનામા બાબતે તેમજ હથીયારથી થતી ઈજા બાબતે જે અભિપ્રાય જણાવુ છુ તે ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે મે દર્દીને સારવાર આપ્યા બાબતનું જણાવુ છુ તે ખોટુ જણાવુ છું.

**૨૬.૨** સદરહું સાહેદના પુરાવા માટે રેકર્ડ ચકાસતાં, અત્રે નોંધવુ

જરૂરી છે કે આ સાહેદ તેમજ સાહેદ નં.૧૭ ડો.તેજલબેન આ બંને ડોકટરો એલ.જી. હોસ્પિટલમાં સૌ પ્રથમ બનાવમાં ઈજા પામનાર તરીકે બે ઈસમોમાં સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ અને મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ નાઓને અનુક્રમે સારવાર આપનાર ડોકટર સાહેદો છે. ફરિયાદપક્ષ દ્વારા તપાસ કરનાર અધિકારીનો પુરાવો નોંધાયા બાદ આ બંને ડોકટર સાહેદો તપાસાયેલ ન હોય તેથી આરોપીપક્ષ દ્વારા આંક–૧૪૧ ની અરજી આવતાં તે અરજી હેઠળ તારીખ ૦૨/૦૧/૨૦૨૪ ના રોજ હુકમ થયેલ હોય તેથી આ બંને ડોકટર સાહેદો તપાસાયેલા છે. જે ફરિયાદપક્ષ દ્વારા જ પોતાના પક્ષે જ તપાસાયેલા છે નહી કે આરોપીપક્ષ દ્વારા બચાવના સાહેદ તરીકે. જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા અને આરોપીપક્ષના વિ.વકીલશ્રી દ્વારા દલીલમાં જે રજૂઆત થયેલ છે કે આ બે ડોકટર સાહેદો બચાવના સાહેદ તરીકે તપાસાયેલા છે તે બંને પક્ષે થયેલી રજૂઆતમાં માત્રને માત્ર ગેરસમજ છે કે જે રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે.

હાલના જે ડોકટર સાહેદ છે કે જેઓએ સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુની સૌપ્રથમ સારવાર એલ.જી. હોસ્પિટલ ખાતે કરેલ છે. તેઓનો પુરાવો સમગ્ર રીતે ચકાસતાં ઈજા પામનાર ઉત્કર્ષ ઉર્ફે છોટુના ઈજાઓ બાબતના પુરાવાને ઈજાઓ બાબતે સમર્થન મળે છે. આરોપીપક્ષ દ્વારા માત્ર આંક–૧૪૮ ના ઈન્ડોર કેસ પેપર્સ ઉપર સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુ માટે જે દર્દીના નામમાં અજાણી વ્યકિત તરીકે દર્શાવેલ હોવા બાદ નામ સરનામુ પાછળથી લખેલ હોવાની શંકા ઉદભવતો પુરાવો હોવાનો બચાવ લેવામાં આવેલ છે તે માટે હાલના ડોકટર સાહેદે તેઓના પુરાવામાં જ ખુલાસો કરેલ છે કે જયારે દર્દીને લાવવામાં આવતા હોય ત્યારે શરૂઆતમાં અજાણ્યા લખવામાં આવે છે અને ત્યારબાદ તેઓના નામ સરનામા વિગતવારના લખવામાં આવે છે. તેવો ખુલાસા સ્વરૂપનો પુરાવો ગ્રાહય રાખી શકાય તેમ છે. અત્રે એ પણ જરૂરી છે કે આવા તબીબી પુરાવા દ્વારા ઈજાઓને અનુમોદન મળતો પુરાવો મેળવવો જરૂરી થઈ પડે છે નહી કે રાબેતામુજબમાં કરવામાં આવતી પ્રક્રિયા અને પધ્ધતિમાં થતી

ક્ષતિઓને તબીબી પુરાવામાં મૂળતઃ અસરકર્તા હોવાનું મૂલવવાનું.

**૨૭.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરિયાદીને **સાહેદ નંબર–૧૭ ડો.તેજલબેન સંજયભાઈ શાહને આંક–૧૫૧થી** સોગંદપર તપાસેલા છે તેમણે પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, અમો તા.૩૦/૦૯/ ૨૦૧૭ ના રોજ એલજી હોસ્પીટલ ખાતે સીએમઓ તરીકે ફરજ પર હાજર હતા તે વખતે સવારના ૪–૧૫ મીનીટે દર્દી નામે પરશુરામ પરસોતમભાઈ પટેલ ને ૧૦૮ એમ્બ્યુલેન્સ ધ્રારા સારવાર અર્થે લાવેલ. એમ્બ્યુલેન્સના સ્ટાફ ધ્રારા જણાવ્યા મુજબ દર્દીને સવારના સાડા ત્રણ વાગ્યાના આસપાસ માતૃભક્તિ સોસા. અમરાઈવાડી ખાતે માર મારવામાં આવેલ. દર્દીને તપાસતા દર્દી ભાનમાં ન હતો પલ્સ પણ પકડાતી ન હતી. હદયના ધબકારા તથા રેસ્પીરિશન એબસન્ટ હતુ. દર્દીની આંખની કીકી પણ પ્રકાશને રીયેક્ટ કરતી ન હતી. દર્દીનો ઈસીજીએસ સ્ટેટ લાઈન હતો. દર્દીને તપાસતા મૃત જાહેર કરેલ અને દર્દીના ખંભા અને કમરના ભાગે ઈજાના નીશાન હતા તેમજ આગળની પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે મોકલેલ. આજરોજ હુ મારી સાથે મૃતક પરશુરામ પરસોતમભાઈ પટેલ નું સર્ટીફીકેટ લઈને આવેલ છુ જે નામદાર કોર્ટમાં રજુ કરુ છુ. સદર સર્ટીફીકેટ મારા સ્વહસ્તાંક્ષરમાં છે જે દર્દીને મે જાતે તપાસેલ હતા. જે રજુ થતાં દાખલ આંક–૧૫૨ આપવામાં આવે છે. પીએમ સારૂ લાશનો કબજો સોપવા બાબતે રામોલ પો.સ્ટે. તરફથી મને ઉદેશીને આપવામાં આવેલી યાદી આજરોજ હુ મારી સાથે લઈને આવેલ છુ. જેલી 'અમારા આસી. આરએમઓ સાહેબની સહી છે. સદર યાદીને રજુ દાખલ આંક–૧૫૩ આપવામાં આવે છે.

**૨૭.૧** સદર સાહેદની ઉલટતપાસ હાથ ધરાયેલ છે જેમાં જણાવેલ છે કે, દર્દીને ક્યાંથી લાવવામાં આવેલ તેની જાણ મને કરવામાં આવેલ. દર્દીને અમારે ત્યાં લાવવામાં આવ્યા ત્યારે તેની સાથે કેટલા માણસો હતા તે મને હાલ યાદ નથી પરંતુ તેને ૧૦૮ માં લઈને આવેલા.

૨૭.૨ સદરહું સાહેદનો પુરાવો ચકાસતા, અગાઉ વિસ્તૃતપણે નોંધ્યુ તે મુજબ આ ડોકટર સાહેદને પણ તપાસ કરનાર અધિકારીના પુરાવા નોંધ્યા બાદ તપાસાયેલ છે. સદરહું ડોકટર સાહેદ બનાવમાં ઈજા પામનાર બે વ્યકિતઓ પૈકી જે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુ હતો તેની સૌ પ્રથમ સારવાર કરનાર એલ.જી. હોસ્પિટલના ડોકટર સાહેદ છે અને તેઓએ સ્પષ્ટ રીતે પુરાવો આપેલ છે કે તેને તપાસતાં મૃત જાહેર કરેલ છે અને તે અંગેનુ આંક–૧૫૨ થી સર્ટીફીકેટ આપેલ છે.

૨૮. આંક–૦૫ ના તહોમતનામાના પરિપ્રેક્ષ્યમાં તેમજ ઉપરોકત નોંધાયેલા પુરાવાના અનુસંધાને આરોપીઓની ગુનાના કામે સંડોવણી અંગે રોલની ચર્ચા કરીએ તો, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ નો આક્ષેપ ગેરકાયદેસરની મંડળી રચવા માટે, હુલ્લડ માટે આક્ષેપ હોવાનું ફલિત થઈ આવે છે. જે માટે તે આક્ષેપિત ગુનાઓની વ્યાખ્યા કરતા કાયદાના પ્રબંધો અત્રે ટાંકવા જરૂરી થઈ પડે છે. જેમ કે આક્ષેપિત કલમ–૧૪૩ ગેરકાયદેસરની મંડળી માટેની સજાની જોગવાઈ છે કે જેની વ્યાખ્યા અને આવશ્યક તત્વો કલમ–૧૪૧ અને ૧૪૨ માં વર્ણવેલ છે. જેથી તે ત્રણેય કાયદાના પ્રબંધો કલમ–૧૪૧, ૧૪૨ અને ૧૪૩ નીચે મુજબ શબ્દશઃ ટાંકેલ છે.

***ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૧***

*૧૪૧. ગેરકાનૂની મંડળી. :–*

*પાંચ કે તેથી વધુ વ્યક્તિઓની મંડળીને 'ગેરકાનૂની મંડળી' કહેવાશે, જો મંડળી રચનાર વ્યક્તિઓનો સામાન્ય હેતુ -*

*પહેલો - કેન્દ્ર અથવા કોઈ રાજ્ય સરકાર પર અથવા સંસદ અથવા કોઈ રાજ્યના વિધાનમંડળ પર અથવા જાહેરનોકરની હેસિયતથી પોતે કાનૂની સત્તાનો અમલ કરતો હોય ત્યારે તેવા જાહેરનોકર પર ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવથી આતંક ફેલાવવાનો; અથવા*

*બીજો - કોઈ કાનૂન અથવા કાનૂની બજવણીના અમલીકરણનો સામનો કરવાનો; અથવા*

*ત્રીજો - કોઈ બગાડ કે ગુન્હાહિત અનધિકૃત પ્રવેશ અથવા અન્ય ગુન્હો કરવાનો; અથવા*

*ચોથો – કોઈ વ્યક્તિને ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવ વડે કોઈ મિલકત લેવા અથવા મેળવવા અથવા કોઈ વ્યક્તિને રસ્તાના અધિકારના અથવા પાણીના ઉપયોગના હક્કથી અથવા અન્ય અમૂર્ત હક્કો કે જેના તે કબજા કે*

*ભોગવટામાં હોય તેના ઉપયોગથી વંચિત કરવાનો અથવા કોઈ અધિકાર કે માની લીધેલાં અધિકારને સ્થાપિત કરવાનો; અથવા*

*પાંચમો - કોઈ વ્યક્તિને તે જે ન કરવા બંધાયેલી હોય તે કરવા અથવા જે કરવા કાનૂની રીતે હકકદાર હોય તે ન કરવા ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવ વડે ફરજ પાડવાનો હોય.*

*સમજૂતી : એક મંડળી કે જે એકત્ર થવા સમયે ગેરકાનૂની ન હતી તે પછીથી ગેરકાનૂની મંડળી થઈ શકે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૨***

*૧૪૨. ગેરકાનૂની મંડળીના સભ્ય હોવું.:-*

*કોઈ પણ વ્યક્તિ જે બાબત કોઈ મંડળીને કાનૂન વિરુદ્ધની મંડળી બનાવે તે બાબતથી માહિતગાર હોવા છતાં ઈરાદાપૂર્વક તે મંડળીમાં જોડાય અથવા ચાલુ રહે તે ગેરકાનૂની મંડળીની સભ્ય કહેવાય.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩***

*૧૪૩, સજા. :-*

*કોઈ પણ વ્યક્તિ, ગેરકાનૂની મંડળીની સભ્ય હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.*

**૨૮.૧** તેવી જ રીતે હુલ્લડ અંગેની સજા અને હુલ્લડ અંગેના સભ્યો માટે કાયદાના પ્રબંધ કલમ—૧૪૬, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ ટાંકવા જરૂરી હોય નીચે મુજબ ટાંકેલ છે.

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૬***

*૧૪૬. હુલ્લડ. :-*

*કોઈ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળી અથવા તેનો કોઈ સભ્ય બળ અથવા હિંસાનો ઉપયોગ કરે ત્યારે તે મંડળીનો પ્રત્યેક સભ્ય હુલ્લડના ગુન્હા માટે દોષિત છે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૭***

*૧૪૭. હુલ્લડ માટે સજા. :-*

*કોઈ પણ વ્યક્તિ, હુલ્લડ માટે દોષિત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૮***

*૧૪૮. પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને હુલ્લડ.:-*

*કોઈ પણ વ્યક્તિ પ્રાણઘાતક હથિયાર ધારણ કરીને અથવા તેવી વસ્તુ જે ગુન્હાના હથિયાર તરીકે વપરાતી હોય અને જેનાંથી મૃત્યુ નીપજી શકે હુલ્લડ માટે દોષિત હોય તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૯***

*૧૪૯. ગેરકાનૂની મંડળીનો પ્રત્યેક સભ્ય સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરાતા ગુન્હા અંગે દોષિત. :-*

*ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળીના સભ્યથી કોઈ ગુન્હો થાય અથવા તે હેતુ પાર પાડવા માટે જે ગુન્હો થવાનો સંભવ હોવાનું તે મંડળીના સભ્યો જાણતા હોય તેવો ગુન્હો થાય તો તે થવા સમયે તે મંડળીની સભ્ય હોય તેવી પ્રત્યેક વ્યક્તિ તે ગુન્હા માટે દોષિત છે.*

**૨૮.૨** આમ, ઉપરોકત નોંધેલ કાયદાના પ્રબંધ મુજબ ગેરકાયદેસર

મંડળી અને હુલ્લડ માટે પાંચ કે પાંચથી વધુ વ્યકિતઓનો એકસરખો હેતુ હોવો આવશ્યક તત્વ છે અને તેમાં બળ પ્રયોગ અથવા તો હિંસા થયેલી હોવી પણ આવશ્યક તત્વ છે અને તેવા કૃત્યમાં સામેલ આવે દરેક વ્યકિત તેવી મંડળીનો સભ્ય ઠરતો હોય અને એકસરખા હેતુનુ જ્ઞાન ધરાવતો હોય તેવા સંજોગોમાં તેવા તમામ સભ્યોને એકસરખી સજા થઈ શકે તેમ છે.

પરંતુ અગાઉ વિસ્તૃતપણે પુરાવાના મૂલ્યાંકનમાં ચર્ચા કરી તે મુજબ આરોપી નં.૩ બ્રીજેશ ક્ષમાગીરી અને આરોપી નં.૫ સુધાકર ઉર્ફે રવિ આ બે આરોપી પૂરતી ગુનાના કામે સંડોવણીમાં સાતત્ય પૂર્વકનો પુરાવો ફરિયાદપક્ષ આપી શકેલ નથી. તેથી તેઓની બનાવના સમયે હાજરી અને બનાવમાં ભજવેલ રોલ અંગેની હકીકત પૂરતો શંકારહિત પુરાવો નથી. જેથી આ આક્ષેપિત ગુનો કે જેની ઓછામાં ઓછી પાંચ ઈસમોની સંખ્યા આવશ્યક તત્વ છે તે પુરવાર થતું નથી અને તેથી આ આક્ષેપિત ગુનાઓ તહોમતનામા મુજબ ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ નિઃશંકપણે પુરવાર થતા નથી.

**૨૯.** તેવી જ રીતે આંક–૦૫ ના તહોમતનામાને પરિપ્રેક્ષ્યમાં રાખીને સાથોસાથ ઉપરોકત નોંધાયેલ પુરાવાની જે વિસ્તૃતપણે મૂલ્યાંકન કર્યુ તે મુજબ આક્ષેપિત ગુનાની ઈ.પી.કો. કલમ–૩૦૨ માટે કાયદાના પ્રબંધ ઈ.પી.કો. કલમ–૨૯૯ અને કલમ–૩૦૦ પણ અત્રે ટાંકવી જરૂરી થઈ પડે છે. જે નીચે મુજબ છે

***ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૯***

*૨૯૯. સાપરાધ મનુષ્યવધ. :-*
*કોઈ પણ વ્યક્તિ, મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કરે છે.*

*દ્દષ્ટાંતો*

*(ક) મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોવાના જ્ઞાન સાથે 'ક' એક ખાડા પર લાકડીઓ ગોઠવીને ઘાસ પાથરી દે છે. તે જમીન સખત છે તેવું માનીને 'ઝ' તેના પર ચાલવા જતા તેમાં પડીને મૃત્યુ પામે છે. 'ક' એ સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કર્યો છે.*

*(ખ) 'ઝ' એક ઝાડી પાછળ છે તેમ 'ક' જાણે છે. 'ખ' તે નથી જાણતો. 'ઝ'નું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તેવું જ્ઞાન હોવા છતાં, 'ક' 'ખ' ને ઝાડી તરફ ગોળી છોડવા પ્રેરે છે અને તેથી 'ઝ'નું મૃત્યુ થાય છે. અહીં 'ખ' કોઈ ગુન્હા માટે દોષિત નથી, પરંતુ 'ક' એ સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કર્યો છે.*

*(ગ) એક મરઘી મારીને ચોરી જવાના ઈરાદાથી તેના પર 'ક' ગોળી છોડે છે. 'ખ' કે જે ઝાડી પાછળ હતો તથા 'ક' તે જાણતો ન હતો, તેનું મૃત્યુ થાય છે. અહીં 'ક' ગેરકાનૂની કૃત્ય કરતો હતો છતાં તે સાપરાધ મનુષ્યવધ માટે દોષિત નથી, કારણ કે 'ખ' ને મારી નાંખવાનો અથવા જે કૃત્યથી મૃત્યુ થવા સંભવ છે તેવું પોતાને જ્ઞાન હોય તેવું કૃત્ય કરીને મૃત્યુ નિપજાવવાનો તેનો ઈરાદો ન હતો.*

*સમજૂતી ૧ : કોઈ પણ વ્યક્તિ કોઈ દર્દ, રોગ અથવા શારીરિક અશક્તતાથી પીડાતી હોય તેવી અન્ય કોઈ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડીને તેનું મૃત્યુ વહેલું આણે તેણે મૃત્યુ નિપજાવ્યું છે તેમ ગણાશે.*

*સમજૂતી ૨ : જ્યાં શારીરિક ઈજાના કારણે મૃત્યુ નિપજ્યું હોય ત્યાં જેણે શારીરિક ઈજા પહોંચાડી હોય તેણે જ મૃત્યુ નિપજાવ્યું છે તેમ ગણાશે, પછી ભલે યોગ્ય ઉપચાર તથા કુશળ સારવારથી મૃત્યુ નિવારી શકાયું હોત.*

*સમજૂતી ૩ : માના ઉદરમાં હોય તેવા બાળકનું મૃત્યુ નિપજાવવું તે મનુષ્યવધ નથી, પરંતુ બાળકના શરીરનો કોઈ ભાગ બહાર નીકળી આવ્યો હોય, પછી ભલે બાળકે શ્વાસ લીધો ન હોય કે પૂરું જન્મ્યું ન હોય તેવા જીવંત બાળકનું મૃત્યુ નિપજાવવું તે સાપરાધ મનુષ્યવધ ગણાશે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦***

*હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોના કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે, જો જેથી મૃત્યુ નિપજ્યું હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય, અથવા બીજું – જો ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય, અથવા*

*ત્રીજું - જો, કોઈ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય અને શારીરિક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય, અથવા*

*ચોથું - જો, કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શક્યતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાના કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યું હોય. //*

*દ્રષ્ટાંતો*

*(ક) 'ઝ' ને મારી નાંખવાના ઈરાદાથી 'ક' તેના પર ગોળી છોડે છે. પરિણામે 'ઝ' મૃત્યુ પામે છે. 'ક' એ ખૂન કર્યું છે.*

*(ખ) 'ઝ' એવા રોગથી પીડાઈ રહ્યો છે કે એક ફટકાથી તેનું મૃત્યુ થવા સંભવ છે તેવું જાણવા છતાં તેને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી 'ક' ફટકો મારે છે. ફટકાના કારણે 'ઝ' મૃત્યુ પામે છે. કોઈ તંદુરસ્ત વ્યક્તિનું મૃત્યુ નિપજાવવા માટે કુદરતના સામાન્ય ક્રમ મુજબ તે ફટકો પૂરતો ન હોય છતાં 'ક' ખૂન માટે દોષિત છે. પરંતુ, 'ઝ' રોગથી પીડાતો હોવાના જ્ઞાન વગર 'ક' કુદરતના સામાન્ય ક્રમ મુજબ કોઈ તંદુરસ્ત વ્યક્તિ મૃત્યુ ન પામે તેવો ફટકો મારે તો અહીં શારીરિક ઈજા પહોંચાડવાનો 'ક' નો ઈરાદો હોય છતાં મૃત્યુ નિપજાવવાનો કે કુદરતના સામાન્ય ક્રમ મુજબ મૃત્યુ નિપજાવે તેવી શારીરિક હાનિ પહોંચાડવાનો તેનો ઈરાદો ન હોય તો 'ક' ખૂન માટે દોષિત નથી.*

*(ગ) 'ક' ઈરાદાપૂર્વક 'ઝ' ઉપર તલવાર કે લાઠીથી ઘા કરે છે, જે કુદરતના સામાન્ય ક્રમ મુજબ કોઈ માનવીનું મૃત્યુ નિપજાવવા પૂરતો હોય, જે કારણે 'ઝ' મૃત્યુ પામે છે. 'ક' નો ઈરાદો 'ઝ'નું મૃત્યુ નિપજાવવાનો ન હોય છતાં તે ખૂન માટે દોષિત છે.*

*(ઘ) કોઈ પણ કારણ વગર લોકોના ટોળા પર 'ક' મોટી તોપ ફોડે છે. ચોક્કસ વ્યક્તિને મારી નાંખવાની તેની પૂર્વનિર્ણીત યોજના ન હોય છતાં 'ખ' ખૂન માટે દોષિત છે.*

***સાપરાધ મનુષ્યવધ ક્યારે ખૂન નથી,-***

*અપવાદ ૧ - ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેઠો હોય તેવો ગુન્હેગાર તેવી અવસ્થામાં ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નિપજાવે અથવા ભૂલ કે અકસ્માતથી અન્ય કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે તો સાપરાધ મનુષ્યવધ ખૂન નથી.*

*ઉપરનો અપવાદ નીચેનાં પ્રબંધકોને આધીન છે*
*પહેલો - કોઈ વ્યક્તિને મારી નાંખવા કે હાનિ પહોંચાડવાના બહાનારૂપે ગુન્હેગારે તે ઉશ્કેરાટ આમંત્ર્યો ન હોય અથવા સ્વેચ્છાપૂર્વક ઉભો ન કર્યો હોય તો.*

*કાનૂનનું પાલન કરતા કરેલા કોઈ કૃત્યથી અથવા કોઈ જાહેરનોકર તરફથી પોતાની સત્તાનો કાનૂની ઉપયોગ કરે તેથી ઉશ્કેરાટનું કારણ મળ્યું ન હોય તો.*

*ત્રીજો સ્વબચાવના અધિકારનો ઉપયોગ કરતા કરેલાં કોઈ કૃત્યથી ઉશ્કેરાટનું કોઈ કારણ મળ્યું ન હોય તો.*

*સમજૂતી થયેલો ગુન્હો ખૂનનો ગુન્હો ન ગણાય તેટલો ગંભીર અને ઓચિંતો તે ઉશ્કેરાટ હતો કે કેમ તે પ્રશ્ન હકીકતનો છે.*

*દ્દષ્ટાંતો*

*(ક) 'ઝ' એ આપેલા ઉશ્કેરાટથી આવેશમાં આવી જઈ 'ક' ઈરાદાપૂર્વક 'ચ' નામના 'ઝ' ના બાળકને મારી નાંખે છે. આ ખૂન છે, કારણ કે બાળકે ઉશ્કેરાટનું કારણ આપ્યું ન હતું અને તે ઉશ્કેરાટના કારણે કોઈ કૃત્ય કરતા અકસ્માત કે દુર્ભાગ્યથી બાળકનું મૃત્યુ નિપજ્યું ન હતું.*

*(ખ) 'ય', 'ક' ને ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટનું કારણ આપે છે. 'ઝ' કે જે પોતાની નજીકમાં છે, પરંતુ દ્રષ્ટિમર્યાદા બહાર છે તેને મારી નાંખવાના ઈરાદા વગર અથવા તેને પોતે મારી નાંખે તેવો સંભવ છે તેમ જાણ્યા વગર આ ઉશ્કેરાટના કારણે 'ક' 'ય' ઉપર પિસ્તોલ ફોડે છે. 'ક' 'ઝ' ને મારી નાંખે છે. અહીં 'ક' એ ખૂન નહિ, પરંતુ ફકત સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કર્યો છે.*

*(ગ) 'ઝ' નામનો બેલીફ કાનૂની રાહે 'ક' ને અટક કરે છે. અટક થવાના કારણે 'ક' ઓચિંતા અને અત્યંત આવેશમાં આવી જઈ 'ઝ' ને મારી નાંખે છે. આ ખૂન છે, કારણ કે એક જાહેરનોકરે પોતાની સત્તાનો ઉપયોગ કરતા કરેલાં કૃત્યથી ઉશ્કેરાટનું કારણ મળ્યું હતું.*

*(ઘ) 'ઝ' નામના એક મેજિસ્ટ્રેટ સમક્ષ સાહેદ તરીકે 'ક' ઉપસ્થિત થાય છે. 'ક' fb 6 ખોટી જુબાની આપે છે. 'ઝ' એમ કહે છે કે પોતે 'ક' ની જુબાનીનો એક પણ શબ્દ માનતો નથી અને આ શબ્દોથી ઓચિંતા આવેશમાં આવી જઈને 'ક' 'ઝ' ને મારી નાંખે છે. આ ખૂન છે.*

*(ચ) 'ઝ' નું નાક ખેંચવાની 'ક' કોશિશ કરે છે. સ્વબચાવના અધિકારનો ઉપયોગ કરતા 'ઝ' 'ક' ને તેમ કરતો અટકાવવા પકડી લે છે. પરિણામે, ઓચિંતા અને ઉગ્ર આવેશમાં આવી જઈ 'ક' 'ઝ' ને મારી નાંખે છે. આ ખૂન છે, કારણ કે સ્વબચાવના અધિકારનો ઉપયોગ કરતા થયેલાં કૃત્યથી ઉશ્કેરાટનું કારણ મળ્યું હતું.*

*(છ) 'ખ' ને 'ઝ' ફટકા મારે છે. આથી ઉશ્કેરાઈને 'ખ' ગુસ્સે થાય છે. નજીકમાં ઉભેલો 'ક' 'ખ' ના ગુસ્સાનો લાભ લેવાના તથા 'ખ' 'ઝ' ને મારી નાંખે તેવા ઈરાદાથી 'ખ' ના હાથમાં એક છરી મૂકે છે. તે છરીથી 'ખ' 'ઝ'ને મારી નાંખે છે. અહીં 'ખ' એ માત્ર સાપરાધ મનુષ્યવધ કર્યો હોય તો પણ 'ક' ખૂન માટે દોષિત છે.*

*અપવાદ ૨ - ગુન્હેગાર જો શરીર અથવા મિલકતના સ્વબચાવના અધિકારનો શુભનિષ્ઠાપૂર્વક ઉપયોગ કરતા કાનૂનથી પોતાને મળેલી સત્તાની બહાર જઈને પૂર્વનિર્ણય વગર અને તેવા સ્વબચાવ અંગે જરૂરી હોય તે કરતા વધુ હાનિ નિપજાવવાના ઈરાદા વગર જેની સામે એવા સ્વબચાવના અધિકારનો પોતે ઉપયોગ કરતો હોય તેનું મૃત્યુ નિપજાવે તો સાપરાધ મનુષ્યવધ ખૂન નથી./*

***દષ્ટાંત***

*'ક'ને મહાવ્યથા ન થાય તે રીતે તેને ચાબુક મારવાની 'ઝ' કોશિશ કરે છે. 'ક' પિસ્તોલ કાઢીને તેની સામે તાકે છે. 'ઝ' હુમલો કરવાનું ચાલુ રાખે છે. પોતાને પડતો ચાબુકનો માર અન્ય રીતે પોતે અટકાવી શકશે નહિ તેવું શુભનિષ્ઠાપૂર્વક માનીને 'ક' ગોળી છોડીને 'ઝ'ને મારી નાંખે છે. 'ક' એ ખૂન કર્યું નથી, પરંતુ માત્ર સાપરાધ મનુષ્યવધ કર્યો છે.*

*અપવાદ ૩ – ગુન્હેગાર પોતે જાહેરનોકર હોય અથવા જાહેર ન્યાયનું કાર્ય આગળ ધપાવતાં જાહેરનોકરને મદદ કરતો હોય અને કાનૂનથી પોતાને મળેલી સત્તાની બહાર જઈને તેવા જાહેરનોકરની હેસિયતથી પોતાની ફરજનું યોગ્ય રીતે પાલન કરવા માટે જે કાનૂની અથવા આવશ્યક હોવાનું પોતે શુભનિષ્ઠાપૂર્વક માનતો હોય તેવું કૃત્ય કરતા અને મરનાર પ્રત્યે દુર્ભાવ વગર મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્યવધ ખૂન નથી.*

*અપવાદ ૪ પૂર્વનિર્ણય વગર ઓચિંતો ઝગડો થતાં આવેશની તીવ્રતામાં થયેલી ઓચિંતી મારામારીમાં અને ગુન્હેગારે સદોષ લાભ લીધાં વગર અથવા ક્રૂરતાથી કે અસાધારણ રીતે વર્ત્યા વગર સાપરાધ મનુષ્યવધ કર્યો હોય તો તે ખૂન નથી. ।*

*સમજૂતી આવા કિસ્સાઓમાં ક્યા પક્ષે ઉશ્કેરાટનું કારણ આપ્યું છે અથવા પહેલો હુમલો કર્યો છે તે મહત્ત્વનું નથી.*

*અપવાદ ૫ - મૃત્યુ પામનાર વ્યક્તિ અઢાર વર્ષથી વધુ વયની હોય અને તેણે પોતાની મરજીથી મૃત્યુ વહોરી લીધું હોય અથવા મૃત્યુનું જોખમ લીધું હોય તો સાપરાધ મનુષ્યવધ એ ખૂન નથી.*

***દષ્ટાંત***

*'ઝ' નામની અઢાર વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિને સ્વેચ્છાપૂર્વક 'ક' આત્મહત્યા કરવા ઉશ્કેરે છે. અહીં પોતાની તરુણાવસ્થાના કારણે 'ઝ' પોતાના મૃત્યુ માટે સંમતિ આપવા અસમર્થ હતો, તેથી 'ક' એ ખૂનમાં મદદગારી કરી છે.*

***ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨***

*૩૦૨. ખૂન માટે સજા. :-*
*કોઈ પણ વ્યક્તિ, ખૂન કરે તેને દેહાંતદંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.*

**૨૯.૧** સદરહું આક્ષેપિત ગુનાઓ બાબતે પુરાવામાં ઈજા પામનારનો, નજરે જોનાર સાહેદોનો, તબીબી પુરાવો તેમજ સાયન્ટીફીક પુરાવાના મૂલ્યાંકન સમયે એ પુરવાર થયેલ છે કે મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુનુ અપમૃત્યુ છે, સાપરાધ મનુષ્યવધ છે. આ કૃત્યમાં આરોપી

નં.૧ નરેશ રામજીએ મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુને પકડી રાખેલો છે અને આરોપી નં.૨ મનીષકુમાર અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાએ પોતાની પાસેના ચપ્પુથી ઘા કરેલા છે. આમ તેઓ તમામને આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો એવા જ્ઞાન અને ઈરાદો હોવાનુ પુરવાર થયેલ છે.

અલબત્ત, અગાઉ નોંધ્યુ તે મુજબ ઈસમોની સંખ્યા પાંચ કરતા ઓછી થઈ પડતી હોય તેથી ગેરકાયદેસર મંડળીનો ગુનો બની શકતો નથી, પરંતુ એક કરતાં વધુ ઈસમો થઈ પડતા હોય તેવા સંજોગોમાં ઈ.પી.કો. કલમ–૩૪ અને ઈ.પી.કો. કલમ–૧૧૪ અત્રે ટાંકવી જરૂરી થઈ પડતી હોય નીચે મુજબ શબ્દશઃ ટાંકવામાં આવે છે.

> ***ઈ.પી.કો. કલમ–૩૪ સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અનેક વ્યકિતઓએ આચરેલું કૃત્ય–***
> *અનેક વ્યકિતઓએ મળીને તેમના સર્વનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય ત્યારે આવી વ્યકિતઓ પૈકીની પ્રત્યેક વ્યકિતએ કૃત્ય તેને એકલાએ જ કર્યુ હોય તે રેતી તે કૃત્ય માટે તે જવાબદાર છે.*
> ***ઈ.પી.કો. કલમ–૧૧૪ ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી–***
> *પોતે હાજર ન હોય અને પોતે કરેલી મદદગારીના પરિણામે થયેલા જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.*

**૨૯.૨** આમ, જયારે અનેક વ્યકિતઓ મળીને ગુનો કરે ત્યારે તેમાં ભાગ લેનાર પ્રત્યેક વ્યકિતએ ભજવેલો ભાગ અલગ પાડી શકાય તેમ ન હોય ત્યારે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કલમ–૧૧૪ ની રચના કરવામાં આવી છે. કલમ–૩૪ તથા કલમ–૧૧૪ ની રચનાનો પાયો એક જ હોવા છતાં બંનેમાં તફાવત છે. આ તફાવત સુક્ષ્મ હોવા છતાં અત્યંત સ્પષ્ટ છે. કલમ–૧૧૪ મદદગારીનો એક પ્રકાર દર્શાવે છે, જ્યારે આ કલમ માટે તમામ ભાગ લેનાર વ્યકિતનો સામાન્ય ઈરાદો મહત્વની બાબત ગણાય છે.

પુરાવાના મૂલ્યાંકનમાં મૂલવ્યુ તે મુજબ આરોપી નં.૧ નરેશ રામજી, આરોપી નં.૨ મનીષકુમાર નરેશ અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલ નાઓએ ભજવેલો ભાગ અલગ પાડી શકાય તેમ છે અને

તેથી તે સામાન્ય ઈરાદાની બાબત બની જાય છે જેથી આરોપી નં.૧ નરેશ રામજી, આરોપી નં.૨ મનીષકુમાર નરેશ અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓ વિરુધ્ધનો આક્ષેપિત ગુનો ઈ.પી.કો. કલમ–૩૦૨ ની સાથે ઈ.પી.કો. કલમ–૩૪ નો થઈ પડે છે.

**૩૦.** તેવી જ રીતે આક્ષેપિત ગુનાની ઈ.પી.કો. કલમ–૩૦૭ માટે પુરાવાના મૂલ્યાંકનમાં વિસ્તૃતપણે ચર્ચા કરી તે મુજબ સાહેદ નં.૨ ઉત્કર્ષ ઉર્ફે છોટુને આરોપી નં.૨ મનીષકુમાર નરેશ નાઓએ ગળાના ભાગે અને કપાળના ભાગે તેમજ આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓએ પેટના ભાગે ચપ્પુથી ઘા કરેલા છે. તબીબી પુરાવાથી પણ આ જીવલેણ હુમલો હોવાનું પુરવાર થયેલ છે કે જે મૃત્યુ નિપજાવી શકે તેવું કૃત્ય છે.

***ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭***

*૩૦૭. ખૂન કરવાની કોશિશ. :-*

*કોઈ પણ વ્યક્તિ, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો ખૂન માટે દોષિત થાત તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે;*
*અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો ગુન્હેગાર આજીવન કેદ અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની સજાને પાત્ર થશે.*

*આ કલમ હેઠળનો ગુન્હો આજીવન કારાવાસ ભોગવતા (કેદી દ્વારા) કોશિશ કરનાર વ્યક્તિ આજીવન કેદની સજા ભોગવતી હોય ત્યારે ગુન્હો કરતા તેણે વ્યથા કરી હોય તો તેને દેહાંતદંડની સજા કરી શકાશે.*

તેથી આરોપી નં.૨ મનીષકુમાર નરેશ અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૭ ની સાથે ઈ.પી.કો. કલમ–૩૪ નો થઈ પડતો હોય તે પણ ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે.

**૩૧.** તેવી જ રીતે આક્ષેપિત ગુનો ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) માટે બનાવના સમયે આરોપી નં.૨ મનીષકુમાર અને આરોપી નં.૪ રાકેશ હિરાલાલનાઓ ધરાવતા ચપ્પાઓ માટે હથિયારબંધીનુ જાહેરનામુ આંક–૧૦૬ થી સાહેદ નં.૧૫ તપાસ કરનાર અધિકારીએ પુરવાર કરેલ હોય તે અન્વયેનો ગુનો પણ નિઃશંકપણે પુરવાર થાય છે.

**૩૨.** આરોપી નં.૪ રાકેશ હિરાલાલ યાદવનાઓ ટ્રાયલ દરમ્યાન હાજર રહેલ ન હોય અને ભાગેડુ હોય તેથી મારા અગાઉના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીએ આંક–૨૮ થી તારીખ ૦૬/૦૩/૨૦૧૯ ના હુકમ મુજબ સી.આર.પી.સી. કલમ–૨૯૯ હેઠળ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો અને ટ્રાયલ ચલાવવાનો હુકમ થયેલ છે અને તે મુજબ પુરાવો આગળ નોંધાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સી.આર.પી.સી. કલમ–૨૯૯ અને સાથે કલમ–૩૧૭ વંચાણે લેતા, તેના પ્રબંધ અત્રે ટાંકવા જરૂરી થઈ પડે છે.

***ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૯૯***

*આરોપીની ગેરહાજરીમાં પુરાવાનુ રેકર્ડ. :–*

*(૧) એવું સાબિત થતું હોય કે આરોપી નાસી ગયા છે તથા તત્કાળ અટક થાય તેવી સંભાવના નથી તો આવી વ્યકિત સામે ફરિયાદમાં હોય તે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા કે ઈન્સાફી કાર્યવાહી માટે કમીટ કરવા સક્ષમ હોય તેવી અદાલત ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવે તે સાહેદો (જો હોય તો) ને તપાસશે તથા તેમની જુબાનીઓ નોંધી લેશે તથા જુબાની આપનાર મૃત્યુ પામ્યા હોય અથવા પુરાવો આપવા અશકિતમાન હોય અથવા ઉપલબ્ધ ન હોય અથવા કેસના સંજોગો જોતાં ગેરવાજબી ગણાય તેવા વિલંબ, ખર્ચ કે અસુવિધા સિવાય તેને હાજર કરી શકાય તેમ ન હોય તો આવી વ્યકિત અટક થાય ત્યારે તેના પર જે ગુનાનુ તહોમત હોય તે ગુનાની તપાસમાં અથવા તે માટેની ઈન્સાફી કાર્યવાહીમાં આવી જુબાનીઓ પુરાવામાં તેની વિરુધ્ધ આપી શકાશે.*

*(૨) દેહાંતદંડ કે આજીવન કેદની સજાને પાત્ર કોઈ ગુનો કોઈ અજ્ઞાત વ્યકિત કે વ્યકિતઓએ કર્યો હોવાનું જણાય ત્યારે ઉચ્ચ અદાલત અથવા સેશન જજ કોઈ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટને તપાસ કરવા અને તે ગુના અંગે પુરાવો આપી શકે તેવા સાહેદોને તપાસવાનો આદેશ આપી શકશે તથા તે જુબાની આપનાર મૃત્યુ પામ્યા હોય અથવા પુરાવો આપવા અશકિતમાન હોય અથવા ભારતની હદ બહાર હોય તો, એ મુજબ લેવામાં આવેલી જુબાની ત્યારબાદ જેના પર ગુનાનો આરોપ મૂકવામાં આવે તે વ્યકિત વિરુધ્ધ પુરાવામાં આપી શકાશે.*

***ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૩૧૭***

*કેટલાક કેસમાં આરોપીની ગેરહાજરીમાં તપાસ તથા ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા માટેના પ્રબંધોઃ–*

*(૧) આ સંહિતા હેઠળની કોઈ તપાસ અથવા ઈન્સાફી કાર્યવાહીના કોઈપણ તબકકે જો ન્યાયાધીશ કે મેજીસ્ટ્રેટને સંતોષ થાય કે ન્યાયના હિતમાં આરોપીની અંગત હાજરી અદાલત સમક્ષ આવશ્યક નથી અથવા અદાલતમાં આરોપી કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડે છે તો કારણો નોંધીને, ન્યાયાધીશ અથવા મેજીસ્ટ્રેટ, જો કોઈ ધારાશાસ્ત્રી આરોપીનું*

*પ્રતિનિધિત્વ કરતા હોય તો, આરોપીની હાજરી બિનજરૂરી માનીને આપી તપાસ અથવા ઈન્સાફી કાર્યવાહી તેની ગેરહાજરીમાં આગળ ચલાવી શકશે તથા કાર્યવાહીના ત્યારપછીના કોઈપણ તબક્કે આવા આરોપીની અંગત હાજરી માટે નિર્દેશ આપી શકશે.*

*(૨) આવા કોઈ કેસમાં આરોપીનું પ્રતિનિધિત્વ કોઈ ધારાશાસ્ત્રી કરતા ન હોય અથવા ન્યાયાધીશ કે મેજીસ્ટ્રેટને તેની અંગત હાજરી આવશ્યક જણાય તો તેને યોગ્ય લાગે તો તથા કારણો નોંધીને યા તો આવી તપાસ અથવા ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખી શકશે અથવા આવા આરોપીનો કેસ અલગ લેવા અથવા ચલાવવાનો આદેશ કરી શકશે.*

**૩૨.૧** આરોપી નં.૪ રાકેશ હિરાલાલ યાદવ નાઓ માટે ૨૦૧૯ સુધી તેઓના ખાનગી વકીલ પણ રોકાયેલા હતા અને આરોપી ભાગેડુ થયા બાદ તેઓના વકીલ પણ ગેરહાજર રહેતા હતા. જે સંજોગો ધ્યાને લઈ તત્કાલીન પ્રીસાઈડીંગ ઓફિસરશ્રીએ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરેલાનુ રેકર્ડ ઉપરથી ફલિત થઈ આવે છે. હવે આવા સંજોગોમાં હાલ ચૂકાદાના સમયે જો આરોપી નં.૪ પૂરતો કેસ અલગ કરવામાં ન આવે તો, હાલના આરોપીઓને આગળ પ્રોસીડીંગ્સમાં ઘણો પૂર્વગ્રહ થાય તેમ છે. તેથી ઉપરોકત ટાંકયા તે મુજબના કાયદાના પ્રબંધ અને નામદાર મદ્રાસ હાઈકોર્ટનો ૧૯૮૩ સી.આર. એલ.જે. ૧૭૬૫ થી પ્રસિધ્ધ થયેલ ઈન રેઃ દુરાઈ સિંઘમ અને અધર્સ, આરોપી–એપેલન્ટ વિરુધ્ધ રિસ્પોન્ડન્ટ થી પ્રસિધ્ધ થયેલ ચૂકાદા તારીખ ૦૯/૧૧/૧૯૮૨ થી ઠેરવેલ ચૂકાદાના પેરા નં.૩,૫ અત્રે શબ્દશઃ ટાંકવા જરૂરી હોય નીચે મુજબ ટાંકેલ છે.

> 3. In S.C. No. 109 of 1978 there are ten accused persons. While the first accused is in custody, the others had been enlarged on bail. After examination of two witnesses for the prosecution, the second accused who was on bail absconded. Subsequently he could not be traced and even after proclamation was made under S. 82, and attachment of immovable properties was effected under S.83 of the Criminal P.C., he has not surrendered. In such circumstances, the learned Sessions Judge clarification as to what is the procedure to be adopted by him. Apart from the outcome of the trial affecting the future of accused 1 and 3 to 10, the trial of a connected case in which all the accused in this case are prosecution witnesses is affected by the stoppage of trial in this case.
>
> 5. It is true that Rr. 16, 17 and 20 of the Criminal Rules of Practice would govern the facts of this case. The question whether S. 299(1) of the Criminal P.C. should be resorted to does not arise for

> consideration because the learned Sessions Judge can exercise the powers conferred on him by sub-section (2) of S. 317 of the criminal P.C. Sub-section (2) of S. 317 gives power to every Judge and Magistrate to split up a case against an absconding accused if his personal attendance is necessary, but, notwithstanding that fact the accused has absconded and fails to participate in the enquiry or trial. The words 'if the accused in any such case is not represented by a pleader' occurring in sub-section (2) does not mean that merely because an abscoding accused is represented by a pleader, the trial against him cannot be spilt up if his personal attendance in court is necessary. As the second accused has made himself scare, the Additional Sessions Judge is instructed to deal with the matter in accordance with sub-section (2) of S. 317 of the Criminal P.C. The reference will stand answered accordingly.

જે મુજબ હાલના કેસના સંજોગોમાં આરોપી નં.૪ રાકેશ હિરાલાલ યાદવ સિવાયના બાકીના આરોપીઓને ટ્રાયલના કામે ચૂકાદો જાહેર થતો હોય આગળના પ્રોસીડીંગ્સમાં કોઈ પૂર્વગ્રહ ન થાય કે અડચણ ન થાય તે હેતુસર આરોપી નં.૪ રાકેશ હિરાલાલ યાદવનાઓ પૂરતો ટ્રાયલ સી.આર.પી.સી. કલમ–૩૧૭ (૨) હેઠળ અલગથી મળી આવ્યેથી ચલાવવાનું ઠેરવવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે મુદ્દા નંબર–૦૧ નો **જવાબ હકારમાં** આપી મુદ્દા નંબર–૦૨ માટે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરું છું.

**– હુકમ –**

૦૧. આરોપી નં.**(૪)** રાકેશ હિરાલાલ યાદવ નાઓ પૂરતો ટ્રાયલ સ્પ્લીટ કરવાનો અર્થાત મળી આવ્યેથી સંલગ્ન પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને તે અન્વયે અલગથી ચાર્જશીટ રજૂ કરવા હુકમની એક નકલ મોકલી આપવી.

૦૨. આથી પ્રસ્તુત સેશન્સ કેસ નંબર–૨૫૬/૨૦૧૮, રામોલ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૮/૨૦૧૭ ના કામે આરોપીઓ **(૧)** નરેશભાઈ રામજીસિંગ ડાંગી તથા **(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓ રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ, મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર) તથા આરોપી નં.**(૩)** બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામી નાઓ રહે.માતૃભકિત સોસાયટી, સી.ટી.એમ. કેનાલ રોડ, રામોલ, અમદાવાદ તથા આરોપી નં.**(૫)** સુધાકર ઉર્ફે રવિ સ /ઓ.

સતેન્દ્રભાઈ કુર્મી પટેલનાઓ રહે.માતૃભકિત સોસાયટી, સી.ટી.એમ. કેનાલ રોડ, રામોલ, અમદાવાદ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ– **૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯** મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ

આરોપી નં.**(૩)** બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામી તથા આરોપી નં.**(૫)** સુધાકર ઉર્ફે રવિ સ/ઓ. સતેન્દ્રભાઈ કુર્મી પટેલનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૨, ૩૦૭** તથા ગુજરાત પોલીસ એકટની કલમ–**૧૩૫(૧)** મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૦૩. આરોપીઓ **(૧)** નરેશભાઈ રામજીસિંગ ડાંગી તથા **(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓ રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ, મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર)નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૨** સાથે કલમ**–૩૪** વંચાણે લેતા

તેમજ

આરોપી નં.**(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓને જી.પી. એકટની કલમ–**૧૩૫(૧)** મુજબના ગુનાના કામે તકસીરવાન ઠેરવવામાં આવે છે અને સજાના મુદ્દે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ

આરોપી નં.**(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૭** સાથે કલમ–**૩૪** વંચાણે લેતા તકસીરવાન ઠેરવવામાં આવે છે અને સજાના મુદ્દે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ–૧૩/૦૮/૨૦૨૬.

**(મનીષ પ્રદ્યુમન પુરોહિત)**
અધિક મુખ્ય ન્યાયાધીશ, કોર્ટ નં.૦૨,
સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ.
(કોડ નં. જીજે૦૦૬૦૪)

**વધુ હુકમઃ–**

**૩૩.** સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની રજૂઆત છે કે, આરોપીઓ વિરુધ્ધ ગુનો પુરવાર થઈ તકસીરવાન ઠેરવેલ હોય સમાજમાં રોજબરોજ આવા બનાવો બનતા રહેતા હોય તેથી કાયદામાં જણાવેલી મહત્તમ સજા કરીને સમાજમાં દાખલા સ્વરૂપે બેસાડવી જોઈએ.

**૩૪.** આરોપીઓ નંબર–**(૧)** અને **(૨)** તરફે વિ.વકીલશ્રી એચ.એ. પટેલની મુખ્યત્વે દલીલ છે કે, આરોપી નં.(૧) ૬૦ વર્ષના વૃધ્ધ વ્યકિત છે અને આરોપી નં.(૨) યુવાન છે. બનાવ ૨૦૧૭ ના વર્ષનો છે. ત્યારથી જેલમાં છે. કુટુંબમાં કમાનાર વ્યકિત તરીકે આ પિતા–પુત્ર બંને જ હતા. આરોપી નં.**(૧)** ની પત્ની અને આરોપી નં. **(૨)** ની માતા ઉંમરના કારણે રોગથી પિડાય છે, વૃધ્ધ છે. ઘર ચલાવવા માટે અન્ય કોઈ વ્યકિત નથી. જેથી લઘુત્તમમાં લઘુત્તમ સજા કરવા જણાવેલ છે.

વધુમા, અરજ કરેલ છે કે, લાદેલ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે તેમજ આરોપીઓ પોતે જ ભાડાના મકાનમાં રહેતા હોય અને બનાવ વખતે રોજીંદા કામદાર તરીકે કામકાજ કરતા હોય ગુનાના કામે લદાતુ વળતર ચૂકવવા માટે પણ અસમર્થ છે.

**૩૪.૧** આરોપી નં.**(૧)** અને આરોપી નં.**(૨)** વિડીયો કોન્ફરન્સ મારફતે જેલમાંથી હાજર રખાવેલ હોય તેઓને સજા બાબતે વ્યકિતગત પૂછાતાં આરોપી નં.**(૧)** પિતાએ જણાવેલ છે કે પોતે ૬૧ વર્ષના છે. પત્નીમાં મંજૂ દેવી કરીને છે. સંતાનોમાં બે પુત્ર અને બે પુત્રી છે. જે પૈકી સૌથી મોટી દિકરી કિરણકુમારી છે ત્યારબાદ તેનાથી નાની દિકરી પ્રતિભા છે તેનાથી નાનો પુત્ર આરોપી નં.**(૨)** છે એને તેનાથી નાનો પુત્ર અનીશ છે. સંતાનમાં બંને દિકરીઓ પરિણીત છે. બંને દિકરાઓ અપરિણીત છે. બનાવ વખતે કામકાજમાં પોતે નાની કંપની ચલાવી રહયા હતા. જેમાંથી મહિને લાખ–દોઢલાખ રૂપિયા કમાતા હતા.

**૩૪.૨** આરોપી નં.**(૨)** ને સજા બાબતે વ્યકિતગત પૂછાતાં તેઓએ જણાવેલ છે કે પોતે હાલ ૩૧ વર્ષની ઉંમરના છે. લગ્ન બાકી છે. બનાવ વખતે બી.કોમ નો અભ્યાસ કરતા હતા.

**૩૫.** ઉપરોકત બંને પક્ષોની રજૂઆત ધ્યાને લેતા, તેમજ આરોપી નં.**(૧)** અને **(૨)** ને સાંભળ્યા બાદ અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી

નં.**(૧)** ૬૧ વર્ષના સિનીયર સિટીઝન છે અને આરોપી નં.**(૨)** ૩૧ વર્ષનો યુવાન છે તેમજ બનાવ વખતે તેઓ પોતાના કુટુંબ સાથે રહીને નાની કંપની ચલાવીને મહિને લાખ–દોઢ લાખ રૂપિયા જેવું કમાતુ કુટુંબ હોવાનુ ફલિત થઈ આવે છે. આમ મધ્યમવર્ગીય કુટુંબ હોવાનુ ફલિત થઈ આવે છે. જે તમામ સંજોગો ધ્યાને લઈને આક્ષેપિત ગુનાના પ્રબંધોમાં જણાવેલી મહત્તમ સજા કરવી ન્યાયોચિત જણાતી નથી.

જેથી આરોપી નં.**(૧)** અને **(૨)** નાઓને આક્ષેપિત ગુનાની કલમ–૩૦૨ સાથે કલમ–૩૪ વંચાણે લેતા, પ્રબંધમાં ઠેરવેલી લઘુત્તમ સજા સખત આજીવન કેદ ભોગવવાનો અને દરેકને દંડ પેટે રકમ રૂપિયા ૫૧–૫૧ (એકાવન–એકાવન) હજાર ભરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

તેવી જ રીતે આરોપી નં.**(૨)** નાઓને આક્ષેપિત ગુનાની કલમ–૩૦૭ સાથે કલમ–૩૪ વંચાણે લેતા, પ્રબંધમાં ઠેરવેલી લઘુત્તમ સજા ૧૦ વર્ષની સખત કેદ ભોગવવાનો અને દંડ પેટે રકમ રૂ.૧૦૦૦/–(એક હજાર) ભરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

તેવી જ રીતે આરોપી નં.**(૨)** નાઓને આક્ષેપિત ગુનો ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) ના પ્રબંધમાં ઠેરવેલી લઘુત્તમ સજા ૧(એક) માસની સખત કેદ અને રૂ.૫૦૦/– (પાંચસો) નો દંડ ભરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

**૩૬.** હત્યા જેવા ગુનાના કામે મરણજનાર અને તેનું કુટુંબ ગુનાનુ વિકટીમ એટલે કે ભોગવનાર બની રહેતું હોય તેવા સંજોગોમાં આવા વિકટીમને નજરઅંદાજ કરી શકાય નહી. તેથી ક્રી.પ્રો.કોડની કલમ–૩૫૭ હેઠળ લદાયેલ દંડમાંથી વળતર ચૂકવવું ન્યાયોચિત જણાય આવે છે. જેથી આરોપી નં.**(૧)** અને **(૨)**નાઓએ દરેકે જે દંડ પેટે રકમ રૂ.૫૧–૫૧ (એકાવન–એકાવન) હજાર રૂપિયા ભરવાનો હુકમ થયેલ છે તેમાંથી વળતર પેટે રકમ રૂ.૧ લાખ (એક લાખ પૂરા) મરણજનાર પરશુરામ ઉર્ફે ગુડુને માટે તેના હયાત વાલી–વારસદારોને ચૂકવી આપવાનુ ન્યાયોચિત જણાય આવે છે.

ઉપરોકત તમામ ચર્ચાના અંતે નીચે મુજબનો આખરી હુકમ કરું છુ.

## – આખરી હુકમ –

૦૧. આથી પ્રસ્તુત સેશન્સ કેસ નંબર–૨૫૬/૨૦૧૮, રામોલ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૮/૨૦૧૭ ના કામે આરોપીઓ નં.**(૧)** નરેશભાઈ રામજીસિંગ ડાંગી તથા નં.**(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓ રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ,

મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર)નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૨** સાથે કલમ–**૩૪** વંચાણે લેતા મુજબના ગુનાના કામે દરેકે સખત આજીવન કેદ ભોગવવાનો અને દંડ પેટે દરેકે રકમ રૂા.૫૧૦૦૦/–(એકાવન હજાર)પૂરા ભરવાનો, જો દંડ ન ભરે તો વધુમાં છ માસની સખત કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૦૨. આથી પ્રસ્તુત સેશન્સ કેસ નંબર–૨૫૬/૨૦૧૮, રામોલ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૮/૨૦૧૭ ના કામે આરોપી નં.**(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓ રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ, મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર)નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૭** સાથે કલમ–**૩૪** વંચાણે લેતા મુજબના ગુનાના કામે ૧૦ વર્ષની સખત કેદ ભોગવવાનો તથા દંડ પેટે દરેકે રૂા.૧૦૦૦/–(એક હજાર) પુરા ભરવાનો, જો દંડ ન ભરે તો વધુમાં છ માસની સખત કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૦૩. આથી પ્રસ્તુત સેશન્સ કેસ નંબર–૨૫૬/૨૦૧૮, રામોલ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૩૮/૨૦૧૭ ના કામે આરોપી નં.**(૨)** મનીષકુમાર નરેશસિંગ ડાંગી નાઓ રહે. સી.ટી.એમ. કેનાલ, રામોલ, અમદાવાદ, મૂળ વતન–જ્ઞાનીબીઘા, તા.થાના, શકુરાબાદ જિ.જહાનાબાદ (બિહાર)નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ જી.પી.એકટની કલમ–**૧૩૫(૧)** મુજબના ગુનાના કામે ૧(એક) માસની સખત કેદ અને રૂા.૫૦૦/–(પાંચસો) પુરા દંડ ભરવાનો, જો દંડ ન ભરે તો વધુમાં છ દિવસની સખત કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૦૪. આરોપી નં.**(૧)** અને **(૨)**નાઓએ ઉપરોકત ફરમાવેલ તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૦૫. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ જુડિશ્યલ કસ્ટડિનો સમયગાળો આરોપીને મૂળ સજા સામે મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

૦૬. આ કામે આરોપી નં.**(૩)** બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામીનાઓ જેલમાં હોય, અન્ય કોઈ ગુનામાં જરૂરીયાત ન હોય તો, આ ગુનાના કામે જેલ મુકત કરવા.

૦૭. આરોપી નં.**(૩)** બ્રિજેશ ક્ષમાગીરી ગોસ્વામીનાઓ તથા આરોપી નં. **(૫)** સુધાકર ઉર્ફે રવિ સ /ઓ. સતેન્દ્રભાઈ કુર્મી પટેલ નાઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમયના દરેકે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના જામીન તથા જાતખત રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૦૮. દંડ પેટે રકમ રૂા.૧**,**૦૨**,**૦૦૦/–(એક લાખ બે હજાર) ભર્યેથી**,** રકમ રૂા.૧ લાખ (એક લાખ) સી.આર.પી.સી.કલમ–૩૫૭ હેઠળ મરણજનારના કુદરતી વાલી/વારસદારોને ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૦૯. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ જજમેન્ટની પ્રમાણિત નકલ આરોપીને વિનામૂલ્યે પૂરી પાડવી.

૧૦. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વયે જજમેન્ટની પ્રમાણિત નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/કમિશનર ઓફ પોલીસ અમદાવાદને મોકલી આપવી.

૧૧. આ કામે અગાઉ જો વચગાળાની રાહે મુદામાલ અંગે હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમય બાદ જો અપીલ થયેલ ન હોય તો નિયમોનુસાર પ્રક્રિયા અનુસરી નિકાલ કરવો.

૧૨. આરોપી નં.**(૪)** રાકેશ હિરાલાલ યાદવનાઓ પુરતો સ્પ્લીટ કરવાનો અર્થાત મળી આવ્યેથી સંલગ્ન પો.સ્ટેશનના થાણા અધિકારીને તે અન્વયે અલગથી ચાર્જશીટ રજૂ કરવાનો હુકમ કરાયેલ હોય**,** આ હુકમની એક નકલ મોકલી આપવી.

**સંલગ્ન જેલ તથા સંલગ્ન પો.સ્ટેશનને જરૂરી યાદી કરવી.**

આ હુકમ આજ રોજ તારીખઃ૧૩મી માહે ઓગષ્ટ–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૩/૦૮/૨૦૨૬.
સ્થળ – અમદાવાદ.

**(મનીષ પ્રદ્યુમન પુરોહિત)**
અધિક મુખ્ય ન્યાયાધીશ, કોર્ટ નં.૦૨,
સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ.
(કોડ નં. જીજે૦૦૬૦૪)

mkm